BAOU
Education for All

# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4



## પ્રથમ સત્ર એમ.એ.: ઈતિહાસ

## MAHIS-102

# આઝાદીની ચળવળનો ઈતિહાસ (ઈ.સ. ૧૮૫૭ થી ૧૯૪૭)



## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છેઃ **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્ સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ.

**ડૉ. અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિશ્રી**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',

સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**નિદર્શન :**

પ્રો. ડૉ. પ્રિયાંકી વ્યાસ — I/C. નિયામકશ્રી, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**સંપાદન :**

ડૉ.. સોનલ ચોધરી — અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

**સહ સંપાદન :**

ડૉ. ગોરધન રોહિત — આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

**વિષય સમિતિઃ**

ડૉ.. સોનલ ચોધરી — અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

પ્રો. ડૉ.અરુણ વાઘેલા — પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. જીગીશ પંડ્યા — પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, એસ.પી. યુનિવર્સીટી, અમદાવાદ

**વિષય પરામર્શકશ્રીઓઃ**

ડૉ.જગદિશ ચૌધરી — પ્રિન્સીપાલ, એસ.વી.આર્ટસ કોલેજ , અમદાવાદ

પ્રો.ડૉ.કલ્પા માણેક — પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**લેખકશ્રીઓઃ**

ડૉ.અલ્પેશ પરમાર — આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, આર્ટસ કોલેજ, વડુ

ડૉ. તરલીકા ગુર્જર — એસોસિયટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, નવ ગુજરાત કોલેજ, અમદાવાદ

ડૉ . સોનલ ચૌધરી — અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ઈતિહાસ વિષય
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

ડૉ. માનસિંહ ચૌધરી — પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સરકારી કોલેજ , હારીજ

**ભાષા પરામર્શકશ્રીઓઃ**

ડૉ.ઘનશ્યામ ગઢવી — નિવૃત પ્રિન્સીપાલ, શ્રીમતી આંનદીબેન ચૌધરી
મહિલા આર્ટસ કોલેજ, મહેસાણા

ડૉ.લીનાબેન સ્વાદિયા — એસોસીએટ પ્રોફેસર,શ્રી પી.કે. ચૌધરી મહિલા કોલેજ,ગાંધીનગર

**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**ISBN:** 978-93-5598-510-1

**પ્રકાશિત વર્ષ : પ્રથમ આવૃત્તિ 2026**

**© Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad, 2025**

**સર્વાધિકાર સુરક્ષિત**

. આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**MAHIS - 102**

**SEMESTER – 1**

## આઝાદીની ચળવળનો ઈતિહાસ (ઈ.સ.૧૮૫૭ થી ૧૯૪૭)


| | | |
|---|---|---|
| એકમ : 1 | રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસ, ભારતીય રાષ્ટ્રવાદનો અર્થ, વ્યાખ્યા અને વિભાવના | 01 |
| એકમ : 2 | કોંગ્રેસ મહાસભાની સ્થાપના, મવાલ અને જહાલ પક્ષો અને તેમની કામગીરી ૧૮૮૫ થી ૧૯૦૫ | 13 |
| એકમ : 3 | બંગાળના ભાગલા અને સ્વદેશી આંદોલન ૧૯૦૫ થી ૧૯૧૧ | 27 |
| એકમ : 4 | કોમવાદના ઉદય માટેના કારણો અને પરિણામો ૧૯૨૦ થી ૧૯૪૭ | 35 |
| એકમ : 5 | ગાંધીજીના આગમન પૂર્વેની ચળવળો : હોમરુલ ચળવળ અને ખિલાફત | 47 |
| એકમ : 6 | અસહકાર આંદોલનઃ તેના કારણો અને પરિણામ | 65 |
| એકમ : 7 | સ્વરાજ પક્ષની સ્થાપના, તેના નેતાઓ અને પ્રવૃત્તિઓ | 82 |
| એકમ : 8 | સવિનય કાનૂનભંગની ચળવળ-દાંડીકૂચઃ તેના બનાવો અને અસરો | 102 |
| એકમ : 9 | ભારતની ક્રાંતિકારી ચળવળોનો ઉદ્ભવ અને વિકાસમાં બારીન્દ્ર ઘોષ, અરવિંદ ઘોષ, ભગતસિંહ, ખુદીરામ બોઝનું પ્રદાન | 121 |
| એકમ : 10 | વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંહ રાણા, મેડમ ભીખાઈજી કામા,ગદર પક્ષ-ઉધમસિંહ | 138 |
| એકમ : 11 | સુભાષચંદ્ર બોઝ અને આઝાદહિંદ ફોજ અને તેમની પ્રવૃત્તિઓ | 153 |
| એકમ : 12 | દેશીરીયાસતોમાં પ્રજામંડળના આંદોલનો | 164 |
| એકમ : 13 | હિંદછોડો ચળવળ તેના પરિબળો અને તેની અસરો | 177 |
| એકમ : 14 | કેબિનેટ મિશન, માઉન્ટ બેટન યોજના અને ભારતના ભાગલા સમયની સમસ્યાઓ | 191 |
| એકમ : 15 | દેશીરાજ્યોનાં વિલીનીકરણની સમસ્યા અને તેનું નિરાકરણ | 204 |

# <u>પાઠ્યક્રમ પરીચય</u>

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એમ.એ.ના ઈતિહાસ વિષયના પ્રથમ વર્ષના પાઠ્યક્રમમાં આપનું સ્વાગત છે.

ઈતિહાસ વિષયના એમ.એ.ના પ્રથમ વર્ષમાં પેપર 02 આઝાદીની ચળવળનો ઈતિહાસ (1857 થી 1947) નામનુ આ પેપર ઈતિહાસના વિધાર્થી માટે ખુબ જ ઉપયોગી અને જરૂરી છે. આ પાઠ્યક્રમ થકી આઝાદીના ઈતિહાસને વાંચવામાં, ઈતિહાસને સમજવામાં તથા એને જાણવામાં અને સંશોધનમાં ખુબ મદદરૂપ થઈ શકશે.

રાષ્ટ્રવાદનો ઉદભવ અને વિકાસથી શરૂ થયેલા આ પાઠ્યક્રમમાં રાષ્ટ્રવાદનો અર્થ, વિભાવના અને રાષ્ટ્રવાદના ઉદભવ થવા પાછળના જવાબદાર પરીબળો વિશે માહિતી આપવામાં આવી છે. કોંગ્રેસ મહાસભાની સ્થાપના, કારણો, અને કોંગ્રેસના વિવિધ અધિવેશનો વિશે ચર્ચા કરવામાં આવી છે. બંગાળના ભાગલા થવા પાછળના જવાબદાર કારણો અને લોકોનુ બ્રિટીશ સરકાર વિરોધી પ્રથમ આંદોલન વિશે ચર્ચા કરવામાં આવી છે. બહિષ્કાર, સ્વદેશી ભાવના, વિદેશી વસ્તુ - ચીજોનો બહિષ્કાર, એ સ્વદેશી આંદોલનના મુખ્ય લક્ષણો હતા. કોમવાદના વિકાસ માટેના જવાબદાર પરીબળો અને પરીણામો વિશે ચર્ચા કરવામાં આવી છે.

ઈ.સ. 1915માં ગાંધીજીનું ભારતમાં આગમન થયુ એ પૂર્વે ગુજરાતમાં, ભારતમાં અને વિદેશમાં હોમરૂલ ચળવળ, તેના મહત્તવ વિશે જણાવવામાં આવ્યુ છે. ખિલાફત ચળવળ દ્વારા ગાંધીજીએ હિંદુ – મુસ્લિમમાં ઐક્ય સાધવાના પ્રયત્નો કર્યા હતા. અસહકાર આંદોલન થવા પાછળના કારણો અને પરીણામો વિશે અને સ્વરાજ પક્ષની સ્થાપના, તેના ઉદ્દેશો, સ્વરાજ પક્ષના નેતાઓ અને તેમના કાર્યોનો પરીચય આપવામાં આવ્યો છે. ગાંધીજીના આગમન બાદ સવિનય કાનુન ભંગ અંતર્ગત દાંડીકુચ, અને હિંદ છોડો ચળવળ વિશે માહિતગાર કરવામાં આવે છે. ભારતમાં અને વિદેશોમાં ક્રાંતિકારી ચળવળનો ઉદભવ અને વિકાસ તેમજ તેની પ્રવૃતિઓ વિશે માહિતી આપવામાં આવી છે. સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજની સ્થાપના અને તેની પ્રવૃતિથી માહિતગાર બની શકીએ છીએ. દેશી રિયાસતોમાં પ્રજામંડળના આંદોલનો, દેશી રાજયોના વિલીનિકરણની સમસ્યા અને તેનુ નિરાકરણ, કેબિનેટ મિશન, માઉન્ટ બેટન યોજના અને ભારતના ભાગલા સમયની સમસ્યા વિશે જાણકારી આપવામાં આવી છે.

**એકમ - 1**

# રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસ, ભારતીય રાષ્ટ્રવાદનો અર્થ, વ્યાખ્યા અને વિભાવના

## :: રૂપરેખા ::


**1.0** ઉદ્દેશો

**1.1** પ્રસ્તાવના

**1.2** રાષ્ટ્રવાદ એટલે શું ?

**1.3** ભારતીય રાષ્ટ્રવાદનો અર્થ, વ્યાખ્યા અને વિભાવના

**1.4** રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસ

- **1.4.1** વહીવટીતંત્રની પુનઃવ્યવસ્થા
- **1.4.2** ૧૮૬૧ નો ધારો
- **1.4.3** ગવર્નર જનરલોની નીતિ-રીતિઓ
- **1.4.4** શિક્ષણનો વિકાસ અને તેની અસરો
- **1.4.5** છાપખાનાં અને વર્તમાનપત્રોનો ફાળો
- **1.4.6** રેલવે, તાર અને ટપાલ યોજનાઓ, સંદેશા વ્યવહારનું માળખું
- **1.4.7** ભારતની ગૌરવગાથા
- **1.4.8** સામાજિક-ધાર્મિક સુધારણાનો ફાળો, વિદ્વાનો, કવિઓ અને સુધારકોનો ફાળો

- તમારી પ્રગતિ ચકાસો

**1.5** સારાંશ

**1.6.** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**1.7.** સ્વાધ્યાય

**1.8.** સંદર્ભ અને વિશેષ વાંચન


---

## 1.0 ઉદ્દેશો (Objectives)

---

આ એકમમાં ભારતમાં રાષ્ટ્રવાદ, રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસનો અભ્યાસ કરવાનો છે.

- રાષ્ટ્રવાદ વિશે સમજ પ્રાપ્ત થશે.
- ભારતમાં રાષ્ટ્રવાદને ઉદ્ભવ અને વિકાસ વિશે સમજ કેળવાશે.
- ભારતમાં રાષ્ટ્રવાદના પરિબળો વિશે જાણકારી મળશે.

## 1.1 પ્રસ્તાવના (Introduction)

ભારતમાં રાષ્ટ્રીય ચેતનાનો ઉદય અને પ્રસાર એ આધુનિક ભારતનો સૌથી મહત્ત્વપૂર્ણ બનાવ ગણાય છે. આધુનિક ઈતિહાસવિદ્ ડૉ. આર.સી. મજુમદાર લખે છે કે - ‘‘ભારતમાં બ્રિટિશ સરકારના શાસનની સ્થાપનાને પરિણામે હિંદમાં નવી બૌદ્ધિક વિચારસરણીનો વિકાસ થયો, જેનાથી તેમના રાજકીય, આર્થિક, સામાજિક અને ધાર્મિક દૃષ્ટિકોણમાં ભારે પરિવર્તન આણ્યું તથા હિંદમાં આધુનિક રાષ્ટ્રવાદને ઘડનારા પરિબળો ઉદ્ભવ્યા.’’ ડૉ. જયકુમાર શુક્લ લખે છે કે, ‘‘કોઈપણ દેશ કે સમાજમાં રાષ્ટ્રીય ચેતના આપોઆપ કે રાતોરાત ઉત્પન્ન થઈ જતી નથી, તે અમુક સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સંદર્ભોમાં ઉદય પામે છે અને વિકસે છે. ઈ.સ. ૧૮૫૭ નો મહાન વિપ્લવ એક એવી ઘટના હતી કે જેને પરિણામે ભારતમાંથી વેપારી પેઢીના શાસનનો અંત આવ્યો અને ભારતમાં બ્રિટિશ સરકારના સીધા શાસનની સ્થાપના થઈ. અલબત્ત આનાથી હિંદના વહીવટીતંત્રમાં તાત્કાલિક કોઈ ફેરફાર થયા નહિ તથા હિંદીઓને તાત્કાલીન કોઈ લાભ થયો નહિ. છતાં એ થોમ્પસન અને ગેરેટ નોંધે છે. તેમ આને પરિણામે સરકારને ટૂંક સમયમાં જ ભારતના વહીવટની સંપૂર્ણ રીતે પુનઃવ્યવસ્થા કરવી પડી, જેને લીધે ભારતમાં બંધારણીય પ્રગતિનો યુગ શરૂ થયો.’’

ઈ.સ. ૧૮૮૫ પહેલાં ભારતમાં રાષ્ટ્રવાદના વિકાસને વેગ આપનાર અન્ય ઘટનાઓમાં મુખ્યત્વે કરીને વહીવટીતંત્રની પુનઃવ્યવસ્થા, બંધારણીય પ્રગતિ, લોર્ડ મેયોએ ભારત સરકારનાં અર્થતંત્રને સુધારવા લીધેલા કેટલાક પગલાં, લોર્ડ લીટનના હિંદીઓ વિરોધી પગલાં તથા લોર્ડ રિપને સ્થાપેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, ન્યાય અને શિક્ષણના ક્ષેત્રે કરેલાં લોકશાહી સુધારાને ગણાવી શકાય. પાશ્ચાત્ય શિક્ષણ, સાહિત્ય તથા વર્તમાનપત્રોનો ઝડપી ફેલાવો. શિક્ષણશાસ્ત્રીઓ તથા સાહિત્યકારોના પ્રગતિકારક લખાણો, દેશ-વિદેશમાં પોતાના રાષ્ટ્રના એકીકરણ તથા સ્વાતંત્ર્ય માટેનાં આંદોલનો વગેરેએ પણ ભારતમાં રાષ્ટ્રવાદના ઉત્થાનમાં નોંધપાત્ર હિસ્સો આપ્યો. આધુનિક રાષ્ટ્રવાદના પાયાનું ઘડતર કરનાર સંસ્થાઓ તરીકે બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, રામકૃષ્ણ મિશન તથા થિયોસોફીકલ પારસી, શીખ અને મુસ્લિમના સમાજ-સુધારણાના આંદોલનને મૂકી શકાય. તેમણે સામાજિક કુરિવાજો તથા ધાર્મિક વહેમો નાબૂદ કરવાના પ્રયાસો તથા રેલવે, તાર,

ટપાલ જેવા વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહારના સાધનોએ કીમતી ફાળો આપીને ભારતમાં નૂતન રાષ્ટ્રવાદના મંડાણ કર્યા. વળી મહાસભાની સ્થાપના પહેલા સામાજિક તથા રાજકીય સુધારણાનાં આશ્રયથી સ્થપાયેલી કેટલીક સંસ્થાઓએ પણ રાજકીય એકતા અને રાષ્ટ્રીય ભાવનાને વેગ આપ્યો.

## 1.2 રાષ્ટ્રવાદ એટલે શું ?

પોતાના રાષ્ટ્ર પ્રત્યે એકાત્મ અને ગૌરવની ભાવના તેમજ જરૂર પડે રાષ્ટ્ર માટે તન-મન અને ધન ન્યોછાવર કરવા તત્પર રહેવાની ભાવનાને "રાષ્ટ્રવાદ" કહેવાય.

## 1.3 ભારતીય રાષ્ટ્રવાદનો અર્થ, વ્યાખ્યા અને વિભાવના

રાષ્ટ્રવાદ એ એક વિચારધારા અથવા તો આંદોલન છે. જે કોઈ ચોક્કસ રાષ્ટ્રના હિતોને પ્રોત્સાહન આપે છે.ખાસ કરીને તેની માતૃભૂમિ ઉપર રાષ્ટ્રનું સાર્વભૌમત્વ (સ્વ-શાસન) મેળવવા અને જાળવવાના ઉદ્દેશથી, રાષ્ટ્રવાદ માને છે કે દરેક રાષ્ટ્રએ પોતાની જાતે જ શાસન કરવું જોઈએ. રાષ્ટ્રવાદનો ઉદ્દેશ, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને પ્રોત્સાહન આપવું. સમાન સંસ્કૃતિ, ભાષા, સંપ્રદાય, ઈતિહાસ અને રાજનીતિથી એક રાષ્ટ્રીય ઓળખપણું નિર્માણ કર વાનો છે.

## 1.4 રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસ

રાષ્ટ્રવાદના ઉદ્ભવ અને વિકાસના મહત્ત્વના પરિબળો નીચે મુજબ છે :

### 1.4.1 વહીવટીતંત્રની પુનઃવ્યવસ્થા :

ઈ.સ. ૧૮૫૭ નો વિપ્લવ (ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ)દેખીતી રીતે નિષ્ફળ ગયો. છતાં સરકારી નીતિ પર તેની કેટલીક દૂરગામી અસરો થઈ. વિપ્લવને અંતે ભારતમાં બ્રિટિશ સરકારનું સીધું શાસન સ્થપાતાં, તેની વહીવટી, રાજકીય લશ્કરી, આર્થિક, સામાજિક તથા ધાર્મિક નીતિમાં મહત્ત્વના ફેરફારો થયા. શાસક અને શાસિત વચ્ચેના પરસ્પરનાં અંતર તથા અવિશ્વાસને વિપ્લવનું એક મહત્ત્વનું કારણ ગણવામાં આવ્યું હતું. આ દૂર કરવા માટે હિંદીઓને વહીવટમાં સામેલ કરવાનું તદ્દન અનિવાર્ય હતું. કંપની સરકારે વર્ગીય તથા શાસકીય ચઢિયાતાપણાના ખ્યાલોને લીધે હિંદીઓને સરકારી હોદ્દાથી વંચિત રાખ્યા હતા. તથા અંગ્રેજ નોકરશાહીની હિંદુઓ પ્રત્યેની સૂગને લીધે લાયકાતના ધોરણે હિંદીઓને વહીવટમાં સામેલ કરવાની ૧૮૩૩ના સંસદીય ધારાની કલમનો અમલ થયો ન હતો. આથી વિપ્લવને અંતે નવેમ્બર, ૧૮૫૮માં પ્રસિદ્ધ કરવામાં આવેલ સામ્રાજ્ઞી વિક્ટોરિયાના ઢંઢેરામાં

લાયકાતનાં ધોરણે હિંદીઓને વહીવટમાં સામેલ કરવાની નીતિનું પુનરુચ્ચારણ કરવામાં આવ્યું. તથા તેનો કંઈક અંશે અમલ પણ થયો, પરંતુ તેનું પ્રમાણ ઘણું ઓછું હતું. આથી હિંદુઓનો સરકાર પ્રત્યેનો અવિશ્વાસ ઓછો થયો નહીં. ખાસ કરીને શિક્ષિત હિંદુઓનો સરકાર પ્રત્યેનો અસંતોષ વધ્યો. ૧૮૬૧ના ધારા દ્વારા આ સંતોષને ઓછો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

**1.4.2 ૧૮૬૧ નો ધારો :**

આ ધારાએ પ્રથમ સમય બિન-અધિકારી હિંદુઓને ધારાસમિતિમાં સ્થાન આપ્યું. જો કે ધારાસમિતિની સભ્ય સંખ્યા ઓછી હતી તથા તેમના અધિકારો ઘણા મર્યાદિત હતા. છતાં, આ સમિતિની રચનાથી હિંદુઓની વહીવટીતંત્ર વિશેની ફરિયાદો સાંભળવાની સરકારને તક મળી. આ સમિતિએ વહીવટીતંત્રની ટીકા કરવાનો, તેની પાસેથી યોગ્ય માહિતી મેળવવાનો તથા તેને જાહેરમાં મૂકવાનો આવકારપાત્ર શિરસ્તો પાડ્યો. આથી બંધારણીય પ્રગતિ અને સંસદીય પ્રણાલિકાની ભૂમિકા બંધાઈ, જોકે ધારાસમિતિમાં લેવાયેલા હિંદીઓ રાજા દીવાન કે જમીનદાર વર્ગના હતા અને તેઓ સામાન્ય વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતા ન હતા છતાંએ હિંદીઓને વહીવટમાં સામેલ કરવાની નીતિનો અમલ થવાને પરિણામે ૧૮૯૨ના ધારામાં ચૂંટણીના સિદ્ધાંતનો સ્વીકાર થયો તથા સામાન્ય વર્ગના પ્રતિનિધિઓને સમિતિમાં સ્થાન મળ્યું. વળી ગુરુમુખનિહાલસિંગના કથન પ્રમાણે આ ધારાએ પ્રાંતોમાં પણ ધારા સમિતિઓની રચના કરીને ૧૯૩૫ના પ્રાંતિક સ્વરાજનો પાંયો નાખ્યો.

**1.4.3 ગવર્નર જનરલોની નીતિ-રીતિઓ :**

લોર્ડ કેનિંગે ૧૮૫૭ના વિપ્લવની આગને શાંત પાડવાને માટે શિક્ષિત વર્ગને સમજાવી લેવાનો પ્રયત્નો કર્યો હતો. લોર્ડ મેયોએ નાણાંકીય વિકેન્દ્રીકરણ કરીને પ્રાંતિક સ્વરાજ્ય તરફનું પહેલું પગલું ભર્યું હતું. પરંતુ લોર્ડ લિટને તેના તુમાખીભર્યા વર્તન, સામ્રાજ્યવાદી નીતિ અને હિંદીઓ તરફના અણગમાને લીધે ભારતના લોકોનો રોષ વધારી લીધો હતો. તેણે નજીવા કારણસર અફઘાનિસ્તાન સાથે યુદ્ધ કરીને ભારતની તિજોરીમાંથી મોટો ખર્ચ કર્યો, હિંદીઓએ તેનો વિરોધ કર્યો. ત્યારે તેની નીતિઓની ટીકા કરતા દેશી ભાષાઓનાં વર્તમાનપત્રો સામે વર્નાકયુલર એક્ટ પસાર કર્યો. દુષ્કાળ હતો છતાં રાણી વિક્ટોરીયાને સન્માનવા માટે દરબાર ભરીને લખલૂટ ખર્ચ કર્યો. તેને હિંદીઓ માટે હથિયારબંધીનો કાયદો કર્યો. તેના આ બધા અપ્રિય કાર્યોને લીધે ભારતના શિક્ષિત અને વિચારશીલ લોકોમાં અસંતોષ વધ્યો, તેમાંથી સ્વશાસન માટેની ઇચ્છા જન્મી. બીજી બાજુએ લોર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા ભારતના લોકોને પાયાની લોકશાહીની તાલીમ આપવાની

વ્યવસ્થા કરી અને એ ઉદાર ગવર્નર જનરલે યુરોપિયન લોકો અને ભારતીયો વચ્ચે કાયદાની દૃષ્ટિએ સમાનતા લાવવા 'ઈલ્બર્ટ બિલ'નો સ્વીકાર કર્યો. 'ઇલ્બર્ટ બિલે ની સામે મુઠ્ઠીભર યુરોપિયનોએ સંગઠિત થઈને એક સંઘની સ્થાપના કરી અને સંગઠિત વિરોધ કર્યો. પરિણામે લોર્ડ રિપનને બિલમાં ફેરફાર કરવો પડ્યો અને, તેથી યુરોપિયનો સફળ થયા. ઇલ્બર્ટ બિલના પ્રસંગ પરથી ભારતના લોકોને પણ એક સંસ્થા સ્થાપવાની પ્રેરણા મળી અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્ત્વનો ભાગ ભજવનાર હિંદી રાષ્ટ્રીય મહાસભા કોંગ્રેસની સ્થાપના થઈ.

**1.4.4 શિક્ષણનો વિકાસ અને તેની અસરો :**

ભારતમાં શિક્ષણના વિકાસને લગતા ચાર્લ્સ વુડનાં સૂચનોનો યોગ્ય અમલ થયો ન હતો. આના અનુસંધાનમાં ભારતમાં પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણના વિકાસ માટેની ભલામણો કરવા લોર્ડ રિપને વિલિયમ હન્ટરના પ્રમુખ પદે ૨૨ સભ્યોનું એક કમિશન નીમ્યું. વિશેષ કરીને પ્રાથમિક શિક્ષણના વિકાસ માટેનાં સૂચનો કરવાનું કમિશનને પ્રાથમિક શિક્ષણ આપતી શાળાઓ વિસ્તારવા તેમને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સુપરત કરવા, તેમને આવકનાં યોગ્ય સાધનો આપવા તથા તેમને ખાસ સગવડતાને આપવાની ભલામણ કરી. આવી શાળાઓ પર યોગ્ય સરકારી નિરીક્ષણ રાખવાનું કમિશને સૂચન કર્યું. કમિશને માધ્યમિક શાળાઓના વિકાસ સાથે ધંધાકીય અને ટેક્નિકલ શિક્ષણ આપતી શાળાઓની સંખ્યાને ઉદારતાથી સહાય કરવાનો સરકારને આગ્રહ કર્યો. શિક્ષણનાં ઉચ્ચ ધોરણોને ખ્યાલમાં રાખીને કોલેજોનો વિકાસ કરવા તથા યુનિવર્સિટીઓની સ્થાપના કરવા કમિશને સરકારને અનુરોધ કર્યો. તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉત્તેજન મળે તે માટે શિષ્યવૃત્તિઓની જોગવાઈ કરવાનું પણ કમિશને સરકારને જણાવ્યું. રીપને કમિશનની મોટાભાગની ભલામણોનો સ્વીકાર કરતા ભારતમાં પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણનો વિકાસ થયો. પરિણામે હિંદીઓની રાજકીય ચેતનાને વેગ મળ્યો. રીપને ગૃહ સરકારને લખ્યું કે પોતાના દેશના વહીવટમાં ભાગ લેવાની હિંદીઓની વાજબી ઈચ્છા ધારાસમિતિઓ અને જાહેર સંસ્થાઓના વિકાસ દ્વારા પરિપૂર્ણ કરવી ઘટે, નહિંતર સરકારે તેમને પાશ્ચાત્ય શિક્ષણનો કરાવેલ પરિચય વ્યર્થ જશે. એટલું જ નહિ,પરંતુ તેમના સરકાર પ્રત્યેના અસંતોષમાં વધારો કરનાર નીવડશે.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં બંકિમચંદ્ર ઉપરાંત કેશવચંદ્ર સેન, રમેશચંદ્ર દલ, રંગલાલ, હેમચંદ્ર, બંદોપાધ્યાય, નવીનચંદ્ર સેન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દીનબંધુ મિત્ર, રવીન્દ્રનાથ ટાગોર વગેરે બંગાળી લેખકોનાં લખાણોએ પણ રાષ્ટ્રભાવનાને પોષી, રંગલાલે પોતાના કાવ્યોમાં રાજપૂતોની વીરતાને બિરદાવી અને સ્વાધીનતા વિહીન જીવનને નિરર્થક ગણાવ્યું. હેમચંદ્ર અને નવીનચંદ્રે રાષ્ટ્રભક્તિનાં ગીતો લખ્યાં. રવીન્દ્રનાથ ટાંગોર પોતાના અમર કાવ્યસંગ્રહ 'ગીતાજલી' મારફત

રાષ્ટ્રકવિનું બિરુદ પામ્યા, દિનબધું મિત્રે ગળીનાં ખેતરોના માલિકો દ્વારા તેમના મજૂરોના થતાં ભયંકર શોષણ પર ભારે પ્રહારો કરતી 'નીલદર્પણ' નામે નાટિકા લખી, તેની પણ બંગાળી લોકો પર વ્યાપક અસર થઈ.

હિંદી લેખકોમાં બનારસના વતની હરિચંદ્રનાં નાટકોએ રાષ્ટ્રભક્તિનો સંદેશ આપ્યો. જ્યારે દયાનંદ સરસ્વતીનાં લખાણોએ ભારતના ગૌરવવંતા વારસાને સજીવન કર્યો. મરાઠી લેખક ચીપલુંકરના નિબંધોએ લોકોને નવજાગૃતિ પ્રતિ પ્રેર્યા તથા લોકમાન્ય તિલક અને આચાર્ય અગરકર જેવાને દેશભક્તિની પ્રેરણા આપી. ગુજરાતી લેખક કવિ નર્મદે રૂઢિવાદ, જ્ઞાતિવાદ અને અન્ય સામાજિક બંધનો સામે ભારે જેહાદ જગાવીને ગુજરાતમાં રાજકીય જાગૃતિની પૂર્વભૂમિકા બાંધી.

**1.4.5 છાપખાનાં અને વર્તમાનપત્રોનો ફાળો :**

ભારતમાં ૧૯મી સદીમાં રાષ્ટ્રીય ચેતના ફેલાવવામાં વર્તમાનપત્રોએ પણ નોંધપાત્ર ફાળો આપ્યો. છાપખાનાંની સ્થાપનાથી વિચારોના આદાનપ્રદાન અને શિક્ષણની પ્રક્રિયા પણ સરળ અને સસ્તી બની. સંખ્યાબંધ દૈનિકો અને સામયિકો પ્રકાશિત થવા લાગ્યાં. આ પ્રકાશનો મારફતે દેશના વિભિન્ન વિભાગોના પ્રશ્નોથી લોકો વાકેફ થવા લાગ્યા. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પ્રાદેશિક ભાષાઓમાં પ્રસિદ્ધ થતાં વર્તમાનપત્રોની સંખ્યા સારા પ્રમાણમાં  વધી તેમાં ખાસ કરીને કલકત્તાથી પ્રસિદ્ધ થતાં 'પેટ્રીઅટ', 'ઇન્ડિયન મિરર' અને 'અમૃત બજાર પત્રિકા' નામનાં અખબારોએ સરકારનાં અન્યાયી કાર્યો, ગળીના ખેતરોમાં કામ કરતા લોકો પરના અત્યાચારો, વગેરેની આકરી ટીકા કરીને પ્રજામતને જાગૃત કર્યો. લોકમાન્ય તિળકના માર્ગદર્શન હેઠળ બહાર પડતા 'કેસરી' અને 'મરાઠા' સામયિકોએ પણ રાષ્ટ્રીય ચેતનાના ફેલાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. આ બધા પત્રો મોટેભાગે વહીવટી ખર્ચ ઘટાડવા, વહીવટી સુધારણા, હિંદુઓને ઉચ્ચ જગ્યાઓ પર નીમવાં, બંધારણીય સરકારની રચના કરવી. ન્યાયપ્રથા સુધારવી તથા રંગભેદ નાબૂદ કરવા સરકાર સમક્ષ રજૂઆત કરતાં. આમ, વર્તમાનપત્રો હિંદના રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય ચળવળનું ઘડતર અને સંવર્ધન કરનારું એક શક્તિશાળી પરિબળ હતું. રાજકીય ક્ષેત્રે રાષ્ટ્રીય ચળવળ શક્ય બની તેનું કારણ એ હતું કે વર્તમાનપત્રો રાજકારણના શિક્ષણ અને પ્રચારકાર્યની પૂરતી સગવડ પૂરી પાડતાં હતાં. તેમાં બંગાળમાંથી પ્રકટ થતાં વર્તમાનપત્રોનો ફાળો નોંધપાત્ર હતો."

**1.4.6 રેલવે, તાર અને ટપાલ યોજનાઓ, સંદેશા વ્યવહારનું માળખું :**

અંગ્રેજોએ તાર અને ટપાલની સેવાઓને વિસ્તારી અને સુદઢ પણ કરી. દેશનાં બધાં મુખ્ય શહેરોને તાર સેવાઓથી સાંકળી લેવામાં આવ્યો. ૧૮૫૩ માં સૌપ્રથમ મુંબઈથી થાણે રેલ્વે દોડાવી ત્યારબાદ રેલ માર્ગોનું કાર્ય હાથ ધરાયું. આ યોજના તો એવી હતી કે જે દ્વારા પ્રાંતોને એકબીજા સાથે સાંકળી શકાય તથા પીઠ પ્રદેશોને

(જ્યાંથી કાચો માલ બંદરો સુધી પહોંચાડાય તે વિસ્તારો) બંદરો સાથે જોડી શકાય. જેમ જેમ રેલમાર્ગોનો વિકાસ થતો ગયો તેમ તેમ મુસાફરોની આવન-જાવનમાં પણ વૃદ્ધિ થઈ. આ રીતે દૂરનાં સ્થળોએ રહેતી વ્યક્તિઓ એકબીજા સાથે સંપર્ક સ્થાપવાની તક મળી, અંગ્રેજ શાસન દરમિયાન શરૂ થયેલી રેલવે, તાર અને ટપાલની વ્યવસ્થાએ રાષ્ટ્રીય એકતાની ભાવનાને સુદઢ બનાવી. આથી ભારતના એક ખૂણે વસતો ભારતવાસી બીજા ખૂણામાં વસતા તેના દેશબંધુ સાથે સંપર્કમાં આવ્યો. સર એડવિન આર્નોલ્ડે આગાહી કરી હતી કે, ''ભારત માટે જે કામ મોટા મોટા રાજવંશો કરી શક્યા નહીં, તે ભારતને એક રાષ્ટ્ર બનાવવાનું કામ રેલવે કરી શકશે.'' પ્રિ.ગુરુમુખ નિહાલસિંગના લખે છે કે, સંદેશાવ્યવહારના સાધનોની હારમાળાએ ભારત જેવા વિશાળ દેશને સુંગ્રથિત કર્યો અને ભૌગોલિક એકતાને વાસ્તવિક હકીકતમાં પરિવર્તિત કરી. રેલવે અને વાહનવ્યવહારનો વિકાસ થવાથી રાષ્ટ્રીય નેતાઓનો હિંદના વિવિધ પ્રદેશોમાનો પ્રવાસ ઝડપી અને સરળ બન્યો. તેથી લોકજાગૃતિનું કાર્ય સરળ અને ઝડપી બન્યું. સુરેન્દ્રનાથ બેનરજી, ફિરોજશાહ મહેતા, દાદાભાઈ નવરોજી, ગોપાલકૃષ્ણ ગોખલે, લોકમાન્ય ટીળક, એની બેસન્ટ વગેરે નેતાઓ જવાબદાર રાજતંત્ર અને હોમરૂલનો સંદેશો દેશના ખૂણે ખૂણે લોકોમાં ફેલાવી શક્યાં. આમાંથી ધીમે-ધીમે રાષ્ટ્રીય કક્ષાની નેતાગીરી ઊભી થઈ. જેને સ્વરાજ પ્રાપ્તિમાં અગત્યનો ભાગ ભજવ્યો. ધીમે રુઆબભેર હજારો માઈલોનું અંતર કાપ્યે જતું રેલગાડીનું એન્જિન દેશના વિવિધ પ્રદેશોમાં વિભાજિત થઈ રહેલા લોકો વચ્ચે સામાજિક અંતર નાબૂદ કરવામાં સારી રીતે સહાયભૂત થયું. રેલવેમાં ઊંચ અને નીચ વર્ણના લોકો સાથે બેસીને પ્રવાસ કરતા. આનાથી સામાજિક ભેદભાવો ઓછા થયા. બુદ્ધિશાળી વર્ગ પરદેશોમાં જતો થયો, તેણે પણ સામાજિક વહેમો અને ધાર્મિક અંધશ્રદ્ધાઓ ઘટાડવામાં ભાગ ભજવ્યો. ''આ વાહનવ્યવહારના આધુનિક સાધનોએ ભારતના સમગ્ર આર્થિક, સામાજિક અને રાજકીય જીવનમાં ક્રાંતિ આણી. આ સાધનો એક બાજુ બ્રિટિશ શાસનને દઢ કરી તેને જાળવી રાખવામાં સાધનરૂપ બન્યાં. તો બીજી બાજુએ એ સાધનોએ બ્રિટિશ શાસન સામે રાષ્ટ્રીય કક્ષાએ હિંદીઓની રાજકીય ચળવળનું સંચાલન કરવામાં મહત્ત્વનો ભાગ પણ ભજવ્યો.''

**1.4.7 ભારતની ગૌરવગાથા :**

આ સમય દરમિયાન હિંદી સરકારના પુરાતત્ત્વ ખાતાનાં વડા એલેકઝાન્ડર કર્નિંગહામ તથા તેમના મદદનીશોએ ભારતનાં અનેક પ્રાચીન સ્થળોએ ખોદકામ કરીને ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથા ગાતા અનેક અવશેષો શોધી કાઢ્યાં. આ જ અરસામાં ભગવાનલાલ ઈન્દ્રજી જેવા ભારતીય પુરાતત્વવિદોએ પણ અનેક પુરાણા અવશેષો શોધી કાઢીને ભારતીઓને તેમના દેશની સંસ્કૃતિની ભવ્યતાનો ખ્યાલ આપ્યો. વળી, પાશ્ચાત્ય વિદ્વાનો જેવા કે મેક્સમૂલર, વિલ્સન, ફર્ગ્યુસન, બુહલર,

ફ્લીટ વગેરે તથા ભારતીય વિદ્વાનો જેવા કે રાજેન્દ્રલાલ મિત્ર, રામકૃષ્ણ ગો. ભાંડારકર, હરિપ્રસાદ શાસ્ત્રી વગેરેનાં લખાણોએ ભારતના વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, ગીતા, સ્મૃતિ સાહિત્ય, પુરાણો વગેરેનું મહત્ત્વ લોકોને સમજાવ્યું. ઉપરોક્ત અને અન્ય વિદ્વાનોએ પુરાણા અવશેષો, શિલાલેખો, સિક્કાઓ, હસ્તપ્રતો વગેરેનો અભ્યાસ કરીને તેમના પર અભ્યાસપૂર્ણ લેખો લખ્યા. અશોકના શિલાલેખો, પાણીની અને પંતજલિની કૃતિઓ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, અશ્વઘોષના લખાણો, કાલિદાસનાં પુસ્તકો, માધન વ્યાકરણશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓના ગ્રંથો વગેરે પર અભ્યાસીઓએ નવો પ્રકાશ નાંખીને ભારતીયોની રાષ્ટ્રીય અસ્મિતાને જાગ્રત કરી, તેમને લાગ્યું કે ભારતનો સાંસ્કૃતિક વારસો ગ્રીસ કે રોમના સાંસ્કૃતિક વારસા કરતાં જરાયે ઉતરતો ન હતો. આનાથી પણ તેમની રાષ્ટ્રીય ભાવનાને વેગ મળ્યો.

### 1.4.8 સામાજિક-ધાર્મિક સુધારણાનો ફાળો, વિદ્વાનો, કવિઓ અને સુધારકોનો ફાળો

ભારતમાં રાષ્ટ્રવાદની ભાવના વિકસાવવામાં પ્રતિભાવંત વિદ્વાનો, કવિઓ અને સુધારકોએ પણ મહત્ત્વનો ફાળો આપ્યો. તેમણે રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ અને રાષ્ટ્રભક્તિની ભાવના જન્માવી. રાજા રામમોહનરાયે બ્રહ્મોસમાજ દ્વારા પાયાનું કામ કર્યું. પંજાબમાં સ્વામી દયાનંદ સરસ્વતીનાં આર્યસમાજ, મદ્રાસમાં એની બેસન્ટની 'થિયોસોફીકલ સોસાયટી' એ લોકહિતવાદી ગોપાલ હરિ દેશમુખ વગેરેની પુનઃદ્વારની ચળવળે અને બંગાળમાં સ્વામી વિવેકાનંદે રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાને વેગ આપ્યો. દીનબંધુ મિત્ર, વ્યોમચંદ બેનરજી, બંકિમચંદ ચટોપાધ્યાય, મોરેથચંદ દત્ત, રવીન્દ્રનાથ ટાગોર વગેરેએ તેમના લખાણો દ્વારા રાષ્ટ્રીય ભાવનાને દૃઢ બનાવી. દેશસેવાના કાર્યોથી 'હિંદના દાદા' બિરુદ પામેલા દાદાભાઈ નવરોજીએ અંગ્રેજોની ચોપનનીતિ પર રચાયેલા આર્થિક સામ્રાજ્યની કાળી બાજુઓ ઉઘાડી પાડીને લોકોને સ્વરાજ્ય પ્રાપ્તિ તરફ અભિમુખ કર્યા. લોકમાન્ય તિલકના લેખોએ - હિંદીઓને દેશભક્તિ અને સ્વાધીનતાની પ્રેરણા આપી. રોમેશચંદ્ર દત્તે હિંદીઓની આર્થિક દુર્દશાનો ખ્યાલ આપ્યો અને તેમને સ્વાધીન થવા પ્રેર્યા. બંકિમચંદ્ર ચટોપાધ્યાય લિખિત 'આનંદમઠ' નવલકથાનું 'વંદે માતરમ્ ગીત' રાષ્ટ્રગીત તરીકે સ્થાન પામ્યું અને તે રાષ્ટ્રીય એકતા અને મુક્તિનું પ્રતીક બન્યું. ''સામાજિક-ધાર્મિક સુધારણાંના આંદોલનોએ દેશાભિમાન અને દેશભક્તિની ભાવના જાગ્રત કરીને હિંદીઓની રાષ્ટ્રીય ચેતનાને વિકસાવી.''

આમ, ૧૯મી સદીના અંત સુધીમાં હિંદનો રાષ્ટ્રવાદ એટલો જાગ્રત બન્યો કે તેને સરકાર સામે બંધારણીય લડત માટે એક અખિલ હિંદવ્યાપી સંસ્થાની સ્થાપના

કરી. હિંદી રાષ્ટ્રીય મહાસભાએ હિંદના રાષ્ટ્રવાદને સંગઠિત બનાવ્યો. યુવાનોમાં રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ કર્યો અને દેશને આઝાદી આપી.

### ❖ તમારી પ્રગતિ ચકાસો

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

1. કયા રાજકીય અન્યાયોના કારણે રાષ્ટ્રવાદનો ઉદય થયો ?
2. રાષ્ટ્રવાદના ઉદ્ભવ સમયે કયાં કયાં વર્તમાનપત્રો પ્રચલિત હતા ?
3. રાષ્ટ્રીય ભાવનાને પોષક સાહિત્ય જણાવો.
4. રાષ્ટ્રવાદમાં સામાજિક ધાર્મિક સુધારણાનો ફાળો જણાવો.
5. નવી શિક્ષણનીતિ વિશે જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

1. રાષ્ટ્રવાદ એટલે શું ?
2. લોકમાન્ય તિલકના કયા કયા સામયિકો હતા ?
3. 'આનંદમઠ' કોના દ્વારા લખવામાં આવ્યું ?
4. 'ગીતાજંલિ' કાવ્યાગ્રંથ કોણે લખ્યો ?
5. બ્રહ્મોસમાજની સ્થાપના કોણે કરી ?
6. બ્રહ્મોસમાજની સ્થાપના ક્યારે કરવામાં આવી ?
7. આત્મીય સભાની સ્થાપના ક્યારે કરવામાં આવી ?
8. આર્યસમાજની સ્થાપના કોણે કરી ?
9. દયાનંદ સરસ્વતીએ કયો ગ્રંથ લખ્યો ?
10. પ્રાર્થના સમાજની સ્થાપના ક્યારે થઈ ?
11. પ્રાર્થના સમાજની સ્થાપના ક્યાં થઈ ?

**12.** વેદસમાજની સ્થાપના ક્યારે થઈ ?

**13.** વેદસમાજની સ્થાપના ક્યાં થઈ ?

**14.** રામકૃષ્ણમિશનની સ્થાપના કોણે કરી ?

**15.** થિયોસોફિકલ સમાજની સ્થાપના કોણે કરી ?

**16.** થિયોસોફિકલ સમાજની સ્થાપના ક્યારે થઈ ?

**17.** થિયોસોફિકલ સમાજની સ્થાપના ક્યાં થઈ ?

**18.** કલકત્તાથી પ્રકાશિત થતું સાપ્તાહિક કયું?

**19.** અમૃતબજાર પત્રિકા કોણે શરૂ કર્યું હતું ?

**20.** હિંદુ રાષ્ટ્રીય અખબાર કયા અને ક્યાંથી પ્રસિદ્ધ થયું ?

## 1.5. સારાંશ

આમ, ભારતમાં રાષ્ટ્રવાદની જાગૃતિ તેના વિકાસને જોયા તે મુજબ અનેક પરિબળો અને ઘટનાઓને કારણે જાગૃતિ આવી. ભારતમાં રાષ્ટ્રીય ચેતના લાવવામાં મદદરૂપ સમાજ સુધારણા, વિવિધ લખાણો, વર્તમાનપત્રો, શિક્ષણનો વિકાસ, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહારના સાધનો,વિવિધ સામયિકોની ભૂમિકા મહત્ત્વની બની રહી. જેની અસર લોકો પર થઈ, સમાજને સ્પર્શતા વિવિધ મુદ્દાઓની ચર્ચા દ્વારા લોકોના વિચારોમાં પરિવર્તન લાવી શક્યા. આમ, વિવિધ પરિબળોને કારણે ભારતમાં રાષ્ટ્રવાદનો ઉદ્ભવ અને વિકાસ થયો.

## 1.6. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**એક વાક્યમાં જવાબ :**

1. પોતાના રાષ્ટ્ર પ્રત્યે એકાત્મ અને ગૌરવની ભાવના
2. કેસરી અને મરાઠા
3. બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય
4. રવીન્દ્રનાથ ટાગોર
5. રાજા રામમોહનરાય
6. ૧૮૨૮
7. ૧૮૧૪
8. દયાનંદ સરસ્વતી
9. સત્યાર્થપ્રકાશ
10. ૧૮૬૭
11. મુંબઈ
12. મદ્રાસ
13. ૧૮૬૪
14. સ્વામી વિવેકાનંદ
15. હેલન પેટ્રોના બ્લેવટ્સ્કી તથા કર્નલ સ્ટીલ આલ્કોટ
16. ૧૮૭૫
17. ન્યુયોર્ક
18. હિંદુ પેટ્રીઅટ
19. શિશિરકુમાર ઘોષ
20. ૧૮૭૮ મદ્રાસથી

## 1.7. સ્વાધ્યાય

1. રાષ્ટ્રીય જાગૃતિમાં પ્રદાન વિશેની યાદી તૈયાર કરો.
2. રાષ્ટ્રીય જાગૃતિમાં યોગદાનના નામની યાદી તૈયાર કરો.
3. સામાજિક અને ધાર્મિક સુધારણાના પ્રયત્નો વિશે નોંધ તૈયાર કરો.
4. રાષ્ટ્રીય જાગૃતિમાં પ્રદાન આપેલ સમાચાર પત્રોની યાદી તૈયાર કરો.
5. રાષ્ટ્રીય જાગૃતિમાં પરિબળોની યાદી તૈયાર કરો.
6. રાષ્ટ્રીય જાગૃતિની ગૌરવગાથા વિશે નોંધ તૈયાર કરો.

## 1.8. સંદર્ભ અને વિશેષ વાંચન


- ધારૈયા, રમણલાલ કે., આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ-૧ (૧૮૮૫-૧૯૧૯), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૩, સાતમી આવૃત્તિ (પુર્ન મુદ્રિત) ૨૦૧૪
- દેસાઈ અક્ષયકુમાર આર., ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા, ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ પ્રથમ આવૃત્તિ ૧૯૭૩.
- શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ અને પરીખ પ્રવીણચંદ્ર ચીમનલાલ (સંપાદકો), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ-૮, બ્રિટીશકાલ (ઈ.સ. ૧૯૧૪ સુધીનો) ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ-૧૯૮૪.
- પારેખ સ્વ. હીરાલાલ ત્રિભોવનદાસ (મૂળ લેખક) સંપાદક - પારેખ મધુસુદન, અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, ગુજરાત વિદ્યાસભા અમદાવાદ-૧૯૭૬
- રાજગોર શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ -૧૯૭૪, બીજી આવૃત્તિ ૧૯૯૮.

**એકમ - 2**

# કોંગ્રેસ મહાસભાની સ્થાપના, મવાલ અને જહાલ પક્ષો અને તેઓની કામગીરી ૧૮૮૫ થી ૧૯૦૫

## :: રૂપરેખા ::


**2.0** ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** કોંગ્રેસ મહાસભાની સ્થાપના

**2.3** હિંદી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની શરૂઆતની કામગીરી

- **2.3.1** પ્રથમ અધિવેશન
- **2.3.2** બીજું અધિવેશન
- **2.3.3** ત્રીજું અધિવેશન
- **2.3.4** ચોથું અધિવેશન
- **2.3.5** પાંચમું અધિવેશન
- **2.3.6** ૧૮૯૨ સુધીના અધિવેશનો
- **2.3.7** ઈંગ્લેન્ડમાં ઉદારમતવાદીઓનો પ્રચાર

**2.4** મહાસભાના ઠરાવો અને કામગીરીની સમીક્ષા

- **2.4.1** રાજકીય અધિકારો
- **2.4.2** આર્થિક વિકાસ
- **2.4.3** લશ્કરી તંત્રની પુનઃરચના
- **2.4.4** સામાજિક તથા શૈક્ષણિક પ્રગતિ
- **2.4.5** મવાળવાદીઓ
- **2.4.6** જહાલવાદીઓ

**2.5** મવાલ અને જહાલ વચ્ચેના ભંગાણના પરિણામો

- તમારી પ્રગતિ ચકાસો

**2.6** સારાંશ

**2.7** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**2.8** સંદર્ભ અને વિશેષ વાંચન

## 2.0 ઉદ્દેશો (Objectives)

આ એકમમાં કોંગ્રેસ મહાસભાની સ્થાપના, મવાળવાદીઓ અને જહાલ વાદીઓની કામગીરીનો અભ્યાસ કરવાનો છે.

- કોંગ્રેસ મહાસભાની સ્થાપના વિશે સમજ પ્રાપ્ત થશે.
- હિંદી રાષ્ટ્રીય મહાસભાની કામગીરી વિશે સમજ કેળવાશે.
- મહાસભાના ઠરાવો અને કામગીરીની સમીક્ષા વિશે જાણકારી મળશે.

## 2.1 પ્રસ્તાવના (Introduction)

૧૯મી સદીના મધ્યભાગમાં ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિનો વિકાસ શરૂ થયો હતો. જ્ઞાન-વિજ્ઞાન અને આધુનિક વિચારધારાઓના પરિચયમાં આવવાથી ભારતનો શિક્ષિત વર્ગ અનુભવવા લાગ્યો કે, રાષ્ટ્રીય આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે સંગઠન દ્વારા આંદોલન આવશ્યક છે. પરિણામે અનેક મંડળોની સ્થાપના થઈ હતી. લીટનનાં અન્યાયી કાર્યો તથા ઈલ્બર્ટ બિલ સામેની અંગ્રેજોની અવિવેકી અને અન્યાયી ચળવળે પણ આ પ્રક્રિયાને ઝડપી બનાવી. આ સદી દરમ્યાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાહોએ પણ મહાસભાની સ્થાપનામાં પોતાનો હિસ્સો આપ્યો. લીટને ૧૮૮૭માં યોજેલ દિલ્હી દરબાર પ્રસંગે, સુરેન્દ્રનાથ બેનરજી અને અન્ય નેતાઓએ રાષ્ટ્રીય સંસ્થા શરૂ કરવાનો વિચાર વ્યક્ત કરેલ. કલકત્તામાં ૧૮૮૩માં ભરાયેલ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન  કર્યો હતો. સમયે એકત્ર થયેલા નેતાઓએ આ બાબતે ચર્ચા-વિચારણા કરેલી. મદ્રાસમાં ડિસેમ્બર, ૧૮૮૪માં યોજાયેલ થિયોસોફીકલ સમાજની પરિષદમાં હાજર રહેલા અગ્રણીઓએ આ પરત્વે નિર્દેશ કર્યો હોવાનું કહેવાય છે, પરંતુ કલકત્તામાં ૧૮૮૩ના ડિસેમ્બર માસમાં ભરાયેલી પ્રથમ રાષ્ટ્રીય પરિષદને જ મહાસભાની સ્થાપનાનું મુખ્ય શ્રેય આપવું ઘટે.

ડૉ. ધારૈયા લખે છે, ''હિંદી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની સ્થાપના એ ભારતના આધુનિક ઈતિહાસને એક શકવર્તી બનાવી કહી શકાય. આ બનાવે ભારતીય રાષ્ટ્રવાદના નવોદિત પ્રવાહોને વ્યવસ્થિત કરીને તેમને આઝાદી તરફ પ્રેરિત કર્યા.

## 2.2 કોંગ્રેસ મહાસભાની સ્થાપના

સર એલન હ્યુમની અપીલથી ''હિંદી રાષ્ટ્રીય સંઘ'ની સ્થાપના થઈ. જેણે મહાસભાનું પ્રથમ અધિવેશન બોલાવ્યું. ૧૮૮૫ ની ૨૮ ડિસેમ્બરે આ બેઠક મુંબઈમાં ગોકુળદાસ તેજપાલ સંસ્કૃત  વિદ્યાલયમાં મળી. આ બેઠકમાં ૧૦૦ મહાનુભાવોએ

હાજરી આપી હતી. તેમાંના ૭૨ અધિકારીઓ હતા અને તેઓ માન્ય સભ્યો હતા. કોંગ્રેસના પ્રથમ અધિવેશનના પ્રમુખ બનવાનું માન બંગાળના વ્યોમેશચંદ્ર બેનરજીને મળ્યું હતું. તેઓ બેરિસ્ટર હતા અને તેમના સમયમાં સૌથી આગળ પડતા કાયદાના ક્ષેત્રના તેજસ્વી વ્યક્તિ હતા. તેમણે કોંગ્રેસના ધ્યેય અને કાર્યક્રમ પર પ્રકાશ પાડ્યો. હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થતાં હિંદના ઈતિહાસમાં એક ઉજ્જવળ પ્રકરણની શરૂઆત થઈ.

## 2.3 હિંદી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની શરૂઆતની કામગીરી

### 2.3.1 પ્રથમ અધિવેશન :

આ અધિવેશનમાં મહાસભાએ કુલ નવ ઠરાવો કર્યા. જેમાં અનુક્રમે નીચે મુજબની માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી.

(૧) હિંદના બંધારણની પુનઃતપાસ માટે એક શાહી કમિશન નીમવું અને તેમાં હિંદુઓને પૂરતું પ્રતિનિધિત્વ આપવું. (૨) હિંદી વજીરની સમિતિને વહેલી તકે નાબૂદ કરવી. (૩) હિંદની મધ્યસ્થ અને પ્રાંતીય ધારાસભાઓ, ચૂંટાયેલા સભ્યોનું પ્રમાણ વધારવું. સરકારે આવક-જાવકનાં અંદાજપત્રો ધારાસભા સમક્ષ રજૂ કરવા તથા ધારાસભ્યોને પ્રશ્નો પૂછવાનો અધિકાર આપવો. (૪) સનદી પરીક્ષા ઈંગ્લેન્ડ તથા હિંદમાં એકસાથે લેવી તેમાં પાસ થનારને ઈંગ્લેન્ડમાં વધુ અભ્યાસ માટે સગવડ આપવી. સરકારે ઉપલી જગ્યાઓ લાયકાતના ધોરણે જાહેર પરીક્ષા દ્વારા જ ભરવી. સનદી નોકરીઓ માટેની ઉંમર ૨૩ વર્ષ કરવી. (૫) વહીવટી અને લશ્કરી ખર્ચ ઘટાડવો. વધારાનું લશ્કરી ખર્ચ વહીવટમાં કાપકૂપ કરીને કરવું. (૬) કોઈ ખાસ વર્ગ કે સરકારી અધિકારીને કરવેરામાંથી બાકાત રાખવા નહિ. (૭) ઉત્તર-બ્રહ્મદેશને અલગ સંસ્થાન બનાવવું. જેથી તેનો બોજ ભારતની પ્રજા પર ન પડે. (૮) અધિવેશનના ઠરાવો પ્રાંતોના રાજકીય મંડળોને મોકલવા અને તેના અમલ માટે વિનંતી કરવી, (૯) મહાસભાનું બીજું અધિવેશન ઈ.સ. ૧૮૮૬માં ૨૮ ડિસેમ્બરે યોજવું.

આ અધિવેશનના પ્રમુખ વ્યોમેચંદ્ર બેનરજીએ કોંગ્રેસના ધ્યેય તરીકે ચાર મુદ્દાઓ ગણાવ્યા : (૧) સામ્રાજ્ય જુદા જુદા ભાગોના કાર્યકર્તાઓ વચ્ચેના સંબંધો દેશના હિત માટે ઘનિષ્ટ બનાવવા, (૨) લોર્ડ રિપનના શાસનકાળમાં ઉદ્ભવેલ રાષ્ટ્રીય એકતાના પરિબળોને દઢ બનાવી વિકસાવવાં અને બંધુત્વની ભાવના દ્વારા જાતિ, ધર્મ, પ્રાંત વગેરેના ભેદભાવો દૂર કરવા. (૩) દેશના મહત્ત્વના સામાજિક પ્રશ્નો પર સંપૂર્ણ વિચારણા કરવી. (૪) દેશના રાજપુરુષોએ આ વર્ષની પ્રજાકલ્યાણની યોજના અને પદ્ધતિ વિચારવી.

જોકે મહાસભાની એક પણ માંગણી સરકારે સ્વીકારી નહી. છતાં એટલું જરૂર કહી શકાય કે મહાસભાના પ્રથમ અધિવેશને હિન્દીઓની રાજકીય જાગૃતિને ઝડપી બનાવી.

**2.3.2 બીજું અધિવેશન :**

મહાસભાનું બીજું અધિવેશન ૨૮ ડિસેમ્બર, ૧૮૮૬ કલકત્તા ખાતે મળ્યું. તેમાં કુલ ૪૩૧ પ્રતિનિધિઓએ હાજરી આપી. આ અધિવેશનના પ્રમુખ તરીકે દાદાભાઈ નવરોજીને ચૂંટવામાં આવ્યા. રાજેન્દ્ર મિત્રની સ્વાગત પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. સર એલન હ્યુમનને મહામંત્રીપદ આપવામાં આવ્યુ.ં તેમણે તે પદ ૧૯૦૮ સુધી નિભાવ્યું. સુરેન્દ્રનાથ બેનરજી અને આનંદમોહન બોઝ રાષ્ટ્રીય પરિષદને સંકેલી લઈ મહાસભામાં જોડાયા. પરિણામે મહાસભાને સુરેન્દ્રનાથ બેનરજી જેવા પ્રખર રાજનીતિના નેતૃત્વનો લાભ મળ્યો. દેશની બધી જ પ્રાંતિક સંસ્થાઓએ મહાસભાને પોતાનો ટેકો જાહેર કર્યો. તથા પ્રતિનિધિઓ ચૂંટીને મોકલ્યા. આથી પ્રાંતિક તથા પ્રાદેશિક કક્ષાએ પણ કોંગ્રેસ સંગઠનની શરૂઆત થઈ. આ બેઠકમાં ૩૩ મુસ્લિમ પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. આ બેઠકમાં પ્રેક્ષકોને હાજર રહેવાની છૂટ આપવામાં આવી. પરિણામે લોકો મહાસભાની કામગીરીમાં રસ લેતાં થયાં. મહાસભાના પ્રમુખ દાદાભાઈ નવરોજીએ મહાસભાના ઠરાવોનો અમલ કરવાનો ઈંકાર કરવા બદલ બ્રિટિશ સરકાર સામે દુઃખ વ્યક્ત કર્યું. સ્વાગત પ્રમુખ રાજેન્દ્રલાલ મિત્રઓ જણાવ્યું કે ‘‘પરદેશી સરકાર પાસેથી રાષ્ટ્રીય આશા રાખવી નિરર્થક છે, માટે રાષ્ટ્રીય હિતોના સંવર્ધન માટે મહાસભાએ બળવાન બનવું જોઈએ.

આ અધિવેશનમાં કુલ ૧૫ ઠરાવો કર્યા. જેમાં સરકાર સમક્ષ નીચેની માંગણીઓ કરવામાં આવી. (૧) મધ્યસ્થ અને પ્રાંતીય ધારાસભાઓનો વિસ્તાર કરીને તેમાં ચૂંટાયેલા સભ્યોની બહુમતી રાખવી. (૨) પ્રાંતીય સ્વરાજ્યની સંસ્થાઓને પ્રાંતિક ધારાસભ્યો ચૂંટવાના તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પ્રાંતિક ધારાસભ્યો ચૂંટવાનો હક્ક આપવું. (૩) સરકારી નોકરીઓમાં હિંદીઓને વધારે પ્રમાણમાં સ્થાન આપવા. (૪) સનદી પરીક્ષાઓ ઈંગ્લેન્ડ અને હિંદમાં એકીસાથે લેવી (૫) હિંદમાં ગરીબી ઘટાડવા માટે ઔદ્યોગિક વિકાસ કરવો તથા શૈક્ષણિક પ્રગતિ સાધવા માટે પગલાં લેવાં. (૬) હિંદના મુખ્ય શહેરોમાં મહાસભાની કાયમી સમિતિઓ રચવી વગેરે.

**2.3.3. ત્રીજું અધિવેશન :**

મહાસભાનું ત્રીજું અધિવેશન મદ્રાસ ઈ.સ. ૧૮૮૭માં મળ્યું. તેમાં કુલ ૬૦૭ પ્રતિનિધિઓ હાજરી આપી હતી. આ અધિવેશનના પ્રમુખ તરીકે જાણીતા મુસ્લિમ નેતા બદરુદ્દીન તૈયબજી ચૂંટવામાં આવ્યા. તેમણે મુસ્લિમોને રાષ્ટ્રના હિત માટે મહાસભામાં જોડાવાની હિમાયત કરી. આ અધિવેશનમાં મહાસભાએ પહેલા બે

અધિવેશનના ઠરાવો ફરીથી મૂક્યા કે રજૂ કર્યા. મહાસભાએ પોતાનું વ્યવસ્થિત બંધારણ ઘડવા માટે પ્રયાસ કર્યા એ આ અધિવેશનની નોંધપાત્ર સિદ્ધિ હતી. આ માટે તેણે પ્રમુખ સહિત ૩૫ સભ્યોની સમિતિ નીમી. તેમાં ભારતની બધી કોમો અને વર્ગોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યા,પરંતુ તેમાં મવાળ અને જહાલ નેતાગીરી વચ્ચે સંમતિ ન સધાતા તે ઘણા સમય સુધી ઘડી શકાયું નહીં. આ અધિવેશનમાં હિંદીઓને લશ્કરી તાલીમ આપવા માટે હિંદમાં લશ્કરી કોલેજો સ્થાપના, હિંદની ગરીબી ઓછી કરવા ઉદ્યોગોની સ્થાપના તથા ઔદ્યોગિક શિક્ષણનો વિકાસ કરવા તથા હિંદુઓ માટે અપમાનજનક એવો હથિયારબંધીનો કાયદો નાબૂદ કરવાના ઠરાવો થયા હતાં.

**મહાસભા પ્રત્યે સરકારનું બદલાયેલું વલણ :**

મદ્રાસ અધિવેશન બાદ મહાસભા પ્રત્યેના સરકારી વલણમાં પલટો આવ્યો. જો કે સરકારે ત્રણમાંથી એક પણ અધિવેશનમાં ઠરાવનો અમલ કર્યો ન હતો. સર એલન હ્યુમને જણાવ્યું કે, ‘‘હિંદના લાખો અર્ધભૂખ્યા લોકો માટે સરકાર કંઈ જ તૈયાર ન હોય અને તે લોકોને કોઈપણ પ્રકારના રાજકીય હક્કો આપવા ઇચ્છતી ન હોય તો તેવી સરકાર સાથે પ્રજાને બંધારણીય આંદોલન ચલાવવાનો સંપૂર્ણ હક્ક છે.

સરકારે રોષે ભરાઈ અને તંત્રએ અધિવેશન નિષ્ફળ બનાવવા અનેક પ્રયત્નો કર્યા. મહાસભાની કાર્યવાહીમાં ભાગ લેવાના કાર્યને સરકાર વિરુદ્ધનું પગલું ગણ્યું. અલીગઢ કોલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ મિ.બેકે મુસ્લિમો અને જમીનદારોને મહાસભાના અધિવેશનમાં ભાગ નહિ લેવા માટે ઉશ્કેર્યા.

આવી અયોગ્ય સરકારી નીતિને ખુલ્લી પાડી લોકમત જાગ્રત કરવા હ્યુમે અલ્હાબાદના ચોથા અધિવેશન પહેલાં દેશનાં ઘણા ભાગોમાં પ્રવાસ ખેડ્યો. વ્યાખ્યાનો આપ્યાં, પત્રિકાઓ વહેંચી તથા ભંડોળ એકત્રિત કર્યું. તેમણે લોકોને મહાસભાને સહકાર આપવા તથા બ્રિટિશ સરકાર સામે બંધારણીય લડત સામે તૈયાર રહેવા અનુરોધ કર્યો. આથી બ્રિટિશ સરકાર ચોંકી ઊઠી. બ્રિટિશ રાજ માટે મોટો ખતરો દેખાયો.

**2.3.4. ચોથું અધિવેશન :**

સરકારની આવી વિરોધી નીતિથી મહાસભાની લોકપ્રિયતા વધી. અલ્હાબાદ ખાતે મળેલાં ચોથા અધિવેશનમાં ૧૨૪૮ પ્રતિનિધિઓએ હાજરી આપી. તેમાં ૨૦૦ ઉપરાંત મુસ્લિમો હતા. આ અધિવેશનમાં પ્રમુખ તરીકે કલકત્તાના આગેવાન અંગ્રેજ વેપારી જ્યોર્જ મૂલને ચૂંટવામાં આવ્યા. તેમણે સરકારી નીતિની કડક ટીકા કરી અને વાઈસરોય ડફરીનની નીતિની હાંસી ઊડાવી. મહામંત્રી હ્યુમે જણાવ્યું કે ‘‘મહાસભાનું સ્થાન લોકહૃદયમાં એટલું દૃઢ થઈ ગયું છે કે સરકાર તેની માંગણીઓની ઉપેક્ષા

કરવાનું ચાલુ રાખશે તો તેને લોકલડતનો સામનો કરવો પડશે. એટલું જ નહીં પણ જો તે મહાસભાની વાજબી માંગણીઓ સંતોષશે નહિ તો તેની પ્રાપ્તિ માટે મહાસભાને ગેરબંધારણીય કહી શકાય તેવી ક્રાંતિને માર્ગે જવાની ફરજ પડશે. મહાસભા, અખબારો તથા શિક્ષિત વર્ગે સરકારને જાગ્રત કરવા ભારે પ્રયાસો કર્યા છે, છતાંયે તેને જાગ્રત થવાનો ઈક્રાર કર્યા છે. બ્રિટીશ  બ્રિટીશ સરકાર સામે લોકોને  જગાડવા માટે લોકો પાસે બંધારણીય લડત સિવાય અન્ય માર્ગ રહ્યો નથી.

**2.3.5. પાંચમું અધિવેશન :**

મહાસભાનું પાંચમું અધિવેશન ઈ.સ. ૧૮૮૯ના ડિસેમ્બર માસમાં મુંબઈમાં મળ્યું. તેમાં ૧૮૮૫ પ્રતિનિધિઓની હાજરી આપી. ભારતના અંગ્રેજ મિત્ર વિલિયન વેડનબર્નને પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. ફિરોજશાહ મહેતાની સ્વાગતપ્રમુખ તરીકે વરણી થઈ. હિંદના પ્રશ્નોમાં રસ ધરાવતા સર ચાર્લ્સ બ્રેડલો નામના બ્રિટિશ સંસદ સભ્યે આ અધિવેશનમાં ખાસ મહેમાન તરીકે હાજરી આપી. ઈંગ્લેન્ડ પહોંચ્યા બાદ બ્રેડલોએ હિંદની વાજબી માંગણીઓ સંતોષતો ધારો ઘડવાને લગતો ઠરાવ ૧૮૮૦ તથા ૧૮૯૧માં આમ સભામાં રજૂ કર્યો. જો કે ઠરાવ બહુમતીથી ઉડી ગયો, પરંતુ તેના ખરડાને આધારે સંસદે ઈ.સ ૧૮૯૨નો હિંદી ધારાસભાઆનો કાયદો પસાર કર્યો. ૧૮૯૨નો હિંદી ધારાસભા કાયદો રાજકીય ક્ષેત્રે ઉદારરાષ્ટ્રવાદી કોંગ્રેસનો પ્રથમ વિજયસ્તંભ હતો.

**2.3.6. ૧૮૯૨ સુધીના અધિવેશનો :**

ઈ.સ. ૧૮૯૦ ના મહાસભાનું છઠ્ઠું અધિવેશન ડિસેમ્બર માસમાં ફિરોજશાહ મહેતાના પ્રમુખપદે મળ્યું. તેમણે પોતાના પ્રવચનમાં મહાસભા, બંગાળી, બાબુઓ અને શિક્ષિત વર્ગની માત્ર નાની લઘુમતીનું પ્રતિનિધિત્વ ધરાવે છે.એવી વાઈસરોય ડફરીનની રજૂઆતની હાંસી ઉડાવી. આ બેઠકમાં એક વધારાનું અધિવેશન ઈંગ્લેન્ડમાં યોજવાનો ઠરાવ કરવામાં આવ્યો.

મહાસભાનું સાતમું અધિવેશન ઈ.સ ૧૮૯૧ના ડિસેમ્બર માસમાં નાગપુરમાં અને આઠમું અધિવેશન અલ્હાબાદમાં મળ્યું. નાગપુર અધિવેશનમાં મહાસભાના ઠરાવોને સરકાર સમક્ષ વધુ મક્કમતાથી રજૂ કરવાનું તથા બંધારણીય ચળવળને વિસ્તૃત કરવાનું નક્કી કરવામાં આવ્યું. મહાસભાએ ૧૮૯૨નો હિંદી ધારાસભાની પુર્નરચનાને લગતા ઠરાવો રજૂ કર્યા ન હતા. ૧૯૦૪માં મુંબઈના ૨૦મા અને ૧૯૦૫ ના બનારસના અધિવેશનમાં કોંગ્રેસે મોટે ભાગે પુરાણા ઠરાવો રજૂ કર્યા હતા. ૧૯૦૪ના મુંબઈના અધિવેશનમાં કોંગ્રેસ એક ડગલું આગળ વધીને બ્રિટનથી આમ સભામાં હિંદના દરેક પ્રાંતમાંથી ઓછામાં ઓછા બે સભ્યોને પ્રતિનિધિત્વ આપવાનો ઠરાવ કર્યો હતો.

### 2.3.7. ઈંગ્લેન્ડમાં ઉદારમતવાદીઓ પ્રચાર :

કોંગ્રેસના ઉદાર અને વિનીત નેતાઓમાં નરમ વલણની હિંદમાંની બ્રિટિશ સરકાર પર કોઈ અસર થઈ નહીં. ઈંગ્લેન્ડમાં રાષ્ટ્રવાદનો પડઘો પાડવા માટે સર એલન હ્યુમ, દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, વ્યોમશચંદ્ર બેનરજી, વેડનબર્ન વગેરે ઉદારવાદીઓએ ઈંગ્લેન્ડમાં પ્રચાર શરૂ કર્યો. જેથી બ્રિટિશ સરકારને અને નાગરિકોને હિંદની વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન થાય અને કોંગ્રેસને વધારે સફળતા મળે. દાદાભાઈ નવરોજી લખે છે કે - શાસનસત્તાનો મુખ્ય સ્રોત ઈંગ્લેડમાં હોવાથી એ દેશમાં કોંગ્રેસ મારફત કરવામાં આવેલો કોઈપણ પ્રયાસ વધારે પ્રભાવશાળી, અસરકારક અને લાભદાયી નીવડશે.'' તેથી ઈ.સ. ૧૮૮૮ માં કોંગ્રેસે વિલિયમ ડિંગ્લીના પ્રમુખપદે લંડન ખાતે 'ઈન્ડિયા એજન્સી' નામની પોતાની એક શાખા શરૂ કરી. ૧૮૮૯ના જુલાઈ માસમાં મહાસભાની બ્રિટિશ સમિતિ નામની કાયમી સમિતિ વિધિસર સ્થાપવામાં આવી. તેના પ્રમુખ તરીકે વિલિયમ વેડરબર્નને મંત્રી તરીકે ડિગ્લી તથા સભ્યો તરીકે દાદાભાઈ નવરોજી, બ્રાઈટ કોન વગેરેને નીમવામાં આવ્યા. સમિતિના વહીવટી ખર્ચ માટે તાત્કાલિક રૂા. ૪૫,૦૦૦/- નું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું. બ્રિટિશ સમિતિએ ઈંગ્લેન્ડની આમ સભામાં હિંદી સંસદીય સમિતિ રચી. ઈંગ્લેન્ડના જુદા જુદા ભાગોમાં જાહેરસભાઓ યોજી અને 'ઇન્ડિયા' નામનું સામયિક શરૂ કર્યું. આમ સભામાં હિંદી સંસદીય સમિતિ રચવાથી હિંદી પ્રશ્નો પરત્વે રસ જાગ્રત થયો. કોંગ્રેસના કેટલાક અંગ્રેજ સંસદ સભ્યોએ પણ આમ સભામાં હિંદ અંગે અનેક સવાલો સરકારને પૂછ્યા જેથી હિંદની અંગ્રેજ સરકારના ગેરવહીવટની અને આમુખ તંત્રની બ્રિટિશ સંસદ સભ્યોને જાણ થઈ. ચાર્લ્સ બ્રેડોલોના પ્રયત્નો ૧૮૯૨માં બ્રિટિશ સંસદે હિંદી ધારાસભાનો કાયદો ઘડ્યો. આ ઉપરાંત કોંગ્રેસ પોતાના દૃષ્ટિકોણના પ્રચાર માટે સુરેન્દ્રનાથ બેનરજી, વ્યોમચંદ બેનરજી, દાદાભાઈ નવરોજી, વિલિમય વેડનબર્ન, મિ.હ્યુમ વગેરેનું બનેલું પ્રતિનિધિ મંડળ ઈંગ્લેન્ડમાં મોકલ્યું હતું. તેમણે અંગ્રેજોને હિંદની સમસ્યાઓથી વાકેફ કર્યા હતા.

## 2.4 મહાસભાના ઠરાવો અને કામગીરીની સમીક્ષા

મહાસભાએ પોતાના પ્રથમ તબક્કા (૧૮૮૫-૧૯૦૫) દરમ્યાન દેખીતી રીતે કોઈ ખાસ સિદ્ધિ મેળવી નહી. તેના ઠરાવો અને કામગીરીનો કોઈ અર્થ હતો નહિ. તેમ કહી શકાય ૧૯૦૫ સુધીના તેના ૨૧ અધિવેશનમાં મહાસભાએ કરેલા ઠરાવો રાજકીય, વહીવટી, લશ્કરી, ન્યાય વિષયક, આર્થિક, શૈક્ષણિક વગેરે બાબતોને આવરી લેતા હતા. તેમાં તેણે સરકારી નીતિની ટીકા કરીને તે સુધારવા માટે

અવારનવાર માંગણી કરી. તેનો તાત્કાલિક સ્વીકાર ન થયો તો પણ બીજા તબક્કા દરમ્યાન તેના સારા લાભ મળ્યાં.

### 2.4.1 રાજકીય અધિકારો :

મહાસભાએ કેન્દ્રીય તેમજ પ્રાંતિક ધારાગૃહોનો વિસ્તાર કરીને તેમાં ૫૦ ટકા સભ્યો ચૂંટાયેલા રાખવા તથા કારોબારીને શક્ય તેટલી હદે ધારાસભાને જવાબદાર બનાવવાના કરેલા અવાર-નવાર ઠરાવથી ભારતને ૧૮૯૨ નો 'કાઉન્સિલ એક્ટ' આપવામાં આવ્યો. એટલું જ નહિ, પરંતુ આ પરિપાટી પર મોર્લે-મિન્ટો સુધારા અને ત્યારબાદના સુધારા મળ્યા. આનાથી જવાબદાર રાજ્યતંત્ર તથા પ્રતિનિધિમંડળની સરકારની માંગણીઓનો પાયો નંખાયો. મહાસભાએ આપખુદ, અન્યાયી અને અતિ ખર્ચાળ વહીવટીતંત્રની ટીકા કરી અને તેમાં સુધારણા કરવા જણાવ્યું. વળી તેણે તેમાં હિંદીઓનો હિસ્સો માંગ્યો, આથી લાયકાતના ધોરણે હિન્દીઓને સરકારી નોકરી આપવાના ૧૮૩૩ના ધારાનો સિદ્ધાંત અમલમાં મૂકાયો.મહાસભાએ સનદી નોકરીની પરીક્ષા ઈંગ્લેન્ડની સાથે હિંદમાં લેવા માટે પણ વારંવાર રજૂઆત કરી. જોકે અમલ ૧૯૧૮ સુધી થયો નહિ. છતાં તે પરીક્ષામાં બેસવાની વયમર્યાદા ૨૩ની થતાં તેમાં હિન્દીને બેસવાની તક મળી. ૧૮૯૦ સુધીમાં તેમાં ૩૬ હિન્દુઓ બેઠા હતા, જેમાંથી ૮ પાસ થયા હતા.

### 2.4.2 આર્થિક વિકાસ :

સરકારી કરવેરા, નાણાંકીય નીતિ તથા દેશના આર્થિક વિકાસને લગતા મહાસભાના ઠરાવો પણ મહત્ત્વના હતા. મહાસભાએ કાયમને માટે એકસરખી મહેસૂલી નીતિ નક્કી કરવા તથા લાંબાગાળા માટે ખેડૂત તથા જમીનદાર વર્ગને હસ્તક જમીન રહે તે રીતે ગોઠળણ કરવા સરકારને આગ્રહ કર્યો, જેથી કરીને ખેડૂત તથા જમીનદાર વર્ગ સ્થિરતાથી જમીન તથા ખેતીનો વિકાસ કરી શકે. તેણે સરકારને કરવેરામાં રાહત આપવા, મીઠા પરનો વેરો ઘટાડવા, હિન્દી ઉદ્યોગ તથા વેપારને પ્રોત્સાહન મળે તે રીતે આબકારી જકાતનું ધોરણ ઠરાવવા, નાણાં ચલણ એકધારું રાખવા, ભારતીય રૂ પરની જકાત રદ કરવા અને કાપડ પરની જકાત હળવી કરવા તથા ઉદ્યોગો અને ધંધાકીય શિક્ષણ વિકસાવવા ખાસ અનુરોધ કર્યો. મહાસભાએ ગ્રામ્ય ઉદ્યોગ અને હસ્તઉદ્યોગોને ફરી જીવતદાન આપવા સરકારને ૧૮૯૧ તથા ૧૮૯૩ ના ઠરાવો દ્વારા ખાસ વિનંતી કરી. આના અનુસંધાનમાં આ અધિવેશનમાં અનુક્રમે મુરલીધર તથા મદનમોહન માલવિયાએ સભ્યોને પરદેશી વસ્તુઓનો મોહ છોડીને સ્વદેશી વાપરવા આગ્રહ કર્યો. દેશની ગરીબી અને ભૂખમરો ઘટાડવા મહાસભાએ પ્રાથમિક, તાલીમ, તબીબી તથા ઔદ્યોગિક વિકાસના ફેલાવા પર ભાર

મૂક્યો. વળી દુષ્કાળ સમયે કાયમી યોજના શરુ કરવા પણ તેણે સરકારને ભલામણ કરી.

**2.4.3 લશ્કરી તંત્રની પુનઃરચના :**

લશ્કરી તંત્રનું ગંજાવર ખર્ચ ઘટાડવા તથા તેની અને પોલીસતંત્રની સુધારણાનો ઠરાવ મહાસભાએ અવારનવાર કર્યો. લશ્કરમાં હિંદીઓનું પ્રમાણ વધારવા, તેમની તાલીમ અને લશ્કરી કોલેજો ખોલવા, ભારત બહાર લડતા લશ્કરનું ખર્ચ ભારત પર નહિ લાદવા, ભારતના લશ્કરમાં હિંદી સૈનિક અને અંગ્રેજ સૈનિકના પગારનું ધોરણ સપ્રમાણ કરવા તથા લશ્કરતંત્ર પર દીવાની વહીવટીનો અંકુશ ચાલુ રાખવા સરકાર પાસે લગભગ પ્રત્યેક અધિવેશનમાં માંગણી કરી. પોલીસતંત્રને પણ સક્રિય બનાવવા અને તેનું પગારધોરણ સુધારવા મહાસભાને સરકારને ભલામણ કરી.

**2.4.4 સામાજિક તથા શૈક્ષણિક પ્રગતિ :**

મહાસભાએ વીસ વર્ષના ગાળામાં કારોબારી તથા ન્યાયતંત્રને અલગ કરવા, જયુરી પ્રથા ચાલુ કરવા, હથિયાર બંધીનો કાયદો રદ કરવા, વેશ્યાવૃત્તિનું નિયમન કરવા, અખબારો પરના પ્રતિબંધો કે અંકુશો નાબુદ કરવા દક્ષિણ આફ્રિકામાં વસતા હિન્દીઓને થતા અન્યાયો દૂર કરાવવા, વેઠ અને બોજાની પ્રથા બંધ કરવા, દેશની અંદર હેરફેર પરના પ્રતિબંધો હટાવી લેવા, હિન્દીઓને પરદેશોમાં અભ્યાસ માટેની સગવડ આપવા. કેફી પીણાં પર પ્રતિબંધ મૂકવા, હિન્દી વજીરની કાઉન્સિલ નાબૂદ કરવા અથવા તેમાં હિન્દીઓને પ્રતિનિધિત્વ આપવા, ખેડૂતોને દેવામાં રાહત આપવા, ગરીબોને રાહત થાય તે રીતે જંગલોના કાયદા સુધારવા, રેલવેના ત્રીજા વર્ગની નિમણૂંકમાં હિન્દીઓની શક્ય તેટલી સંખ્યા વધારવા, પ્રજાકીય ઢબે સ્થાનિક સ્વરાજનો ઝડપી વિકાસ કરવા તેમજ વહીવટ તપાસ માટે બ્રિટિશ સંસદને પંચ નીમવા માટેની ભલામણ કરતા ઠરાવો કર્યા.

પ્રથમ તબક્કા દરમ્યાનનું મહાસભાનું સ્વરૂપ એકંદરે ભલે વિનમ્ર હોય છતાં વિવિધ ક્ષેત્રે લોકહિતને માટે તેને પ્રશંસાપાત્ર પ્રયાસો કરેલ છે. આથી તેને સરકારને પ્રતિવર્ષ અરજી મોકલનાર માત્ર ભિક્ષુક ગણાવી તે યોગ્ય નથી. બકિમચંદ્ર ચેટરજીની એક હકીકત સાચી છે કે આ સમય દરમ્યાન મહાસભાને આમ જનતા સાથે સંપર્ક ન હતો. એટલે તે આ સમયની આગેવાન રાજકીય સંસ્થા ગણાવી હોવા છતાં તેના મૂળ કાચાં હતાં. આ કારણથી જ ૧૮૯૫ પછીથી ઉદામવાદી ગણાતા આગેવાનો તેનાથી અલગ થતા ગયા, પરંતુ આનાથી મહાસભાએ કરેલાં પાયાનાં કાર્યનું મૂલ્ય ઓછું થતું નથી.

ડૉ. પટ્ટાભીસીતારમૈયા યથાર્થ રીતે નોંધે છે કે, ભવ્ય આધુનિક ઈમારતના પાયા અને પરથારમાં મૂલ્ય ઈંટ અને ચૂનાનું છે. તેટલું જ મૂલ્ય ભવ્ય આધુનિક

મહાસભાની ઈમારત ખડી કરવામાં પ્રારંભિક યુગના મહાસભાના આ અગ્રણીઓનું ગણાય. એટલે તેમના કાર્ય માટે તેમને ઠપકો આપવો વ્યાજબી નથી.

### 2.4.5 મવાળો :

(૧) પ્રથમ તબક્કા દરમિયાન કોંગ્રેસનો કાર્યક્રમ ખૂબ મવાળ હતો. તેણે બંધારણીય સુધારાઓ, આર્થિક રાહત, વહીવટી પુર્નવ્યવસ્થા અને નાગરિક હક્કોના રક્ષણની માંગણી કરી હતી. પ્રથમ ૨૦ વર્ષ દરમિયાન (૧૮૮૫-૧૯૦૫) વ્યવહારમાં કોંગ્રેસના કાર્યક્રમોમાં કોઈ પરિવર્તન આવ્યું નહોતું. મુખ્ય માંગણીઓ જે પ્રથમ ત્રણ બેઠકોમાં તૈયાર કરવામાં આવી હતી. તે વ્યવહારમાં એ જ રીતે હતી. કોંગ્રેસનો આ તબક્કો મવાળવાદી તબક્કો ગણાય છે. નેતાઓ માંગણીઓ કરવામાં સાવધાન છતાં તેઓ સરકારને નારાજ કરવા માંગતા ન હતા અને તે રીતે તેમની પ્રવૃત્તિઓ દબાઈ જાય તેમ પણ ઈચ્છતા ન હતા. તેમની મુખ્ય માંગણી ધારાકીય કાઉન્સિલને વિસ્તૃત કરવી એ સુધારાને ચાલુ રાખવાની હતી. લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓને સમિતિના સભ્યપદ આપવા માટેની અને આ સમિતિની સત્તાઆમાં વધારો કરવાની પણ માંગણી હતી. ૧૮૯૨ માં સરકાર સમિતિને કાયદો કરવાની ફરજ પાડવામાં આવી, પરંતુ તે કાયદાની કલમો કોંગ્રેસના નેતાઓને સંતોષવામાં નિષ્ફળ ગઈ હતી. તેમણે જાહેરનાણાં પર હિંદના અંકુશની માંગણી કરી. (૨) ૧૯૦૫ સુધીમાં કોંગ્રેસ સ્વરાજ કે હિંદીઓ માટે સ્વશાસનની માંગણીને આગળ કરી હતી. તેનો ઉલ્લેખ ગોપાલકૃષ્ણ ગોખલેએ ઇ.સ. ૧૯૦૫માં બનારસમાં કર્યો હતો. ત્યારબાદ દાદાભાઈ નવરોજીએ એને સ્પષ્ટ રીતે રજૂ કર્યો હતો અને તેમની મુખ્ય માંગણીઓ (૧) હિંદના આર્થિક ધોવાણનો અંત લાવવો. (૨) જમીન મહેસુલ ઘટાડવું, (૩) બગીચા મજૂરોની કાયમી સ્થિતિમાં સુધારો કરવો. (૪) મીઠાવેરાની નાબૂદી કરવી, (૫) લશ્કરી ખર્ચમાં ઘટાડો કરવો, તેઓ પ્રેસની સ્વતંત્રતતા હિમાયતી હતા.

### 2.4.6 જહાલો :

૨૦ મી સદીના પ્રથમ દાયકામાં જહાલવાદ રાષ્ટ્રીય તખ્ત પર આવ્યો. તે ૧૮૫૭ ના બળવાથી ધીમે ધીમે દૃશ્યમાન ન હોય તે રીતે તે વિકાસ પામતો ગયો. જહાલોના મતે ૧૮૫૭ ના બળવા પાછળના રાષ્ટ્રવાદી વિચારો, સ્વધર્મ અને સ્વરાજ હતો. તેઓ ઉગ્ર રાષ્ટ્રવાદી હતા. તેમની પાસે આત્મસન્માનની અસાધારણ સમજ હતી. તેઓ તેમના મસ્તક ઉન્નત રાખવા ઇચ્છતા હતા. તેઓ મવાલોનો વિરોધ કરતા હતા અને તેમણે અંગ્રેજો પરત્વે ગુલામી માનસ એમ માનની લાગણી ધરાવનારા તરીકે જોતા હતા. જહાલો માટે મુક્તિનો અર્થ ઘણો ઊંડો અને રાજકારણથી વ્યાપક હતો.

**જહાલોના ત્રણ સમૂહો હતા :**

મહારાષ્ટ્ર સમૂહના નેતા બાળગંગાધર તિલક હતા. બંગાળ સમૂહનું પ્રતિનિધિત્વ બિપિનચંદ્ર પાલ અને અરવિંદ ઘોષ કરતા હતા. પંજાબ સમૂહનું નેતૃત્વ લાલ લજપતરાય પાસે હતું. બંગાળના જહાલો મહદ્અંશે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયના વિચારોની અસર હેઠળ હતા. જહાલો અને મવાળો વચ્ચ ઘણું સામ્ય હતું. પરંતુ રાજકીય વિચારદષ્ટિ અને પદ્ધતિઓના સંદર્ભમાં તેમની વચ્ચે કેટલાંક તફાવતો પણ હતા. જે છેવટે ૧૯૦૭ માં સુરતમાં ભંગાણ તરફ દોરી ગયાં.

## 2.5. મવાળ અને જહાલ વચ્ચેના ભંગાણના પરિણામો :

કોંગ્રેસનું ભંગાણ (સુરત ભંગાણ) આપણા માટે એક મહાન વિજય છે. તેમનું મંતવ્ય લગભગ એક પયંગબરી વાણીનું હતું, પરંતુ મોર્લે બરાબર જાણતા હતા કે - તે સમયે પીછેહઠ થઈ હોવા છતાં સમય જતાં જહાલોનું કોંગ્રેસ પર પ્રભુત્વ વધશે. આ ભંગાણે વિશેષ કરીને કોંગ્રેસને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું અને રાષ્ટ્રીય ચળવળને એકંદરે નુકસાન પહોંચાડ્યું હતું તેમ કહી શકાય છે. મવાળો ‘કાયદો’ હતા અને જહાલો ‘આવેશ’ હતા. સંગઠનની કામગીરી રાષ્ટ્રીય ચવળવળના વિકાસ માટે તે બંનેના સમન્વિત કાર્યની જરૂરિયાત હતી. જો જહાલો એકલા હોય તો ઘણું ઓછું સિધ્ધ થઈ શકે તેમ હતું. લગભગ એક દાયકા સુધી મવાળો અંગ્રેજોનો વિરોધ કરવા માટે જે બળ જોઈએ તે દાખવવાની સ્થિતિમાં ન હતા. માત્ર ૧૯૧૬ પુનઃસક્રિય બની શકી હતી, પરંતુ ત્યારે તે એક અલગ વાત હતી. ગાંધીજી ગોખલેના રાજકીય શિષ્ય, જહાલોના કાર્યક્રમો સાથે સંકળાયેલા હતા. તેમણે તેમના તર્ક અને શ્રધ્ધા, કાયદો અને આવેશના સંમિશ્રણના ભાર સાથે હિંદના લોકોની અસીમ શક્તિનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે કોંગ્રેસને સક્રિય બનાવી અને કાયાકલ્પ કર્યા અને તે સાથે એક નવો તબક્કો શરૂ કર્યો હતો.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

1. હિંદી રાષ્ટ્રીય મહાસભાની શરૂઆતની કાર્યવાહી કેવી હતી ?
2. હિંદી રાષ્ટ્રીય મહાસભાની રાજકીય સિદ્ધિઓ જણાવો.
3. હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના પૂર્વેની સંસ્થાઓનો પરિચય કરાવો.

4. મહાસભાની કામગીરી વિશે ચર્ચા કરો.
5. હિંદી રાષ્ટ્રીય મહાસભાના ઠરાવો વિશે ચર્ચા કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

1. હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનાના પ્રણેતા કોણ હતા ?
2. હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના ક્યારે થઈ ?
3. હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના ક્યાં થઈ ?
4. હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રથમ અધિવેશન પ્રમુખ કોણ હતો ?
5. હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રથમ અધિવેશનમાં કુલ કેટલા પ્રતિનિધિઓ હતા?
6. મહાસભાનું બીજું અધિવેશન ક્યારે ભરાયું હતું ?
7. મહાસભાનું બીજું અધિવેશન ક્યાં ભરાયું હતું.?
8. મહાસભાના બીજા અધિવેશનના પ્રમુખ કોણ હતા ?
9. મહાસભાના બીજા અધિવેશનમાં કેટલા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી?
10. મહાસભાના ત્રીજા અધિવેશનના પ્રમુખ કોણ હતા ?
11. મહાસભાનું ત્રીજું અધિવેશન ક્યારે ભરાયું હતું.?
12. મહાસભાનું ત્રીજું અધિવેશન કયાં ભરાયું હતું.
13. મહાસભાના ત્રીજા અધિવેશનમાં કેટલા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી?
14. મહાસભાના ચોથું અધિવેશનના પ્રમુખ કોણ હતા ?
15. મહાસભાનું ચોથું અધિવેશનના ક્યારે ભરાયું હતું.?
16. મહાસભાનું ચોથું અધિવેશન કયાં ભરાયું હતું.?
17. મહાસભાના ચોથા અધિવેશનમાં કેટલાં પ્રતિનિધિઓએ હાજરી આપી હતી?
18. મહાસભાના પાંચમાં અધિવેશનના પ્રમુખ કોણ હતા ?
19. મહાસભાનું પાંચમું અધિવેશનના ક્યારે ભરાયું હતું.
20. મહાસભાનું પાંચમું અધિવેશન કયાં ભરાયું હતું.
21. મહાસભાના પાંચમાં અધિવેશનમાં કેટલાં પ્રતિનિધિઓએ હાજરી આપી હતી ?

## 2.6. સારાંશ

કોંગ્રેસ મવાળ માંગણીઓથી પ્રારંભ કર્યો હતો અને આ માંગણીઓની પરિપૂર્તિ નમ્ર બંધારણીય પદ્ધતિઓથી કરવાનો પ્રયત્ન કર્યો હતો. હિંદની સમુદ્ધિનું વ્યવસ્થિત ધોવાણ અંગ્રેજોએ કર્યું હતું અને પ્રારંભના નેતાઓને તેની આલોચના કરી હતી. આ વધતું જતું ધોવાણ સામાન્ય લોકોની ગરીબી વધારતું હતું તેવું તેને સમજાવ્યું હતું. મવાળ પદ્ધતિઓથી બહું ઓછું વળે તેમ હતું તેવું થોડાંક વર્ષોમાં કોંગ્રેસના સભ્યોના એકભાગને લાગ્યું હતું.

## 2.7. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**એક વાક્યમાં જવાબ :**

1. એલન ઓક્ટેવિયમ હ્યુમ
2. ૨૮ ડિસેમ્બર ૧૮૮૫
3. મુંબઈ - ગોકુળદાસ તેજપાલ સંસ્કૃત કોલેજમાં
4. વ્યોમચંદ્ર બેનરજી
5. ૭૨
6. ૨૮ ડિસે. ૧૮૮૬
7. દાદાભાઈ નવરોજી
8. કલકત્તા
9. ૪૩૧
10. બહુરૂદ્દીન તૈયબજી
11. ૧૮૮૭
12. મદ્રાસ
13. ૬૦૭
14. જયોર્જ મુલ
15. ૧૮૮૮

**16.** અલ્હાબાદ

**17.** ૨૪૮

**18.** વિલિયમ વેડનબર્ન

**19.** ૧૮૮૯

**20.** મુંબઈ

**21.** ૧૮૮૫

## 2.8. સંદર્ભ અને વિશેષ વાંચન


- ધારૈયા, રમણલાલ કે., આધુનિક ભારતનો ઈતહાસ અને ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ ભાગ-૧ (૧૮૮૫-૧૯૧૯) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩ સાતમી આવૃત્તિ (પુનમુર્દ્રિત) ૨૦૧૪.
- આચાર્ય જાવડેકર અનુવાદક, પાડુંરગ ગણેશ દેશપાંડે આધુનિક ભારત, અમદાવાદ, ૧૯૪૬.
- Natesan G.A. Indian National Congress, Madras 1917
- Sitaramayya P.B. History of the Indian National Congress Vol. 1 (1885-1935) Reprint, 1969.


**સ્વાધ્યાય**

૧. હિંદી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ની સ્થાપનાની યાદી તૈયાર કરો.

૨.મહાસભાની શરૂઆતની પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરો.

૩.મહાસભાની કામગીરીની નોંધ તૈયાર કરો.

૪.મવાળ અને જહાલ પક્ષોની યાદી તૈયાર કરો.

૫.મહાસભાના અધિવેશોની યાદી તૈયાર કરો.

**એકમ - 3**

# બંગાળના ભાગલા અને સ્વદેશી આંદોલન ૧૯૦૫ થી ૧૯૧૧

## :: રૂપરેખા ::


**3.0** ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** કોંગ્રેસ મહાસભાની સ્થાપના બંગાળના ભાગલા

**3.3** લોકોનું પ્રથમ વિરોધી આંદોલન

**3.4** સ્વદેશી આંદોલનના મુખ્ય લક્ષણો

- **3.4.1** બહિષ્કાર
- **3.4.2** સ્વદેશી ભાવના
- **3.4.3** વિદેશી ચીજોનો બહિષ્કાર
- **3.4.4** રાજકીય કાર્યક્રમોનો બહિષ્કાર
- **3.4.5** સામાજિક બહિષ્કાર
- **3.4.6** અન્ય કાર્યક્રમો
- **3.4.7** લડતના મુખ્ય આગેવાનો
- **3.4.8** અન્ય પ્રાંતોમાં લડતનો પ્રચાર

- તમારી પ્રગતિ ચકાસો

**3.5** સારાંશ

**3.6** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**3.7** સંદર્ભ અને વિશેષ વાંચન


---

## 3.0 ઉદ્દેશો (Objectives)

---

આ એકમમાં બંગાળના ભાગલા અને સ્વદેશી આંદોલન ૧૯૦૫ થી ૧૯૧૧ નો અભ્યાસ કરવાનો છે.

- બંગાળના ભાગલા વિશેની સમજ પ્રાપ્ત થશે.
- સ્વદેશી આંદોલન વિશેની સમજ કેળવાશે.
- સ્વદેશી આંદોલનના મુખ્ય લક્ષણો વિશે જાણકારી મળશે.

## 3.1 પ્રસ્તાવના (Introduction)

વસ્તીની દૃષ્ટિએ બંગાળ પ્રાંત વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ સૌથી મોટો પ્રાંત હતો. તેથી આટલા મોટા પ્રાંતનો વહીવટ એક ગવર્નર દ્વારા ચલાવવો મુશ્કેલ હતો. પરિણામે ૧૮૯૬ થી બંગાળના બે ભાગલા કરવાનો વિચાર ચાલતો હતો. ત્યારબાદ બંગાળના વિભાજન માટેની યોજના એન્ડ્રૂ ફ્રેઝરે ૧૯૦૧ માં તૈયાર કરી. ૧૯૦૫ માં લોર્ડ કર્ઝને તેને આખરી સ્વરૂપ આપી બંગાળ પ્રાંત માટે પૂર્વ બંગાળ તથા આસામમાં બિહાર અને ઓરિસ્સાનાં કેટલાંક પ્રદેશો અલગ કરીને તેનો જુદો પ્રાંત રચવામાં આવ્યો. સરકારે રજૂ કરેલા કારણો મુજબ વહીવટી સરળતા ખાતર મુસ્લિમ લઘુમતીઓનાં તેમજ ચિતાગોંગ બંદરના વિકાસ માટે બંગાળના ભાગલા પાડવામાં આવ્યા. જ્યારે લોકો અને રાષ્ટ્રીય નેતાઓનાં મંતવ્યો મુજબ બંગાળની એકતા તોડી પાડવા અને હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સંઘર્ષ ઊભો કરવા સરકારે બંગાળના ભાગલા પાડ્યા હતા. જેમાંથી હિંદભરમાં પ્રચંડ વિરોધ જાગ્યો. અને બંગાળના ભાગલા રદ કરાવવા બંગભંગ કે સ્વદેશીની લડત શરૂ થઈ. તેમાંથી આત્યંતિક રાષ્ટ્રવાદની પ્રવૃત્તિઓ શરૂ થઈ અને તેનો વિકાસ થયો.

## 3.2 બંગાળના ભાગલા

બંગાળના ભાગલા સામે પ્રથમ બંગાળની પ્રજાએ અને ત્યારબાદ સમસ્ત હિંદના લોકોએ પ્રચંડ વિરોધ નોંધાવ્યો. જાણીતા આગેવાન સુરેન્દ્રનાથ બેનરજીનાં કથન પ્રમાણે સરકારે બંગાળના લોકોનું કરેલુ ંઆ ભારેમાં ભારે અપમાન હતું. આની પાછળનો સરકારનો ઈરાદો બંગાળની એકતા તોડવાનો અને હિંદુ-મુસ્લિમ વચ્ચે વિખવાદ જગાવીને વિકસતી જતી રાષ્ટ્રીય એકતાને હાનિ પહોંચાડવાનો હતો. બંગાળ તથા દેશભરમાં આ સામે વિરોધી સભાઓ તથા સરઘસોના કાર્યક્રમો યોજવામાં આવ્યા અને સ્વદેશી આંદોલન શરૂ કરવામાં આવ્યું. હિન્દી રાષ્ટ્રીય મહાસભા તથા અન્ય રાજકીય પક્ષોએ આ ભાગલા રદ કરીને બંગાળને ગવર્નરના તાબા હેઠળ પૂર્ણ પ્રાંતનો દરજ્જો આપવાની દરખાસ્ત કરી, પરંતુ કર્ઝને તેનો અસ્વીકાર કર્યો અને ૧૬મી ઓક્ટોબર, ૧૯૦૫ના દિવસથી પૂર્વ બંગાળ અને આસામનો અલગ પ્રાંત અસ્તિત્વમાં આવ્યો.

આ દિવસ બંગાળમાં શોકદિન તરીકે પાળવામાં આવ્યો તથા આમાંથી ‘સ્વદેશી’ ને નામે જાણીતી થયેલી દેશવ્યાપી લડતનો ઉદ્ભવ થયો, ચેટરજી બી.સી.ના વિવરણ પ્રમાણે હિન્દી સરકાર તથા બ્રિટિશ સંસદે આ આંદોલનની ઉપેક્ષા કરતાં રાષ્ટ્રીય ભાવનાને પોષણ મળ્યું. અને રાષ્ટ્રવાદનો ઝડપી વિકાસ થયો. ‘વંદેમાતરમ’

ના ગીત દ્વારા વિદ્યાર્થીઓ તથા યુવાનોમાં નવા પ્રકારની રાષ્ટ્રીય ચેતના વ્યાપી, જેને દાબી દેવામાં સરકાર નિષ્ફળ ગઈ. બંગાળની સરકાર તરફના અંગ્રેજ વર્તમાનપત્ર 'સ્ટેટ્સમેને' લખ્યું કે બંગાળમાં અગાઉ કદીયે આવો પ્રચંડ વિરોધ સરકાર સામે જાગ્યો ન હતો અને કોઈપણ સરકારે કદીયે પ્રજાની આટલી હદે ઉપેક્ષા કરી ન હતી. ઈંગ્લેન્ડના ઉદારતાવાદી વર્તમાનપત્રો અને નેતાઓએ પણ આ ભાગલાને સરકારની મોટી ભૂલ ગણીને તેને રદ કરવા અપીલ કરી. મેકડોનલે પ્લાસીના યુદ્ધ બાદની હિન્દી સરકારની સૌથી મોટી ભૂલ તરીકે તેની સખત ટીકા કરી. હિન્દી મહાસભાએ તેને મુખ્ય મુદ્દો બનાવીને સરકારને મોટા પાયા પર લડત આપી. આને પરિણામે છેવટે ૧૯૧૧માં ઈંગ્લેન્ડના પાટવી કુમારની ભારતની મુલાકાત વખતે તથા હિન્દી સરકારની રાજધાની કલકત્તાને બદલે દિલ્હી ખસેડવામાં આવી.

## 3.3 લોકોનું પ્રથમ વિરોધી આંદોલન

ઓક્ટોબર,૧૯૦૫ ના રોજ બંગાળના ભાગલાની જાહેરાત થતા જ લોકોએ સભાઓ, સરઘસો તથા આંદોલનો દ્વારા પ્રચંડ વિરોધ વ્યક્ત કર્યો. બંગભંગના વિરોધમાં ૫૦,૦૦૦ કરતાં પણ વધારે પત્રિકાઓ વહેંચાઈ, ૨૦૦૦ જેટલી સભાઓ થઈ. આ સભાઓમાં ૫૦૦૦ થી ૫૦,૦૦૦ જેટલા લોકો હાજરી આપતા તથા તમામ વર્ગના લોકો તેમાં હાજર રહી ભાગલા સામે વિરોધ નોંધાવતા તેમ છતાં લોર્ડ કર્ઝને બંગાળના ભાગલાની યોજનાનો અમલ કર્યો. પરિણામે સરકાર વિરોધી આ આંદોલનમાં આમ જનતા ઉપરાંત ડૉક્ટરો, વકીલો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સ્ત્રીઓ, જાગીદારો, નવાબો અને રાજાઓ વગેરે પણ તેમાં સામેલ થયાં. હિન્દુ-મુસ્લિમ એમ બંને કોમના લોકોએ ભાગલાનો સખત વિરોધ કર્યો અને વિરોધ કરતાં કડક લેખો લખ્યા. ઈંગ્લેન્ડના ઉદારમતવાદી લોકો તેમજ ઈંગ્લેન્ડની સંસદના સભ્યોએ પણ ભાગલાનો વિરોધ કર્યો. હિન્દુના અન્ય પ્રાંતના લોકો તથા વર્તમાનપત્રોએ બંગાળના લોકોએ કરેલા તીવ્ર વિરોધમાં પોતાનો સાથ પુરાવ્યો. ઈ.સ. ૧૯૦૩ થી ૧૯૦૫ સુધીના કોંગ્રેસના અધિવેશનોમાં પણ બંગાળના ભાગલાનો કડક શબ્દોમાં વિરોધ કરતા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતાં. લોર્ડ કર્ઝન પર તેની કોઈ જ અસર ન થઈ. બ્રિટિશ સરકારે પણ આ ભાગલાને મજૂરી આપતા કર્ઝને ૧૯ જુલાઈ ૧૯૦૫ માં બંગાળના ભાગલાને લગતો કાયદો પસાર કરાવ્યો. પરિણામે સ્વદેશી આંદોલન નામે લડતના મંડાણ થયા.

## 3.4 સ્વદેશી આંદોલનના મુખ્ય લક્ષણો

### 3.4.1 બહિષ્કાર :

આર્થિક, રાજકીય તથા સામાજિક બહિષ્કારનાં કાર્યક્રમો મુખ્ય હતાં. આર્થિક બહિષ્કારમાં આંદોલનનાં આગેવાનોએ લોકોને ઈંગ્લેન્ડની આયાત થતા કાપડ, ખાંડ, મીઠું, મોજશોખનાં સાધનો તેમજ સિગારેટનો બહિષ્કાર કરવાની હાકલ કરી અને તેના વિકલ્પ તરીકે સ્વદેશી કાપડ અને અન્ય ચીજોના ઉત્પાદન તથા વપરાશને ઉત્તેજન આપવાનો લોકોને આગ્રહ કર્યો. જેની પાછળનો ઉદ્દેશ લોકોની આર્થિક પરાધીનતા નાબૂદ કરવાનો તથા સ્વદેશી ચીજવસ્તુઓનો વપરાશ વધારવાનો અને બંગાળમાં મૃતઃપ્રાય થયેલા ગૃહઉદ્યોગો અને સ્વદેશી હસ્તઉદ્યોગને આ આંદોલનથી પુનઃજીવિત કરવાનો હતો. આ ઉપરાંત લોકોની રાષ્ટ્રીય અસ્મિતા જાગૃત કરવાનો તથા રાજકીય એકતા સિદ્ધ કરવાનો પણ તેઓનો આશય હતો.

### 3.4.2 સ્વદેશી ભાવના :

આર્થિક બહિષ્કારની લડતમાં અગ્રણી નેતાઓ સફળ થયા હતા કારણ કે ઈ.સ. ૧૯૦૫ માં બંગાળમાં લાખો રૂપિયાના કાપડની આયાત ઈંગ્લેન્ડથી થઈ રહી, પરંતુ ઈ.સ. ૧૯૦૫ના વર્ષમાં અંતે તે આયાત ઘટીને એક હજાર રૂપિયાની થઈ ગઈ હતી. સ્વદેશી આંદોલન પહેલાં કરોડો રૂપિયાનો વિદેશી કાપડનો વેપાર થતો હતો. ત્યારબાદ કલકત્તાના કાપડના માર્કેટમાં આંદોલનના બ્રિટિશ કાપડના વેપારની આટલી મોટી અસર બંગાળની કાપડ બજાર પર થઈ હતી. પરિણામે મુંબઈ અને અમદાવાદની કાપડની મિલોના કાપડનો વપરાશ ઘણો વધ્યો તેમજ સામે એવો નફો પણ થયો અને તેનાથી બંગાળની કાપડની જરૂરિયાત પૂરી પાડીને ખાસ નોંધપાત્ર બાબત છે.

### 3.4.3 વિદેશી ચીજોનો બહિષ્કાર :

વિદેશી કાપડની સાથે અન્ય વિદેશી ચીજો જેવી કે તમાકુ, મીઠું, સિગારેટ, મોજશોખના સાધનો વગેરેની ભારતમાં આયાત ૫૦ થી ૭૫ ટકા જેટલી ઘટી ગઈ. પરિણામે ઈંગ્લેન્ડથી કાપડ તથા અન્ય ચીજો ભારતમાં મોકલતી પેઢીએ પોતાની સરકારને બંગાળના ભાગલા સંબંધમાં સમાધાન કરતા તાર દ્વારા આગ્રહ કરવો પડ્યો. આ સમયે ઈંગ્લેન્ડના બુટ, હેટ, મોજાં, મોજશોખના સાધનો વગેરેનું વેચાણ લગભગ બંધ થઈ ગયું. જ્યારે ભારતમાં બનતી ચીજવસ્તુઓનું વેચાણ ખૂબ જ વધ્યું. વિદેશી માલના બહિષ્કાર તેમજ સ્વદેશી માલના વેચાણ માટે બંગાળમાં ખાસ સમિતિઓ બનાવવામાં આવી તેમજ દુકાનો પણ ખોલવામાં આવી. તેમાં નક્કી ભાવ કરતા વધારે ભાવ લેનારનો બહિષ્કાર કરવામાં આવતો.

### 3.4.4 રાજકીય કાર્યક્રમોનો બહિષ્કાર :

બંગભંગની લડત દરમિયાન લોકોએ રાજકીય કાર્યક્રમો હેઠળ સરકારી નોકરી, અદાલતો, ધારાસમિતિઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકાર માન્ય ચાંદ-ખિતાબો, સરકારી શિક્ષણ સંસ્થાઓ અને સરકારી સમારંભોનો બહિષ્કાર કરવાનું જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં મોટાભાગના લોકોએ તથા વિદ્યાર્થીઓએ સારું એવું સમર્થન આપ્યું. સરકારી શાળાઓનો બહિષ્કાર કરી, રાષ્ટ્રીય શાળાઓ સ્થાપવામાં આવી. બંગાળમાં અંગ્રેજીની સાથે બંગાળી ભાષાનો ઉપયોગ કરવાનું ઠરાવવામાં આવ્યું. પ્રચંડ સભાઓ, સરઘસો, દેખાવો વગેરે દ્વારા તેમજ વર્તમાનપત્રો મારફત આર્થિક, રાજકીય તથા સામાજિક બહિષ્કારના કાર્યક્રમોનો ખૂબ જ પ્રચાર કરવામાં આવ્યો. આ રીતે રાજકીય બહિષ્કારનાં કાર્યક્રમથી હિંદના લોકોની રાજકીય એકતા તથા રાષ્ટ્રીયતાની ભાવના અને બ્રિટિશ સરકાર વિરોધી લોક લાગણી મજબૂત બની. આમ આ આંદોલન ભારતમાંથી (વિદેશી) માલના બહિષ્કારની સાથે બ્રિટિશ શાસનના બહિષ્કાર માટેનું આંદોલન બની ગયું હતું.

### 3.4.5 સામાજિક બહિષ્કાર :

બંગભંગની લડત દરમિયાન સ્વદેશી આંદોલનનો સામાજિક બહિષ્કારનો કાર્યક્રમ રાજકીય તેમજ આર્થિક બહિષ્કારના કાર્યક્રમો જેટલો જ જલદ હતો. તેમાં વિદેશી ચીજો તેમજ કાપડ વેચનાર તથા ખરીદનારને સામાજિક રીતે બહિષ્કૃત કરવામાં આવતો. લડતને તોડી પાડનારો કે તે માટે પ્રયાસ કરનાર કે સરકારને સાથ આપનાર, સત્યાગ્રહીઓને પકડનાર કે તેની સામે કેસ ચલાવનાર અધિકારી કે ન્યાયાધીશોનો પણ સામાજિક બહિષ્કાર કરવામાં આવતો. આ કાર્યક્રમ હેઠળ આવી વ્યક્તિઓ સાથેનો તમામ પ્રકારનો સામાજિક વ્યવહાર અને ખાનપાનનાં પ્રસંગો કાપી નાંખવાનું આગ્રહપૂર્વક કહેવામાં આવતું હતું. આ કાર્યક્રમથી પણ બંગભંગની લડત મજબૂત અને વ્યાપક બની.

### 3.4.6 અન્ય કાર્યક્રમો :

સ્વદેશીની લડતના અન્ય કાર્યક્રમોમાં પ્રચંડ સભાઓનું આયોજન, વિશાળ સરઘસો, વ્યાપક હડતાલો અને વ્યાખ્યાનોમાં તથા વર્તમાનપત્રોના લેખોમાં ભાગલાને બંગાળ પર આવેલી સૌથી મોટી આફત તરીકે ગણવામાં આવી. જેને બંગાળની રાજકીય, આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક એકતા માટે વિઘાતક ગણવામાં આવી. ઈન્ડિયન મીરર, અમૃત બજાર પત્રિકા, સંજીવની બંગાળી વગેરે વર્તમાનપત્રોમાં તંત્રીઓએ બંગાળમાં ભાગલાની ઉગ્ર ટીકા કરી. ઇંગ્લીશમેન જેવા સરકાર તરફી અખબારને પણ લખવું પડ્યું કે સરકારે બંગાળના ભાગલા પાડીને સરકાર તેમજ બંગાળ પર મોટી આફત ઊભી કરી હતી તથા લોકોને સરકાર વિરુદ્ધ મોટા પાયા પર સામુદાયિક આંદોલન કરવાની તક પૂરી પાડી હતી. લડત દરમ્યાન લોકોએ

વંદેમાતરમ્ ગીતનો નાદ ગુંજતો કર્યો. આ નાદ પછીની રાષ્ટ્રીય લડતોમાં અને છેક સ્વરાજ સુધી તે ગુંજતો રહ્યો છે.

### 3.4.7 લડતના મુખ્ય આગેવાનો :

મહાસભામાં મુખ્ય આગેવાન એવા સુરેન્દ્રનાથ બેનરજી હતા. તેમના વક્તવ્યોએ લડતને યોગ્ય માર્ગદર્શન અને જોમ આપવામાં કિંમતી ફાળો આપ્યો. એક રાષ્ટ્રીય નેતા તરીકે વિખ્યાત થયેલ બીપીનચંદ્ર પાલે પણ લડતમાં ગણનાપાત્ર ભાગ ભજવ્યો. મણિલાલ ઘોષે સ્વદેશી ચળવળને રાષ્ટ્રીય લડતમાં પલટી નાંખવાની નોંધપાત્ર કામગીરી બજાવી. કૃષ્ણકુમાર મિત્રએ લડતના કાર્યક્રમો પ્રસિદ્ધ કરીને તેને વધુ સંગઠિત અને વ્યાપક બનાવવામાં ખાસ હિસ્સો આપ્યો. સુભાષચંદ્ર મુખર્જીએ બુદ્ધિજીવીઓ અને વિદ્યાર્થીઓ પૂરા પાડ્યા. આ ઉપરાંત રાસબિહારી બોઝ, ગુરૂદાસ બેનરજી, અરવિંદ ઘોષ, નરેન્દ્રનાથ સેન વગેરે પણ ઉલ્લેખનીય છે. મુસ્લિમ આગેવાનોમાં અબ્દુલ, હમીલ મોહમ્મદ, ઈસ્માઈલ ચૌધરી જેવા નેતાઓના નામ લઈ શકાય.

### 3.4.8 અન્ય પ્રાંતોમાં લડતનો પ્રચાર :

સ્વદેશી લડત બંગાળ ઉપરાંત, પંજાબ, મદ્રાસ, મુંબઈ, મધ્યપ્રદેશ, સંયુક્ત પ્રાંત અને ગુજરાત વગેરેમાં ઓછાવત્તા પ્રમાણમાં ફેલાઈ હતી. મહારાષ્ટ્રમાં લોકમાન્ય તિલકે આ લડતની કામગીરીમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. મદ્રાસમાં લડતની નેતાગીરી સુબ્રહ્મણ્ય ઐયર હસ્તક બની. પંજાબમાં રાજા ગંગારામ તેના મુખ્ય નેતા હતા. આ ઉપરાંત હિંદના અન્ય પ્રદેશોમાં આ લડતને સ્થાનિક લોકોએ ઉપાડી લીધી હતી. લડતનો બહિષ્કાર અને સ્વદેશીના કાર્યક્રમો મુખ્યત્વે અમલમાં મૂકાયા હતાં.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

1. બંગભંગ ચળવળનાં લક્ષણો જણાવો.
2. બંગભંગ ચળવળ દરમ્યાન સ્વદેશીનો કેવી રીતે પ્રચાર કરવામાં આવ્યો ?
3. બંગભંગ ચળવળને દાબી દેવા સરકારે શું પ્રયત્નો કર્યા ?
4. બંગભંગ લડતની અસરો જણાવો.

(બ) **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

1. બંગાળના ભાગલા ક્યારે પાડવામાં આવ્યા ?
2. બંગાળના ભાગલા પાડનાર ગવર્નર જનરલ કોણ હતા ?
3. કઈ લડતને સર્વપ્રથમ 'સ્વદેશી' અને 'બહિષ્કાર' નો કાર્યક્રમ આપ્યો.
4. બંગાળના ભાગલા પાડયા તે સમયે બ્રિટિશ શાસનના વડા કોણ હતા ?
5. બંગાળના ભાગલા કયા વાઈસરોયના સમયમાં રદ કરવામાં આવ્યા ?
6. બંગભંગની લડત દરમિયાન કયું એક રાષ્ટ્રગીત બન્યું ?
7. બંગાળના ભાગલા કયા વર્ષે રદ કરવામાં આવ્યા ?
8. સેન્ટ્રલ હિંદુ કોલેજની સ્થાપના ક્યારે અને કયાં કરવામાં આવી ?
9. વંદેમાતરમ રાષ્ટ્રીયગીત કોણે લખ્યું.?
10. શાંતિનિકેતન નામે રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાની સ્થાપના કોણે કરી ?

## 3.5. સારાંશ

આ રીતે સ્વદેશી લડતને ભારત વ્યાપી પ્રથમ આંદોલનને પ્રારંભિક સફળતા મળી. આ લડતથી બંગાળમાં એકતા સ્થપાઈ. સાથે સાથે સમગ્ર ભારતમાં એકતાનો પવન ફૂંકાયો. જેના કારણે હવે પછીથી રાષ્ટ્રીય લડતમાં બંગાળ અગ્રેસર રહ્યું. આ લડતે આજીજી અને વિનંતી દ્વારા સરકાર સામે લડવાની મવાળ નીતિને ખોટી સાબિત કરી. પરિણામે હવે પછી અંગ્રેજો સાથે બંધારણીય વાતો બાજુએ રાખીને અસરકારક કે કાનૂનભંગ આંદોલન અપનાવવાની વિચારસરણીને રાષ્ટ્રીય લડતોમાં પ્રાધાન્ય અપાયું. ગાંધીજીએ પણ જણાવ્યું કે, ''બંગાળના ભાગલા વખતે દેશભરમાં ખરેખર જાગૃતિ આવી છે અને આ ભાગલા બ્રિટિશ સામ્રાજ્યનાં ભાગલા બનીને રહેશે.'' અંતે ભારતમાં રાષ્ટ્રીય ચળવળની શ્રૃંખલા એટલી ઝડપે ચાલી કે ગાંધીજીની ભવિષ્યવાણી સાચી પડી અને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની રાત્રીએ અંગ્રેજોને ભારત છોડવું પડ્યું.

## 3.6. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**એક વાક્યમાં જવાબ :**

૧) ૧૯૦૫ ૨) લોર્ડ કર્ઝન ૩) બંગભંગ ૪) એડવર્ડ સાતમો

૫) લોર્ડ ચેમ્સફર્ડ ૬) વંદેમાતરમ ૭) ૧૯૧૧ ૮)વારાણસી – ૧૯૦૫

૯) બંકિમચંદ્ર ૧૦) રવીન્દ્રનાથ ટાગોર

## 3.7. સંદર્ભ અને વિશેષ વાંચન


- ધારૈયા, રમણલાલ કે., આધુનિક ભારતનો ઈતહાસ અને ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ ભાગ-૧ (૧૮૮૫-૧૯૧૯) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩ સાતમી આવૃત્તિ (પુનમુદ્રિત) ૨૦૧૪.
- આચાર્ય જાવડેકર અનુવાદક, પાડુંરગ ગણેશ દેશપાંડે આધુનિક ભારત, અમદાવાદ, ૧૯૪૬.
- Natesan G.A. Indian National Congress, Madras 1917
- Prof. H. Mukherjee and Prof. (Mrs.) UMA Mukherjee Indian's Fight for freedom


**સ્વાધ્યાય**

૧. બંગાળના ભાગલા વિશેની નોંધની યાદી તૈયાર કરો.

૨. સ્વદેશી આંદોલન વિશેની યાદી બનાવી નોંધ તૈયાર કરો.

૩. સ્વદેશી આંદોલન વિશેના લક્ષણોની યાદી તૈયાર કરો.

★★★

**એકમ - 4**

## કોમવાદના ઉદય માટેના કારણો અને પરિણામો ૧૯૨૦ થી ૧૯૪૭

### :: રૂપરેખા ::

**4.0** ઉદ્દેશો

**4.1** પ્રસ્તાવના

**4.2** કોમવાદનો અર્થ અને સમજૂતી

**4.3** કોમવાદના ઉદયના કારણો

- **4.3.1** ઈ.સ. ૧૮૫૭ થી ૧૮૭૦ સુધી અંગ્રેજો અને મુસ્લિમો વચ્ચેના સંબંધો (પ્રથમ તબક્કો)
- **4.3.2** હિંદુઓની તુલનામાં મુસ્લિમોની પછાત સ્થિતિ
- **4.3.3** વહાબી આંદોલન (૧૮૨૦- ૧૮૭૦)
- **4.3.4** દેવબંદ આંદોલન
- **4.3.5** સરકારનું બદલાયેલું વલણ (બીજો તબક્કો)
- **4.3.6** પાન ઈસ્લામાબાદ
- **4.3.7** સર સયૈદ અહમદ અને અલીગઢ આંદોલન
- **4.3.8** પ્રિન્સિપાલ બેકનો ફાળો

**4.4** કોમવાદનો વિકાસ કરનારા પરિબળો

- **4.4.1** બંગાળના ભાગલા અને કોમવાદને ઉત્તેજન
- **4.4.2** સિમલા - મુસ્લિમ પ્રતિનિધિમંડળ અને કોમી પ્રતિનિધિત્વની માંગણી
- **4.4.3** અખિલ હિંદુ-મુસ્લિમ લીગની સ્થાપના અને તેની કામગીરી
- **4.4.4** ઈ.સ. ૧૯૦૯ ના મોર્લે-મિન્ટો સુધારાની પૂર્વભૂમિકા
- **4.4.5** મોર્લ-મિન્ટો સુધારા અને કોમવાદનો વિકાસ
- **4.4.6** બંગાળના ભાગલા
- **4.4.7** કોંગ્રેસ અને લીગ વચ્ચે સમાધાન અને લખનૌ કરાર

- તમારી પ્રગતિ ચકાસો

**4.5** સારાંશ

**4.6** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

4.7 સંદર્ભ અને વિશેષ વાચન

## 4.0 ઉદ્દેશો (Objectives)

આ એકમમાં કોમવાદના ઉદય માટેના કારણો અને પરિણામોનો અભ્યાસ કરવાનો છે.

- કોમવાદના ઉદય માટેના કારણો વિશે સમજ પ્રાપ્ત થશે.
- કોમવાદનો વિકાસ કરનારા પરિબળો વિશે જાણકારી મળશે.

## 4.1 પ્રસ્તાવના (Introduction)

અર્વાચીન ભારતના ઇતિહાસમાં હિંદના લોકો, સમાજ અને રાજકારણમાં કોમવાદના વધતા જતા ફેલાવાથી આ એકતા ભારે કસોટીમાં મૂકાઈ, જ્યારે હિંદની રાષ્ટ્રીય લડત, હિંદના લોકોની એકતા સાધવા મથતી હતી. ત્યારે કોમવાદ જાતિઓ વચ્ચેના ધાર્મિક અંતરાયો, ધાર્મિક રાષ્ટ્રીયતા તથા ધાર્મિક હિતોના જૂઠા ખ્યાલો ફેલાવીને લોકોને વિભાજિત કરવા માંગતો હતો.

## 4.2 કોમવાદનો અર્થ અને સમજૂતી

સામાન્ય રીતે એક જ ધર્મ પાળતા અને તેને આધારે એકસરખા સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક તથા આર્થિક હિતો ધરાવતા લોકોની માન્યતાને કોમવાદ કહી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો સમાજના વિભાજનનો મૂળભૂત એકમ કે તેનો પાયો ધર્મ છે. એવી વિચારસરણીને કોમવાદ કહી શકાય. એટલે કે, ધર્મ જ મનુષ્યના અન્ય હિતોના નિર્ણય કરે છે. આમ, જીવનનાં અન્ય પાસાં કરતાં ધાર્મિક પાસાંને અપાયેલ ખૂબ જ વધારે પડતું મહત્ત્વ એ કોમવાદનો પ્રારંભ કરનાર તથ્ય છે.

## 4.3 કોમવાદના ઉદયનાં કારણો : પરિણામો

### 4.3.1 ઈ.સ.1857 થી 1870 સુધી અંગ્રેજો અને મુસ્લિમ વચ્ચેના સંબંધો (પ્રથમ તબક્કો) :

૧૮માં સૈકામાં અંગ્રેજો ઈસ્ટ ઈન્ડિયા કંપની હિન્દમાં વેપાર કરવા માટે આવી ત્યારે ઉત્તર, પૂર્વ તથા દક્ષિણમાં મુસ્લિમ નવાબો રાજ્ય કરતા હતા. અંગ્રેજોએ મુસ્લિમોના હાથમાંથી જ હિન્દના શાસનનો દોર લીધો. એટલે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના મુખ્ય હરીફો મુસ્લિમો હતા. અંગ્રેજો અને મુસ્લિમો વચ્ચે સત્તા માટેની દુશ્મનાવટ

ઊભી થઈ. આથી મુસ્લિમોએ અંગ્રેજ સત્તાનો વિરોધ કરવા માંડ્યા. અંગ્રેજોએ પણ મુસ્લિમોને કોઈપણ રીતે કચડી નાંખવાના પ્રયત્નો શરૂ કર્યા. તેમને ઉચ્ચ હોદ્દાઓ પરથી હટાવવામાં આવ્યા. તેમને મળેલા વિશિષ્ટ અધિકારો નષ્ટ કરવામાં આવ્યા. મુસ્લિમોની આર્થિક દુર્દશા થાય તેવાં અનેક પગલાં પણ અંગ્રેજ શાસકોએ લીધાં.

**4.3.2 હિન્દુઓની તુલનામાં મુસ્લિમોથી પછાત સ્થિતિ :**

ભારતમાં બ્રિટિશ સત્તા સ્થપાઈ તે પહેલાં મુસ્લિમોનું રાજ્ય ભારતમાં હતું. ત્યારે મુસ્લિમો સત્તા અને વૈભવ ભોગવતા હતા. તમામ ઉચ્ચ હોદ્દાઓ પર મુસ્લિમો હતા. ઈ.સ. ૧૮૫૭ માં વિપ્લવ પછી મુસ્લિમો નિસ્તેજ અને ગરીબ બની ગયા હતા. તેમના પૂર્વજોએ ભોગવેલ વૈભવ અને સત્તા તેઓ બ્રિટિશ અમલ દરમિયાન ગુમાવી બેઠા હતા. પોતાની સત્તા છીનવી લેનાર અંગ્રેજોને પોતાના શત્રુઓ માનતા મુસ્લિમો પાશ્ચાત્ય શિક્ષણથી પણ લાંબા સમય સુધી દૂર રહ્યા. પાશ્ચાત્ય ઢબે શિક્ષણ આપતી પ્રથમ હિન્દુ કોલેજ ઈ.સ. ૧૮૧૭માં કલકત્તામાં સ્થપાતાં હિન્દુઓએ શિક્ષણનો સારો એવો લાભ ઉઠાવ્યો. મુસ્લિમો માટે આ ઢબની કોલેજ અલીગઢમાં ૬૦ વર્ષ બાદ ઈ.સ. ૧૮૭૭માં સ્થપાઈ. આવી કોલેજો અને યુનિવર્સિટીઓમાં શિક્ષણ લેતા હિન્દુઓ કરતાં મુસ્લિમોનું પ્રમાણ ઓછું હતું. સરકારી આંકડા પ્રમાણે ઈ.સ. ૧૮૫૮ થી ૧૮૭૮ ની વચ્ચે ૩૧૫૫ હિન્દુ વિદ્યાર્થીઓએ સ્નાતક અને અનુસ્નાકની પદવીઓ મેળવી હતી. જ્યારે આ ગાળા દરમ્યાન આવી પદવીઓ મેળવનાર મુસ્લિમોની સંખ્યા માત્ર ૫૭ની હતી. ઈ.સ. ૧૮૭૧ માં બંગાળ સરકારે ગેઝેટેડ નોકરીમાં નીમેલા કુલ ૨૧૪૧ નોકરિયાતોમાંથી ૭૧૧ હિન્દુઓ, ૯૨ મુસ્લિમો અને ૧૩૩૮ યુરોપિયનો હતા. ઈ.સ. ૧૮૫૨ થી ૧૮૬૨ ની વચ્ચે હાઈકોર્ટના વકીલો તરીકે ૨૪૦ હિન્દુઓ અને મુસ્લિમોને અપાયેલ સનદમાં માત્ર એક જ મુસ્લિમ હતો કે "શૈક્ષણિક બાબતોમાં મુસ્લિમોને ભારે અન્યાય અંગ્રેજોના હાથે થયો હતો. વળી, અંગ્રેજ માનતા હતા કે ઈ.સ. ૧૮૫૭ના બળવામાં મુસ્લિમોએ આગળ પડતો ભાગ ભજવ્યો હતો.

**4.3.3. વહાબી આંદોલન (ઈ.સ. ૧૮૨૦ - ૧૮૭૦) :**

(૧) વહાબી આંદોલન મૂળ તો અરબસ્તાનમાં ૧૮મી સદીમાં અબ્દુલ્લા વહાબી નામના એક ધાર્મિક નેતાએ ઈસ્લામમાં કેટલાક સુધારા કરવા શરૂ કર્યું હતું. ભારતમાં આ આંદોલનના સ્થાપક અને પ્રચારક સૈયદ અહમદ બરવેલી હતા. તેઓ રાયબરેલીના હતા. ઈ.સ. ૧૮૨૦ થી ૧૮૭૦ સુધી આ આંદોલન ચાલેલું. આ આંદોલન શરૂઆતમાં ધાર્મિક સ્વરૂપનું હતું. સૈયદ અહમદે તેને રાજકીય સ્વરૂપ આપ્યું. સૈયદ અહમદે ભારત ભૂમિને દર ઉલ-હર્બ (શત્રુઓની ભૂમિ) માંથી દર - ઉલ-ઇસ્લામ (મુસ્લિમોની ભૂમિ) બનાવવા માટે જેહાદ (ધર્મયુદ્ધ) શરૂ કરી આ દ્વારા તેમનો હેતુ હિન્દને અંગ્રેજોની ધૂસંરીમાંથી મુક્ત કરવાનો હતો. તે માત્ર મુસ્લિમોનું

આંદોલન હતું તેનું મુખ્ય મથક વાયવ્ય સરહદમાં આવેલ સિતાનમાં હતું. (૨) શરૂઆતમાં વહાબી આંદોલન પંજાબ પેશાવરની મુક્તિ માટે શીખો વિરુદ્ધનું હતું. પરંતુ ઈ.સ. ૧૮૪૭ પછી એ પ્રદેશોનો કબજો અંગ્રેજોના હાથમાં આવતા આ આંદોલન અંગ્રેજો વિરુદ્ધનું બન્યું હતું. આ માટે તેમણે સશસ્ત્ર મુસ્લિમોને એકત્ર કર્યા અને લશ્કરી તાલીમ આપી. પટણાથી પેશાવર સુધીના પ્રદેશોમાં વહાબી શાખાઓ સ્થપાઈ હતી. વહાબીઓએ અંગ્રેજો સામે લગભગ ૫૦ વર્ષ સુધી સંઘર્ષ કર્યો. તેઓ હિન્દુઓ સાથે કોઈપણ પ્રંસગે સંઘર્ષમાં ન આવ્યા. ઈ.સ. ૧૮૩૧ માં લાલકોટ પાસે શીખો સાથે થયેલી લડાઈમાં સૈયદ અહમદ અને બીજા વહાબી નેતાઓ માર્યા ગયા. ત્યારબાદ અલી અને ઈનાયન અલીના નેતૃત્વ હેઠળ સરહદી પ્રદેશોમાં તેમજ અહમદશાહ અને અકબરખાનના નેતૃત્વ હેઠળ બંગાળ અને બિહારમાં વહાબી આંદોલનો ચેતનવંતા બન્યા. (૩) ઈ.સ. ૧૮૫૭ના બળવામાં વહાબીઓ અંગ્રેજ વિરુદ્ધ ખૂબ લડ્યા હતા. ખાસ કરીને દિલ્હીમાં અને આગ્રાનાં ખંડોમાં હિસ્સો વિશેષ હતો. વિપ્લવ બાદ પણ છેક ઈ.સ. ૧૮૭૦ સુધી તેમનું આંદોલન ઉત્તર ભારતના ઘણાં ભાગોમાં વધતા-ઓછાં પ્રમાણમાં ચાલું હતું. ઈ.સ. ૧૮૫૮ થી ૧૮૭૦ના ગાળામાં અંગ્રેજ સરકારે તેમના અગ્રગણ્ય નેતાઓને પકડીને મોતની સજા ફરમાવી કે દેશનિકાલ કર્યા.

**4.3.4. દેવબંદ આંદોલન :**

ઉલેમા સ્કુલના એક મુસ્લિમ જૂથે ઈ.સ. ૧૮૫૭ના બળવામાં સક્રિય ભાગ લીધો હતો. તેમને ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં આવેલ શામલીને પોતાનું કેન્દ્ર રાખીને અંગ્રેજો સામે સામુદાયિક ચળવળ સંગઠિત કરી હતી. આ મુસ્લિમ જૂથે અંગ્રેજ સરકારના ચેપમાંથી છટકીને સાદરાનપુર જિલ્લાના દેવબંદમાં ઈ.સ. ૧૮૬૭માં એક શાળા સ્થાપી. જેનું મુખ્ય કાર્ય મુસ્લિમ સમાજ માટે ધાર્મિક નેતાઓ તૈયાર કરવાનું હતું. મોહમ્મદ કાસીમ અને રસીદ અહમદ ગંગોહી આ શાળાના પ્રખ્યાત ધાર્મિક નેતાઓ હતા. આ શાળાના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે હતા. (૧) અલ્લાના વચનોનું સન્માન કરવું. (૨) મુસ્લિમોને સંગઠિત કરવા માટે તેમની સાથે સંપર્કો વધારવા. (૩) સરકાર સાથેનો કોઈપણ સાથ સહકાર સ્કૂલનાં હિતો માટે હાનિકારક સમજવો તથા શાહવલી ઉલ્લાસના ઉપદેશને દઢ રીતે અનુસરવો તેઓ અંગ્રેજી શિક્ષણ, પાશ્ચાત્ય સંસ્કૃતિ તથા પૂર્વની ભૂમિ પર પાશ્ચાત્ય હકૂમતને ધિક્કારતા હતા, તેઓ મુસ્લિમ સમાજનું નૈતિક અને ધાર્મિક પુનરુત્થાન કરવા માટે એશિયાના દેશોને વિદેશી હકૂમતથી મુક્ત કરવા ઝંખતા હતા.

**4.3.5. સરકારનું બદલાયેલું વલણ (બીજો તબક્કો) :**

મુસ્લિમો પ્રત્યે ઈ.સ. ૧૮૭૦ બાદ સરકારનું સાનુકૂળ વલણ કરવામાં વિલિયમ હન્ટર તથા બ્લન્ટ નામે અંગ્રેજોના પ્રકાશનોએ ભાગ ભજવ્યો. ઈ.સ.

૧૮૭૧ માં હન્ટરે 'ધી ઈન્ડિયન મુસલમાન્સ' નામે પ્રસિદ્ધ કરેલ પુસ્તકમાં ભારતના મુસ્લિમો હવે બંડ કરવા અસમર્થ હોવાનું વિધાન કરીને બ્રિટિશ સરકારને તેમને વફાદાર બનાવવા અને તેમનો ઉપયોગ કરવાની ભલામણ કરી. ત્યારબાદ બ્લન્ટ ડબ્લ્યુ. એસે પ્રકાશિત કરેલ બે પુસ્તકો, 'સીક્રેટ હિસ્ટ્રી ઓફ ધી ઈંગ્લિશ' અને 'ધી ફયુચર ઓફ ઇસ્લામ' માં તેને ભારતમાંના મુસ્લિમ નેતાઓ અને મૌલવીઓ સાથે પોતાની થયેલ ચર્ચાઓના નીચોડરૂપે હિંદુઓ અને બ્રિટિશ સરકારને હાથે મુસ્લિમોને થતા અન્યાયોની વિગતો રજૂ કરી. આ પુસ્તકોમાં તેણે મુસ્લિમો પ્રત્યેની બ્રિટિશ સરકારની નીતિની કડક ટીકા કરી. આ પુસ્તકોના પણ બ્રિટિશ સરકાર પર સારો એવો પ્રભાવ પડ્યો. આ દરમ્યાનની પાન ઇસ્લામિક પ્રવૃત્તિએ નોંધપાત્ર અસર કરી. વળી સર સૈયદ અહમદખાનની પ્રવૃત્તિઓએ અગ્ર ભાગ ભજવ્યો આને કારણે ઈ.સ. ૧૮૭૦ પછી 'ભાગલા પાડો અને રાજ કરો' ની સરકારની નીતિને વધારેને વધારે પોષણ મળતું ગયું.

**4.3.6. પાન ઈસ્લામવાદ :**

૧૯ માં સૈકામાં જમાલ-ઉદ-દીન, અલ-અફઘાની નામના પ્રભાવશાળી નેતાએ મુસ્લિમોને પાશ્ચાત્ય શોષણખોરોથી બચાવવા બધાં મુસ્લિમ રાજ્યોને એક ખલીફની નીચે સંગઠિત કરવાનું 'પાન ઈસ્લામબાદ' નામનું પ્રબળ આંદોલન શરૂ કર્યું. તેઓ ઈ.સ. ૧૮૮૧ માં ભારત આવ્યા અને મુસ્લિમ નેતાઓને મળીને તેમને પાન-ઈસ્લામાબાદનો ખ્યાલ આવ્યો. આથી ભારતમાં હિન્દુ-મુસ્લિમોની સંગઠિત રીતે વિકસતી જતી, રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં રુકાવટ ઊભી થઈ. હિન્દુ-મુસ્લિમ મતભેદો વિસ્તૃત બન્યા.

**4.3.7. સર સયૈદ અહમદ અને અલીગઢ આંદોલન :**

સર સયૈદ પહેલાં ભારતમાં મુસ્લિમ કોમવાદને ઉત્તેજન આપવાના પ્રયાસો છૂટાછવાયા અને ઘણું કરીને બિનરાજકીય સ્વરૂપના હતા. ઈ.સ. ૧૮૭૦ના સર સૈયદ અહમદ જાહેર જીવનમાં સક્રિય બન્યા. તેમણે મુસ્લિમ કોમવાદને ઉત્તેજિત કર્યો અને તેને રાજકીય સ્વરૂપ આપ્યું. ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવ વખતે સર સયૈદ અહમદે અંગ્રેજોની નોંધપાત્ર સેવા બજાવી હતી. તેમણે મુસ્લિમોને શિક્ષિત તથા અંગ્રેજ સરકાર તરફી બનાવવા માટે પ્રયત્નો કર્યા. સર સયૈદ અહમદને લાગ્યું કે પાશ્ચાત્ય શિક્ષણ લેવામાં સરકારી નોકરીઓ સ્વીકારવામાં તથા બ્રિટિશ સરકારને વફાદાર રહેવામાં મુસ્લિમોનું હિત સમાયેલું છે. આ માટે તેમને કેટલીક મુસ્લિમ સંસ્થાઓ સ્થાપી. સર સયૈદ અહમદે ઈ.સ. ૧૮૬૪માં 'ટ્રાન્સલેમન સોસાયટી'ની સ્થાપના કરી. જેનો મુખ્ય હેતુ આધારભૂત અંગ્રેજી ગ્રંથોને ઉર્દૂમાં ભાષાંતર કરીને મુસ્લિમોને અંગ્રેજી શિક્ષણ પ્રત્યે વાળવાનો હતો. સોસાયટીએ મુસ્લિમોને પ્રગતિશીલ બનાવવાના હેતુથી અંગ્રેજી તથા ઉર્દૂ ભાષામાં એક સામયિક પણ શરૂ કર્યું. સૈયદ અહમદે ઈ.સ. ૧૮૬૯ માં

ઈંગ્લેન્ડની મુલાકાત લીધી હતી અને ત્યાંના આગેવાન રાજપુરુષોને મળ્યા હતા. ઈ.સ. ૧૮૭૦ માં ભારત આવ્યા બાદ તેઓ વધુ સક્રિય બન્યા. તેમણે અલીગઢમાં લોર્ડ લિટનના હસ્તે મુસ્લિમો માટે એંગ્લો-ઓરિયેન્ટલ કોલેજની સ્થાપના કરી. જે પછીનાં વર્ષોમાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં વિકાસ પામી. આ કોલેજે મુસ્લિમોની શૈક્ષણિક તથા રાજકીય જાગૃતિમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

**4.3.8. પ્રિન્સિપાલ બેકનો ફાળો :**

(i) સર સૈયદ અહમદમાં આવું પરિવર્તન લાવવામાં અલીગઢ મુસ્લિમ કોલેજના અંગ્રેજ પ્રિન્સીપાલ મિ. બેકે મહત્વનો ભાગ ભજવ્યો. મિ. બેક હિન્દુ-મુસ્લિમ એકતાના વિરોધી હતા. તેમણે પોતાનો હોદ્દો સંભાળતા પહેલાં ઈંગ્લેન્ડમાં એવું જાહેર કર્યું હતું કે હિન્દ માટે સંસદીય સરકાર બંધ બેસતી નથી. કારણ કે તેમાં મુસ્લિમો હિન્દુઓના વર્ચસ્વ હેઠળ રહેવાનું પસંદ કરશે નહિ.

(ii) શંકાશીલ મુસ્લિમ કોમને સરકારને વફાદાર બનાવવામાં તેમણે કિમતી ફાળો આપ્યો. તેમણે સર સૈયદને સમજાવ્યું કે, ''બ્રિટીશ સરકારને ટેકો આપવામાં જ મુસ્લિમોનું હિત સમાયેલું છે. તેનાથી તેઓ પોતાની પ્રગતિ સાધી શકશે. કોંગ્રેસ સાથે જોડાવાથી તેમનું સ્થાન ગૌણ બનશે અને તેમણે વિકાસની તક રહેશે નહિ.''

(iii) બધા મુસ્લિમોને સર સૈયદની નીતિમાં વિશ્વાસ ન હતો. મુસલમાનોનો એક વર્ગ અંગ્રેજોને હટાવવાના મતનો હતો. તે રાષ્ટ્રવાદી મુસ્લિમોનો વર્ગ હતો. તેમણે કોંગ્રેસને મજબૂત બનાવવા પ્રયત્નો શરૂ કર્યા. જ્યારે મુસ્લિમોનો બીજો વર્ગ સર સૈયદ અહમદની દોરવણીથી મૂંઝવણમાં પડી ગયો કે અંગ્રેજો જાય પછી અમારું શું ? એમના મનમાં હિન્દુ બહુમતીનો ભય ધીમે ધીમે ઘર કરી બેઠો હતો. તેમના મનમાં આવો ભય ઉભો કરવાનું કામ મિ. બેક, ગ્રેહામ, આર્કિબોલ્ડ વગેરે અંગ્રેજોએ કર્યું હતું.

આમ, ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં મુસ્લિમ કોમવાદને ઉત્તેજિત કરવામાં સૌથી મોટો હિસ્સો સર સૈયદ અહમદનો તથા અલીગઢ મુસ્લિમ કોલેજના અંગ્રેજ પ્રિન્સિપાલનો હતો.

## 4.4 કોમવાદનો વિકાસ કરનારા પરિબળો

**બંગાળના ભાગલા અને કોમવાદને ઉત્તેજન (૧૯૦૫)**

(૧) રાષ્ટ્રીય ચળવળના ઉગ્ર વિરોધી લોર્ડ કર્ઝને ઈ.સ. ૧૯૦૫માં બંગાળના ભાગલા પાડીને એક બાજુ બંગાળના ફેલાતા રાષ્ટ્રના જુવાળને અટકાવવાનું અને બીજી બાજુ મુસ્લિમોને એક વિભાગમાં બહુમતી આપીને તેમને પોતાની પાંખમાં લઈને રાષ્ટ્રીય ચળવળથી અલગ પાડી દેવાની યોજના ઘડી. આથી મુસ્લિમોના કોમવાદી માનસને ઉત્તેજન મળ્યું. બંગાળના ભાગલા પાડવાનું કારણ વહીવટી

સરળતા આપવામાં આવ્યું, પણ સરકારનો આંતરિક હેતુ બંગાળીઓને અલગ કરીને તેમની રાષ્ટ્રીય એકતા નિર્બળ બનાવવાનો અને હિન્દુ-મુસ્લિમ વચ્ચે સંઘર્ષ ઊભો કરવાનો હતો.

(૨) **કોમી રમખાણો :** ઈ.સ. ૧૯૦૬ માં મુસ્લિમ લીગની સ્થાપના થઈ. નવાબ મોહસીન ઉલ-મુલ્ક મારફત સરકારે બંગભંગની લડત વિરુદ્ધ પ્રચાર કરાવ્યો. સરકારની પ્રેરણાથી મુસ્લિમ લેખક ઈબ્રાહીન ખાને 'લાલપત્રિકા' નામે ઓળખાતી પત્રિકા પ્રસિદ્ધ કરી. જેમાં બંગાળના ભાગલાથી મુસ્લિમોને થતા ફાયદાનું તેમજ સ્વદેશીની લડતથી બંગાળ તથા મુસ્લિમોને થતા નુકસાનનું જુદું વર્ણન કરવામાં આવ્યું. સરકારી અમલદારોની ઉશ્કેરણીથી બંગાળના જુદા-જુદા ભાગોમાં કોમી હુલ્લડો થયાં. તેમાં કોમિલા તથા જમાલપુરના વિસ્તારનાં હુલ્લડો વધારે ગંભીર હતા. તેઓ હિન્દુઓના જાનમાલને ભારે નુકસાન કરવામાં આવ્યું. તે વખતે સરકારી તંત્ર અને પોલીસ નિષ્ક્રિય બની ગઈ. નવા પ્રાંતના નિમાયેલા ગવર્નર કુલરે પણ કોમવાદની પ્રવૃત્તિઓ અને હુલ્લડોને ઉત્તેજન મળે તેવાં વક્તવ્યો કર્યા.

### 4.4.1 સિમલા મુસ્લિમ પ્રતિનિધિત્વ અને કોમી પ્રતિનિધિત્વની માંગણી (ઈ.સ. ૧૯૦૬) :

(૧) લોર્ડ મિન્ટો હિન્દના વાઈરસરોય તરીકે આવ્યા. તેમણે કોંગ્રેસના મવાળ રાષ્ટ્રવાદીઓને ખુશ કરવા બંધારણીય સુધારા આપવા તેની ભલામણો કરવા માટે ઓગષ્ટ, ૧૯૦૬ માં પોતાની કાર્યવાહક સમિતિના એક સભ્ય એ.ટી. અરુલના પ્રમુખપદે એક સમિતિ નીમી. સમિતિની જાહેરાત થતાં જ પ્રિન્સિપાલ આર્કિબોલ્ડે નવાબ મોહસીને ઉલ મુલ્કનો સંપર્ક સાધીને તેને મુસ્લિમોની માંગણીઓ વાઈસરોય પાસે રજૂ કરવાની દરખાસ્ત કરી. આર્કિબોલ્ડને આવી દરખાસ્ત કરવાની પ્રેરણા વાઈસરોય મિન્ટોના ખાનગી મંત્રી ડનલોપ સ્મિથે આપી હતી. અંગ્રેજોએ મુસ્લિમોને સમજાવ્યું કે નવા સુધારાઓમાં તેમને માટે અલગ મતદાનમંડળ માંગવામાં નહી આવે તો તેમને હિન્દુ બહુમતીની દયા પર જીવવું પડશે.

(૨) આ રીતે આખી યોજના તૈયાર થયા બાદ નામદાર આગાખાનની નેતાગીરી હેઠળ ૩૬ મુસ્લિમ આગેવાનોના બનેલા પ્રતિનિધિમંડળે ૧ ઓક્ટોબર, ૧૯૦૬ માં સિમલામાં વાઈસરોય મિન્ટોની મુલાકાત લીધી. ડનલોપ સ્મિથ તથા આર્કિબોલ્ડના માર્ગદર્શન મુજબ અરજીનો મુસદ્દો તૈયાર કર્યો હતો. મૌલાના મહમ્મદઅલીના શબ્દોમાં એ 'આજ્ઞા અનુસાર ભજવેલુ નાટક' હતું. સૂચિત સુધારાની દરખાસ્તમાં (૧) મુસ્લિમોની વસ્તીના ધોરણે નહી પણ કોમની ભારતીય રાજવ્યવસ્થામાંની અગત્યતા (૨) મુસ્લિમોને સંરક્ષણમાં આપેલ ફાળો તથા (૩) સૈકા પહેલાં તેણે ભોગવેલ રાજકીય સ્થાનના ધોરણે તેમને અલગ પ્રતિનિધિત્વ

આપવાની તથા (૪) મુસ્લિમોનું અલગ મતદાનમંડળ સ્થાપવાની રજૂઆત કરવામાં આવી. (૫) યુનિવર્સિટી સેનેટ તથા સિન્ડેકટ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, પ્રાંતિક ધારાસભાઓ તથા કેન્દ્રિય ધારાસભામાં મુસ્લિમોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવું. (૬) સરકારી નોકરીમાં મુસ્લિમોને પ્રથમ પસંદગી આપવી. વાઈસરોયની કારોબારીમાં હિન્દી સભ્ય લેવાનો હોય ત્યારે મુસ્લિમ પ્રતિનિધિને ધ્યાનમાં રાખવો. મુસ્લિમો માટે અલગ યુનિવર્સિટીની સ્થાપના કરવી તથા તેમનાં હિતો માટે જોગવાઈ કરવાની વિનંતી કરવામાં આવી. અરજીમાં હિન્દના મુસ્લિમો સરકારને સંપૂર્ણ વફાદાર રહેશે એવી ખાતરી આપવામાં આવી.

**4.4.2 અખિલ હિન્દ મુસ્લિમ લીંગની સ્થાપના અને તેની કામગીરી (૧૯૦૬) :**

સિમલા પ્રતિનિધિમંડળને મળેલી સફળતાથી ઉત્સાહિત થયેલા મુસ્લિમોને લાગ્યું કે સૂચિત સુધારામાં તેમની માંગણીઓ ભારપૂર્વક રજૂ કરવા માટે મુસ્લિમોના ધર્મને નામે એક અલગ કેન્દ્રિય સંગઠન સ્થાપવાની પ્રેરણા આપી. આ માટે અગાઉ પ્રયત્નો થયા હતા, પણ સર સયૈદ અહમદ તથા પ્રિ. બેંકના વિરોધને લીધે તે વિચારનો અમલ થયો ન હતો. તેમને ભય હતો કે અખિલ હિંદ મુસ્લિમ સંસ્થાની સ્થાપના થાય તો તે કદાચ મહાસભાની જેમ સરકારનો વિરોધ કરતી થાય તો મુસ્લિમોનાં હિતોને નુકસાન થાય, પણ બંગાળના ભાગલા થતા સ્વદેશી આંદોલનને લીધે મહાસભા વધારે સક્રિય બની હતી. સરકારને પણ આ વિચાર પસંદ પડ્યો. પરિણામે ડિસેમ્બર, ૧૯૦૬માં યોજાયેલ 'અખિલ હિન્દ મુસ્લિમ શૈક્ષણિક પરિષદ'ના અધિવેશનમાં ઢાકાના નવાબ સાલી મુલ્લાએ અખિલ હિન્દ મુસ્લિમ સંસ્થા સ્થાપવાની દરખાસ્ત રજૂ કરી. આના પરિણામે ૩૦ મી ડિસેમ્બર, ૧૯૦૬ ના રોજ ''અખિલ હિંદ મુસ્લિમ લીગ'ની સ્થાપના કરવામાં આવી. સંસ્થાનું બંધારણ ઘડવા માટે સમિતિ નીમવામાં આવી. તેના મંત્રીઓ તરીકે નવાબ-મોહસીન-ઉલ-મુલ્ક તથા નવાબ વકર-ઉલ-મુલ્ક ચૂંટાયા. સમિતિએ ઘડેલું બંધારણ ડિસેમ્બર, ૧૯૦૭માં કરાંચી મુકામે મળેલ મુસ્લિમ લીગની બેઠકે મંજૂર કર્યું.

**4.4.3 ૧૯૦૯ના મોર્લ મિન્ટો સુધારાની પૂર્વભૂમિકા :**

(૧) કોંગ્રેસ તરફથી રાજતંત્ર માટેની માંગણી જેમ જેમ ઉગ્ર બનતી જતી હતી. તેમ તેમ સરકારની નીતિમાં પણ ફેરફાર થતા હતા. સરકારને એમ લાગ્યું કે રાષ્ટ્રીય એકતા દૃઢ બને તે પહેલા જ મવાળવાદીઓ, મુસ્લિમો, રાજવીઓ અને જમીનદારોના અવરોધક બળ તરીકે તૈયાર કરવાનો સમય પાકી ગયો છે. તેથી જ ઈ.સ. ૧૯૦૬ થી ૧૯૦૯ ના ગાળામાં આ યોજના તૈયાર કરવામાં આવી જેનાથી બ્રિટિશ સરકાર ભારતમાં રાષ્ટ્રીય એકતા સામે અવરોધક બળ ઊભું કરવામાં સફળ થઈ. હિન્દી વજીર લોર્ડ મોર્લે અને ભારતના વાઈસરોય લોર્ડ મિન્ટોએ સુધારા આપવા

માટે એક ખરડો તૈયાર કર્યો. આ ખરડાને તૈયાર કરતાં બે વર્ષ લાગ્યા. સૂચિત સુધારાઓનો ખરડો લોર્ડ મિન્ટોએ ઈ.સ. ૧૯૦૮ માં હિન્દી વજીરને મોકલ્યો. તેમાં ભારતની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કોમ તેમજ વર્ગવાર પ્રતિનિધિત્વ યોજના રજૂ કરવામાં આવી. આ સુધારામાં મુસ્લિમોને લઘુમતી કોમ તરીકે અલગ પ્રતિનિધિત્વ આપવા ઉપરાંત, પ્રતિનિધિત્વ માત્ર વસ્તીના ધોરણે ન આપતાં, તેમના રાજકીય મહત્ત્વને ધ્યાનમાં રાખી વધારે બેઠકો ફાળવવામાં આવી. (૨) હિન્દી વજીર મોર્લેના સૂચનનો મુસ્લિમોએ સખત વિરોધ કર્યો. મુસ્લિમોને લઘુમતીના કારણે ભારે અન્યાય થશે એવો ભય તેમણે દર્શાવ્યો. લોર્ડ મિન્ટોએ પણ આને સમર્થન આપ્યું. સરકારી અધિકારીઓએ પણ તેના ટેકામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. અને તેમણે મુસ્લિમોને આ દરખાસ્ત ન સ્વીકારવા અંગે મક્કમ રહેવા જણાવ્યું, મેન્ટોએ ઈ.સ. ૧૯૦૮ માં મળેલી મુસ્લિમ લીગની બેઠકમાં અલગ મતદાનમંડળની માંગણીને ભારપૂર્વક રજૂ કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ઈગ્લેન્ડમાં પણ 'લંડન ટાઈમ્સ' અને બીજા વર્તમાનપત્રોએ મુસ્લિમોના દાવાનો જોરશોરથી પ્રચાર કર્યો. મુસ્લિમ લીગના પ્રતિનિધિઓએ લોર્ડ મિન્ટોને મળ્યાં અને પોતાની માંગણીઓએ વિશેનું આવેદનપત્ર આપ્યું. આ બધા પ્રયત્નોની ધારી અસર થઈ. તે સમયે દેશમાં ઉગ્ર રાષ્ટ્રવાદ જોરશોરથી ફેલાયેલો હતો. તેમને દાબી દેવા માટે સરકારને મુસ્લિમ કોમવાદ તથા પ્રત્યાઘાતી વર્ગના ટેકાની ખાસ જરૂર હતી. આવા સંજોગોમાં મિન્ટોને માટે મુસ્લિમોને નારાજ કરવાનું ગેર ડહાપણભર્યું હતું. છેવટે તેમને મોર્લેને અલગ મતદાન મંડળો અને કોમી પ્રતિનિધિત્વ માટે સંમત કર્યા. મોર્લ-મિન્ટો સુધારાનો આખરી ખરડો બ્રિટિશ પાર્લામેન્ટમાં પસાર કરવામાં આવ્યો.

### 4.4.4 મોર્લ-મિન્ટો સુધારા અને કોમવાદનો વિકાસ :

ડૉ. જમીનદાર લખે છે કે "હિન્દના રાજકારણમાં મુસ્લિમ કોમવાદનો પહેલો પ્રભાવ ઈ.સ. ૧૯૦૯ના મોર્લે-મિન્ટો સુધારાઓમાં પડ્યો. આ સુધારામાં અલગ અને કોમી મતદાન મંડળોની રચના કરી. હિન્દુ અને મુસ્લિમો વચ્ચે વિખવાદ, સંઘર્ષ અને વેરઝેર ઈરાદાપૂર્વક ઊભું કરવામાં આવ્યું. આ કાયદાથી ભારતના રાજકારણમાં કોમવાદનું ઝેર રેડવામાં આવ્યું. આથી ભારતની એકતા અને સમાનતાની ભાવના છિન્નભિન્ન થઈ ગઈ. આ કાયદાએ મુસ્લિમો માટે અલગ મતાધિકાર આપીને પાકિસ્તાનના સર્જનનો પાયો નાખ્યો. આનાથી અન્ય કોમોને અલગ મતદાનમંડળ માંગવાની પ્રેરણા મળી પરિણામે ઈ.સ. ૧૯૧૯માં સુધારામાં શીખોને પણ અલગ મતદાનમંડળ આપવામાં આવ્યું. ઈ.સ. ૧૯૩૫નાં તો આ કોમવાદનું ઝેર હિન્દી ખ્રિસ્તીઓ, એંગ્લોમાં ઇન્ડિયનો અને હરિજનો સુધી પ્રસરી ચૂક્યું. તેમાં ૧૭ જેટલાં અલગ મતદાનમંડળો બનાવવામાં આવ્યાં. આમ, ઈ.સ. ૧૯૦૯ના સુધારાને હિન્દના ભાગલા પાડવાનું જે બીજ વાવ્યું તે ધીમે ધીમે વિસ્તૃત થતું ગયું. અને છેવટે

ઈ.સ. ૧૯૪૭માં ભારતના ભાગલા પાડવાની ફરજ પડી અને પાકિસ્તાનનો જન્મ થયો.

**4.4.5 બંગાળના ભાગલા રદ (૧૯૧૧) :**

સરકારે મવાળ પક્ષ અને મુસ્લિમ લીગને પોતાના પડખામાં રાખીને રાષ્ટ્રીય ચળવળને દાબી દેવા માટે આકરાં પગલાં લીધાં. ક્રાંતિકારીને પકડીને ફાંસીએ ચડાવ્યા કે ગોળીએ દીધા, જહાલ પક્ષના નેતાઓ ઉપર કામ ચલાવીને જેલમાં પૂર્યા. કેટલાકને કેસ ચલાવ્યા વગર, દેશનિકાલની સજા કરી. આ પ્રકારના આકરા દમનથી પ્રજાની રાષ્ટ્રીય ભાવના  વધુ ઉગ્ર બની. તે દરમિયાન ઈ.સ. ૧૯૧૧માં ઈંગ્લેન્ડના રાજા પંચમ જ્યોર્જે ભારતની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન તેમણે સમજાવ્યું કે પ્રજાની ઉગ્ર ચળવળનું કારણ બંગાળના ભાગલા છે. આથી તેમણે બંગાળના ભાગલા રદ કર્યા.તેમના માનમાં દિલ્હીમાં ભવ્ય દરબાર ભરવામાં આવ્યો. ભારતની રાજધાની કલકત્તાથી બદલીને દિલ્હી લઈ જવામાં આવી.

**4.4.6 કોંગ્રેસ અને લીગ વચ્ચે સમાધાન અને લખનૌ કરાર (ઈ.સ. ૧૯૧૬) :**

મોર્લે-મિન્ટો સુધારા પછી પણ કેટલાક એવા બનાવો બન્યા કે જેથી મુસ્લિમોનો અંગ્રેજોમાંથી વિશ્વાસ ઘટતો ગયો. (૧) લોર્ડ મિન્ટોની જગ્યાએ આવેલો વાઈસરોય લોર્ડ હાર્ડિંજ મુસ્લિમોને બહુ પંપાળે તેમ હતા નહીં. તેના સમયમાં ઈ.સ. ૧૯૧૧માં બંગાળના ભાગલા રદ થયા. આથી મુસ્લિમો સરકાર સામે નારાજ થયા કારણ કે સરકાર વચનભંગ કરી મુસ્લિમોનો વિશ્વાસઘાત કર્યો. (૨) બરાબર આ જ સમયે બાલ્કન વિગ્રહ વખતે તુર્કસ્તાન જેવા મુસ્લિમ રાષ્ટ્ર પ્રત્યે અંગ્રેજોએ જે નીતિ અપનાવી તેનાથી ભારતના મુસ્લિમો અંગ્રેજો તરફ શંકાથી જોવા લાગ્યા. (૩) વળી આ સમયે વર્તમાનપત્રોએ પણ તુર્કી પ્રત્યેના બ્રિટનના વલણની સ્પષ્ટ ટીકા કરી. આ સંજોગોમાં ભારતના મુસ્લિમ મહાસભાના રાષ્ટ્રવાદીઓની વધુ નજીક આવવા લાગ્યા. (૪) ઈ.સ. ૧૯૧૨માં મુસ્લિમોના કેટલાક યુવાન નેતાઓએ કલકત્તામાં મુસ્લિમોની પરિષદ બોલાવી અને તેમાં મુસ્લિમ લીગના ધ્યેયને સંકુચિત ન રાખતાં તેને રાષ્ટ્રીયતાના વિશાળ ફલક પર લઈ જવાનો નિર્ણયો કરવામાં આવ્યા. (૫) મૌલાના મહંમદઅલી, શૌકતઅલી અને મોહંમદઅલી જિન્ના જેવા રાષ્ટ્રવાદી મુસ્લિમો કોંગ્રેસ અને લીગ ખભેખભા મિલાવીને સ્વરાજ્ય માટે લડત ચાલુ રાખે તેમ ખરા દિલથી ઈચ્છતા હતા. તેમની અસરને લીધે મુસ્લિમ લીગે પોતાનું વલણ બદલ્યું. જનરલ જિન્નાના પ્રયત્નોને પરિણામે ઈ.સ. ૧૯૧૫માં કોંગ્રેસ તથા લીગે એકીસાથે મુંબઈમાં અધિવેશન ભર્યું. બંને સંસ્થાઓના નેતા પરસ્પર સંપર્કમાં આવ્યા. તેમના પ્રત્યનોથી અને સંસ્થાઓ વચ્ચે સમાધાન થયું.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

1. કોમવાદી પરિબળોની ઉદયની ભૂમિકા જણાવો.
2. મુસ્લિમ લીગનું ભારતના ભાગલામાં પ્રદાન જણાવો.
3. કોમવાદી પ્રવૃત્તિઓમાં બ્રિટિશ સરકારનું પ્રદાન જણાવો.
4. ઈ.સ.૧૯૨૦ -૧૯૪૦ દરમિયાન કોમી સમસ્યાના સ્વરૂપનું મૂલ્યાંકન કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

1. મુસ્લિમ લીગની સ્થાપના ક્યારે થઈ ?
2. આંદોલનના સ્થાપક કોણ હતા ?
3. બંગાળના ભાગલા ક્યારે પડ્યા ?
4. બંગાળના ભાગલા ક્યારે રદ થયા ?
5. ફરીદી આંદોલન ક્યારે થયું ?
6. ફરીદી આંદોલનના સ્થાપક કોણ હતાં ?
7. મોહમેડન લિટરરી સોસાયટી સ્થાપના ક્યારે અને ક્યાં થઈ ?
8. મોર્લે-મિન્ટો સુધારા ક્યારે થયાં ?
9. ટ્રાન્સલેશન સોસાયટી ક્યારે અને કોણે કરી ?
10. એંગ્લો - ઓરિયેન્ટલ કોલેજની સ્થાપના કોણે કરી ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 4.5. સારાંશ

આમ, ભારતની સ્વાતંત્ર્ય ચળવળના ઇતિહાસમાં આ કરારને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. લખનૌ કરારથી રાષ્ટ્રીય ચળવળને ખૂબ વેગ મળ્યો. કોંગ્રેસ અને લીગ સરકાર પાસે જવાબદાર, રાજતંત્રની, પ્રાંતિક સ્વશાસનની અને સ્થાનિક સ્વરાજ્યની માંગણીઓ સાથે મળીને કરી. આથી બ્રિટિશ સરકારને હિન્દના રાજ્યવહીવટ અંગે સુધારા આપવાની ફરજ પડી. અંગ્રેજોએ રાષ્ટ્રીય એકતામાં જે તડ પાડી તે સાધવામાં  આ કરારે અગત્યનો ભાગ ભજવ્યો.

## 4.6. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**એક વાક્યમાં જવાબ :**

૧) ૧૯૦૬ ૨) સયૈદ અહમદ બરેલવી ૩) ૧૯૦૫ ૪) ૧૯૧૧

૫) ૧૮૦૪ ૬) હાજી શરીઅત ઉલ્લાએ ૭) કલકત્તા, ૧૮૬૩ ૮) ૧૯૦૯

૯)૧૮૬૪ સૈયદ અહમદે ૧૦) લોર્ડ લિટન

## 4.7. સંદર્ભ અને વિશેષ વાંચન


- ધારૈયા, રમણલાલ કે., આધુનિક ભારતનો ઈતહાસ અને ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ ભાગ-૧ (૧૮૮૫-૧૯૧૯) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩ સાતમી આવૃત્તિ (પુનમુદ્રિત) ૪૦૧૪.
- આચાર્ય જાવડેકર અનુવાદક, પાડુંરગ ગણેશ દેશપાંડે આધુનિક ભારત, અમદાવાદ, ૧૯૪૬.
- Gopal Ram : Indian Muslims, A Political History (1858-1947) London, 1959.
- 4Noman M. Rise and Growth of the All India Muslim League, Allahabad, 1942

એકમ - 5

# ગાંધીજીના આગમન પૂર્વેની ચળવળો : હોમરુલ ચળવળ અને ખિલાફત

## :: રૂપરેખા ::

**5.0** ઉદ્દેશો

**5.1** પ્રસ્તાવના

**5.2** હોમરૂલનો અર્થ અને ઉદ્દેશો

**5.3** હોમરૂલ આંદોલન અને એની બેસન્ટ

**5.4** હોમરૂલ આંદોલન અને લોકમાન્ય તિલક

**5.5** લોકમાન્ય તિલક અને એની બેસન્ટની હોમરૂલ લીગનું સંયુક્ત કાર્ય

**5.6** સરકારનાં દમનકારી પગલાં

**5.7** ગુજરાતમાં હોમરૂલ આંદોલન

**5.8** વિદેશમાં હોમરૂલ આંદોલન

**5.9** મોન્ટેગ્યુની જાહેરાત અને લોકમાન્ય તિલકે ચાલુ રાખેલું આંદોલન

**5.10** હોમરૂલ આંદોલનનું મહત્વ

**5.11** ખિલાફત આંદોલન

**5.12** ખિલાફત પરિષદ અને પ્રતિનિધિમંડળ

**5.13** અસહકાર અને સેવ્રેની સંધિ

**5.14** કરાંચી - ખિલાફત પરિષદ

**5.15** આંદોલનનો અંત

**5.16** સારાંશ

**5.17** ચાવીરૂપ શબ્દો

**5.18** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**5.19** સંદર્ભ અને વિશેષ વાંચન

## 5.0 ઉદ્દેશો (Objectives)

આ પ્રકરણનો અભ્યાસ પછી તમે જાણી શકશો.

- હોમરૂલ આંદોલનનો અર્થ અને તેના ઉદ્દેશો
- હોમરૂલ આંદોલન : એની બેસન્ટ અને લોકમાન્ય તિલક
- મોન્ટેગ્યુની જાહેરાત અને લોકમાન્ય તિલકે ચાલુ રાખેલું આંદોલન
- ગુજરાતમાં અને વિદેશમાં હોમરૂલ આંદોલન
- ખિલાફત આંદોલન
- ખિલાફત પરિષદ અને પ્રતિનિધિમંડળ
- અસહકાર અને સેવ્રેની સંધિ
- કરાંચી - ખિલાફત પરિષદ
- આંદોલનનો અંત

## 5.1 પ્રસ્તાવના (Introduction)

ગાંધીજીએ રાષ્ટ્રીય ચળવળનું સુકાન સંભાળ્યું તે અગાઉ સુરેન્દ્રનાથ બેનર્જી, ગોપાલકૃષ્ણ ગોખલે,લોકમાન્ય તિલક, અને શ્રીમતી એની બેસન્ટ વગેરે દેશનેતાઓએ લોકોને આકાંક્ષાઓને વાચા આપી લોકજાગૃતિનો સંચાર કર્યો હતો. ગાંધીજીના આગમન પૂર્વે સ્વરાજ્યની પ્રાપ્તિ માટે શ્રીમતી એની બેસન્ટ અને લોકમાન્ય તિલકે કરેલું હોમરૂલ આંદોલન એક મહત્વની રાજકીય ચળવળ હતી. પ્રથમ વિશ્વયુદ્ધમાં પરાજિત થયેલા તુર્કસ્તાનના સામ્રાજ્યનું વિસર્જન થયું. તુર્કસ્તાનનો ખલીફા સમગ્ર મુસ્લિમ જગતનો વડો ગણાતો. પણ મિત્રરાજ્યોએ એનું પદ અને સત્તા નાબૂદ કર્યા. તેથી હિંદના મુસ્લિમોએ ખલીફાના પદ અને ગૌરવનું રક્ષણ કરવા ખિલાફત ચળવળ કરી. વિદ્યાર્થી મિત્રો, આ યુનિટમાં ગાંધીજીના આગમન પૂર્વેની હોમરૂલ ચળવળ અને ખિલાફત ચળવળનો અભ્યાસ કરીશું.

## 5.2 હોમરૂલનો અર્થ અને ઉદ્દેશો

હોમરૂલ આંદોલનની શરૂઆત બ્રિટિશ સામ્રાજ્યમાં રહીને રાષ્ટ્રીય સ્વાયત્તતા મેળવવા માટે બંધારણીય લડતના માર્ગદર્શક સિદ્ધાંત તરીકે આયર્લેન્ડમાં થઈ હતી. આયર્લેન્ડમાં ઇ.સ. ૧૮૭૦માં સ્થાપવામાં આવેલ હોમરૂલ લીગમાંથી 'હોમરૂલ' શબ્દ આવ્યો છે. આઈરીશ પ્રતિનિધિઓની સભામાં આંતરિક બાબતોમાં સંપૂર્ણ અંકુશ ધરાવતી આઇરીશ પાર્લામેન્ટની સ્થાપવાની માંગણી કરવામાં આવી. આ માટે 'હોમ ગવર્નમેન્ટ એસોસિએશન' સ્થાપવામાં આવ્યું. જેને પછીથી 'હોમરૂલ લીગ'

નામ આપવામાં આવ્યું. આ રીતે 'હોમરૂલ' શબ્દ સ્વરાજ્યની ચળવળ માટે વપરાવા લાગ્યો હતો. હોમરૂલ શબ્દ આયર્લેન્ડની ચળવળ નો સ્વીકારી લેવામાં આવ્યો હોવા છતાં ભારતમાં હોમરૂલ જેવા રાષ્ટ્રવાદના સિદ્ધાંતો ' સ્વરાજ્ય' અને' સ્વદેશી' ની ભારતીય વિભાવના માં રહેલા છે.

બ્રિટિશ સામ્રાજ્યમાં ભારત માટે સ્વાયતતાના અર્થમાં હોમરૂલ શબ્દ શ્રીમતી એની બેસન્ટના પહેલાં પણ વપરાતો હતો. તેમ છતાં ભારતના રાજકારણમાં શ્રીમતી એની બેસન્ટે તેને મહત્વનો મુદ્દો બનાવ્યો.

- **હોમરૂલ આંદોલનનાં ઉદ્દેશો**

હોમરૂલ ચળવળ એક બંધારણીય ચળવળ હતી. તેના મુખ્ય ઉદ્દેશ્ય સ્વરાજ્ય અથવા સ્વશાસનની પ્રાપ્તિનો હતો. લોકમાન્ય તિલક અને એની બેસન્ટ દ્વારા આ આંદોલન શરૂ કરવામાં આવ્યું. આ આંદોલનનો ઉદ્દેશ્ય પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટિશ સરકારના કાર્યોમાં કોઈ મુશ્કેલી ઉભી કરવાનો નહી પણ મદદરૂપ સાબિત થવાનો હતો. આ નેતાઓએ જણાવ્યું કે, બ્રિટિશ સામ્રાજ્યના હિતમાં માત્ર સ્વશાસિત ભારત જ કામ કરી શકે છે. આ આંદોલનને સ્પષ્ટ કરતા શ્રીમતી એની બેસન્ટે પોતાના પત્ર 'ધ કોમનવીલ'માં લખ્યું હતું કે, રાજકીય સુધારણા દ્વારા અમારો અર્થ કાઉન્સિલ, જિલ્લા બોર્ડ, મ્યુનિસિપલ બોર્ડ અને પ્રાંતીય એસેમ્બલી દ્વારા સંપૂર્ણ સ્થાનિક સરકારની રચના કરવાનો છે. તેમણે બ્રિટિશ સામ્રાજ્યની સંસદમાં ભારતના સીધા પ્રતિનિધિત્વની માંગને પણ ટેકો આપ્યો હતો.

## 5.3 હોમરૂલ આંદોલન અને એની બેસન્ટ

હિંદમાં ગૃહ સ્વરાજ્ય માટેના આંદોલનના મુખ્ય પ્રણેતા ડો. એની બેસન્ટ હતા. તેમનો જન્મ લંડનમાં તારીખ ૧લી ઓક્ટોબર, ૧૮૪૭ ના રોજ થયો હતો. તેમની માતા આયર્લેન્ડના વતની હતા અને તેમનો ઉછેર આયર્લેન્ડમાં થયો હતો. જ્યારે પિતા વિલિયમ પેજ વુડ આઈરીશ અને ઈંગ્લિશ કુળના હતા. ઇ.સ. ૧૮૬૭માં કલેફામ ચર્ચના રેવરન્ડ ફ્રેંક બેસન્ટ સાથે લગ્ન કર્યા. પણ ૧૮૭૩ માં કાયદાકીય રીતે પતિથી અલગ થઈ ગયા. ૧૮૮૬ માં તેઓ ફેબિયન સોસાયટીમાં અને ૧૮૮૯ માં થિયોસોફિકલ સોસાયટીમાં જોડાયા. ૧૮૯૩માં તેઓ ભારત આવીને સ્થાયી થયાં. કર્નલ આલકોટ ના અવસાન પછી ઈ.સ.૧૯૦૭ માં થિયોસોફિકલ સોસાયટીના પ્રમુખ બન્યા. તેમણે રાજકારણમાં રસ લેવા માંડ્યો અને કોંગ્રેસ માં સામેલ થયા. મહાસભાના નરમ અને ઉગ્રવાદી નેતાઓ વચ્ચે સમાધાન

કરાવવામાં તથા મહા સભામાં ઉગ્રવાદી નેતાઓનો પુનઃ પ્રવેશ કરાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો.

એની બેસન્ટે તા. ૨જી જાન્યુઆરી ૧૯૧૪માં 'ધ કોમનવીલ' સાપ્તાહિક અંગ્રેજી ભાષામાં શરૂ કર્યું. જેના પ્રથમ અંકમાં જણાવ્યા પ્રમાણે તેનું ધ્યેય બ્રિટિશ કોમનવેલ્થ સહિત ગૃહસ્વરાજ્ય, ધાર્મિક સ્વાતંત્ર્ય, સામાજિક સુધારણા તથા રાષ્ટ્રીય શિક્ષણ માટેના પ્રચારનું રહેશે. આ ધ્યેય સિદ્ધ કરવા તેઓ ૧૯૧૪ માં ઈંગ્લેન્ડ ગયા પણ સફળતા ન મળી. પરંતુ તેઓ પોતાના જાહેર પ્રવચનો દ્વારા હિંદ પ્રત્યે સહાનુભૂતિ જાગૃત કરી. તેમણે સ્પષ્ટ જાહેર કર્યું કે, હિંદની વફાદારીનું મૂલ્ય તેની સ્વતંત્રતા જ હોઈ શકે. તથા લંડનમાં હોમરૂલ લીગની સ્થાપના કરી.

ભારત પાછા આવીને મદ્રાસમાંથી તા. ૧૪ જુલાઈ ૧૯૧૫ ના રોજ 'ન્યુ ઈન્ડિયા' નામનું અંગ્રેજી ભાષાનો દૈનિક શરૂ કર્યું. આ દૈનિક દ્વારા હોમરૂલનો વ્યવસ્થિત પ્રચાર શરૂ કર્યો. એની બેસન્ટે તા. ૨૫મી ડિસેમ્બર ૧૯૧૫ માં 'ન્યુ ઈન્ડિયા'ના અંકમાં હોમરૂલ લીગ સ્થાપવાની જાહેરાત કરી. આ સંસ્થા રાષ્ટ્રીય મહાસભાની સહાયક સંસ્થા તરીકે કામ કરશે એમ તેમણે જણાવ્યું અને ડિસેમ્બર ૧૯૧૫ માં મુંબઈમાં મળેલ રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં હોમરૂલ લીગની સ્થાપના માટે ઠરાવ મુક્યો. પરંતુ અધિવેશનના પ્રમુખે મહાસભાના બંધારણ મુજબ તેનું ધ્યેય સુધારા દ્વારા માત્ર જવાબદાર રાજ્યતંત્ર મેળવવાનું હોઈને તથા ગૃહસ્વરાજ્યનો કંઇ ઉલ્લેખ ન હોઈને આ ઠરાવને કાનૂન બહાર ઠરાવ્યો. તેથી ડો. એની બેસન્ટે મહાસભાથી અલગ સ્વતંત્ર લીગની રચના કરવાનો નિર્ણય કર્યો. પણ મહાસભાના ભાગલા નિવારવાના હેતુથી એવું ઠરાવ્યું કે, હોમરૂલ લીગ બંધારણની રૂપરેખા મહાસમિતિ અન્ય સમિતિઓની મદદથી તા. ૧લી સપ્ટેમ્બર ૧૯૧૬ પહેલાં તૈયાર કરે અને આવતા અધિવેશન સમક્ષ છેવટની વિચારણા માટે રજૂ કરે. પરિણામે ડો. એની બેસન્ટે એક વર્ષ સુધી લીગની સ્થાપના કરવાનું મોકુફ રાખ્યું. જો કે તેનો પ્રચાર તો ચાલુ જ રાખ્યો. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં મવાળવાદીઓનું વર્ચસ્વ હતું. તેમને ભય હતો કે હોમરૂલ લીગની સ્થાપના થશે તો મહાસભા નિર્બળ બનશે અને તેના પરનો અંકુશ નાબૂદ થશે માટે તેમણે નિશ્ચિત તારીખ સુધીમાં લીગનું બંધારણ ઘડવાની કોઈ કાર્યવાહી કરી નહી. તેથી ડો.એની બેસન્ટે સપ્ટેમ્બર ૧૯૧૬માં વિધિસર રીતે હોમરૂલ લીગની સ્થાપના કરી. મુંબઈ, અલ્હાબાદ, કાનપુર, મથુરા, બનારસ, અહમદનગર, કાલિકટ, મદ્રાસ વગેરે શહેરોમાં તેની શાખાઓ ખોલવામાં આવી. ડો. એની બેસન્ટે હોમરૂલ આંદોલન માટે દેશના ઘણા ભાગોમાં પ્રવાસ કર્યો.

## 5.4 હોમરૂલ ચળવળ અને લોકમાન્ય તિલક

માંડલે (બર્મા) ની જેલમાં છ વર્ષની સજા પૂરી કરી લોકમાન્ય તિલક ભારત આવ્યા. તેમણે દેશની પરિસ્થિતિનો અભ્યાસ કર્યો. સ્વરાજ્યની પ્રાપ્તિ માટે મવાળવાદીઓનો સહકાર લેવો પડશે એવા નિષ્કર્ષ પર આવ્યા. તેમણે મુંબઈ, મધ્યપ્રદેશ અને વરાડના રાષ્ટ્રવાદીઓની એક પરિષદ પુના મુકામે તા. ૨૩ ડિસેમ્બર, ૧૯૧૫ ના રોજ બોલાવી. જેમાં તેમણે ભારતની રાજકીય ફરિયાદોના ઉકેલના એકમાત્ર ઉપાય તરીકે હોમરૂલનું સૂચન કર્યું. પરિષદમાં હોમરૂલ લીગની યોજના ઘડવા માટે તિલક, બાપ્ટિસ્ટા અને બેલવી સહિત ૧૫ સભ્યોની એક સમિતિ નીમવામાં આવી. આ સમિતિનો અહેવાલ તા. ૨૭, ૨૮, ૨૯ એપ્રિલ ૧૯૧૬ના રોજ બેલગામ મુકામે મળેલી પરિષદમાં રજૂ કરવામાં આવ્યો. તા. ૨૮મી એપ્રિલ ૧૯૧૬ ના રોજ ઇન્ડિયન હોમરૂલ લીગની ની સ્થાપના કરવામાં આવી. જેના પ્રમુખ તરીકે જોસેફ બાપ્ટિસ્ટા, મંત્રી તરીકે એન.સી. કેલકર તથા સભ્યો તરીકે જી.એસ. ખાપ્ડે, બી. એસ. મુંજે અને આર.પી. કરંદીકરને પસંદ કરવામાં આવ્યા. લોકમાન્ય તિલક એના મુખ્ય સંચાલક હોવા છતાં તેમણે કોઈ હોદ્દો સ્વીકાર્યો નહી. તિલકે લીગની સ્થાપનાની જરૂરિયાત સમજાવતાં પોતાના સાપ્તાહિક ‘મરાઠા’માં લખ્યું હતું કે, ગૃહસ્વરાજ્યનું આંદોલન ચલાવવાનો સમય પૂરેપૂરો પાકી ગયો હતો. ગૃહ સ્વરાજ્ય માટેની બંધારણીય લડતને વધારે વખત સુધી થોભાવી શકાય નહી. માટે યુવાન વર્ગને આ લડત માટે તૈયાર કરવા લીગની સ્થાપના કરવામાં આવી છે. લોકમાન્ય તિલકે મરાઠી સાપ્તાહિક ‘કેસરી’ અને અંગ્રેજી સાપ્તાહિક ‘મરાઠા’માં વારંવાર હોમરૂલ વિશે લેખો લખ્યા. તેમણે સામાન્ય લોકોને સાદી ભાષામાં સરળ દ્રષ્ટાંતો દ્વારા ગૃહ સ્વરાજ્યનો અર્થ સમજાવ્યો. આથી તિલક લોકપ્રિય થયા અને લોકોએ તેમને લોકમાન્ય તરીકે બિરદાવ્યા. ‘સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે અને એ મેળવીને જ હું જંપીશ.’ એવું પ્રસિદ્ધ સૂત્ર તેમણે પ્રજાને આપ્યું.

હોમરૂલ આંદોલનનું સૌથી વધારે શક્તિશાળી માધ્યમ સભામંચ હતું. હોમરૂલના નેતાઓએ આંદોલનના પ્રચાર માટે સભામંચનો વધારે અસરકારક સાધન તરીકે ઉપયોગ ખેડીને હોમરૂલ વિશે રસપ્રદ અને લોકભોગ્ય પ્રવચનો કર્યા. સરકારી હેવાલમાં તેમના પ્રવાસોને ‘વિજયી યાત્રાઓ’ તરીકે, તેને રાજકીય શિક્ષણના કીમતી સાધન તરીકે વર્ણવવામાં આવી છે. જ્યોર્જ એરૂન્ડલે, બી.પી.વાડિયા અને એન.સી.કેલકર જેવા મહત્વના સાથીઓએ પણ પ્રભાવક પ્રવચનો દ્વારા આંદોલનના વિકાસમાં સહાય કરતા હતા.શ્રીમતી એની બેસન્ટ હોમરૂલ વિષયને સંબંધ કર્તા અનેક બાબતોની છણાવટ તેમના પ્રવચનમાં કરતાં. વર્તમાનપત્રોના માધ્યમ દ્વારા પણ હોમરૂલ આંદોલનો પ્રચાર કરવામાં આવ્યો હતો.

હોમરૂલ લીગના નેતાઓ શ્રીમતી એની બેસન્ટ અને લોકમાન્ય તિલકે પોતાના વર્તમાનપત્રો અને સામયિકો 'ન્યુ ઇન્ડિયા', 'ધ કોમનવિલ' 'કેસરી' અને 'મરાઠા' દ્વારા પ્રચાર કર્યો. અમદાવાદ થી પ્રગટ થતા ગુજરાતી સાપ્તાહિક 'પ્રજાબંધુ' માં પણ હોમરૂલને લગતા તંત્રીલેખો, ભાષણો અને સમાચારો પ્રગટ કરવામાં આવતા હતા. સભામંચ, વર્તમાનપત્રો ઉપરાંત પુસ્તકો, પુસ્તિકાઓ, પત્રિકાઓ, ચોપાનિયા વગેરે પ્રકાશિત કરીને હોમરૂલનો વ્યાપક પ્રચાર કરવામાં આવ્યો હતો. આ આંદોલનને આગળ ધપાવવામાં વાંચનાલયો, ગ્રંથાલયો અને અધ્યયન કેન્દ્રોનો પ્રથમવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો. મુંબઈ, મદ્રાસ, દિલ્હી, અમદાવાદ વગેરે શહેરોમાં હોમરૂલના વાંચનાલયો અને ગ્રંથાલયો સ્થાપવામાં આવ્યા હતા. આની સફળતાથી પ્રોત્સાહિત થઈ કસ્બા અને ગામોમાં પણ વાંચનાલયો શરૂ કરવામાં આવ્યા હતા. હોમરૂલનો પ્રચાર સરઘસો અને હોમરૂલ દિનની ઉજવણી દ્વારા પણ કરવામાં આવતો હતો.

## 5.5 લોકમાન્ય તિલક અને એની બેસન્ટની હોમરૂલ લીગનું સંયુક્ત કાર્ય

લોકમાન્ય તિલક અને એની બેસન્ટની વચ્ચે એવી સમજૂતી થઈ હતી કે તિલકની લીગે પોતાનો કાર્યપ્રદેશ મુંબઈ અને મધ્યપ્રદેશ પૂરતો રાખવો. એની બેસન્ટની લીગે મુંબઈ અને મધ્યપ્રદેશ સિવાયના હિંદના પ્રદેશોમાં પોતાની પ્રવૃત્તિ કરવી. આમ છતાં જરૂરિયાત પ્રમાણે બંને લીગ સાથે મળીને પણ કાર્ય કરતી. ડિસેમ્બર ૧૯૯૬ના મહાસભાના લખનૌ અધિવેશનમાં હાજર રહેલા તિલકને અજોડ સન્માન આપવામાં આવ્યુ. આ અધિવેશન પછી તિલક અને એની બેસન્ટે હિંદના ઘણા ભાગોનો પ્રવાસ કર્યો અને હોમરૂલનો જોરદાર પ્રચાર કર્યો.

આ આંદોલનના મુખ્ય બે લક્ષણો હતા. (૧) સ્ત્રીઓએ આ આંદોલનમાં મોટા પ્રમાણમાં સાથ આપ્યો. અને (૨) તેને ધાર્મિક સ્વરૂપ આપવામાં આવ્યું. સ્ત્રીઓએ આગેકૂચ કરીને આંદોલનને નવું બળ આપ્યું. મંદિરોના સાધુઓ અને અન્ય સંન્યાસીઓએ પણ પ્રાર્થના અને પ્રચાર દ્વારા લડતને નવું જોમ આપ્યું. આ ઉપરાંત લીગે ભાષાના ધોરણે કરેલી પ્રાંતિક સમિતિઓની રચનાએ પણ સ્થાનિક લોકોને લડતમાં જોડાવાનું પ્રોત્સાહન આપ્યું.

## 5.6 સરકારના દમનકારી પગલાં

આ આંદોલનને દબાવી દેવા માટે સરકારે એનીબેસન્ટ અને લોકમાન્ય તિલક સામે કડક પગલાં ભરવાનું નક્કી કર્યું. જુલાઈ, ૧૯૧૬માં કરેલા કહેવાતા રાજદ્રોહી પ્રવચન માટે તિલક પાસેની સરકારે વીસ હજાર રૂપિયાના જામીનની માંગણી કરી.

આની સામે તિલકે અદાલતમાં સરકારને પડકાર ફેંક્યો. અદાલતે તેમને નિર્દોષ જાહેર કર્યા. તેથી તિલકની પ્રતિષ્ઠા અને લોકપ્રિયતામાં વધારો થયો. ઈ.સ.૧૯૧૦ના ઇન્ડિયન પ્રેસ એક્ટ 'ન્યુ ઇન્ડિયા'ના સમાચાર લાગુ કર્યો. તા. ૨૬મી મે,૧૯૧૬ના રોજ સરકારે એની બેસન્ટને ન્યુ ઇન્ડિયા પ્રિન્ટિંગ વર્ક્સના સંબંધમાં નોટિસ આપી રૂપિયા બે હજાર માંગ્યા. જે તા.૨૫ ઓગસ્ટ, ૧૯૧૬ ના રોજ જપ્ત કરવામાં આવ્યા. ત્યારબાદ તેમની પાસે રૂપિયા દસ હજાર ના નવા જામીન માંગવામાં આવ્યા. એની બેસન્ટે સરકારના આ ર્નિણયને અદાલતમાં પડકાર્યો. મદ્રાસ સરકારે તા.૧૯ જૂન, ૧૯૧૭ ના રોજ એની બેસન્ટને નજરકેદ કરવાનો આદેશ કર્યો. એની બેસન્ટના બે સાથીદારો જી.એસ.એરૂન્ડેલ અને વી.પી.વાડિલને પણ નજર કેદ કર્યા. સરકારની આ દમનકારી કાર્યવાહીથી સમગ્ર દેશમાં રોષ વ્યાપ્યો. હોમરૂલ આંદોલન વધારે વિસ્તયુ઼ જેનાથી હોમરૂલ લીગની સભ્ય સંખ્યામાં વધારો થયો. એની બેસન્ટની નજરકેદ પછી અગ્રણી રાજકારણીઓ હોમરૂલ લીગમાં જોડાયા અને નેતૃત્વ સંભાળ્યું. આવા રાજકારણીઓમાં મહમદ અલી ઝીણા, તેજ બહાદુર સપ્રુ, મોતીલાલ નેહરુ, સી. વાય.ચિંતામણી, સી.આર.દાસના નામો ખાસ નોંધનીય છે. આખરે બ્રિટિશ સરકારે તા.૧૮મી સપ્ટેમ્બર ૧૯૧૭ના રોજ એની બેસન્ટને નજરકેદથી મુક્ત કર્યા.જોડાવાનું પ્રોત્સાહન આપ્યું.

## 5.7 ગુજરાતમાં હોમરૂલ આંદોલન

ગુજરાતમાં હોમરૂલ આંદોલન દરમિયાન અપૂર્વ અને આશ્ચર્યજનક જાગૃતિ લોકોમાં ફેલાઈ હતી. ગુજરાતના શહેરો અને ગામોમાં હોમરૂલ લીગની ૯૦ થી વધારે શાખાઓ સ્થાપવામાં આવી હતી. હોમરૂલ લીગના કાર્યમાં ગુજરાતના જુદા જુદા જિલ્લાઓના આગેવાનો ઉત્સાહપૂર્વક ભાગ લેતા હતા. અમદાવાદ જિલ્લામાં મગનભાઈ ચતુરભાઈ પટેલ તથા અનસુયાબેન સારાભાઈ, ખેડા જિલ્લામાં ફુલચંદ બાપુજી શાહ અને માધવલાલ નભુભાઈ દ્વિવેદી, સુરત જિલ્લામાં હરિભાઈ અમીન અને પંચમહાલ જિલ્લામાં વામનરાવ સીતારામ મુકાદમે હોમરૂલના પ્રચારનું તથા શાખાઓ સ્થાપવાનું કાર્ય ઉપાડી લીધું હતું. સભાઓમાં ગાંધીજી, જમનાદાસ દ્વારકાદાસ, ઈન્દુલાલ યાજ્ઞિક, કનૈયાલાલ માણેકલાલ મુનશી, બી.જી.હોર્નિમેન જેવા નામાંકિત નેતાઓએ ભાષણો કર્યા હતા. એની બેસન્ટની ધરપકટ થઈ ત્યારે તેનો વિરોધ કરવા અમદાવાદમાં ગાંધીજીના પ્રમુખ પદે સભા થઈ હતી. એમાં દસ હજાર માણસોએ હાજરી આપી. ડો. હરિપ્રસાદ, મગનભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ, અનસુયાબેન વગેરેએ પ્રવચનો કર્યા હતા. એની બેસન્ટની મુક્તિ માટે સુરત,

ભરૂચ, નડિયાદ, આણંદ, ઉમરેઠ, દાહોદ, ગોધરા, અબ્રામા, કછોલી, જંબુસર, આમોદ, ચિખોદરા, ચકલાસી વગેરે સ્થળોએ સભા થઈ હતી. એની બેસન્ટની મુક્તિ બાદ ગુજરાતના અનેક ગામોમાં આંદોલનને વેગ મળ્યો. એની બેસન્ટ અને તેમના સાથીઓના પ્રોત્સાહન દ્વારા મહિલાઓમાં વ્યાપક પ્રમાણમાં જાગૃતિ આવી હતી. અમદાવાદમાં હોમરૂલ લીગની મહિલાઓની શાખા સ્થાપવામાં આવી હતી. તેનું કાર્યાલય ખાડિયામાં શરૂ કરવામાં આવ્યું. તેમાં કુલ ૪૦ સભ્યો નોંધવામાં આવ્યા હતા. આ શાખાના પ્રમુખ તરીકે સરલાદેવી અંબાલાલ સારાભાઈ, મંત્રીઓ તરીકે ધનલક્ષ્મી કૃષ્ણાલાલ દેસાઈ અને અનસુયાબેન સારાભાઈની વરણી કરવામાં આવી હતી. હોમરૂલ આંદોલન દરમિયાન ગુજરાતી ભાષામાં પણ લેખમાળા, પત્રિકાઓ અને પુસ્તિકાઓ પ્રગટ કરવામાં આવી હતી. સ્વરાજ્ય શા માટે ?, મિસિસ બેસન્ટનો સંદેશ, મિસિસ બેસન્ટનું ભાષણ, હોમરૂલરે શું જાણવું જોઈએ ?, લોકશાસન વગેરે શીર્ષક નીચે લેખમાળાઓ અને કેળવણી અને સ્વરાજ્ય, પાર્લામેન્ટમાં હિંદ, સામ્રાજ્યમાં સ્વરાજ્ય શા માટે ?,મિસિસ બેસન્ટનો સંદેશો, હિંદની ગરીબાઈ નામની પત્રિકાઓ ઉપરાંત લોકમાન્ય તિલકનાં 'સ્વરાજ્ય પરનાં વ્યાખ્યાનો', ઈન્દુલાલ યાજ્ઞિક લિખિત 'સ્વરાજ્ય શા માટે ?', પંડિત મદનમોહન માલવિયા લેખિત 'સ્વરાજ્ય સંદેશ', મજુમદાર બંકિમ ચરણ લિખિત 'હિન્દી રાષ્ટ્રનું ધ્યેય' પુસ્તિકાઓ પ્રગટ કરવામાં આવી હતી.

## 5.8 વિદેશમાં હોમરૂલ આંદોલન

હોમરૂલ આંદોલનના પ્રત્યાઘાતો વિદેશમાં પણ પડ્યા. તિલક અને એની બેસન્ટે વિદેશોમાં વસતા હિંદીઓ અને વિદેશોની લોકશાહી સરકારને ભારતના આ આંદોલનમાં સાથ આપવાની અપીલ કરી હતી. તેની પણ અસર થઈ. પ્રસિદ્ધ ક્રાંતિકારી નેતા હરદયાલે ગૃહસ્વરાજ્યના આંદોલનને ટેકો આપતો પત્ર પાઠવ્યો અને વિદેશોમાં તેનો પ્રચાર કર્યો.

મદ્રાસની હોમરૂલ લીગના પ્રમુખ તરીકે સુબ્રમણ્યમ આય્યરે તા.૨૪મી જુન, ૧૯૧૭ ના રોજ અમેરિકાના પ્રમુખ વુડ્રો વિલ્સનને એક પત્ર લખી બ્રિટનની હિંદ તરફની અન્યાયી, દમનકારી અને શોષણયુક્ત નીતિનો ખ્યાલ આપ્યો હતો. અને હિંદ પર વિદેશી સરકારે નાખેલા આકરા કરવેરા તથા અપનાવેલી દમનકારી વિગતો પણ આપી હતી. આ પત્ર લખવા બદલ આય્યરને મોન્ટેગ્યુએ હિંદ સરકાર તરફથી ગંભીર ચેતવણી પણ આપી હતી. આના વિરોધમાં સુબ્રમણ્યમ આય્યરે સરકારી ઈલ્કાબો ત્યજી દીધા હતા. આ પત્રને અમેરિકાના અખબારોએ પ્રસિદ્ધ કરી હિંદ પ્રત્યે બ્રિટિશ સરકારની આપખુદ નીતિની ટીકાઓ કરી. આના પરિણામસ્વરૂપ અમેરિકામાં 'હિંદ હોમરૂલ લીગ'ની સ્થાપના થઈ. અને તેનું મુખ્ય મથક ન્યૂયોર્કમાં

રાખવામાં આવ્યું. અમેરિકાની હોમરૂલ લીગે 'યંગ ઈન્ડિયા' નામનું માસિક શરૂ કર્યું. જેનો પ્રથમ અંક જુલાઈ ૧૯૧૮માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો. આ માસિક ઈંગ્લેન્ડના ખોટા પ્રચારને રદિયો આપવાનું અને હોમરૂલના પ્રચારનું કામ કરતું હતું. લોકમાન્ય તિલકે ૧૯૧૯ની શરૂઆતમાં લાલા લજપતરાય, કે.ડી.શાસ્ત્રી અને એન. એસ. હાડિકરનું બનેલું પ્રતિનિધિ મંડળ અમેરિકામાં મોકલ્યું. આ પ્રતિનિધિ મંડળના પ્રયાસોથી સાનફ્રાન્સિસ્કોમાં લીગ શાખા ખોલવામાં આવી. ડો. હાડિકરે અમેરિકાના ઘણા શહેરોમાં પ્રવાસ કરી સભાઓ અને લેખો દ્વારા હિંદમાંની હોમરૂલની માંગણીનો ખ્યાલ આપ્યો. લંડન પણ હોમરૂલ લીગની શાખા શરૂ કરવામાં આવી હતી. જેણે ઈંગ્લેન્ડમાં સંસદ સભ્યોને હોમરૂલ અંગે સમજૂતી આપી. આના પરિણામે ઉદારમતવાદી (લિબરલ) આગેવાનો અને અખબારોએ હિંદમાં હોમરૂલની તરફેણ કરી. મજુર પક્ષે પણ હોમરૂલની માંગણીને સર્વાનુમતે મંજૂરી આપી. આ ઉપરાંત હોમરૂલને ટેકો આપવા લંડનમાં બ્રિટિશ સંસદ સભ્યોની એક સમિતિ રચવામાં આવી.

## 5.9 મોન્ટેગ્યુની જાહેરાત પછી લોકમાન્ય તિલકે ચાલુ રાખેલું આંદોલન

તા. ૨૮મી જુલાઈ ૧૯૧૭માં મહાસભા તથા મુસ્લિમ લીગની કારોબારીની સંયુક્ત બેઠક મળી. હોમરૂલ લીગે સરકારને હિંદમાંના આખરી ધ્યેયની જાહેરાત કરવા જણાવ્યું. મહાસભા અને મુસ્લિમ લીગની કારોબારી બેઠકે તેના પર ભાર મૂક્યો. કારાવાસી નેતાઓને છોડાવવા અને સરકાર પાસે આખરી ધ્યેયની જાહેરાત કરાવવા સત્યાગ્રહ આંદોલન શરૂ કરવાનું નક્કી કર્યું. પરિણામે સરકાર ભીસમાં મુકાઈ. હિંદી વજીર ઇ.એસ.મોન્ટેગ્યુએ તા. ૨૦મી ઓગસ્ટ, ૧૯૧૭ ના રોજ ઐતિહાસિક જાહેરાત કરી કે બ્રિટિશ સરકાર હિંદમાં ક્રમે ક્રમે વહીવટી સુધારા દાખલ કરીને અંતે 'જવાબદાર રાજયતંત્ર' આપશે. આ જાહેરાત પછી સરકારે એની બેસન્ટ તથા રાજકીય કેદીઓને મુક્ત કર્યા. એની બેસન્ટે આ જાહેરાતનો સ્વીકાર કરી લઈને આંદોલન પાછું ખેંચ્યું. જ્યારે લોકમાન્ય તિલકને ખાતરી થઈ હતી કે આંદોલનને પરિણામે સરકારને હિંદને સુધારા તથા જવાબદાર રાજયતંત્ર આપવાની જાહેરાત કરવાની ફરજ પડી હતી. તેથી સરકાર પાસે નક્કર સુધારા મેળવવા માટે આ આંદોલન ચાલુ રાખવું આવશ્યક હતું. આ આંદોલનને તેમણે સામાન્ય લોકો સુધી લઈ જવાનું નક્કી કર્યું. જોકે તેનું કાર્યક્ષેત્ર મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ પૂરતું મર્યાદિત રાખ્યું. તેમણે ચાલુ રાખેલા આંદોલનમાં મુસ્લિમ નેતાઓ - મહમદ અલી ઝીણા અને અલી ભાઈઓ પણ જોડાયા હતા. મોન્ટેગ્યુ હિંદમાં આવ્યા ત્યારે તા.૨૭મી નવેમ્બર, ૧૯૧૭ના રોજ લોકમાન્ય તિલકને મુલાકાત આપી. તિલકે સ્પષ્ટ જણાવ્યું કે હોમરૂલથી ઓછું કંઈ પણ સ્વીકારવાના નથી.

એની બેસન્ટે હોમરૂલ આંદોલન વિશાળ પાયા પર ચલાવ્યું. તેને લીધે ૧૯૧૭ ના ડિસેમ્બરમાં યોજાનાર કલકત્તા અધિવેશનના પ્રમુખ તરીકે તેમની પસંદગી થઈ. મહાસભાના ઈતિહાસમાં તેઓ સૌ પ્રથમ મહિલા પ્રમુખ હતા. તેમણે પ્રમુખપદે કરેલા પ્રવચનમાં જણાવ્યું કે, અંગ્રેજ સરકારે ૧૯૨૩ માં અને મોડામાં મોડું ૧૯૨૮ સુધીમાં હિંદને સ્વરાજ્ય આપી દેવું જોઈએ. તેમણે તિલકના સૂત્રનો પુનરોચ્ચાર કહ્યું કે, સ્વાતંત્ર્ય એ દરેક પ્રજાજનનો જન્મ સિદ્ધ હક છે. માટે હિંદને સ્વરાજ્ય મળવું જોઈએ. જો ઈગ્લેન્ડ વિશ્વની પ્રજાઓની મુક્તિ માટે વિશ્વયુદ્ધ લડવાનો દાવો કરતું હોય તો આવી મુક્તિ તેણે હિંદની પ્રજાને આપવી જ જોઈએ. આ અધિવેશનમાં ૪૦૦ સ્ત્રીઓ સહિત ૫૦૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ અધિવેશને વિનમ્રવાદી નેતાઓને રહી સહી અસર ભૂસી નાંખી. આ અધિવેશને અને આંદોલનની વ્યાપકતા અને લોકપ્રિયતા સાબિત કરી હતી.

## 5.10 હોમરૂલ આંદોલનનું મહત્વ

હોમરૂલ આંદોલન ટૂંકા સમયનું રાજકીય આંદોલન હતું. તેણે ભારતની રાષ્ટ્રીય ચળવળની પ્રગતિ પર નોંધપાત્ર પ્રભાવ પાડ્યો હતો. આંદોલનથી દેશમાં વ્યાપક પ્રમાણમાં રાજકીય જાગૃતિ આવી. બ્રિટિશ સામ્રાજ્યમાં રહીને જવાબદાર સરકાર મેળવવાના ચોક્કસ આદર્શ પ્રત્યે લોકોનું ધ્યાન કેન્દ્રિત થયું. આ લડતને પરિણામે હિંદના રાજકારણમાંથી વિનમ્ર નેતાગીરી લગભગ અદ્રશ્ય થઈ. અને ઉદ્દામવાદી પરિબળો દેશમાં ફેલાયા. આ લડતે હિન્દુ- મુસ્લિમ એકતાને જાળવી રાખીને વધારે દ્રઢ બનાવી. તિલકના મંતવ્ય પ્રમાણે અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવા માટે હિંદુઓ અને મુસ્લિમોની એકતાની જરૂર હતી. મુસ્લિમ નેતાઓ અને મુસ્લિમો મોટી સંખ્યામાં આ આંદોલનમાં જોડાયા. જે હોમરૂલ લીગની એક મહત્વની સિદ્ધિ ગણાવી શકાય. હોમરૂલ આંદોલનને સફળ બનાવવા માટે અહિંસક સત્યાગ્રહનો વિચાર સૌપ્રથમ તિલકે લેખ રજૂ કર્યો. હોમરૂલ લીગ અને હોમરૂલને લીધે જ સરકારને હિંદમાંના તેના અંતિમ ધ્યેયની જાહેરાત કરવી પડી. તથા મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા આપવા પડ્યા. આ આંદોલને ગાંધીયુગના આંદોલનને માર્ગદર્શન પૂરું પાડ્યું. આ આંદોલનના પરિણામે અખબારો અને સામાયિકોના પ્રકાશનમાં નોંધપાત્ર પ્રગતિ થઈ. ભારતના પત્રકારત્વના વિકાસમાં એની બેસન્ટ અને લોકમાન્ય તિલકનું પ્રદાન નોંધપાત્ર હતું. લોકમાન્ય તિલક અને તેમની હોમરૂલ લીગે નિસ્વાર્થ, નીડર, ત્યાગી અને ઉમદા રાષ્ટ્ર ભક્ત અને રાષ્ટ્રભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું. જેનો ગાંધીયુગમાં સારો વિકાસ થયો.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

**1.** હોમરૂલનો અર્થ અને હોમરૂલ આંદોલનનો ઉદ્દેશ્ય જણાવો.
**2.** હોમરૂલ આંદોલનમાં એની બેસન્ટનું પ્રદાન આલેખો.
**3.** લોકમાન્ય તિલકનું હોમરૂલ આંદોલનમાં યોગદાન જણાવો.
**4.** હોમરૂલ આંદોલનની ગુજરાતમાં થયેલી અસરોની ચર્ચા કરો.
**5.** વિદેશમાં થયેલા હોમરૂલ આંદોલન વિશે દસ વાક્યો લખો.
**6.** હોમરૂલ આંદોલનનું મહત્વ સમજાવો.

________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(1) હોમરૂલ આંદોલનની શરૂઆત_________ માં થઈ હતી.
(2) હોમરૂલ મેળવવા માટે શ્યામજી કૃષ્ણ વર્માએ ઇ.સ. _________ માં ઈંગ્લેન્ડમાં આંદોલન કર્યું હતું.
(3) એની બેસન્ટનો જન્મ_________ થયો હતો.
(4) કર્નલ આલ્કોટના અવસાન પછી એની બેસન્ટ _________ ના પ્રમુખ બન્યા.
(5) એની બેસન્ટે _________ સાપ્તાહિક શરૂ કર્યું.
(6) એની બેસન્ટે _________ નામનું અંગ્રેજી ભાષાનું દૈનિક શરૂ કર્યું.
(7) એની બેસન્ટે ઇ.સ. _________ માં હોમરૂલ લીગની સ્થાપના કરી.
(8) લોકમાન્ય તિલકે ડિસેમ્બર ૧૯૧૫ માં _________ મુકામે એક પરિષદ બોલાવી.
(9) એપ્રિલ, ૧૯૧૬ માં _________ ની સ્થાપના કરવામાં આવી.
(10) લોકમાન્ય તિલકે _________ માં હોમરૂલ વિશે લેખો લખ્યાં.

(11) ‘સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને એ મેળવીને જ હું જંપીશ.’ રૂા પ્રસિદ્ધ સૂત્ર _________ આપ્યું.

(12) ગુજરાતી સાપ્તાહિક _________ માં હોમરૂલને લગતા લેખો પ્રગટ કરવામાં આવતાં હતાં.

(13) _________માં એની બેસન્ટ ની નજરકેદ કરવામાં આવ્યા.

(14) _________ માં હોમરૂલ લીગની મહિલાઓની શાખાની સ્થાપના કરવામાં આવી હતી.

(15) અમદાવાદની હોમરૂલ લીગની મહિલાઓની શાખાના પ્રમુખ _________ હતાં.

(16) મદ્રાસની હોમરૂલ લીગના પ્રમુખ સુબ્રમણ્યમે _________ ના પ્રમુખ વુડ્રો વિલ્સનને પત્ર લખ્યો હતો.

(17) અમેરિકામાં _________ ની સ્થાપના થઈ હતી.

(18) અમેરિકાની હોમરૂલ લીગે _________ નામનું માસિક શરૂ કર્યું હતું.

(19) હિંદી વજીર ઇ.એસ.મોન્ટેગ્યુએ_________ માં ઐતિહાસિક જાહેરાત કરી.

(20) મહાસભાના સૌ પ્રથમ મહિલા પ્રમુખ __________ હતાં.

## 5.11 ખિલાફત આંદોલન

કેટલાક વચનો આપ્યા હતા અને એના ઉપર વિશ્વાસ રાખીને હિંદના મુસ્લિમ સૈનિકો તુર્કસ્તાનના વિરુદ્ધ લડવા ગયા હતા. તુર્કસ્તાનનો સુલતાન સમગ્ર મુસ્લિમ જગતના ઈસ્લામ ધર્મનો ખલીફા હતો. પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મની સાથે તુર્કસ્તાનનો પરાજય થયો. એટલે એના સામ્રાજ્યનું વિસર્જન થયું. વિશ્વયુદ્ધ પછી થયેલી સંધિ મુજબ થ્રેસ ગ્રીસને આપી દેવામાં આવ્યું. અને તુર્કસ્તાનના એશિયાના પ્રદેશના મેન્ડેટના બહાનાં નીચે ઈંગ્લેન્ડ અને ફ્રાન્સે વહેંચી લીધા. આ ઉપરાંત તુર્કસ્તાનનો વહીવટ કરવાની ત્યાંના ખલીફાની સત્તા છીનવી લઈ મિત્ર રાષ્ટ્રો દ્વારા નિમાયેલા એક કમિશનને સોંપવામાં આવી. તુર્કસ્તાનને અપાયેલી આ કડક શરતો સામે હિંદના મુસ્લિમોમાં ભારે વિરોધ જાગ્યો. તેમણે ખલીફાના પદ અને ગૌરવનું રક્ષણ કરવા ખિલાફત ચળવળ શરૂ કરવાનું નક્કી કર્યું.

## 5.12 ખિલાફત પરિષદ અને પ્રતિનિધિ મંડળ

બ્રિટિશ સરકારની તુર્કસ્તાન સંબંધી નીતિમાં દબાવ દ્વારા પરિવર્તન લાવવા માટે એક ખિલાફત સમિતિની રચના કરવામાં આવી. ગાંધીજીને હિંદુઓ અને મુસ્લિમોને એકતામાં બાંધવાની અમૂલ્ય તકના દર્શન થયા. તેમણે આગેવાની લીધી. તા. ૨૪ મી નવેમ્બર ૧૯૧૯ ના રોજ દિલ્હીમાં અખિલ ભારતીય ખિલાફત પરિષદ

ગાંધીજીના પ્રમુખ પદે મળી. જેમાં બ્રિટન તુર્કસ્તાન સાથે ન્યાય નહી કરે તો બહિષ્કાર અને અસહકારનું આંદોલન શરૂ કરવામાં આવશે તેવી ચેતવણી ઉચ્ચારવામાં આવી. ડિસેમ્બર ૧૯૧૯ માં અમૃતસર મુકામે મોતીલાલ નહેરુ ના પ્રમુખપદે મળેલા મહાસભાના વાર્ષિક અધિવેશનમાં ખિલાફતના પ્રશ્નને સાથ આપવા માટે ઠરાવ પસાર કરવામાં આવ્યો. ખિલાફત પરિષદનું એક પ્રતિનિધિ મંડળ ડો. એમ.એ.અન્સારી પ્રમુખ પદે તા. ૧૯મી જાન્યુઆરી ૧૯૨૦ના રોજ વાઈસરોયને મળ્યું. તુર્કી સામ્રાજ્ય અને ખલીફા પદની જાળવણીને લગતું એક આવેદનપત્ર સુપ્રત કર્યું. વાઇસરૉય ચેમ્સફર્ડનો પ્રત્યુત્તર નિરાશાજનક લાગતાં બીજું એક પ્રતિનિધિમંડળ ઈંગ્લેન્ડ મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. જે મુજબ મહંમદ અલીના નેતૃત્વ નીચે પ્રતિનિધિ મંડળ તા.૧૭મી માર્ચ ૧૯૨૦ ના રોજ ઈંગ્લેન્ડના વડાપ્રધાન લોઇડ જ્યોર્જેને મળ્યું. પરંતુ પ્રતિનિધિ મંડળની માંગણીનો સ્વીકાર કર્યો નહીં. તેથી તા. ૧૯મી માર્ચ ૧૯૨૦નો દિવસ પ્રાર્થના, ઉપવાસ તથા હડતાલ દ્વારા વિરોધ દિવસ તરીકે મનાવવામાં આવ્યો.

## 5.13 અસહકાર અને સેવ્રેની સંધિ

વિશ્વયુદ્ધ પછી સંધિની કડક શરતોમાં કોઈ ફેરફાર થશે નહી એમાં જણાતા ગાંધીજીએ અસહકારની લડત શરૂ કરવાની અને તેની આગેવાની લેવાની જાહેરાત કરી. તા.૧૦મી માર્ચ ૧૯૨૦ ના રોજ એમનું નિવેદન અસહકારના સિદ્ધાંતને સ્પષ્ટ કરતું હતું. તુર્કસ્તાન સાથે આખરી સંધિની શરતો તા. ૧૪મી મે ૧૯૨૦ ના રોજ જાહેર થઈ. તા. ૨૮મી મે ૧૯૨૦ના રોજ મુંબઈમાં અખિલ હિંદ ખિલાફત પરિષદની બીજી બેઠક મળી. જેમાં ગાંધીજીના માર્ગદર્શન નીચે સરકાર સામે અસહકારનું આંદોલન કરવાનો નિર્ણય લીધો. આ અરસામાં પંજાબમાં તોફાનો અંગે હંટર કમિટીનો રિપોર્ટ તા. ૨૮મી મે ૧૯૨૦ના રોજ પ્રસિદ્ધ થયો. જેનાથી દેશમાં નિરાશા વ્યાપી અને અસંતોષ વધ્યો. તા. ૩૦મી મે ૧૯૨૦ના રોજ બનારસમાં મહાસભાની કારોબારી સમિતિએ હંટર કમિટીના અહેવાલ અને સેવ્રેની સંધિની શરતો સામે અણગમો વ્યક્ત કરતો ઠરાવ પસાર કર્યો. ખિલાફત અંગે અસહકારની લડત શરૂ કરવાના પ્રશ્ને તા. ૨જી જૂન ૧૯૨૦ ના રોજ અલ્હાબાદમાં બધા પક્ષોની એક બેઠક બોલાવી. જેમાં અસહકારનો કાર્યક્રમ નક્કી કરવા માટે ગાંધીજીના પ્રમુખ પદે છ મુસ્લિમ આગેવાનો સહિત સાત સભ્યોની એક સમિતિ નીમવામાં આવી. એમાં સમિતિએ નક્કી કરેલા કાર્યક્રમમાં શાળાઓ, કોલેજો અને કોર્ટોના બહિષ્કારનો સમાવેશ થતો હતો. આ અરસામાં ૯૦ મુસ્લિમ આગેવાનોની સહીઓ સાથેનો એક પત્ર વાઇસરૉયને મોકલવામાં આવ્યો. જેમાં તુર્કસ્તાનને થયેલો અન્યાય વહેલી તકે દૂર કરવાના પગલાં લેવાશે નહી તો સરકાર સામે અસહકારનું આંદોલન શરૂ કરવાની

સરકારને જાણ કરવામાં આવી. ગાંધીજીએ પણ વાઈસરોયને લખેલા આવા પત્રનો સંતોષકારક પ્રત્યુતર ન મળતાં ખિલાફત સમિતિની પેટા સમિતિએ તા. ૧લી ઓગસ્ટ ૧૯૨૦ ના રોજ અસહકારની લડતનું એલાન આપ્યું. આ દિવસે હડતાળ તથા વિદેશી વસ્તુઓ, સરકારી નોકરીઓ અને હોદ્દાઓનો બહિષ્કાર થયો. કેટલાક ધારાસભ્યોએ રાજીનામાં આપ્યાં. ગાંધીજીએ યુદ્ધ સેવાઓ માટે સરકાર તરફથી પોતાને મળેલા બધા જ માનચાંદ અને ખિતાબ પાછા મોકલી આપી અસહકારના કાર્યર્ક્રમની શરૂઆત કરી. અસહકારની લડતનો પ્રચાર કરવા ગાંધીજી અને અલી ભાઈઓએ સમગ્ર દેશનો પ્રવાસ કર્યો. તા. ૮મી અને ૯મી સપ્ટેમ્બર ૧૯૨૦ના રોજ કલકત્તામાં મહાસભાનું ખાસ અધિવેશન લાલા લજપતરાયના પ્રમુખ પદે મળ્યું. જેમાં રજૂ થયેલા ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે, સરકારે ખિલાફત અંગે મુસ્લિમોની લાગણીને દુભાવી છે. તથા પંજાબમાં દમન અંગે જવાબદાર અધિકારીઓને નિર્દોષ ઠરાવ્યા છે. તેથી હિંદના લોકો માટે સ્વરાજ્યની સ્થાપના સિવાય બીજો કોઈ માર્ગ રહેતો નથી. પરંતુ સ્વરાજ ના સ્થપાય ત્યાં સુધી પ્રજાએ સરકાર સામે ક્રમે ક્રમે વધતા અહિંસક અસહકારની નીતિ અપનાવવી જોઈએ. આમ પંજાબના અત્યાચારો સામે ન્યાય મેળવવાનો અને સ્વરાજ પ્રાપ્તિનો પ્રશ્ન પણ ખિલાફત આંદોલન સાથે જોડી દેવામાં આવ્યો. ડિસેમ્બર ૧૯૨૦માં મહાસભાનું વાર્ષિક અધિવેશન નાગપુરમાં મળ્યું. જેમાં કલકત્તા કોંગ્રેસનો ઠરાવ બહુમતીથી પસાર થયો. અને અસહકારનું આંદોલન શરૂ કરવામાં આવ્યું.

## 5.14 કરાંચી - ખિલાફત પરિષદ

તા.૮મી જુલાઈ ૧૯૨૧માં કરાંચી મુકામે મૌલાના મહમદ અલીના પ્રમુખ પદે ખિલાફત પરિષદ મળી. આ પરિષદમાં મહમદ અલીએ સરકાર વિરુદ્ધ કડક ભાષણ કર્યું. જે પછીથી 'કરાંચી પ્રવચન' તરીકે પ્રસિદ્ધ બન્યું. આ પ્રવચન માટે તેમની વિરુદ્ધ કામ ચલાવવાનું નક્કી કર્યું. બંને અલી ભાઈઓની ધરપકડ કરવામાં આવી. તેથી ગાંધીજી ગુસ્સે થયા. તેમણે ત્રિચિનોપલ્લીની જાહેર સભામાં એ પ્રવચનનું વાંચન કર્યું. મહાસભાએ સમગ્ર દેશમાં એ પ્રવચન સભાઓમાં વાંચવાનો આદેશ આપ્યો. અલી ભાઈઓ ગાંધીજીના નિકટના સાથીઓ હતા.

## 5.15 આંદોલનનો અંત

ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા મુકામે હિંસક બનાવ બનતાં ગાંધીજીએ તા. ૧૧ મી ફેબ્રુઆરી ૧૯૨૨ માં બારડોલીમાં બોલાવેલી મહાસભાની કારોબારીમાં આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. જે તા.૨૪મી ફેબ્રુઆરી ૧૯૨૨માં દિલ્હીમાં મળેલી મહાસભાની મહાસમિતિએ બહાલી આપી. અસહકાર આંદોલન આકસ્મિક રીતે સ્થગિત થવાના કારણે ખિલાફતના મુદ્દાનો પણ અંત આવ્યો.

તુર્કસ્તાનમાં કમાલ પાશાએ પોતાની સત્તા સ્થાપી. એમણે નવેમ્બર, ૧૯૨૨ માં તુર્કસ્તાનને લોકશાહી રાજ્ય જાહેર કર્યું. સુલતાન પદ અને ખલીફા પદ બંને રદ કર્યા. તથા તુર્કસ્તાનને બિનસાંપ્રદાયિક રાજ્ય જાહેર કર્યું. આથી ખિલાફતનો કોઈ પ્રશ્ન રહ્યો નહીં. આની અસર ભારતના ખિલાફત આંદોલન પર પડી અને આંદોલનનો અંત આવ્યો.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

1. કયા કારણોસર ખિલાફત આંદોલન થયું ?
2. ખિલાફત પરિષદના પ્રતિનિધિ મંડળોની માહિતી આપો.
3. ખિલાફત ચળવળ અંગે અસહકાર વિશે જણાવો.
4. કરાંચી ખિલાફત પરિષદ પર નોંધ લખો.
5. કમાલ પાશા વિશે ચાર વાક્યો લખો.

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

**(બ) જોડકા જોડો.**

| **વિભાગ અ** | **વિભાગ બ** |
|---|---|
| (1) ઈંગ્લેન્ડ | (અ) મહાસભાનું વાર્ષિક અધિવેશન |
| (2) પ્રથમ વિશ્વયુદ્ધ | (બ)અખિલ ભારતીય ખિલાફત પરિષદ |
| (3) દિલ્હી | (ક) જર્મનીનો પરાજય |
| (4) મોતીલાલ નહેરુ | (ડ) લોઇડ જ્યોર્જ |

(ક) **ખાલી જગ્યા પૂરો.**

(1) દિલ્હીમાં અખિલ ભારતીય ખિલાફત પરિષદ__________ના પ્રમુખ પદે મળી.

(2) ડો. અન્સારીના પ્રમુખ પદે એક પ્રતિનિધિમંડળ ……… ને મળ્યું.

(3) _________ ના નેતૃત્વ નીચે પ્રતિનિધિ મંડળ ઈગ્લેન્ડના વડાપ્રધાનને મળ્યું.

(4) તા.૧૯ મી માર્ચ ૧૯૨૦નો દિવસ ……… તરીકે મનાવવામાં આવ્યો.

(5) __________ માં અખિલ ભારતીય ખિલાફત પરિષદની બીજી બેઠક મળી.

(6) હંટર કમિટીનો રિપોર્ટ ________નના રોજ પ્રસિદ્ધ થયો.

(7) તા.૨જી જૂન ૧૯૨૦ના રોજ અલ્હાબાદમાં _______નની બેઠક બોલાવી.

(8) અસહકારની લડતનો પ્રચાર કરવા ગાંધીજી અને _______એ દેશનો પ્રવાસ કર્યો.

(9) ________માં મહાસભાનું અધિવેશન લાલા લજપતરાયના પ્રમુખ પદે મળ્યું.

(10) __________ તરીકે પ્રસિદ્ધ થયેલું ભાષણ મહમદ અલીએ કર્યું હતું.

## 5.16. સારાંશ

વિદ્યાર્થી મિત્રો, યુનિટમાં આપણે ગાંધીજીના આગમન પૂર્વેની ચળવળો - હોમરૂલ આંદોલન અને ખિલાફત આંદોલનનો વિગતે અભ્યાસ કર્યો. હોમરૂલ આંદોલનને ગાંધીયુગના આંદોલનને માર્ગદર્શન પૂરું પાડ્યું. ખિલાફત આંદોલનને ભારતના મુસલમાનોમાં જાગૃતિ આણી. અને તેમને સંગઠિત કરવાનું કાર્ય કર્યું.

## 5.17. ચાવીરૂપ શબ્દો

- **મેન્ડેટ (mandate)** - પ્રદેશના શાસનનો અધિકાર
- **મિત્ર રાષ્ટ્રો** - ઈગ્લેન્ડ, ફ્રાન્સ, ઇટાલી, અમેરિકા, રશિયા વગેરે રાષ્ટ્રો
- **કમાલ પાશા** - રાષ્ટ્રવાદી નેતા મુસ્તફા કમાલ પાશા
- **સેવ્રે ( sevres ) ની સંધિ** - તુર્કસ્તાન સાથે કરવામાં આવેલી સંધિ

## 5.18. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

➢ **તમારી પ્રગતિ ચકાસો. - 1**

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(૧) આયર્લેન્ડ (૨) ઇ.સ. ૧૯૦૫ (૩) લંડન (૪) થિયોસોફિકલ સોસાયટી (૫) ધ કોમનવિલ (૬) ન્યુ ઈંડિયા (૭) ઇ.સ. ૧૯૧૬ (૮) પૂના (૯) ઈંડિયન હોમરૂલ લીગ (૧૦) કેસરી અને મરાઠા (૧૧) લોકમાન્ય તિલકે (૧૨) પ્રજાબંધુ (૧૩) જૂન ૧૯૧૭ (૧૪) અમદાવાદ (૧૫) સરલાદેવી અંબાલાલ સારાભાઈ (૧૬) અમેરિકા (૧૭) હિંદ હોમરૂલ લીગ (૧૮) યંગ ઇન્ડિયા (૧૯) ઓગસ્ટ ૧૯૧૭ (૨૦) એની બેસન્ટ

➢ **તમારી પ્રગતિ ચકાસો. - 2**

**(બ) જોડકા જોડો. (1- ડ), (2 - ક), (3 - બ) (4 - અ )**

**(ક) ખાલી જગ્યા પૂરો.**

(૧) ગાંધીજી (૨) વાઈસરોય (૩) મહંમદ અલી (૪) વિરોધ દિવસ (૫) મુંબઈ (૬) તા.૨૮મી મે ૧૯૨૦ (૭) બધા પક્ષો (૮) અલી ભાઈઓ (૯) કલકત્તા (૧૦) કરાંચી પ્રવચન

## 5.19. સંદર્ભ અને વિશેષ વાંચન


- રમણલાલ ક. ધારૈયા, 'આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ - ૧', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ - ૨૦૧૧.
- રમણલાલ ક. ધારૈયા, 'આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ - ૨', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પાંચમી આવૃત્તિ - ૨૦૧૧.
- રમણલાલ ક. ધારૈયા, 'મધ્ય - પૂર્વના દેશો નો ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ - ૧૯૯૭.
- મંગુભાઈ રા. પટેલ, 'ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયા', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પાંચમી આવૃત્તિ – ૨૦૨૨

- જયકુમાર ર. શુક્લ,'ગુજરાતમાં હોમરૂલ આંદોલન ૧૯૧૬-૧૯૧૮', ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - માર્ચ ૧૯૯૬.
- મુગટલાલ પી. બાવીસી, 'અસહકારની ચળવળ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતીય આવૃત્તિ - ૨૦૨૧.
- મગનભાઈ પ્રભુભાઈ દેસાઈ, 'નિવાપાંજલિ', ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પહેલી આવૃત્તિ - ૨૦૧૧.
- રમેશ જાની, 'આપણા જ્યોતિધરો', આર.આર શેઠની કંપની, મુંબઈ, અમદાવાદ, પુર્નમુદ્રણ, એપ્રિલ ૧૯૯૨
- ઉષા મહેતા, 'વિશ્વની વિરલ વિભૂતિઓ', નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ, પુર્નમુદ્રણ, ૨૦૦૩
- 'સ્વાતંત્ર સંગ્રામના લડવૈયા, 'ગુજરાત રાજ્ય, માહિતી ખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, અમદાવાદ.
- जीतेश नागोरी, 'एनीबेसन्ट एवं भारत का राष्ट्रीय आंदोलन (1913-1933)', राज पब्लिशिंग हाउस, 44 परनामी मंदिर, गोविंद मार्ग, जयपुर. प्रथम संस्करण - 2003.
- एस. एल. नागोरी, 'एनीबेसन्टे एवं भारत का राष्ट्रीय आंदोलन', पोईनटर पब्लिकशर्स,एस.एम.एस. हाईवे, जयपुर, प्रथम संस्करण - 2009
- गौतम वीर, 'भारतीय राष्ट्रीय आंदोलन एवं चिंतन', ओमेगा पब्लिकेशन, नई दिल्ली, प्रथम संस्करण - 2009
- बी. एल. फडिया एवं मंजु फडिया, 'भारतीय राष्ट्रीय आंदोलन तथा संविधानिक विकास', मलिक एण्ड कंपनी, चौड़ा रास्ता, जयपुर, प्रथम संस्करण - 1992.
- राजेन्द्रमोहन भटनागर,'भारतीय कॉंग्रेस का इतिहास', पंचशील प्रकाशन, जयपुर, प्रथम संस्करण – 1986
- અર્વાચીન ભારતનો ઈતિહાસ –બ્રિટીશયુગ ઈ.સ.૧૮૧૮ થી ૧૯૬૦', લેખકો- ડૉ.આર.કે.ધારૈયા, સલીમ એન.કાઝી,પ્રા. દેવેન્દ્રભાઈ ભટ્ટ અને ડૉ. એસ.વી.જાની- સી.જમનાદાસની કંપની, અમદાવાદ.વર્ષ-૧૯૯૫-૯૬
- રાષ્ટ્રીય ચેતના અભિયાન-સંપાદક સમિતિ- ડૉ.આર.કે.ધારૈયા, ડૉ.પી.જી. કોરાટ, ડૉ.એસ.પી.જાની., પ્રા. મગનભાઈ પટેલ. પ્રકાશક- ભારતીય સ્વાતંત્ર્યની ૪૦ મી વર્ષગાંઠ, શ્રી જવાહરલાલ નહેરૂ જન્મ શતાબ્દી, સ્મરણોત્સવની ગુજરાત રાજ્ય સમિતિ-અમદાવાદ-૧૯૮૯

**એકમ - 6**

# અસહકાર આંદોલનઃ તેના કારણો અને પરિણામો

## :: રૂપરેખા ::


**6.0** ઉદ્દેશો

**6.1** પ્રસ્તાવના

**6.2** અસહકાર આંદોલનના કારણો

- **6.2.1** ભારતીય રાજનીતિમાં ગાંધીજીનો પ્રવેશ
- **6.2.2** પ્રથમ વિશ્વયુદ્ધની અસર
- **6.2.3** રોલેટ એક્ટ
- **6.2.4** પંજાબમાં અશાંતિ
- **6.2.5** જલિયાંવાલા બાગનો હત્યાકાંડ
- **6.2.6** હંટર કમીટી
- **6.2.7** કોંગ્રેસ સમિતિ
- **6.2.8** ખિલાફત આંદોલન
- **6.2.9** મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા

**6.3** અસહકાર આંદોલનના પરિણામો

**6.4** સારાંશ

**6.5** ચાવીરૂપ શબ્દો

**6.6** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**6.7** સંદર્ભ અને વિશેષ વાંચન


## 6.0 ઉદ્દેશો (Objectives)

આ પ્રકરણના અભ્યાસથી તમે જાણી શકશો.

- ✓ અસહકાર આંદોલનના કારણો
- ✓ અસહકાર આંદોલનના પરિણામો

## 6.1 પ્રસ્તાવના (Introduction)

અસહકારનું આંદોલન ભારતની આઝાદીના આંદોલનમાં મહત્ત્વનું આંદોલન ગણાય છે. આ આંદોલનથી ભારતની આઝાદીના આંદોલનોના એક તબક્કાનો અંત આવી બીજા તબક્કાની શરૂઆત થાય છે. હિન્દી રાષ્ટ્રીય મહાસભા ઉપર ગાંધીજીની નવી નેતાગીરીનો ઉદય થયો. ગાંધીજીએ બ્રિટિશ શાસન સામે ચલાવેલું અસહકારનું આંદોલન એ અહિંસક અને જન આંદોલન હતું. આ આંદોલનથી કોંગ્રેસ અને ભારતીય રાજકારણ ઉપર ગાંધીજીનો પ્રભાવ પથરાયો. આ યુનિટમાં અસહકાર આંદોલનના કારણો અને પરિણામોની ચર્ચા કરીશું.

## 6.2 અસહકાર આંદોલનના કારણો

અસહકાર આંદોલન માટેના જવાબદાર કારણો આ મુજબ છે.

### 6.2.1 ભારતીય રાજનીતિમાં ગાંધીજીનો પ્રવેશ

ઇ.સ.૧૯૧૫ના જાન્યુઆરી ની નવમી તારીખે ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સત્યાગ્રહ શાસ્ત્રનો સફળ પ્રયોગ કરી હિંદમાં આવ્યા. તેઓ પોતાની સાથે જીવનનું વિશિષ્ટ દર્શન અને એક એવી રાજનૈતિક પદ્ધતિ લાવ્યા હતા, જે હિંસાના બળ સામે સફળ થઈ ચૂકી હતી. ગાંધીજીએ બે વર્ષ સુધી દેશનું પરિભ્રમણ કર્યું. ૧૯૧૫માં પીઢ નેતા ગોપાલ કૃષ્ણ ગોખલેનું અને ફિરોજશાહ મહેતાનું અવસાન થયું. ૧૯૧૫ના મુંબઈ અધિવેશનમાં વિનીતપક્ષ અને ઉગ્ર પક્ષ વચ્ચે સમાધાન ન થયું. પરંતુ ૧૯૧૬ ના લખનૌ અધિવેશનમાં સમાધાન થયું. મહાસભા અને મુસ્લિમ લીગ વચ્ચે પણ સમાધાનને લગતો વિસ્તૃત કરાર થયો. મહાસભા ફરી એક બની. ગાંધીજીએ લખનૌમાં મહાસભા અને મુસ્લિમ બંનેના અધિવેશનના ભાગ લીધો. ચંપારણમાં ગળીનો સત્યાગ્રહ કરી સફળતા મેળવી. સત્યાગ્રહ દ્વારા ગાંધીજીને લડતનો અનુભવ અને તો સિદ્ધિ બંને મળ્યા.

### 6.2.2 પ્રથમ વિશ્વયુદ્ધ ની અસર

ઈ. સ. ૧૯૧૪ માં પ્રથમ વિશ્વયુદ્ધનો આરંભ થયો. યુદ્ધ સાથે સીધો સંબંધ ન હોવા છતાં પણ ભારત તેમાં ઘસડાયું. ભારતના બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજ્યોએ આ યુદ્ધમાં અંગ્રેજોને ખૂબ મદદ કરી. તેમણે યુદ્ધના ફાળા તરીકે મોટુ ફંડ અને લગભગ ૧૧ લાખ સૈનિકો પુરા પાડ્યા હતા. આ યુદ્ધમાં એક લાખ સૈનિક મૃત્યુ પામ્યા હતા.ભારતીય દળો વિદેશમાં ખૂબ બહાદુરીથી લડ્યા હતા. ગાંધીજીએ પણ અંગ્રેજોને સ્વયંસેવકોની ટુકડીઓ દ્વારા મદદ કરી હતી. એમને આશા હતી કે યુદ્ધમાં અંગ્રેજોને મદદ કરીશું તો એ પછી અંગ્રેજો ભારતની

પ્રજાને વિશેષ સુધારા અને અધિકારો આપશે.પરંતુ તેમની એ આશા ઠગારી નીવડી. યુદ્ધ પછી અંગ્રેજ સરકાર ભારતના રાજકીય આંદોલન કચડવા તૈયાર થઈ.રોલેટ એક્ટે ગાંધીજી ની ભાવનાને આઘાત પહોંચાડયો  અને તેઓ બ્રિટિશ શાસનના વિરોધી બની ગયા.

### 6.2.3 રોલેટ એક્ટ

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન સરકારી વિરોધી પ્રવૃત્તિ કરવા માટે અને કોઈપણ પ્રકારની આત્યંતિક ક્રાંતિકારી પ્રવૃત્તિ કરવા બદલ 'હિંદ સરક્ષણ ધારા' નીચે સરકાર કોઈપણ વ્યક્તિની ધરપકડ કરી શકતી અને રાજ્યના હિતમાં ગમે તે પ્રકારની સજા કરી શકતી. પરંતુ યુદ્ધ પૂરું થતાં આ ધારો આપોઆપ નાબૂદ થયો. તેથી આવી પ્રવૃત્તિઓ સામે સરકારને નવો ધારો કરવાની જરૂરિયાત જણાઈ. સરકારે ઉચ્ચ ન્યાયાલયના એક પ્રતિષ્ઠિત ન્યાયાધીશ રોલેટના પ્રમુખ પદે એક સમિતિ એક સમિતિ નીમવામાં આવી. જેમાં મુંબઈની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ બેસીલ સ્કોટ, ઉત્તર પ્રદેશના મહેસૂલી મંત્રી બર્ને લોવેટ,  મદ્રાસની વડી અદાલતના ન્યાયાધીશ કુમાર સ્વામી શાસ્ત્રી અને કલકત્તાની વળી અદાલતના વકીલ પ્રબોધચંદ્ર  મિત્ર આ સમિતિમાં  સામેલ હતા. રોલેટ સમિતિએ પોતાનો અહેવાલ એપ્રિલ ૧૯૧૮માં સરકારને સોંપ્યો. સરકારે વિલિયમ વિન્સન્ટ મારફતે રોલેટ બિલ નામે જાણીતા થયેલા બે પ્રસ્તાવ ફેબ્રુઆરી ૧૯૧૯ માં હિંદ ધારાસભામાં રજૂ કર્યા.  સરકારી સભ્યો સિવાયના લગભગ તમામ સભ્યોએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો છતાં પહેલું બિલ સરકારે ૧૯૧૯ માં પસાર કરાવ્યું અને બીજું બિલ પડતું મૂકવામાં આવ્યું. જે પ્રદેશોમાં ક્રાંતિકારી આંદોલનો અને ગુનાઓ થતા હોય તે ગુનાઓના તાત્કાલિક નિકાલ માટે વડી અદાલતના ત્રણ ન્યાયાધીશોની બનેલી એક ખાસ અદાલતની જોગવાઈ કરી. આ અદાલતે કરેલી સજા સામે કોઈ અપીલ કરવાની છૂટ ન હતી. આ ઉપરાંત આ ધારા મુજબ કોઈપણ શંકાશીલ વ્યક્તિની જામીનગીરી માંગવાનો,  અમુક ચોક્કસ રહેવાનો, અમુક પ્રવૃત્તિ કરતા રોકવાનો અને જરૂર જણાય તો હંમેશા પોલીસ ચોકી પર હાજર થવાની ફરજ પાડવાનો અધિકાર મળતો હતો. પ્રાંતિક સરકારોને પણ કોઈપણ વ્યક્તિના રહેઠાણની ઝડતી લેવાનો,  ધરપકડ કરવાનો, કોઈ પણ કારણો આપ્યા વગર લાંબા સમય સુધી કારાવાસમાં રાખવાની સત્તા મળી મળતી હતી. આવા સમયે તે પોતાના બચાવવા માટે વકીલ રાખી શકે નહીં.

રોલેટ બિલ ધારાસભામાં રજૂ થયું ત્યારે ગાંધીજી એનો વિરોધ કરતા જણાવ્યું હતું કે જો એ બિલ પસાર થશે તો તેઓ એની સામે અહિંસક સત્યાગ્રહ કરશે. રોલેટ બિલ પસાર થતાં ગાંધીજીએ તારીખ ૧૮ મી માટે સત્યાગ્રહને લગતુ

પ્રતિજ્ઞા પત્ર પ્રગટ કયુ઼ જેમાં  જણાવવામાં આવ્યું હતું કે, 'રોલેટ બિલો જયારે વ્યાજબી ન્યાય અને સ્વાતંત્ર્યના સિદ્ધાંતોને ઊંધા વાળનારાં  તથા દેશના પ્રજાજન કે જેના ઉપર સમગ્ર હિંદની અને સરકારની સલામતી આધાર  રાખે છે તેના પ્રાથમિક હકોનો ભંગ કરનારાં છે.'

ગાંધીજી સહિત તમામ લોકનેતાઓ,  મહાસભા અને મુસ્લિમ લીગ સહિતના ઘણા ખરા પક્ષોનો તીવ્ર વિરોધ છતાં તારીખ ૧૮મી માર્ચ ૧૯૧૯ ના રોજ આ ધારો પસાર થયો. ગાંધીજીએ પ્રજાને રોલેટ એક્ટનો વિરોધ કરવાની હાકલ કરી.  ઉપવાસ, પ્રાર્થના, સભાઓ,  સરઘસો અને હડતાલો દ્વારા  અહિંસક સત્યાગ્રહો કરવાના હતા. તારીખ ૩૦ માર્ચ ૧૯૧૯ના દિવસે વિરોધ દિન તરીકે પાળવાની હાકલ કરી. પછી વિરોધ દિનની તારીખ  બદલાઈને છઠ્ઠી એપ્રિલ નક્કી કરવામાં આવી હતી. પરંતુ દિલ્હી વગેરે સ્થળોએ આની મોડા જાણ થઈ. તેથી તારીખ ૩૦મી માર્ચના રોજ હડતાલો  હડતાલો, સભાઓ, સરઘસો વગેરેનો કાર્યક્રમ યોજાયો. દિલ્હી, અમૃતસર, મુંબઈ, અમદાવાદ વગેરે સ્થળોએ ભારે તોફાનો ફાટી નીકળ્યા. દિલ્હીમાં રેલ્વે સ્ટેશન પર તોફાન થતાં પોલીસે ગોળીબાર કર્યો. જેમાં આઠ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા અને બીજા કેટલાક ઘાયલ થયા. તારીખ છઠ્ઠી એપ્રિલે સમગ્ર દેશમાં હડતાલ અને પ્રદર્શન કરવામાં આવ્યા.  બનાવોની જાત તપાસ માટે દિલ્હી જતાં ગાંધીજીની દિલ્હી સ્ટેશન નજીક ધરપકડ કરી તેમને મુંબઈ મોકલવામાં આવ્યા. મુંબઈ જતાં ગાંધીજીના સ્વાગત માટે ભેગા થયેલા હજારો લોકો ઉપર પોલીસે ઘોડા દોડાવ્યા. અમૃતસરમાં થયેલા તોફાનમાં સરકારે લોકો ઉપર ભારે દમન ગુજાર્યું. રોલેટ એક્ટના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી આંદોલનથી દેશમાં નવી ચેતના નો સંચાર થયો અને દેશના રાજકીય મંચ પર ગાંધીજીની નેતાગીરીનો પ્રારંભ થયો. આમ  રોલેટ એક્ટના  કાયદાના અમલ તથા તેની સામે લોકોના વિરોધે અસહકારના  આંદોલનની પૂર્વભૂમિકા બાંધી આપી.

### 6.2.4  પંજાબમાં અશાંતિ

રોલેટ કાયદાના સૌથી વિશેષ પ્રત્યાઘાતો પંજાબમાં પડ્યા. ગાંધીજીના આદેશ અનુસાર લોકોએ ૩૦મી માર્ચ અને ૬ઠ્ઠી એપ્રિલે હડતાલ, સભાઓ, સરઘસો દ્વારા શાંતિપૂર્ણ વિરોધ કર્યો. આ સમયે પંજાબના ગવર્નર સર માઈકલ ઓડવાયર હતો. તે તેના ત્રાસવાદી શાસન માટે પંજાબમાં જાણીતો હતો. તેણે આદેશ કર્યો કે કોઈપણ કોંગ્રેસના નેતા પંજાબમાં પ્રવેશ કરે નહી. ગાંધીજી પર દિલ્હી અને પંજાબમાં પ્રવેશ નિષેધ કર્યો. પંજાબના બે કોંગ્રેસી નેતાઓ  ડોક્ટર કિચલુ અને ડોક્ટર સત્યપાલની  અમૃતસરમાંથી ધરપકડ કરી અજાણ્યા સ્થળ મોકલી આપ્યા. તેથી પંજાબના લોકો ઉશ્કેરાયા. તેમણે

શાંતિપૂર્ણ સરઘસ કાઢ્યું પરંતુ જેવું તે જિલ્લા મેજિસ્ટ્રેટના બંગલાની નજીક પહોંચ્યું કે તેના ઉપર પોલીસે ગોળીબાર કર્યો. જેમાં દસ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા અને કેટલાક લોકો ઘાયલ થયા. લોકોમાં રોષ ભભૂકી ઉઠયો. તેમણે સરકારી મકાનો, બેંકો, ટાઉનહોલ, સ્ટેશન વગેરેને લૂંટયા અને બાળ્યા. પાંચ અંગ્રેજોના ખૂન થયા. ૧૦ મી એપ્રિલે અમૃતસરનો કબજો લશ્કરને સોંપાયો. લાહોર, કાસુર, ગુજરાનવાલા, વગેરે સ્થળોએ વધતાં ઓછાં પ્રમાણમાં તોફાનો ચાલુ રહ્યાં.

**6.2.5 જલિયાંવાલા બાગનો હત્યાકાંડ**

પરિસ્થિતિ કાબુ બહાર લાગતાં સર માઈકલ ઓડવાયરે અમૃતસરનો કબજો લશ્કરને સોંપ્યો. સેનાના ઉચ્ચ અધિકારી જનરલ ડાયરે અમૃતસરમાં જાહેર દેખાવો, સરઘસો, અને સભાઓ યોજવા પર પ્રતિબંધ જાહેર કર્યો. અમૃતસરની પ્રજાએ સૈનિક શાસનનો વિરોધ કર્યો. તા. ૧૧મી એપ્રિલ ઈ.સ. ૧૯૧૯ ના રોજ હડતાલ પાડવામાં આવી અને એ ઘોષણા કરવામાં આવી કે તા. ૧૩મી એપ્રિલ ૧૯૧૯ ના વૈશાખીના દિવસે જલિયાંવાલા બાગમાં એક સાર્વજનિક સભા યોજાશે. ૧૨મી એપ્રિલ જનરલ ડાયરે કરી હતી કે કોઈપણ સાર્વજનિક સભાને પરવાનગી આપવામાં આવશે નહીં. પરંતુ આ ઘોષણાનો સારી રીતે પ્રચાર કરવામાં આવ્યો ન હતો.આથી આ ઘોષણાની જાણ ન હોવાથી ૧૩મી એપ્રિલ ૧૯૧૯ ના રોજ જલિયાંવાલા બાગમાં પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ લોકો એકત્રિત થયા. જલિયાંવાલા બાગ અમૃતસર નગરની વચ્ચે અને ચારે તરફ દિવાલોથી ઘેરાયેલું હતું. તેમાં દાખલ થવા અને નીકળવા માટે માત્ર એક સાંકડી ગલી હતી. આ સ્થળે સભામાં પુરુષો સ્ત્રીઓ અને બાળકો મળી કુલ ૨૦ હજાર માણસો એકઠા થયા હતા. આ સમયે જનરલ ડાયર ૨૦૦ દેશી અને ૫૦ વિદેશી સૈનિકોને લઈને ત્યાં પહોંચ્યો. તેણે સભા ભંગનો આદેશ આપ્યા વિના લોકો ઉપર ગોળીઓ છોડવાનો આદેશ આપ્યો. ગોળીઓ ખૂટી ત્યાં સુધી ગોળીબાર ચાલુ રાખવામાં આવ્યો. કુલ ૧૬૫૦ ગોળીઓ છોડવામાં આવી. લોકોમાં નાસ ભાગ થઈ કેટલાક યુવાનોએ દિવાલો કૂદીને જાન બચાવ્યો. પરંતુ નાસવામાં અશક્ત એવા મોટાભાગના વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓ વિશેષ પ્રમાણમાં ગોળીઓના ભોગ બન્યા. સરકારી આંકડા પ્રમાણે માર્યા ગયેલા લોકોની સંખ્યા ૩૭૯ અને ઘવાયેલા લોકોની સંખ્યા ૧૨૦૦ હતી. જનરલ ડાયરના જણાવ્યા પ્રમાણે તેણે આ કાર્ય સમજી વિચારીને કર્યું હતું.

જલિયાંવાલા બાગની ઘટનાના બે દિવસ પછી પંજાબના પાંચ જિલ્લાઓ સેનાને હવાલે કરી દીધાં અને માર્શલ લો લાગુ કરી દીધો. ત્યારબાદ જનરલ

ડાયરનું શાસન આ પાંચે જિલ્લામાં સ્થપાઈ ગયું. તેણે અમૃતસરના લોકોને વીજળી તથા પાણી આપવાનું બંધ કર્યું. જે ગલીમાં અંગ્રેજ મહિલા લેડી ડોક્ટર પર આક્રમણ કરવામાં આવ્યું હતું તે ગલીમાં આવતા જતા લોકોને પેટે ચાલવાની ફરજ પર કાઢવામાં આવી. તેમ કરવાનો ઇન્કાર કરનારને ચાબખા મારવાની સજા કરવામાં આવી. લોકોની સાઇકલો કબજે કરી તથા રેલવેની મુસાફરી ઉપર પ્રતિબંધ મૂક્યો. લોકોને રહેવાના સ્થળેથી ઘણે દૂરની પોલીસ ચોકીમાં હાજરી આપવાની ફરજ પાડી. સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓને પણ તેના નિયમોનું પાલન કરવાનો આદેશ કર્યો. માઇકલ ઓડવાયરે જનરલ ડાયરના આ અમાનુષી કાર્યોને બિરદાવ્યાં. શરૂઆતમાં આ હત્યાકાંડને છુપો રાખવા સમાચાર પત્ર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો. લોકોને પંજાબની બહાર જવાનું બંધ કરવામાં આવ્યું. અને બહારથી કોઈ પણ કોંગ્રેસી નેતાઓને પંજાબમાં પ્રવેશ કરવાની મનાઈ કરવામાં આવી.

**6.2.6 હંટર કમીટી**

પંજાબમાં થયેલા આ હત્યાકાંડના સમાચાર જ્યારે દેશની પ્રજાએ જાણ્યા ત્યારે વિરોધ, આક્રોશ અને રોષ ફેલાયા. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે જલિયાંવાલા બાગમાં થયેલા અમાનુષી હત્યાકાંડના વિરોધમાં 'સર' ની પદવી સરકારને પાછી મોકલી આપી અને વાઇસરૉયને પત્ર લખ્યો. સર શંકરન નાયરે વાઈસરૉયની કારોબારીના સભ્ય તરીકે રાજીનામું આપી દીધું.

અહિંસાના ખાસ આગ્રહી ગાંધીજીને આ હિંસક તોફાનો અને સરકારના હત્યાકાંડોથી દુઃખ થયું. મેં હિમાલય જેવડી મોટી ભૂલ કરી છે એવું તેમણે જાહેરમાં કબુલ કર્યું. એમણે સત્યાગ્રહ મોકુફ રાખ્યો અને શાંતિ સ્થાપવાના કાર્યમાં મદદ કરવા તત્પરતા દર્શાવી. તા.૨૧મી જુલાઈ ૧૯૧૯ના રોજ એમને સત્યાગ્રહ મોકુફ રાખતા નિવેદનના અંતમાં ગાંધીજીએ હિન્દુ-મુસ્લિમ એકતા કાયમ માટે ટકાવી રાખવા અને સ્વદેશીનો પ્રચાર કરવા સત્યાગ્રહીઓને આગ્રહ કર્યો હતો.ગાંધીજીએ આની સખત શબ્દોમાં ટીકા કરી. આ હત્યાકાંડની તપાસ કરવા માટે અને સત્તાનો દુરુપયોગ કરનારા અધિકારીઓને સજા કરવા માટે એક કમિશન નિમવા માટે સરકાર પર દબાણ કર્યુ. દેશના વિવિધ ભાગોમાં હત્યાકાંડની તપાસની માંગે વેગ પકડ્યો હતો. પરિણામે સરકારને તપાસ સમિતિ ફરજ પડી હતી. લોર્ડ હન્ટરના અધ્યક્ષ પદે સાત સભ્યોની બનેલી એક કમિટીમાં આવી. જેમાં ન્યાયાધીશ રેક્રીન, રાઈસ, મેજર જનરલ સર જ્યોર્જ બેરો, કેમ્પ, સર ચીમનલાલ સેતલવાડ, સુલતાન અહમદ હતા. પરંતુ જગત નારાયણ અને થોમસ સ્મિથને નીમવામાં આવતાં કમિટી નવ સભ્યોની થઈ. જેણે ઓક્ટોબર ૧૯૧૯ માં કામગીરી શરૂ કરી

અને માર્ચ ૧૯૨૦ માં અહેવાલ સરકારને સુપ્રત કર્યો. સરકારે ૨૮ મી મે ૧૯૨૦ ના રોજ અહેવાલ પ્રસિદ્ધ કર્યો. પરંતુ છ અંગ્રેજો સભ્યોએ રજૂ કરેલા કેટલાક મુદ્દા સાથે હિન્દી સભ્યો સંમત ન થયા એટલે તેમણે પોતાનો અલગ અહેવાલ રજૂ કર્યો હતો. અંગ્રેજ સભ્યોએ ડાયરના ના કૃત્યને ગેરવ્યાજબી માન્યું નહીં અને પંજાબના હિંસક બનાવોને સરકાર સામેના બંડ તરીકે ઘટાવ્યા. માર્શલ લોને યોગ્ય ગણાવ્યો અને ગુનાહિતો સામેના સરકારી દાવાઓને વ્યાજબી ઠરાવ્યા. જ્યારે હિંદી સભ્યોએ ડાયરના કૃત્યને અમાનુષી અને પંજાબના હિંસક બનાવોને સરકારી પગલાં સામેના પ્રત્યાઘાત તરીકે વર્ણવ્યા. માર્શલ લોને બિનજરૂરી કહ્યો તથા ઘણીખરી ધરપકડો ને અયોગ્ય અને પ્રજાને ઉશ્કેરનાર પગલાં તરીકે ઘટાવી. આમ હંટર કમિટીનો અહેવાલ સરકાર તરફી હતો.

**6.2.7 કોંગ્રેસ સમિતિ**

કોંગ્રેસે પણ જૂન ૧૯૧૯ માં જલિયાવાલા બાગના હત્યાકાંડ અને પંજાબના અત્યાચારોની તપાસ કરવા માટે એક સમિતિની હતી. જેમાં મંત્રી તરીકે સંતનામ અને અન્ય સભ્યોમાં ગાંધીજી, ચિતરંજનદાસ, પંડિત માલવિયા, ફઝલ-ઉલ-હક, અબ્બાસ તૈયબજી, એમ. આર. જયકર વગેરે હતા. કોંગ્રેસ નિયુક્ત સમિતિએ પંજાબના લગભગ તોફાનગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી અને ૧૭૦૦ વ્યક્તિઓના નિવેદનો લીધા. સમિતિએ માઈકલ ઓડવાયરના કડક આદેશો તથા ડો. કિચલુ અને સત્યપાલ ના હદપારીના હુકમોને પંજાબના બનાવો માટેના જવાબદાર માન્યા. પંજાબમાં સરકાર સામે વ્યવસ્થિત કાવતરું થયું હોવાનું અને પરિણામે તોફાનો થયાં હોવાના આક્ષેપને પાયા વગરનો ગણાવ્યો અને માર્શલ લોને બિનજરૂરી માન્યો. પંજાબમાં આચરવામાં આવેલા દમનમાં જલિયાંવાલા બાગની કતલ સહિત આશરે ૧૨૦૦ વ્યક્તિઓને વ્યક્તિઓએ જાન ગુમાવ્યા હતા અને લગભગ ૩૬૦૦ વ્યક્તિઓ ઘાયલ થઈ હતી કોંગ્રેસે આવા ભયંકર બનાવો પ્રત્યે વાઈસરૉયે કરેલી ઉપેક્ષા માટે એમને દોષિત ઠરાવ્યા. જનરલ ડાયર, માઈકલ ઓડવાયર, જહોન્સન, ઓ બ્રીઆન, સ્મિથ વગેરેને દમનના સૂત્રધાર માનીને તેમને રુખસદ આપવાની અને મૃત્યુ પામેલાં તથા ઘવાયેલાના કુટંબોને યોગ્ય વળતર આપવાની માંગણી સરકાર સમક્ષ કરી. કોંગ્રેસ સમિતિએ પોતાનો અહેવાલ ૨૫મી માર્ચ ૧૯૨૦ ના રોજ સરકારને સુપ્રત કર્યો, પણ સરકારે તેની ઉપેક્ષા કરી. ઉદારમતવાદી અંગ્રેજોએ પંજાબ સરકારના લોકોને પરના આવા અમાનુષી અત્યાચારો વખોડી કાઢ્યા. જો કે મોટાભાગના અંગ્રેજોએ ડાયરને બ્રિટિશ સામ્રાજ્યની મહાન સેવા કરનાર અફસર તરીકે

બિરદાવ્યો. ઈંગ્લેન્ડની આમ સભાએ ડાયરને હળવો ઠપકો આપીને સરકારી સેવામાંથી મુક્ત કર્યો. જનરલ ડાયરનું ઈંગ્લેન્ડમાં સન્માન કરવામાં આવ્યું. પંજાબમાં કરેલા કાર્યોના આધાર પર તેને વીસ હજાર પાઉન્ડ અને એક તલવાર ભેટ આપી સન્માનિત કર્યો. વાઈસરૉય ચેમ્સફર્ડે પણ પંજાબના ગુનાહિત અધિકારીઓ પ્રત્યે કોઈ પગલા લીધા નહીં. આ કારણોના લીધે બ્રિટિશ સરકારની ન્યાયની ભાવનામાંથી ગાંધીજીની શ્રદ્ધા નાશ પામી અને અસહકારનો આંદોલન શરૂ કરવાની ફરજ પડી.

### 6.2.8 ખિલાફત આંદોલન

પ્રથમ વિશ્વયુદ્ધના અંત પછી મિત્ર રાષ્ટ્રોએ પરાજિત તુર્કસ્તાનને ઘણી કડક શરતો આપી. તેના વિરોધમાં હિંદના મુસલમાનોમાં ભારે વિરોધ જાગ્યો અને ખિલાફત આંદોલન શરૂ કર્યુ. વિદ્યાર્થી મિત્રો, અગાઉના યુનિટમાં ખિલાફત આંદોલન વિશે વિગતે રજૂઆત કરવામાં આવી છે.

### 6.2.9 મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા

મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાનો અહેવાલ જુલાઈ ૧૯૧૮ માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો. પરંતુ તેનો અમલ તા. ૧લી જાન્યુઆરી ૧૯૨૧ ના રોજ થી થયો. આ વચ્ચેના અઢી વર્ષના સમયગાળામાં હિન્દમાં બંધારણીય વિકાસ અને જવાબદાર રાજ્યતંત્રની સ્થાપનાને પ્રતિકૂળ એવા ફેરફારો કરવામાં આવ્યા. મૂળ સુધારામાં ફેરફારો કરીને ૧૯૧૯ માં સુધારાને લગતો ધારો તૈયાર કર્યો. જેને ડિસેમ્બર ૧૯૧૯ માં ઈંગ્લેન્ડની સંસદની અને રાજાની મંજૂરી મળતાં તે કાયદો બન્યો.સુધારાની જોગવાઈ અનુસાર ધારાસભાઓની ચૂંટણીની તૈયારીઓમાં બીજું એક વર્ષ પસાર થઈ ગયું. દરમિયાન હિંદના વાઈસરૉય અને તેના અમલદારી તંત્રે કરાવેલા અનિચ્છનીય ફેરફારોએ હિંદને જવાબદાર રાજ્યતંત્ર આપવાની ઓગસ્ટ ૧૯૧૭ ની જાહેરાતને નષ્ટ કરી નાખી. આથી ગાંધીજી અને મહાસભાના નેતાઓની હિન્દને જવાબદાર રાજ્ય તંત્ર આપવા સંબંધી બ્રિટિશ સરકારની નિષ્ઠા વિશેની જાહેરાત નિર્મૂળ થઈ અને ગાંધીજીને અસહકાર આંદોલન શરૂ કરવાની ફરજ પડી.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

1. રોલેટ એક્ટની વિગતે ચર્ચા કરો.
2. જલિયાવાલા બાગના હત્યાકાંડ વિશે જણાવો.

**(બ) ખરા- ખોટા જણાવો.**

(1) રોલેટ એક્ટનો ભારતમાં વિરોધ થયો.

(2) જલિયાંવાલા બાગનો હત્યાકાંડ ૧૩ એપ્રિલ ૧૯૨૦ ના રોજ થયો હતો.

(3) કવિવર રવીન્દ્રનાથ ટાગોરે જલિયાંવાલા બાગના હત્યાકાંડના વિરોધમાં 'સર' ની પદવી સરકારને પાછી મોકલી.

(4) હત્યાકાંડની તપાસ કરવા માટે સરકારે લોડ હંટરના અધ્યક્ષપદે એક કમિટી નીમી હતી.

(5) જનરલ ડાયર ને ઈંગ્લેન્ડમાં કેદની સજા કરવામાં આવી હતી.

(6) મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાનો અમલ ૧લી જાન્યુઆરી ૧૯૨૫ થી થયો.

## 6.3 અસહકાર આંદોલનના પરિણામો

મહાસભાની અખિલ હિંદ મહાસમિતિએ અસહકારના આંદોલનની સફળતા - નિષ્ફળતા પર અહેવાલ રજૂ કરવા માટે હકીમ અજમલખાનનાં પ્રમુખ પદે મોતીલાલ નેહરુ, ચક્રવર્તી રાજગોપાલાચારી, એમ.એ.અન્સારી, વિઠ્ઠલભાઈ પટેલ તથા કસ્તુરીરંગ આયંગર જેવા ઉચ્ચકોટિના નેતાઓની બનેલી એક સમિતિ નીમીત હતી. આ સમિતિએ લગભગ સમગ્ર ભારતનો પ્રવાસ કરી આશરે ૪૫૯ સાક્ષીઓ તપાસ્યા બાદ મહાસમિતિ ને પ્રત્યેક મુદ્દા પ્રમાણે પોતાનો અહેવાલ રજૂ કર્યો. આ અહેવાલના આધારે અસહકારના આંદોલનની સફળતા નિષ્ફળતાની ચર્ચા થયેલી છે. વિદ્યાર્થી મિત્રો, અસહકાર આંદોલનના જે પરિણામો આવ્યા તે આ મુજબ છે.

✓ સ્વરાજ્ય પ્રાપ્ત કરવાના ઉદ્દેશમાં અસહકારનું આંદોલન નિષ્ફળ ગયું. આંદોલનના આરંભમાં ગાંધીજીએ એક વર્ષમાં સ્વરાજ્યનું વચન આપ્યું હતું. જે લક્ષ્ય પ્રાપ્તિ માટે આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું તે સિદ્ધ ન થયું. કોંગ્રેસ દ્વારા

નિયુક્ત સવિનય લડતની તપાસ સમિતિ મુજબ  અસહયોગના આંદોલને ઘણી ઓછી સફળતા પ્રાપ્ત કરી હતી.

- ✓ અસહકારનું આંદોલન ખિલાફતના પ્રશ્નનો નિકાલ, પંજાબના અન્યાયો સંબંધમાં યોગ્ય પગલાં લેવાની સરકાર તરફથી ખાતરી અને સ્વરાજ મેળવવામાં નિષ્ફળ ગયું.
- ✓ ગાંધીજીના અહિંસાના આગ્રહી હતા. ચૌરીચૌરાના બનાવને લીધે આંદોલન પાછું ખેંચી લેવાયું. પરંતુ આ આંદોલન દરમિયાન અનેક સત્યાગ્રહીઓએ દમન સહન કર્યું. અને લગભગ ત્રીસ હજાર જેટલા કાર્યકરો જેલમાં ગયા.
- ✓ અસહકારની ચળવળ એક પ્રયોગ સમાન હતી. આ ચળવળનો ભારતમાં પ્રથમ પ્રયોગ હતો.  સરકાર સામે અસહકારની ચળવળ ચલાવવામાં કેવા પ્રશ્નો ઊભા થઈ શકે અને એ માટે કેવી તકેદારી રાખવી જોઈએ એનો ખ્યાલ આપ્યો.  તેણે ગાંધીજીને અને દેશની પ્રજાને ભાવિ ચળવળ માટે જરૂરી એવો અનુભવ અને આત્મવિશ્વાસ આપવાનું કામ કર્યું.
- ✓ અસહકારની ચળવળ ભારતની સ્વાતંત્ર્ય લડતનો એક મહત્વનો બનાવ હતો. આ ચળવળ દરમિયાન ગાંધીજીને અનેક સંનિષ્ઠ અને વિશ્વાસુ કાર્યકરો મળ્યા.  જે જીવનભરને માટે તેમના અનુયાયી બની રહ્યા. ભારત અને વિશ્વના રાજકારણમાં આ એક સંપૂર્ણ અને અજોડ પ્રયોગ હતો.
- ✓ કોંગ્રેસ પહેલા માત્ર પ્રસ્તાવ પસાર કરનારી સંસ્થા હતી પરંતુ ગાંધીજીએ તેને ક્રાંતિકારી સંગઠનમાં ફેરવી નાખી. અસહકારના આંદોલનથી કોંગ્રેસ આમ જનતાની પ્રતિનિધિ સંસ્થા બની. ભારતમાં નવી વિચારધારા નો ફેલાવો થયો. દેશભરમાં એક જ પ્રકારના સૂત્રોચાર પ્રચલિત બન્યા તથા એક જ પ્રકારની કાર્ય પદ્ધતિ અપનાવવામાં આવી. હિન્દીને વ્યવહારની ભાષા તરીકે કોંગ્રેસે સ્વીકારી. અને અંગ્રેજીનું મહત્વ ઘટ્યું.  કૂપલેન્ડનાં કથન પ્રમાણે તિલક મહારાજ જે સાધી શક્યા ન હતા તે ગાંધીજીએ સાધ્ય કર્યું.
- ✓ આ આંદોલનના પરિણામે રાષ્ટ્રીય કોંગ્રેસનું કાર્યક્ષેત્ર તથા સેવા ક્ષેત્ર ગામડા સુધી વિસ્તયુ:  તેણે રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગ્રામોદ્ધાર નો કાર્યક્રમ આપ્યો,  જેના લીધે પછીની રાષ્ટ્રીય લડતો  વાસ્તવિક અર્થમાં લોકલડતો બની.
- ✓ આંદોલનની મોકૂફી બાદ સમિતિની ભલામણો પ્રમાણે મહાસભાએ ધારાસભાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં  પ્રવેશનું તથા રચનાત્મક પ્રવૃત્તિઓનું કાર્ય ઉપાડી લીધું હતું.  ખાદી એ રાષ્ટ્રીય પોશાક બન્યો અને એનાથી લોકોમાં રાષ્ટ્રીય ભાવના દ્રઢ થઈ.  અસહકારની આ એક નોંધપાત્ર અસર  ગણાવી શકાય.
- ✓

- ✓ મહાસભાનું સ્વયંસેવકદળ વિશેષ કરીને સામાજિક સેવાના કાર્ય કરતું હતું. પરંતુ પ્રિન્સ ઓફ વેલ્સની ભારતની મુલાકાતે અને અસહકારના આંદોલને તેને રાજકીય ક્ષેત્રે સક્રિય બનાવ્યું. મહાસભા અને ખિલાફત સમિતિના સ્વયંસેવકદળે પ્રિન્સની મુલાકાત સામે વિરોધી દેખાવોમાં અગ્ર ભાગ ભજવ્યો. બંને દળોએ અસહકારના આંદોલનને ફેલાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો.
- ✓ ઈ.સ. ૧૯૧૭ સુધીના આંદોલનનો ઉચ્ચ અને મધ્યમ વર્ગ સુધી સીમિત હતા પણ અસહકારના આંદોલનને પ્રજામાં નવો પ્રાણ પૂર્યો. અને તે આમ જનતા સુધી પહોંચ્યું હતું. આ આંદોલનને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના આંદોલનને જન સંગ્રામમાં બદલી નાખ્યું. શ્રી એ.આર. દેસાઈના મતાનુસાર મજૂરો અને કિસાનોએ ભાગ લઈને આ આંદોલનને જનતાનું આંદોલન બનાવી દીધું. શ્રી બુચે લખ્યું છે કે,આંદોલને ભારતીય જનતાની દીનભાવના નષ્ટ કરી તેમનું આત્માગૌરવ સ્થાપિત કર્યું. એ દિવસો પૂરા થયા કે જે દિવસે ગોરી ચામડી જોઈને ભારતીય ગભરાતા હતા. ભાવિ સંઘર્ષો માટે આ આંદોલનને લોકોને તૈયાર કર્યા.
- ✓ આ આંદોલનથી લોકોની રાષ્ટ્રીય ચેતના દ્રઢ બની અને બ્રિટિશ શાસનના ન્યાયની અપેક્ષા નષ્ટ પામી. લોકોમાં કારાવાસનો અને દમનનો ભય દૂર થયો. લોકોને દમનથી દબાવી શકાય નહીં અને રાષ્ટ્રીય ભાવનાને કચડી શકાય નહીં એમ આ આંદોલનને સાબિત કર્યુ. બ્રિટિશ સંસદને આંદોલન વિશે મોકલેલા અહેવાલમાં હિંદ સરકારને પણ આ હકીકતનો સ્વીકાર કરવો પડ્યો. તેની નોંધ પ્રમાણે આંદોલનને અસફળ કે બિન ફળદાયી ગણવું તે સરકારના પક્ષે મોટી ભૂલ ગણાશે. ગાંધીજીના આ આંદોલનને હિંદીઓમાં ભારતના વિદેશી શાસન પ્રત્યે જબરદસ્ત તિરસ્કાર પેદા કર્યો. જેમાંથી ઊભી થયેલી દેશભક્તિની ભાવના ભવિષ્યમાં ભારતના બ્રિટિશ શાસનને મોટું નુકસાન કર્યા વગર રહેશે નહીં. અસહકાર આંદોલનની આ એક મોટી સિદ્ધિ કહી શકાય.
- ✓ અસહકારના આંદોલને સ્ત્રીઓને ઘરના કામો કરવા ઉપરાંત બહાર નીકળવાની અને રાજકારણમાં ભાગ લેવાની તક આપી. યંગ ઈન્ડિયાના લેખમાં ગાંધીજીએ લખ્યું છે કે, ભારતની સ્ત્રીઓએ માતૃભૂમિ માટે અદ્ભુત કામ કર્યું છે. તેમણે જણાવ્યું કે દેશના કોઈપણ સમુદાયે સ્ત્રીઓ જેટલી જાતિનો પુરાવો નથી આપ્યો.

- ✓ મોતીલાલ નેહરુ, ચિતરંજનદાસ, રાજેન્દ્રપ્રસાદ, વલ્લભભાઈ પટેલ વગેરે પ્રખ્યાત વકીલોએ પોતાની વકીલાતો છોડી દીધી. અન્ય બે હજાર ઉપરાંત વકીલોએ પણ સરકારી અદાલતોનો ત્યાગ કર્યો.
- ✓ સરકારી શિક્ષણ સંસ્થાઓના બહિષ્કારના ફળસ્વરૂપ શૈક્ષણિક વ્યવસ્થા તરીકે ગુજરાત વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, બનારસ વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ, નેશનલ મુસ્લિમ યુનિવર્સિટી- અલીગઢ, જામિયા-મિલિયા- દિલ્હી, નેશનલ કોલેજ- લાહોર, તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, બંગાળ નેશનલ યુનિવર્સિટી વગેરેની સ્થાપના થઈ. સરકારી શિક્ષણ સંસ્થાઓનો બહિષ્કાર કરનાર ઘણા ખરા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો આ સંસ્થાઓમાં જોડાયા. જેમણે પછીથી રાષ્ટ્રીય સેવામાં એક યા બીજા ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો. જે એક સારું પરિણામ ગણાવી શકાય.
- ✓ તા. ૧૦મી માર્ચે ૧૯૨૨ની રાત્રે દસ વાગ્યે ગાંધીજીની ધરપકડ કરી સાબરમતી જેલમાં લઇ જવામાં આવ્યા. તેમના ઉપર રાજદ્રોહનો આરોપ મુકવામાં આવ્યો. એ આરોપ યંગ ઈન્ડિયામાં લખેલા ત્રણ લેખો પર આધારિત હતો. તા.૧૮મી માર્ચે અમદાવાદના શાહીબાગમાં આવેલી સેશન્સ જજ બ્રુમ ફિલ્ડની અદાલતમાં મુકદ્દમો ચાલ્યો. જે મહાન અને ઐતિહાસિક મુકદ્દમા તરીકે પ્રખ્યાત છે. કોર્ટ સમક્ષ ગાંધીજીએ કરેલ નિવેદન એમના અહિંસા અને સત્યાગ્રહ ના વિચારોને રજૂ કરે છે. જેનું આઝાદીના ઈતિહાસમાં લડતની બુનિયાદ મહત્ત્વનું અને ચિરંજીવ સ્થાન રહેશે. આ કેસમાં ગાંધીજીને છ વર્ષની સજા થઇ અને તેમને યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા. ગાંધીજી સાથે 'યંગ ઇંડિયા'ના મુદ્રક તરીકે શંકરલાલ બોકરની પણ ધરપકડ કરી એની સામે ગુનો નોંધી કેસ ચલાવવામાં આવ્યો. શંકરલાલ બોકરને એક વર્ષની સાદી કેદની સજા તથા રૂપિયા એક હજાર દંડ અને દંડ ના ભરે તો છ મહિનાની વધુ સાદી કેદની સજા થઈ.
- ✓ અસહકારની ચળવળ ઓગસ્ટ ૧૯૨૦ થી માર્ચ ૧૯૨૨ સુધી સમગ્ર દેશમાં ચાલી. ગુજરાતમાં પણ એની ગાઢ અસર થઈ. અમદાવાદ, સુરત, ભરૂચ, વડોદરા, નડિયાદ, બારડોલી, ખેડા, બોરસદ, પેટલાદ, જંબુસર, કઠલાલ, વ્યારા, રાજપીપળા, રાણપુર, વઢવાણ, વિરમગામ, વાંકાનેર, લીમડી વગેરે શહેરોને અસર થઈ.
- ✓ ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા' નામનું અંગ્રેજી અને 'નવજીવન' નામનું ગુજરાતી સામાયિક શરૂ કર્યું હતું. આ બંને પત્રોમાં ગાંધીજીના લેખો, વિચારો અને સમાચારો પ્રગટ થતા હતા. આ દ્વારા પોતાના વિચારો અને કાર્યોનો પ્રજાને ખ્યાલ આપતા હતા. અમૃતલાલ શેઠે તા. ૨જી ઓક્ટોબર, ૧૯૨૧થી

રાણપુરથી 'સૌરાષ્ટ્ર' નામનું સાપ્તાહિક શરૂ કર્યું. જેની સાથે અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી, કકલભાઇ કોઠારી વગેરે સંકળાયેલા હતા. જે દેશી રાજ્યોમાં રાજાઓ દ્વારા થતા અન્યાય, જુલ્મ અને શોષણને એ ખુલ્લા પાડતું હતું. સૌરાષ્ટ્રની પ્રજામાં તેણે નવા પ્રાણ પુરવાનું કાર્ય કર્યું હતું.

- ✓ ગુજરાત રાજકીય પરિષદ ઓગસ્ટમાં મળી. જેમાં રાષ્ટ્રીય શિક્ષણ અંગેના ઠરાવ પસાર થયો. તેનાથી દેશમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે મૂળભૂત પરિવર્તન આવ્યા. શિક્ષણની રાષ્ટ્રીય સંસ્થાઓ પ્રદેશ કક્ષાએ સ્થપાઈ. તા. ૧૮મી ઓક્ટોબર ૧૯૨૦ ના રોજ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. જેણે અસહકાર અને સ્વદેશી ની પ્રવૃત્તિઓમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. ૧૯૩૦ અને ૧૯૪૨માં બે વખત સંસ્થા બંધ થઈ. એકવાર મિલકત જપ્ત થઈ હોવા છતાં અને એનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સજા થઈ હોવા છતાં આઝાદીની લડતમાં અવિરત પ્રદાન આપ્યું હતું. શ્રમ, સ્વદેશી અને રચનાત્મક કાર્યની ભાવનાને બળવત્તર બનાવવામાં વિદ્યાપીઠનો ફાળો મહત્વનો છે. સુરતમાં પણ રાષ્ટ્રીય શિક્ષણ આપતી કોલેજ શરૂ થઈ હતી.
- ✓ ગાંધીજીના આગમન પહેલાં કોલેજોમાં વિદ્યાર્થીઓનાં ચર્ચા મંડળો અસ્તિત્વમાં હતાં. પરંતુ રાજકારણ અને રાષ્ટ્રના તત્કાલીન જાહેર પ્રશ્નોમાં તેમનો રસ ચર્ચાઓ સુધી જ સીમિત હતો.અસહકારની લડતે ગુજરાતના અને તેમાંયે ખાસ કરીને અમદાવાદમાં વિદ્યાર્થી વર્ગમાં ચેતના જગાવી હતી.
- ✓ અસહકારના આંદોલન દરમિયાન ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓની ૬૦ દિવસની લાંબી હડતાળ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં અનેરું સ્થાન પામી છે. ભારતમાં આ સૌ પ્રથમ રાજકીય હડતાલ હતી જેના સુત્રધારો વિદ્યાર્થીઓ હતા. સર્વશ્રી રોહિત મહેતા, જયંતિ દલાલ, નીરુ દેસાઈ, આનંદી ઠાકોર, રમણલાલ ગાંધી આ હડતાળના કર્ણધારો હતાં.
- ✓ અસહકાર, સ્વદેશી અને રાષ્ટ્રીય શિક્ષણના પ્રચારમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીનો ફાળો છે. તેણે ૨૮-૨-૨૧ના રોજ શિક્ષણમાં અસહકારનો ઠરાવ કર્યો. તેથી સરકારે ૬-૨-૧૯૨૨ના રોજ મ્યુનિસિપાલિટીને બરતરફ કરી. જે ૯-૨-૨૪ સુધી એટલે કે બે વર્ષ સુધી રહેલી. આના પ્રત્યાઘાત રૂપે જનતાના સહકારથી અમદાવાદ મ્યુનિસિપાલિટીએ ૪૪ જેટલી રાષ્ટ્રીય શાળાઓ સ્થાપી લોકોની જરૂરિયાતોને સંતોષી. આ શાળાઓમાં ૮૦૦૦ વિદ્યાર્થીઓ ભણતાં હતાં. મ્યુનિસિપાલિટીના ૩૦૦ શિક્ષકો માંથી ૧૬૦ શિક્ષકોએ રાજીનામું આપી રાષ્ટ્રીય શાળાઓમાં કામ શરૂ કર્યું. અમદાવાદની જેમ નડિયાદ અને

સુરતની સુધરાઈઓ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સરકાર સાથે અસહકાર કર્યો અને લડત આપી.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

**3.** અસહકાર ચળવળના પરિણામોની ચર્ચા કરો.

**4.** અસહકાર આંદોલનની ગુજરાત પર થયેલી અસરો જણાવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**(બ) ખરા- ખોટા જણાવો.**

(૧) અસહકારના આંદોલને સ્વરાજ મેળવ્યું.
(૨) ચૌરી - ચૌરાના બનાવથી અસહકારનો આંદોલન પાછું ખેંચાયું.
(૩) પ્રિન્સ ઓફ વેલ્સે યુરોપની મુલાકાત લીધી.
(૪) અસહકારનું આંદોલન જન આંદોલન બન્યું.

**(ક) ખાલી જગ્યા પૂરો.**

(૧) ગાંધીજી ઉપર_____ નો આરોપ મુકવામાં આવ્યો.
(૨) ગાંધીજીને_____વર્ષની સજા થઈ.
(૩) યંગ ઈન્ડિયાના મુદ્રક તરીકે _____ ની ધરપકડ કરવામાં આવી.
(૪) અમૃતલાલ શેઠે _____ નામનું સાપ્તાહિક શરૂ કર્યું હતું.
(૫) તા. ૧૮મી ઓક્ટોબર ૧૯૨૦ ના રોજ અમદાવાદમાં _____ ની સ્થાપના થઈ.

## 6.4. સારાંશ

ગાંધીજીએ રાષ્ટ્રીય આંદોલનને ક્રાંતિકારી આંદોલન બનાવી દીધું. અને અહિંસક બળનો પ્રયોગ સિદ્ધ કરી બતાવ્યો. ગાંધીજીએ નકારાત્મક કાર્યક્રમની સાથે રચનાત્મક કાર્યક્રમ અમલમાં મૂક્યો. રચનાત્મક વિકલ્પો રજૂ કરી પ્રજાને એના સ્વીકાર માટે તૈયાર કરવાનું મુશ્કેલ કામ ગાંધીજીએ કરી બતાવ્યું. આ આંદોલનનું અહિંસાત્મક સ્વરૂપને કારણે ઘણું મહત્વ છે. કારણકે ભારત જેવા મોટી જનસંખ્યા વાળા દેશમાં તેને ચલાવવું એ અભૂતપૂર્વ ઘટના હતી. અસહકારનું આંદોલન ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વનું સ્થાન ધરાવે છે. અનેક રીતે મહત્વ ધરાવતા આંદોલનના કારણો અને પરિણામોનું વિશ્લેષણ આ યુનિટમાં કરવામાં આવ્યું.

## 6.5. ચાવીરૂપ શબ્દો

- **પ્રિન્સ ઓફ વેલ્સ** - પાટવી કુમાર

## 6.6. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

- **તમારી પ્રગતિ ચકાસો.. - 1**

  **(બ) ખરા-ખોટા જણાવો.**

  (1) ખરું (2) ખોટું (3) ખરું (4) ખરું (5) ખોટું (6) ખોટું

- **તમારી પ્રગતિ ચકાસો. - 2**

  **(બ) ખરા-ખોટા જણાવો.**

  (૧) ખોટું (૨) ખરું (૩) ખોટું (૪) ખરું (૫) ખરું

  **(ક) ખાલી જગ્યા પૂરો.**

  (૧) રાજદ્રોહ (૨) છ (૩) શંકરલાલ બેંકર (૪) સૌરાષ્ટ્ર
  (૫)ગુજરાત વિદ્યાપીઠ

## 6.7. સંદર્ભ અને વિશેષ વાંચન

✓ રમણલાલ ક. ધારૈયા, 'આધુનિક ભારતનો ઇતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ - ૧', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ - ૨૦૧૧.

- ✓ રમણલાલ ક. ધારૈયા, 'આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ - ૨', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પાંચમી આવૃત્તિ - ૨૦૧૧.
- ✓ મંગુભાઈ રા. પટેલ, 'ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયા', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પાંચમી આવૃત્તિ – ૨૦૨૨
- ✓ મુગટલાલ બાવીસી, 'અસહકારની ચળવળ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, ૨૦૨૧
- ✓ રસેશ જમીનદાર, 'સ્વાધીનતા સંગ્રામમમાં ગુજરાત', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, એપ્રિલ, પ્રથમ આવૃત્તિ – ૧૯૮૯
- ✓ હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર પરીખ ( સંપાદકો) , 'ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિ ઈતિહાસ ગ્રંથ - ૯', શેઠ ભો. જે. અધ્યયન- સંશોધન વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ વતી ગુર્જર પ્રકાશન, એલિસબ્રિજ, અમદાવાદ પુનઃમુદ્રણ, ઈ.સ.૨૦૧૧
- ✓ જયકુમાર શુક્લ, 'ગુજરાતના સ્વાતંત્ર્ય સંગ્રામ', નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ,પહેલી આવૃત્તિ -૧૯૯૩
- ✓ અપર્ણા બાસુ (અનુવાદક - વર્ષા દાસ), 'સત્યાગ્રહમાં સ્ત્રીઓ', માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, સૂચના ભવન, સીજીઓ કોમ્પ્લેક્સ, લોદી રોડ, નવી દિલ્હી, પહેલી આવૃત્તિ – ૨૦૧૯
- ✓ મગનભાઈ પ્રભુભાઈ દેસાઈ, 'નિવાપાંજલિ', ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પહેલી આવૃત્તિ – ૨૦૧૧
- ✓ રમેશ જાની, 'આપણા જ્યોતિધરો', આર.આર શેઠની કંપની, મુંબઈ, અમદાવાદ, પુર્નમુદ્રણ એપ્રિલ ૧૯૯૨
- ✓ ઉષા મહેતા, 'વિશ્વની વિરલ વિભૂતિઓ', નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, દરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ, પુર્નમુદ્રણ, ૨૦૦૩
- ✓ 'સ્વાતંત્ર સંગ્રામ ના લડવૈયા' ગુજરાત રાજ્ય, માહિતી ખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, અમદાવાદ.
- ✓गौतम वीर, 'भारतीय राष्ट्रीय आंदोलन एवं चिंतन', ओमेगा पब्लिकेशन, नई दिल्ली, प्रथम संस्करण – 2009
- ✓बी. एल. फडिया एवं मंजु फडिया, 'भारतीय राष्ट्रीय आंदोलन तथा संविधानिक विकास', मलिक एण्ड कंपनी, चौड़ा रास्ता, जयपुर, प्रथम संस्करण – 1992

✓ एच. एम. पटेल, 'आधुनिक भारत के निर्माता : विठ्ठलभाई पटेल', सूचना और प्रसारण मंत्रालय, भारत सरकार, पटियाला हाउस, नई दिल्ली, दिसम्बर 1985
✓ 'मोतीलाल नहेरू', कॉग्रेस शताब्दी 1985 समारोह समिति, 1 तीन मूर्ति मार्ग, नई दिल्ली, पुस्तक उपसमिति द्वारा प्रकाशित
✓ संध्या मिश्र,'मोतीलाल नहेरू और भारतीय राजनीति', बी.आर. पब्लिशिंग कोर्पोरेशन, 29/9, नागिया पार्क, शक्तिनगर, दिल्ली, 1988
✓ राजेन्द्रमोहन भटनागर,'भारतीय कॉग्रेस का इतिहास', पंचशील प्रकाशन, जयपुर, प्रथम संस्करण – 1986

એકમ - 7

# સ્વરાજ પક્ષની સ્થાપના, તેના નેતાઓ અને પ્રવૃત્તિઓ

## :: રૂપરેખા ::


**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.2** સ્વરાજ્ય પક્ષની સ્થાપના માટેના કારણો

**7.3** સ્વરાજ્ય પક્ષની સ્થાપના

**7.4** સ્વરાજ પક્ષના ઉદ્દેશો

**7.5** સ્વરાજ્ય પક્ષના નેતાઓ

- **7.5.1** ચિતરંજનદાસ
- **7.5.2** વિઠ્ઠલભાઈ પટેલ
- **7.5.3** મોતીલાલ નેહરુ

**7.6** પ્રાંતોમાં સ્વરાજ્ય પક્ષના કાર્યો

- **7.6.1** બંગાળ
- **7.6.2** મધ્યપ્રદેશ
- **7.6.3** અન્ય પ્રાંતો

**7.7** કેન્દ્રમાં સ્વરાજ્ય પક્ષના કાર્યો

- **7.7.1** અન્ય કામગીરી

**7.8** સ્વરાજ પક્ષનો ધારાસભા ત્યાગ

**7.9** સ્વરાજ્ય પક્ષની નીતિમાં પરિવર્તન

**7.10** સારાંશ

**7.11** ચાવીરૂપ શબ્દો

**7.12** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**7.13** સંદર્ભ અને વિશેષ વાંચન

## 7.0 ઉદ્દેશો (Objectives)

આ પ્રકરણના અભ્યાસ પછી તમે જાણી શકશો.

- ✓ સ્વરાજ્ય પક્ષની સ્થાપના માટેના કારણો
- ✓ સ્વરાજ્ય પક્ષની સ્થાપના અને તેના ઉદ્દેશો
- ✓ સ્વરાજ્ય પક્ષના નેતાઓ
- ✓ પ્રાંતોના અને કેન્દ્રમાં સ્વરાજ્ય પક્ષના કાર્યો

## 7.1 પ્રસ્તાવના (Introduction)

ગાંધીજીએ અસહકારનું આંદોલન મોકુફ રાખ્યું. તેથી લોકોમાં નિરાશા આવી. તેમનો રાજકીય જુસ્સો મંદ પડ્યો. આંદોલનથી વ્યાપક બનેલી લોકોની રાજકીય જાગૃતિને ટકાવી રાખવા વૈકલ્પિક કાર્યક્રમની જરૂર હતી. જેના પરિણામ સ્વરૂપ સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરવામાં આવી.

## 7.2 સ્વરાજ્ય પક્ષની સ્થાપના માટેના કારણો

- ✓ ગાંધીજીએ અસહકારનું આંદોલન ચૌરીચૌરાના બનાવ પછી મોકુફ રાખ્યું. તેમની ધરપકડ કરવામાં આવી. કોંગ્રેસ પાસે કોઈ નિશ્ચિત કાર્યક્રમ ન હતો. આંદોલન મોકુફીથી લોકોમાં નિરાશા આવી અને તેમનો રાજકીય જુસ્સો મંદ પડ્યો. આંદોલનને વ્યાપક બનાવેલી લોકોની રાષ્ટ્રીય ભાવના અને રાજકીય જાગૃતિને ટકાવી રાખવાની જરૂર હતી. વળી સરકારની દમનનીતિનો સામનો કરવા તથા તે સામે લોકોની રાજકીય જાગૃતિ ટકાવવા માટે કોઈ વૈકલ્પિક કાર્યક્રમમાં આપવાની જરૂર હતી. આવી પરિસ્થિતિમાં ચિતરંજનદાસ અને મોતીલાલ નેહરુ જેવા નેતાઓને લાગ્યું કે મહાસભાએ ધારાસભામાં પ્રવેશ મેળવીને સરકારને બંધારણીય લડત આપીને વૈકલ્પિક કાર્યક્રમ આપવો જોઈએ.
- ✓ આ દરમિયાન ખિલાફતનો પ્રશ્ન સમાપ્ત થયો અને ઈ.સ૧૯૨૨-૨૩ ના વર્ષમાં પંજાબ, બંગાળ અને બિહારના હિન્દુ- મુસ્લિમ હુલ્લડોથી બંને કોમો વચ્ચેની એકતા ફરી તૂટી હતી આ એકતાની પુનઃ સ્થાપના માટે પણ ધારાસભામાં હિંદુ-મુસ્લિમ સભ્યોનો સંયુક્ત મોરચો રચવાની આવશ્યકતા હતી.

- ✓ ધારાસભામાં લોકમતનો પડઘો પાડી શકે અને પંજાબ તથા ખિલાફતના અન્યાયો દૂર કરાવી સ્વરાજ્ય પ્રાપ્તિની પ્રક્રિયાને આગળ ચલાવી શકે તેવા લોકશાહી પક્ષની જરૂર હતી.
- ✓ હિન્દ સરકારનું આપખુદ સ્વરૂપ ટકાવી રાખવામાં અને બંધારણીય પ્રગતિમાં રૂકાવટ કરવામાં મુખ્ય ભાગ ભજવનાર અમલદાર તંત્રની બ્રિટનના વડાપ્રધાન અને હિન્દી વજીરે પ્રશંસા કરી અને અસહકારવાદીઓનો ધારાસભામાં પ્રવેશ બંધારણીય પ્રગતિ માટે આફતરુપ હોવાનું વિધાન કર્યું. સરકારના અન્યાયી કાર્યોનો સામનો કરવા માટે પણ ધારાસભામાં પ્રજાકીય પક્ષની જરૂર હતી આથી સ્વરાજ્ય પક્ષની સ્થાપના અને વેગ મળ્યો.
- ✓ સરકાર પર બંધારણીય ફેરફાર પરત્વે જરૂરી દબાણ લાવી શકે તેવા પ્રજાનું પીઠબળ ધરાવતા એક મજબૂત પક્ષની ધારાસભામાં જરૂર હતી. આથી પણ સ્વરાજ્ય પક્ષનો ઉદય થયો.
- ✓ અસહકારની સફળતા અને નિષ્ફળતાની તપાસ કરવા માટે મહાસભાએ 'નાકર સમિતિ' નિયુક્ત કરી હતી. તેને બહુમતીએ અસહકારવાદીઓને નવેમ્બર ૧૯૨૩માં યોજનાના ધારાસભાની ચૂંટણીઓમાં ભાગ લેવાની અને બહુમતી બેઠકો કબજે કરવાની ભલામણ કરી હતી. આ સમિતિના અભિપ્રાય મુજબ સરકારની આપખુદ અને અન્યાયી નીતિને દેશ- વિદેશમાં ખુલ્લી પાડવા, સરકાર દ્વારા બંધારણીય પ્રગતિમાં થતી રુકાવટો દૂર કરાવવા, ધારાસભાની બિનલોકશાહી કાર્યવાહી રોકવા તથા નિષ્ક્રિય બનેલા પ્રજાકીય જીવનને સક્રિય બનાવવા અસહકારવાદીઓએ ધારાસભાઓમાં પ્રવેશનો કાર્યક્રમ અપનાવવાની જરૂર હતી.

## 7.3 સ્વરાજ્ય પક્ષની સ્થાપના

કોંગ્રેસની અસહયોગ સમિતિના સભ્યો - અજમલખાં, મોતીલાલ નેહરુ, વિઠ્ઠલભાઈ વગેરેએ સ્વીકાર કર્યો કે અસહયોગ આંદોલન સફળ રહ્યું છે. કોંગ્રેસ નીતિમાં પરિવર્તનના હિમાયતી હતા. તેમણે કોંગ્રેસની નીતિઓમાં પરિવર્તન લાવવા માટે ત્રણ બાબતો રજૂ કરી.

(૧) દેશની સાધારણ જનતા અસહયોગ આંદોલન અપનાવવા માટે તૈયાર નથી.

(૨) સત્યાગ્રહી પંજાબ અને ખિલાફતની સરકારની ભૂલોને સુધારવા અને તરત 'સ્વરાજ્ય' ની માંગના આધાર પર ચૂંટણીમાં ભાગ લે.

(૩) જો તેઓ બહુમતીથી ચૂંટાયા તો તેઓ સરકારના દરેક કાર્યનો વિરોધ કરે અને માત્ર ઉપર દર્શાવેલી ત્રુટીઓને સુધારવા માટે તથા સ્વરાજ્યની માંગણી કરે. પરંતુ જો કાઉન્સિલમાં બહુમત ન થાય તો તેઓ તેની કોઈ કાર્યવાહીમાં ભાગ ન લે.

ગાંધીજીએ મોન્ટફર્ડ સુધારા પ્રત્યે સહયોગનો વિચાર વ્યક્ત કર્યો. પણ ચિતરંજનદાસે પૂર્ણ બહિષ્કારનું સમર્થન કર્યું હતું. જોકે આ સહયોગનો પ્રસ્તાવ પાસ થયો ત્યારે પૂર્ણ સહકાર આપ્યો.

ડિસેમ્બર ૧૯૨૨ માં ગયા માં મહાસભાનું વાર્ષિક અધિવેશન મળ્યું. જેમના પ્રમુખ તરીકે શ્રી ચિતરંજનદાસ હતા. આ અધિવેશનમાં પરિવર્તન વાદીઓ અને અપરિવર્તન વાદીઓ વચ્ચે ખેંચતાણ રહી. અધિવેશનમાં પ્રમુખ ચિતરંજનદાસ, મોતીલાલ નેહરુ અને તેમના ટેકેદારો ધારાસભામાં પ્રવેશ કરી તેના કાર્ય થંભાવી દેવાના મતના હતા. પરંતુ રાજગોપાલાચારી, ડો. અંસારી, ક્સ્તુરીરંગા અને તેમના સાથીદારોએ ધારાસભામાં પ્રવેશનો વિરોધ કરતો અને રચનાત્મક પ્રવૃત્તિઓને વ્યાપક બનાવવાની લગતો ઠરાવ મોટી બહુમતીથી પસાર કર્યો. જેના પરિણામ સ્વરૂપ ચિતરંજનદાસે મહાસભાના પ્રમુખ પદેથી અને પંડિત મોતીલાલ નહેરુએ પણ કોંગ્રેસના મહામંત્રી પદેથી રાજીનામું આપ્યું. અને મહાસભાની અંદર જ 'ખિલાફત સ્વરાજ્ય પક્ષ' નામના નવા પક્ષની સ્થાપનાની જાહેરાત કરી. જે પાછળથી સ્વરાજ્ય પક્ષના નામે જાણીતો થયો.

સપ્ટેમ્બર ૧૯૨૩ માં કોંગ્રેસનું એક વિશેષ અધિવેશન મૌલાના અબુલ કલામ આઝાદના પ્રમુખ પદે બોલાવવામાં આવ્યું કોંગ્રેસે સ્વરાજયવાદીઓની માંગ સ્વીકારી લીધી તથા કોંગ્રેસીઓને ધારાસભામાં ચૂંટણીમાં ભાગ લેવાની પરવાનગી આપી. ત્યારબાદ આજ વર્ષમાં કાકીનાડાના અધિવેશનમાં ધારાસભા પ્રવેશ સંબંધી પ્રસ્તાવને મંજૂરી આપી. ડિસેમ્બર ૧૯૨૪ માં બેલગાંવ મુકામે કોંગ્રેસ અધિવેશનની બેઠકના પ્રમુખ ગાંધીજી હતા. સ્વરાજ્ય પક્ષ સાથે તેમને મૂળભૂત મતભેદ હોવા છતાં એ પોતાના આશીર્વાદ આપ્યા અને અસહકારવાદીઓને પોતાનો રચનાત્મક કાર્યક્રમ આગળ ધપાવવા અનુરોધ કર્યો.

## 7.4 સ્વરાજ પક્ષના ઉદ્દેશો

- ✓ ભારત માટે સ્વરાજ્ય પ્રાપ્તિ
- ✓ ધારાસભામાં પ્રવેશ કરીને અસહયોગના કાર્યક્રમને આપવો તથા અસહયોગને આંદોલનની સફળ બનાવવું.
- ✓ સરકારની નીતિઓનો તીવ્ર વિરોધ કરવો અને તેના કાર્યોમાં ગતિરોધની નીતિ દ્વારા વિઘ્નો ઊભા કરવા. જેનાથી સરકારને શાસન ચલાવવામાં મુશ્કેલી ઊભી થાય અને વિવશ થઈને નીતિઓમાં પરિવર્તન કરી દે.

## 7.5 સ્વરાજ્ય પક્ષના નેતાઓ

### 7.5.1 ચિતરંજનદાસ :-

સ્વાતંત્રતા માટે આજીવન લડનાર હિંદીઓમાં બંગાળના ચિતરંજનદાસ મુખ્ય હતા. બંગાળના દેશભક્ત શ્રી ચિતરંજનદાસનો જન્મ તારીખ ૫ મી નવેમ્બર ૧૮૭૦ કલકત્તામાં થયો હતો. તેમની માતા નિસ્તારિણી દેવી અને પિતા ભુબનમોહનદાસ કલકત્તાની વડી અદાલતમાં પ્રસિદ્ધ વકીલ હતા. દાસ કુટુંબ ઉદાર સખાવત માટે પ્રસિદ્ધ હતું.

ચિતરંજનદાસ ૧૮૮૬ માં ૧૬ વર્ષની વયે મેટ્રીક થયા અને પ્રેસિડેન્સી કોલેજમાં દાખલ થયા. ૧૮૯૦ માં ગ્રેજ્યુએટ થઈ આઈ. સી. એસ.ની પરીક્ષા આપવા ઈગ્લેન્ડ ગયા. બ્રિટિશ પાર્લામેન્ટની ચૂંટણીમાં શ્રી દાદાભાઈ નવરોજી ઉભા રહ્યા હતા. તેમાં પ્રચાર અર્થે ચિતરંજનદાસે ઝંપલાવી ખૂબ જ ઉત્સાહથી કામ કર્યું ચૂંટણી જંગમાં એક ભાષણમાં પાર્લામેન્ટના એક સભ્ય મિ. મેકલિને જણાવ્યું કે, અમે હિન્દુસ્તાનને તલવારના બળે જીત્યું છે અને તલવારને બળે જ તેને કાબુમાં રાખીશું. ચિતરંજનદાસે તેને વખોડી અને આંદોલન કર્યું. પરિણામ એ આવ્યું કે તેઓ આઈ. સી. એસ. માં સફળ ન થયા. આ પછી તેમણે બેરિસ્ટરની પરીક્ષા પાસ કરી. ૧૮૯૩ માં હિંદ પાછા આવી કલકત્તાની સદર અદાલતમાં બેરિસ્ટર તરીકે જોડાયા.૧૮૯૭ માં ચિતરંજનદાસના લગ્ન વાસંતી દેવી સાથે થયા. શરૂઆતમાં વ્યવસાયમાં તેમને સફળતા મળી ન હતી. વળી તેમના પિતાએ ૧૯૦૬ માં નાદારી નોંધાવી હતી પણ હિંમત અને ધીરજ થી પોતાનું કામ ચાલુ રાખ્યું.

વકીલાતમાં ચિતરંજનદાસની કુશળતાનો પરિચય લોકોને 'વંદેમાતરમ' ના સંપાદક શ્રી અરવિંદ ઘોષ પર રાજદ્રોહના મુકદ્દમામાં મળ્યો. અલિપુર બોમ્બ વિસ્ફોટ પ્રકરણ અંતર્ગત અરવિંદ ઘોષ પર લાગેલા રાજદ્રોહના આરોપોનો સફળતાપૂર્વક બચાવ કર્યો. અરવિંદ ઘોષ નિર્દોષ જાહેર થયા. ચિતરંજનદાસની વધેલી ખ્યાતિ એ તેમની કમાણીમાં વધારો કર્યો અને પિતાજીનું દેવું ચૂકવી નાદારી રદ કરાવી. આગેવાન નેતાઓ - ચિતરંજનદાસ અને બિપિનચંદ્ર પાલનો અનુશીલન સમિતિ નામની સંસ્થાનો ટેકો મળ્યો હતો. જલિયાવાલા બાગના હત્યાકાંડમાં અમાનુષી સરકારી વર્તાવની તપાસ કરવા માટે મહાસભાએ પોતાની સ્વતંત્ર તપાસ સમિતિ નિમી. જેમાં ગાંધીજી અને અન્ય સભ્યો સાથે ચિતરંજનદાસ પણ હતા.આ સમયે ચિતરંજનદાસ ગાંધીજીના ગાઢ સંપર્કમાં આવ્યા. ડિસેમ્બર ૧૯૧૯ માં મહાસભાનું અધિવેશન પંડિત મોતીલાલ નેહરુના પ્રમુખ પદે યોજાયું. એના મંત્રીઓ તરીકે વિઠ્ઠલભાઈ પટેલ ગોકર્ણનાથ મિશ્ર તથા ડો. અન્સારી હતા. અધિવેશનમાં ગાંધીજી અને

ચિતરંજનદાસ મુખ્ય માર્ગદર્શક જેવા રહ્યા. આ અધિવેશને મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાને અધૂરા, અસંતોષકારક અને નિરાશાજનક જાહેર કર્યા. ૧૯૨૦ માં કોંગ્રેસનું એક વિશેષ અધિવેશન કલકત્તામાં લાલા લજપતરાયના અધ્યક્ષ પદે મળ્યું. જેમાં ગાંધીજીએ રજૂ કરેલ અસહકારના ઠરાવનો ચિતરંજનદાસ, બિપીનચંદ્ર પાલ, એની બેસન્ટ, મદનમોહન માલવિયા અને કેટલાક આગેવાનોએ તેનો વિરોધ કર્યો. ડિસેમ્બર ૧૯૨૦ માં નાગપુર મહાસભાના વાર્ષિક અધિવેશનમાં ચિતરંજનદાસ પોતાનો પક્ષ મજબૂત કરવા બંગાળ અને આસામમાંથી પોતાના ખર્ચે આશરે ૨૫૦ પ્રતિનિધિઓ લાવ્યા હતા. પરંતુ મહાસભાનું અધિવેશન શરૂ થતા જ તેઓએ ગાંધીજીના અસહકારના ઠરાવને સંપૂર્ણ ટેકો આપ્યો. અદાલતોના બહિષ્કાર કાર્યક્રમ અંતર્ગત મોતીલાલ નહેરુ, ચિતરંજનદાસ, રાજેન્દ્ર પ્રસાદ, વિઠ્ઠલભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ વગેરે પોતાની ધીકતી વકીલાત છોડી દીધી. અસહકારનો ભેખ બંગાળમાં લઈ ગામડે ગામડે ફરી મહાસભા નો સંદેશ ફેલાવ્યો અને પ્રજામાં જાગૃતિ આણી. તેમના આવા ભેખધારી જીવનથી લોકચાહના મળી અને તેઓ દેશબંધુ બન્યા.

૧૯૨૧ માં ઈંગ્લેન્ડના પાટવી કુંવર પ્રિન્સ ઓફ વેલ્સ હિન્દ આવ્યા. એ સમયે અસહકારના આંદોલનને કચડી નાખવા સરકારે વિશેષ દમનકારી પગલાં લીધા હતા. પ્રિન્સ કલકત્તાની મુલાકાત લેવાના હતા. તે પ્રસંગે દેખાવો રોકવાના ઈરાદે બંગાળના ગવર્નરે જાહેરનામું પ્રસિધ્ધ કર્યું. નવા ફોજદારી ધારા મુજબ સ્વયંસેવકોની ભરતી અને જાહેર દેખાવોને ગેરકાનૂની જાહેર કરતું હતું. જેના વિપરીત પ્રત્યાઘાતો બંગાળમાં પડ્યા. ચિતરંજનદાસની આગેવાની નીચે સ્વયંસેવકોની ભરતી થઈ. જેમાં પ્રથમ સ્વયંસેવક તરીકે ચિતરંજનદાસના એકમાત્ર પુત્ર ચિરરંજન જોડાયા. સરકારે તેમની ધરપકડ કરતા હજારો યુવક - યુવતીઓ સ્વયંસેવક તરીકે નોંધાયા. ચિતરંજનદાસની પત્ની બસંતીદેવી અને તેમના નણંદ ઉર્મિલાદેવી બંગાળની ચળવળના નેતા હતા. તેઓ સભા સરઘસનું નેતૃત્વ કરતા અને વિદેશી સામાન વેચતી દુકાનો પર પિકેટિંગ કરતા. રસ્તા ઉપર ખાદી વેચીને કલકત્તાના સદગૃહસ્થોની આડે આવવાના આરોપસર બસંતી દેવી અને ઉર્મિલાદેવીની ધરપકડ કરવામાં આવી. આથી સમગ્ર બંગાળમાં સરકાર સામે ભારે વિરોધી દેખાવો થયા. માત્ર કલકત્તામાંથી જ સુભાષચંદ્ર બોઝ સહિત આશરે ૨૦૦૦ જેટલા સ્વયંસેવકો ભરતી થયા. સરકારને વિશેષ જેલના અભાવે મોટાભાગનાને છોડી મૂકવાની ફરજ પડી. ગવર્નરે ચિતરંજનદાસ પ્રિન્સ સામેના વિરોધી દેખાવો ન કરે એ શરતે સરકારી પગલાં રદ કરવાની તૈયારી બતાવી. પણ મહાસભા અને ચિતરંજનદાસે તેનો ઈનકાર કર્યો. તેથી બંગાળ સરકારે દસમી ડિસેમ્બરે ચિતરંજનદાસ, સુભાષચંદ્ર

બોઝ, મૌલાના અબુલ કલામ આઝાદ અને કલકત્તાના મહાસભાના તથા ખિલાફતના અન્ય નેતાઓની ધરપકડ કરી. આ જ વરસ માટે અમદાવાદમાં મહાસભાની ૩૬ મી બેઠક મળવાની હતી. તેના પ્રમુખસ્થાન માટે દેશબંધુ દાસની પસંદગી કરવામાં આવી હતી. પરંતુ કોંગ્રેસ મળે તે પહેલા જ સરકારે ૧૦ મી ડિસેમ્બરે તેમની ધરપકડ કરી અને છ મહિનાની સજા ફરમાવી. અધિવેશનના કાર્યકારી પ્રમુખ તરીકે અજમલખાનની વરણી થઈ. પ્રમુખ દેશબંધુ દાસે પોતાનું ભાષણ મોકલી આપ્યું હતું. જે સરોજિનીદેવી એ વાંચ્યું. જેમાં સ્વમાન,સ્વબલિદાન અને નીડરતાના સુરે લોકોને સરકારી દમનનીતિ સામે લડવા દઢ બનાવ્યા. ૧૯૨૨ ના જુન માસમાં કેદમાંથી છૂટ્યા. એ વર્ષના ડિસેમ્બર મહિનામાં ગયા મુકામે ભરાયેલી મહાસભાના વાર્ષિક અધિવેશનમાં પ્રમુખ તરીકે ચૂંટાયા. જેમાં એક પક્ષ ધારાસભામાં જવું એવા મતનો હતો. એમાં ચિતરંજનદાસ અને તેમના ટેકેદારોનો સમાવેશ થતો હતો. પરંતુ રાજગોપાલાચારી અને તેમના સાથીદારો ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો અને ધારાસભાના પ્રવેશ નિષેધનો મુકેલો ઠરાવ બહુમતીથી પસાર થતા ચિતરંજનદાસે મહાસભાના પ્રમુખ તરીકે રાજીનામું આપ્યું અને નવા પક્ષ સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરી. વિદ્યાર્થી મિત્રો, સ્વરાજ પક્ષની સ્થાપના અને તેની પ્રવૃત્તિઓમાં અને ચર્ચા કરવામાં આવી છે. ચિતરંજનદાસે સ્વરાજ્ય પક્ષનો પ્રચાર કરી તેને મજબૂત કરવા માટે દેશમાં પ્રવાસ કર્યો અને 'ફોરવર્ડ' નામનો અંગ્રેજી દૈનિક પત્ર પણ પ્રસિદ્ધ કર્યું. ચિતરંજનદાસ કવિ પણ હતા. 'માલંચ', 'માલા' વગેરે એમના જાણીતા કાવ્યસંગ્રહો છે. તેમની તબિયત બગડતા આરામ અને હવા ફેર માટે દાર્જિલિંગ ગયા. ત્યાં ૧૬મી જૂન ૧૯૨૫ ના રોજ તેમનું અવસાન થયું. એમને અંજલી આપતા ગાંધીજીએ કહ્યું હતું કે, '--- આપણે હિંદુઓ, મુસલમાનો, પારસીઓ અને ખ્રિસ્તીઓ - આપણે બધા જ હિંદીઓ દેશબંધુ જાતે જે ક્ષેત્રમાં જીવ્યાં અને ઝઝુમ્યાં તે ક્ષેત્રમાં કંઈ કરીશું તો જ આપણે દેશબંધુની સ્મૃતિ તરીકે કંઈક કર્યું કહેવાશે.'

**7.5.2 વિઠ્ઠલભાઈ પટેલ :-**

સરદાર વલ્લભભાઈ પટેલના જયેષ્ઠબંધુ અને જેમના નામ ઉપરથી ગુજરાતની વિધાનસભાનું નામાભિધાન થયું છે એ વિઠ્ઠલભાઈ પટેલ નો જન્મ તારીખ ૨૭- ૯-૧૮૭૩ ના દિવસે નડિયાદમાં થયો હતો. કરમસદમાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું અને મુંબઈમાં વકીલાત ની પરીક્ષા પાસ કરી. વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ બોરસદમાં વકીલાત કરતા. ચરોતરમાં અદાલતી ક્ષેત્રે એમની હાક વાગતી. ૧૮૮૨માં સોજીત્રાના દિવાળીબાઈ સાથે લગ્ન થયા. ૧૯૦૫ માં બેરિસ્ટર બનવા ઈગ્લેન્ડ ગયા. ૩૬ મહિનાનો અભ્યાસ ૩૦ મહિનામાં પ્રથમ

ક્રમાંકે પૂર્ણ કરી સ્વદેશ પરત ફર્યા. ૧૯૧૦ માં પત્ની દિવાળીબાઈનું અવસાન થતાં દેશસેવામાં સમર્પિત થવાનું નક્કી કર્યું. એમના જાહેર જીવનની શરૂઆત ૧૯૧૨ માં મુંબઈની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં સભ્ય તરીકે જોડાવાથી શરૂ થઈ. એમણે પોતાની સભ્ય તરીકેની કામગીરી બજાવવા માટે ધારાસભામાં ચર્ચાના વિષયો, તેની કાર્યપદ્ધતિ, કાર્યવાહી, અહેવાલો વગેરેનો સતત અને ઊંડો અભ્યાસ કર્યો. તેઓ પ્રાંતોના વહીવટ અંગે અમલદારોને પ્રશ્ન પૂછતા, આબકારી કાયદો, નગર આયોજન અંગેનો ધારો કે મહેસુલી ધારા જેવા બિલોમાં પણ સુધારા સૂચવતા અને ફરજિયાત પ્રાથમિક કેળવણી જેવા વિષયો ઉપર બીલો પણ રજૂ કરતા. કેન્દ્રીય ધારાસભામાં આવતા પહેલા વિઠ્ઠલભાઈ પ્રશાસન, સંવિધાન અને સંસદીય સંસ્થાઓની પ્રક્રિયા અને નિયમોની અધ્યયનશીલતા માટે ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. અહીં પણ તેમણે વિશેષ સક્રિય અને પરિશ્રમ સભ્ય તરીકે ખ્યાતિ મેળવી. ૧૯૧૮માં કેન્દ્રીય (મધ્યસ્થ) ધારાસભાના સભ્ય બન્યા. ધારાસભામાં ૧૯૧૯માં પૂછાયેલા કુલ ૩૧૪ પ્રશ્નોમાંથી ૬૨ પ્રશ્નો વિઠ્ઠલભાઈએ પૂછ્યા હતા. ૧૯૨૦માં કોંગ્રેસના દૃષ્ટિબિંદુનો પ્રચાર કરવા તેઓ ઈંગ્લેન્ડ ગયા હતા. ૧૯૨૩ માં વલ્લભભાઈ સાથે નાગપુર ઝંડા સત્યાગ્રહમાં નેતૃત્વ કર્યું હતું. મોન્ટફર્ડ સુધારા અને રોલેટ એક્ટ સામે તેમણે ઉગ્ર વિરોધ નોંધાવેલો. ૧૯૨૫માં અને ૧૯૨૭ માં મધ્યસ્થ (વડી) ધારાસભામાં પ્રમુખ બન્યા. પબ્લિક સેફ્ટી બિલ પર થયેલા મતદાનમાં પક્ષના ૬૧ અને વિપક્ષના ૬૧ મત હતા. વિઠ્ઠલભાઈએ પોતાનો નિર્ણાયક મત વિપક્ષને આપી પબ્લિક સેફ્ટી બિલને નામંજૂર કરી દીધું. સરકારને આ ર્નિણય પસંદ નહી આવતા ૧૯૨૯માં કેટલાક પરિવર્તનો સાથે ફરી રજૂ કર્યો. તા. ૮મી એપ્રિલે ધારાસભામાં બોમ્બ ધડાકો થયો ત્યારે પબ્લિક સેફ્ટી બિલ પર ચર્ચા ચાલતી હતી અને વિઠ્ઠલભાઈ અધ્યક્ષ તરીકે હતા. ૧૯૩૦માં સત્યાગ્રહની લડત શરૂ થતાં એ પદ પરથી વિઠ્ઠલભાઈએ તા. ૨૫મી એપ્રિલ ૧૯૩૦ માં રાજીનામું આપ્યું. તા.૨૮મી ઓગસ્ટ ૧૯૩૦ ના રોજ તેમની ધરપકડ કરી અને જેલમાં ગયા પછી તેમની તબિયત કથળતા તબીબી સારવાર માટે તા. ૨૪ મી ફેબ્રુઆરી ૧૯૩૧ ના રોજ એ વિયેના ગયા. તા. ૨૮મી ડિસેમ્બર ૧૯૩૧ માં ભારત પાછા આવ્યા. સરકારે દમનનીતિ અપનાવતા ફરી જેલમાં ગયા. તેમની તબિયત કથળતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. પણ હાલતમાં કોઈ સુધારો ન થતા તેમને છોડવામાં આવ્યા અને ઈલાજ માટે વિદેશ જવાની મંજૂરી આપવામાં આવી. તા. ૫ મી માર્ચ ૧૯૩૨ ના રોજ ફરીથી વિયેના ગયા. અહીં તેમની તબિયતમાં સુધારો થયો અને નવેમ્બર ૧૯૩૨ માં તેઓ અમેરિકા ગયા, ત્યાં પાંચ મહિના પ્રવાસ દરમિયાન અનેક સ્થળોએ ગયા. અમેરિકાની

પ્રજા સામે ભારત વિષયક તથ્ય અને પરિસ્થિતિ વિશે માહિતી આપવાના કાર્યમાં વ્યસ્ત રહ્યા. અમેરિકાની યાત્રા પછી સ્વાસ્થ્યના કારણે ફરી વિયેના આવ્યા. તેઓ ડબ્લિન જઈને ડી વેલેરાને મળ્યા. વિયેનામાં સુભાષચંદ્ર બોઝ સાથે ગાઢ પરિચય થયો. ભારતના સંદર્ભમાં તેમણે અને સુભાષચંદ્ર બોઝે એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું. માંદગીના કારણે તા.૨૨-૧૦-૧૯૩૩ ના રોજ તેમનું અવસાન થયું.

**7.5.3 મોતીલાલ નેહરુ :-**

મોતીલાલનો જન્મ તા. ૬ મે, ૧૮૬૧ ના રોજ આગ્રામાં થયો હતો. તેમની માતાનું નામ જીયો રાની હતું. તેમના જન્મ પહેલા પિતા ગંગાધર નેહરુ નું અવસાન થયું હતું. મોતીલાલ નો ઉછેર તેમના ભાઈ નંદલાલે કર્યો હતો. ભાઈ નંદલાલ અલ્હાબાદની કોર્ટના અગ્રગણ્ય વકીલ હતા. ૧૮૭૩માં મોતીલાલે કાનપુરમાં હાઈસ્કૂલની પરીક્ષા પાસ કરી. ૧૮૭૯-૮૨માં મ્યોર સેન્ટ્રલ કોલેજ, અલ્હાબાદમાં કોલેજનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. તેઓ હાઇકોર્ટમાં વકીલોની પરીક્ષામાં સર્વ પ્રથમ આવી સુવર્ણ પદક પણ પ્રાપ્ત કર્યો. પ્રારંભમાં કાનપુર જિલ્લા ન્યાયાલયમાં અને પછી અલ્હાબાદ હાઇકોર્ટમાં વકીલાત કરી. મોતીલાલની પહેલી પત્ની અને પુત્રનું મૃત્યુ થતા લગ્નનો દુઃખદ અંત આવ્યો. તેમણે બીજા લગ્ન સ્વરૂપરાણી સાથે કર્યા. વકીલાતમાં તેમને અભૂતપૂર્વ સફળતા મળી. જે દિવસોમાં વિદેશ ભ્રમણ કરનારને પ્રાયશ્ચિત કરવું પડતું એ સમયે મોતીલાલે ૧૮૯૯ અને ૧૯૦૦ માં બે વાર યુરોપ ભ્રમણ કર્યું અને પ્રાયશ્ચિત કરવાની મનાઈ કરી રૂઢિવાદીઓ સામે ઝુક્યા નહી. મે, ૧૯૦૫ માં સહ પરિવાર ત્રીજી વાર યુરોપ ગયા.

૧૮૮૮ માં અલ્હાબાદમાં કોંગ્રેસનું ચોથું અધિવેશન સ્કોર્ટલેન્ડવાસી જ્યોર્જ યુલના અધ્યક્ષ પદે મળ્યું ત્યારે તેમાં મોતીલાલે ભાગ લીધો હતો. ૧૮૮૯ માં અને ૧૮૯૧માં કોંગ્રેસના અધિવેશનમાં પણ તેઓ સક્રિય હતા. ગરમ અને નરમ એમ બે દળમાં કોંગ્રેસ વિભાજીત થઈ હતી મોતીલાલ નરમના સમર્થક હતા. બંગાળના વિભાજન પછી ડિસેમ્બર ૧૯૦૫ માં બનારસમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની પહેલી બેઠકમાં તેમણે પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. ૨૯ મી માર્ચ ૧૯૦૭ માં અલ્હાબાદમાં પ્રથમ પ્રાંતીય સંમેલનમાં તેમણે અધ્યક્ષ ભાષણમાં નરમ દળનો પક્ષ લીધો. ૧૯૦૯ માં 'ધ લીડર' સમાચારપત્ર નો આરંભ કર્યો. તેના સંચાલક મંડળના અધ્યક્ષ હતા. પાછળથી મતભેદ થતા લીડર બંધ થયું. હોમરૂલ આંદોલનમાં પણ મોતીલાલ સક્રિય હતા. શ્રીમતી એની બેસન્ટની ધરપકડ કરવામાં આવી અને તેજ બહાદુર સપ્રુ, સી.વાય.ચિંતામણી તથા અન્ય નેતાઓની સાથે મદ્રાસ સરકારની નિરંકુશ

કાર્યવાહીના વિરોધમાં હોમરૂલ લીગમાં સામેલ થયા. અલ્હાબાદમાં હોમરૂલ લીગની એક બેઠકમાં મોતીલાલ સંયુક્ત પ્રાંત શાખાના સભાપતિ તરીકે પસંદ થયા અને જવાહરલાલ પણ સંયુક્ત મંત્રીઓમાં ના એક હતા. ૧૯૧૮ માં હોમરૂલ લીગનું વિશેષ પ્રાંતીય સંમેલન થયું જેમાં મોતીલાલે દેશવાસીઓને રાષ્ટ્રહિત માટે પોતાના મતભેદ ભૂલી જવા અને હોમરૂલ આંદોલનને સમર્થન આપવાની અપીલ કરી. સતત આંદોલનથી એની બેસન્ટને છોડી દેવામાં આવ્યા. પરંતુ આ બધી મુશ્કેલીઓએ તેમના મન ઉપર ગાઢ અસર કરી અને તેમણે નરમ દળની રાજનીતિમાંથી નિવૃત્તિ લીધી. ૧૯૧૯માં ફેબ્રુઆરીમાં 'ઈંડિપેન્ડન્ટ' નામના અંગ્રેજી દૈનિક પત્રનો પ્રકાશનનો આરંભ કર્યો. જલિયાવાલા બાગના હત્યાકાંડ અને પંજાબના અન્ય અત્યાચારોની તપાસ કરવા માટે એક સમિતિમાં અન્ય સભ્યો સાથે મોતીલાલ નેહરુ પણ સામેલ હતા. તારીખ ૨૭ થી ૩૧મી ડિસેમ્બર ૧૯૧૯ માં અમૃતસરમાં કોંગ્રેસના ૩૫ માં અધિવેશનમાં મોતીલાલ નહેરુ અધ્યક્ષ પદે હતા. કલકત્તા કોંગ્રેસે અસહકારનો ઠરાવ પસાર કર્યો પછી મોતીલાલે યુ.પી. કાઉન્સિલમાંથી રાજીનામું આપ્યું. અને વકીલાત છોડી દીધી. અસહકાર આંદોલનમાં ભાગ લેવાના કારણે મોતીલાલ અને તેમના પુત્ર જવાહરલાલની સાથે અન્ય મુખ્ય આગેવાનોને જેલમાં પૂર્યા. ચૌરીચૌરાનો બનાવ બનતાં અસહકારની લડત મોકુફ રાખવામાં આવી. પંડિત મોતીલાલ નેહરુ અને લાલા લજપતરાયેના જેલમાંથી ગાંધીજીને ભારે દુઃખ વ્યક્ત કરતા પત્રો લખ્યાં. મહાસભાની અખિલ હિંદ મહાસમિતિએ અસહકારના આંદોલનની સફળતા-નિષ્ફળતા પર અહેવાલ રજૂ કરવા માટે હકીમ અજમલખાનના પ્રમુખ પદે એક સમિતિ નીમી હતી. જેમાં વિઠ્ઠલભાઈ પટેલ વગેરે નેતાઓની સાથે મોતીલાલ નેહરુ પણ સામેલ હતા. વિદ્યાર્થી મિત્રો, મોતીલાલ નેહરુનું સ્વરાજ્ય પક્ષમાં આપેલા પ્રદાનની માહિતી સ્વરાજ્ય પક્ષની પ્રવૃત્તિમાં આપવામાં આવી છે. હિન્દી વજીરે હિંદના તમામ રાજકીય પક્ષને અનુરૂપ થાય તેવું બંધારણ ઘડવાનો પડકાર ફેંક્યો અને આવા બંધારણના મતદાન ઉપર યોગ્ય વિચારણા કરવાની જાહેરાત કરી. આથી હિંદ રાષ્ટ્રીય મહાસભાએ દિલ્હીમાં ૧૨મી ફેબ્રુઆરી ૧૯૨૮ માં સર્વ પક્ષીય પરિષદ બોલાવી. ૧૯મી મે ૧૯૨૮ના રોજ મળેલી બીજી બેઠકમાં ભારતના સર્વપક્ષોને અનુરૂપ થાય તેવો બંધારણનો યોગ્ય મુસદ્દો તૈયાર કરવા એક સમિતિની રચના કરી. જેના પ્રમુખ પદે મોતીલાલ નેહરુ હતા. આ સમિતિએ ૧૦ મી ઓગસ્ટ ૧૯૨૮ ના રોજ પોતાનો અહેવાલ રજૂ કર્યો. ઝકરીયા નોંધે છે કે નહેરુ અહેવાલ પૂરેપૂરો વ્યવહારૂ છે અને તે માત્ર આદર્શવાદી નથી તે

દેશના બંધારણના તમામ પાસાંઓને આવરી લે છે અને હિન્દી ઓનો પોતાના દેશનું બંધારણ ઘડવા માટેનો તે પ્રથમ વ્યવસ્થિત અને યોગ્ય પ્રયાસ છે.

દાંડીકૂચ દરમિયાન ૨૩મી માર્ચે મોતીલાલ ગાંધીજીને મળ્યા. તેમણે અલ્હાબાદ નું મકાન ‘આનંદ ભુવન‘ કોંગ્રેસને ભેટના રૂપમાં આપ્યું. મીઠાના સત્યાગ્રહની શરૂઆત ના એક સપ્તાહ પછી જવાહરલાલ નેહરુની ધરપકડ કરી ૬ મહિનાની સજા કરવામાં આવી ત્યારે ગાંધીજીએ કરેલા પરામર્શનથી મોતીલાલે ૧૭મી એપ્રિલના રોજ કોંગ્રેસનું કાર્યકારી અધ્યક્ષ પદ સંભાળ્યું. પરંતુ ૩જી જૂને અલ્હાબાદમાં મોતીલાલ અને ડો.સૈયદ મહમુદને બંદી બનાવી છ મહિનાની સાધારણ કારાવાસની સજા કરવામાં આવી. તેજ બહાદુર સપ્રુ અને જયકર વગેરેએ કોંગ્રેસ અને સરકાર વચ્ચે સમાધાન કરાવવાના પ્રયત્નો કર્યા. મોતીલાલનું સ્વાસ્થ્ય બગડતાં ૮મી સપ્ટેમ્બર ૧૯૩૦ ના રોજ સરકારે તેમને જેલમાંથી મુક્ત કર્યા. આ પછી તેમણે વિદેશી વસ્તુ બહિષ્કાર આંદોલનને સક્રિય બનાવવા તરફ ફરી ધ્યાન આપ્યું. આ દરમિયાન તેમનું સ્વાસ્થ્ય કથળ્યુ. અને સ્થિતિમાં કોઈ સુધારો ન થયો. ૬ ફેબ્રુઆરી ૧૯૩૧ ના રોજ તેમનું મૃત્યુ થયું.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

1. સ્વરાજય પક્ષની સ્થાપના માટેના કારણો જણાવો.
2. ચિતરંજનદાસ વિશે દસ વાક્ય લખો.
3. વિઠ્ઠલભાઈ પટેલ પર નોંધ લખો.
4. મોતીલાલ નેહરુ પર દસ વાક્યો લખો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(૧) ચિતરંજનદાસની માતાનું નામ _______ હતું.

(૨) ૧૯૨૦ માં કોંગ્રેસનું વિશેષ અધિવેશન _______ના અધ્યક્ષ પદે મળ્યું.

(૩) ઈંગ્લેન્ડના પાટવી કુંવર _______ હિંદ આવ્યા.

(૪) ચિતરંજનદાસના પુત્રનું નામ _______ હતું.

(૫) ચિતરંજનદાસના પત્ની_______ બંગાળની ચળવળના નેતા હતા.

(૬) મહાસભા ની ૩૬ મી બેઠકના પ્રમુખ ચિતરંજનદાસનું ભાષણ _______ એ વાંચ્યું હતું.

(૭) વિઠ્ઠલભાઈ પટેલ નો જન્મ ઇ. સ. _______ માં થયો હતો.

(૮) ધારાસભામાં વિઠ્ઠલભાઈએ _______પ્રશ્નો પૂછ્યા હતા.

(૯) તબીબી સારવાર માટે વિઠ્ઠલભાઈ _______ માં ગયા હતા.

(૧૦) મોતીલાલ નેહરુના ભાઈ નંદલાલ _______ ની હાઇકોર્ટના અગ્રણી વકીલ હતા.

(૧૧) અલ્હાબાદમાં કોંગ્રેસનું ચોથું અધિવેશન સ્કોટલેન્ડવાસી _______ ના અધ્યક્ષ પદે મળ્યું.

(૧૨) ડિસેમ્બર ૧૯૧૯માં _______ અધિવેશનમાં મોતીલાલ નેહરુ અધ્યક્ષ પદ હતા.

(૧૩) નેહરુ અહેવાલ ઇ.સ. _______માં રજૂ થયો.

(૧૪) મોતીલાલે અલ્હાબાદનું મકાન_______ કોંગ્રેસને ભેટ આપ્યું.

(૧૫) મોતીલાલનું અવસાન ઇ.સ. _______માં થયું હતું.

## 7.6 સ્વરાજ્ય પાર્ટીના કાર્યો

### 7.6.1 બંગાળઃ

બંગાળ ધારાસભામાં સ્વરાજ્ય પક્ષને સ્પષ્ટ બહુમતી મળી હતી. આથી તેના નેતા ચિતરંજનદાસને મંત્રીમંડળ બનાવવા માટે ગવર્નરે બ્રિટનને નિમંત્રણ આપ્યું. જેનો તેમણે અસ્વીકાર કર્યો અને બંગાળ ધારાસભામાં બંધારણીય કટોકટી ઊભી કરી. ચિતરંજનદાસે સ્વતંત્ર સભ્ય સાથે જોડાણ સાધી ધારાસભામાં રાષ્ટ્રીય પક્ષ ઊભો કર્યો હતો. આ પક્ષ બંગાળની ધારાસભામાં

- ✓ બંગાળ ને લાગુ કરેલા તમામ પ્રકારના દમનકારી ધારા રદ કરવા.

- ✓ બધા રાજદ્વારી કેદીઓને છોડી મૂકવા.
- ✓ અમુક વિષયો કેન્દ્રને બદલે પ્રાંત હસ્તક મૂકવા વગેરે મહત્વના ઠરાવો સરકારના ભારે વિરોધ છતાંયે પસાર કરાવ્યા.

માર્ચ ૧૯૨૪માં બે મંત્રીઓના વેતનના પ્રસ્તાવને અસ્વીકૃત કર્યો. આ પ્રસ્તાવ વિરુદ્ધમાં ૬૯ મત પડ્યા હતા. જેના પરિણામ સ્વરૂપ મંત્રીઓને પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું. સ્વરાજ્યવાદીઓનો આ મોટો વિજય હતો. આમ આ સમયગાળા દરમિયાન સ્વરાજ્ય પાર્ટી, જેમકે બ્રેકન હેથે સ્વીકાર્યું છે કે, "તે ભારતમાં સૌથી વધુ સંગઠિત રાજકીય પક્ષ હતો. ચિતરંજનદાસે નિશ્ચિત કાર્યક્રમ મુજબ બંગાળમાં દ્વિમુખી રાજ્યપદ્ધતિને અસફળ કરી દીધી. જૂન ૧૯૨૫માં ચિતરંજનદાસનું મૃત્યુ થતાં બંગાળમાં સ્વરાજ્ય પક્ષને મોટો ફટકો પડ્યો. છતાં પણ સ્વરાજ્ય પક્ષે મંત્રીમંડળ બનાવવાનું ત્રીજીવાર પણ અશક્ય કરી દીધું. જેથી બંગાળના ગવર્નરને ધારાસભાનો ભંગ કરવાનો આદેશ આપવો પડ્યો. આમ બંગાળની ધારાસભા લોકશાહી વિરોધી તરીકેની અસરકારક કામગીરી બજાવી.

### 7.6.2 મધ્યપ્રદેશ

બંગાળની જેમ મધ્યપ્રદેશ ધારાસભામાં સ્વરાજ્ય પક્ષને સ્પષ્ટ બહુમતી મળેલી. પરંતુ તે પ્રધાનમંડળમાં જોડાયો નહીં અને નાની બહુમતીથી રચાયેલ મંત્રીમંડળને રાજીનામું આપવાની ફરજ પાડી પ્રજામતનો વિજય સિદ્ધ કર્યો. મધ્યપ્રદેશમાં પણ સ્વરાજ્ય પક્ષને પોતાના કાર્યમાં મોટી સફળતા મળી. આમ બંગાળની જેમ મધ્યપ્રદેશમાં પણ દ્વિમુખી શાસનપદ્ધતિને અસફળ બનાવી દીધી.

### 7.6.3 અન્ય પ્રાંતો

અન્ય પ્રાંતોમાં સ્વરાજ્ય પક્ષ લઘુમતીમાં હતો. તેથી ખાસ કામગીરી કરી શક્યો નહીં. આમ છતાં તેણે કરેલા કાર્યો આ મુજબ છે.

- ✓ મુંબઈ ધારાસભામાં હિન્દી વજીર લોર્ડ ઓલીવરના હિન્દ વિરોધી વક્તવ્ય માટે સભા મોકુફી પસાર કરાવી શક્યો.
- ✓ આસામ ધારાસભામાં સ્વરાજ્ય પક્ષ વહેલી તકે આસામમાં જવાબદાર રાજ્યતંત્ર સ્થાપવા, પ્રધાનોના પગાર ઘટાડવા તથા જંગલ, માછીમારી, જકાત વગેરે ખાતાઓ સોંપાયેલા વિભાગને સુપ્રત કરવાને લગતા ઠરાવ કરાવ્યા.
- ✓ સંયુક્ત પ્રાંતની ધારાસભામાં પણ સરકારના આપખુદ પગલાં સામે અવારનવાર વિરોધ કર્યો.

✓ સ્વરાજ્ય પક્ષના કેન્દ્ર અને અન્ય પ્રાંતોના સભ્યોની જેમ ઉપરોક્ત સભ્યોએ પણ ધારાસભામાંથી માર્ચ, ૧૯૨૬માં પોતાના રાજીનામાં આપ્યાં.

## 7.7. કેન્દ્રમાં સ્વરાજ્ય પક્ષના કાર્યો

મધ્યસ્થ ધારાસભામાં મોતીલાલ નહેરુના નેતૃત્વ નીચે સ્વરાજ્ય પક્ષના ૪૫ સભ્યોને સ્થાન મળ્યું. આ સભ્યોએ રાષ્ટ્રવાદી અને સ્વતંત્ર સભ્યોની સાથે મળીને પોતાની બહુમતી બનાવી લીધી અને પ્રારંભમાં સરકાર સામે મુસીબતો ઊભી કરી શક્યા તથા સમયે સમયે સરકારની નીતિઓનો વિરોધ કર્યો. વાઈસરોય લોર્ડ રીડીંગે ૩૧ જાન્યુઆરી ૧૯૨૪ના રોજ મધ્યસ્થ ધારાસભામાં ઉદ્ઘાટન સંબોધનમાં ગાંધીજીની માંદગી કે છૂટકારા અંગે કોઈ નિર્દેશ નહીં હોઈને સ્વરાજ્ય પક્ષે ભારે વિરોધ વ્યક્ત કર્યો તથા તેના માનમાં યોજાયેલા સત્કાર સમારંભનો બહિષ્કાર કર્યો.

ભારતમાં બ્રિટીશ છત્રછાયા નીચેનું સાંસ્થાનિક સ્વરાજ્ય દાખલ કરવા અને પ્રાંતોમાં સંપૂર્ણ પ્રાંતિક સ્વરાજ્ય સ્થાપવા અંગેનો ઠરાવ ધારાસભામાં ચર્ચા માટે ૮ મી ફેબ્રુઆરી ૧૯૨૪ના રોજ રજૂ કરવામાં આવ્યો. પંડિત મોતીલાલ નહેરુએ ૧૯૧૯ના અધિનિયમમાં પરિવર્તન કરવા માટે સુધારો સૂચવ્યો. " ભારતમાં વહેલી તકે જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના થઇ શકે તે માટે આ ધારાસભા ગવર્નર જનરલ કાઉન્સિલને ૧૯૧૯ના હિંદી ધારાને સુધારવા માટેનાં યોગ્ય પગલાં લેવાની ભલામણ કરે છે. આ ધ્યેયને સિદ્ધ કરવા માટે હિંદની લઘુમતી કોમોના હિતો અને હક્કોને ખ્યાલમાં રાખતાં લોકશાહી બંધારણની યોજના ઘડી કાઢવા માટે આ ધારાસભા વહેલી તકે ગોળમેજી પરિષદ યોજવાનાં પગલાં લેવા હિંદ સરકારને સૂચવે છે. આવાં બંધારણની યોજનાની હિંદની નવી ચૂંટાયેલી ધારાસભામાં મંજૂરી મેળવ્યા બાદ તેને ધારાનું સ્વરૂપ આપવા માટે બ્રિટીશ સંસદ સમક્ષ મૂકવાની પણ આ ધારાસભા હિંદ સરકારને આગ્રહપૂર્વકની ભલામણ કરે છે."

મોતીલાલ નહેરુનો આ સુધારો ૭૬ વિરુદ્ધ ૪૮ મતથી પસાર થતાં સ્વરાજ્ય પક્ષ (સંયુક્ત પક્ષ) ને સરકાર સામે પ્રથમ નોંધપાત્ર સિદ્ધિ મેળવી.

માર્ચ મહિનામાં ધારાસભામાં વાર્ષિક અંદાજપત્ર રજૂ થતાં મોતીલાલ નહેરુએ જકાત, આવકવેરા, મીઠાવેરો, અફીણ વગેરે પરની રકમને નામંજૂર કરવાની ગૃહને વિનંતી કરી આ ઠરાવ પણ ૬૩ વિરુદ્ધ ૫૬ મતથી પસાર થયો અને સરકાર સામે બીજી નોંધપાત્ર સિદ્ધિ મેળવી. સરકારે પસાર કરેલા દમનકારી ધારાઓ રદ કરવાની માંગણી કરતો સ્વરાજ્ય પક્ષનો ઠરાવ પણ પસાર થતાં સરકાર મૂંઝવણભરી સ્થિતિમાં મુકાઈ.

સપ્ટેમ્બર ૧૯૨૪માં મધ્યસ્થ ધારાસભામાં લી કમિશનની ભલામણો પર ચર્ચા થઇ. સરકારે મધ્યસ્થ સરકાર અને પ્રાંતિક સરકારોમાં ઉચ્ચ અધિકારોની

નિમણૂંકના નિયમોને લગતી ભલામણો કરવા લી. કમિશનની નિમણૂંક કરી હતી. આ કમિશને કરેલી ભલામણો પર સપ્ટેમ્બર ૧૯૨૪માં મધ્યસ્થ ધારાસભામાં ચર્ચા થઈ. ભલામણોને આવરી લેતો ઠરાવ મધ્યસ્થ સરકારના ગૃહમંત્રીએ સપ્ટેમ્બર ૧૯૨૪માં રજૂ કર્યો. આ ઠરાવ સામે મોતીલાલ નહેરુએ સુધારો સૂચવ્યો જે ૬૮ વિરુદ્ધ ૪૬ મતથી પસાર થયો. આ ઉપરાંત આત્યંતિક રાષ્ટ્રવાદીઓ સામે દમનકારી પગલાં ભરતો ૧૯૦૮નો અસાધારણ ફોજદારી કાયદો નાબૂદ કરવા માટેનો પ્રસ્તાવ ૭૧ વિરુદ્ધ ૩૧ માટે પસાર થયો અને સ્વરાજ્ય પક્ષ સરકારનાં અન્યાયી અને આપખૂદ સ્વરૂપને ખુલ્લું પાડવામાં સફળતા મળી.આ કાયદા નીચે સરકારે બંગાળ, પંજાબ, મહારાષ્ટ્ર વગેરે પ્રાંતોમાં આત્યંતિક રાષ્ટ્રવાદીઓ પર ભારે દમન ગુજાર્યો હતું. આ સ્વરાજ્ય પક્ષનો મોટો વિજય હતો.

સરકારે ગૃહમંત્રી એલેક્ઝાન્ડર મુદ્દીમન અધ્યક્ષપદે ફેબ્રુઆરી ૧૯૨૪માં નવ સભ્યોની બનેલી એક સમિતિ નિયુક્ત કરી. જેણે મોન્ટફર્ડ સુધારાના અમલની ખામીઓ બતાવી તેને દૂર કરવાના ઉપાયોની ભલામણ કરવાનું સૂચવવામાં આવ્યું. આ સમિતિમાં મુદ્દીમન ઉપરાંત આર્થર કૂચ, હેન્રીમોનક્રીફ સ્મિથ, મિયાં મહંમદ શાફી, મહારાજાધિરાજ વિજયચંદ્ર, મહેતાબ, તેજબહાદુર સપ્રુ, એમ. એ. જિન્હા, શિવસ્વામી આયર, આર. પી. પ્રાંજપે હતા. આ સમિતિને પ્રત્યેક પ્રાંતના પ્રધાનો અને અમલદારો સાથે ચર્ચા વિચારણા કરી. પરંતુ તે સર્વાનુમતે ભલામણો કરી શકી નહીં. તેણે બે અલગ પ્રકારના અહેવાલો – બહુમતી અહેવાલ અને લઘુમતી અહેવાલ સરકારને સુપ્રત કર્યા. બહુમતી અહેવાલ પ્રત્યે ભારતના લગભગ તમામ રાજકીય પક્ષોએ અને પ્રાંતિક ધારાસભાઓએ અણગમો વ્યક્ત કર્યો તથા પ્રાંતિક ધારાસભાઓએ લઘુમતી અહેવાલોને વહેલી તકે સ્વીકારવા સરકારને ભલામણ કરતાં ઠરાવો પસાર કર્યા. જેમાં સ્વરાજ્ય પક્ષે બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો.

સરકારે સમિતિના બહુમતી અહેવાલ સ્વીકાર્યો. મધ્યસ્થ ધારાસભામાં સપ્ટેમ્બર ૧૯૨૫ માં એલેકઝાંડર મુદ્દીમને તેને સંમતિ આપવા માટેનો ઠરાવ કર્યો. જેમાં સ્વરાજ પક્ષ વતી મોતીલાલ નેહરુ એ સુધારો રજૂ કર્યો. જેના મુખ્ય મુદ્દાઓ

(૧)ગવર્નર જનરલની અમુક સત્તાઓ ચાલુ રાખીને કેન્દ્ર સરકારને કેન્દ્રીય ધારાસભાને જવાબદાર બનાવવી.

(૨) પ્રાંતોમાં એક જ પ્રકારના વહીવટવાળી સ્વાયત સરકારોની રચના કરવી.

(૩) કેન્દ્રીય અને પ્રાંતિક ધારાસભાઓ વિસ્તૃત મતદાર મંડળ દ્વારા ચૂંટાયેલા સભ્યોની બનેલી રાખવી.

(૪) ચોક્કસ સમય મર્યાદામાં ભારતીય લશ્કરનું રાષ્ટ્રીયકરણ કરવું.

(૫) આ મુદ્દાઓના અમલ માટેની યોજના ઘડવા ભારતની બધી કોમોના પ્રતિનિધિઓની બનેલી ગોળમેજી પરિષદ યોજવી.

નીચલા ગૃહમાં મોતીલાલ નહેરુનો સુધારો ૭૨ વિરુદ્ધ ૪૫ મતથી પસાર થયો. પણ ઉપલા ગૃહમાં તે ઉડી ગયો અને મુદ્દીમનનો મૂળ ઠરાવ ૨૮ વિરુદ્ધ ૦૭ મતથી પસાર થયો. ગવર્નર જનરલ લોર્ડ રીડીંગે પોતાના ખાસ અધિકારનો ઉપયોગ કરીને સુધારાને રદ થયેલો જાહેર કર્યો અને મુદ્દીમનના મૂળ ઠરાવને સંમતિ આપી. પરંતુ સ્વરાજ્ય પક્ષની કામગીરીને લીધે સરકારને નિશ્ચિત સમય કરતા બે વર્ષ વહેલાં સાયમન કમિશન નિયુકત કરવાની જાહેરાત કરવી પડી.

### 7.7.1 અન્ય કામગીરી

મધ્યસ્થ ધારાસભામાં સ્વરાજ્ય પક્ષે ૧૯૨૫- ૨૬ના વર્ષમાં અન્ય કામગીરી કરી હતી જે નોંધપાત્ર છે. ફેબ્રુઆરી ૧૯૨૫ માં ધારાસભામાં બંગાળ અને અન્ય પ્રાંતોને લાગુ પડતાં દમનકારી ધારાઓને ચાલુ રાખવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જે રદ કરવા માટેનો ઠરાવ સ્વરાજ્ય પક્ષે સ્વતંત્ર સભ્યોની ની મદદથી રજૂ કર્યો જે બહુમતીથી પસાર થયો. તેથી ગવર્નર જનરલને પોતાની સત્તાની રૂ એ સરકારી પ્રસ્તાવને મંજૂર કરવાની ફરજ પડી.

માર્ચ ૧૯૨૫માં રજૂ થયેલ સરકારી અંદાજપત્રને સ્વરાજ્ય પક્ષે અને સ્વતંત્ર સભ્યોએ નામંજૂર કરી સામે બીજી મોટી સફળતા મેળવી. ઓગસ્ટ ૧૯૨૫ માં મધ્યસ્થ ધારાસભાના પ્રમુખ તરીકે સ્વરાજ્ય પક્ષના એક અગ્રણી નેતા વિઠ્ઠલભાઈ પટેલ ચૂંટાયા.જે ધારાસભાના પ્રથમ ચૂંટાયેલા પ્રમુખ બન્યા.

સપ્ટેમ્બર ૧૯૨૫માં મુદ્દીમન સમિતિના બહુમતી અહેવાલને ફગાવી દીધો અને સરકારનું વલણ પ્રજા સમક્ષ ખુલ્લું કર્યું.

જાન્યુઆરી ૧૯૨૬ માં ગૃહ સમક્ષ બધા રાજદ્વારી કેદીઓને છોડી મૂકવાનો ઠરાવ રજૂ થયો. જેના પર સ્વરાજ્ય પક્ષે સુધારો મુક્યો. સરકારના ભારે વિરોધ છતાં તે બહુમતીથી પસાર થયો.

## 7.8. સ્વરાજ્ય પક્ષનો ધારાસભા ત્યાગ

માર્ચ,૧૯૨૬માં ધારાસભાના વાર્ષિક અંદાજપત્ર સરકારી રજૂ કર્યું. જેનો સ્વરાજ્ય પક્ષ અને સ્વતંત્ર સભ્યોએ ઉગ્ર વિરોધ કર્યો. ત્યારબાદ મહાસભામાં આદેશ મુજબ સ્વરાજ્ય પક્ષે સરકારની આપખુદ અને અન્યાયી નીતિના વિરોધમાં ગૃહ ત્યાગ કર્યો.

## 7.9. સ્વરાજ્ય પક્ષની નીતિમાં પરિવર્તન

શરૂઆતમાં ધારાસભામાં જઇ સ્વરાજ્યવાદીઓએ સરકાર સાથે અસહયોગની નીતિ અપનાવી હતી. પરંતુ તેમને આ નીતિમાં વધારે સફળતા મળી ન હતી. જેના પરિણામ સ્વરૂપ તેમની નીતિ માં પરિવર્તન આવ્યું અને તેમણે અસહયોગના સ્થાને 'ઉત્તરદાયિત્વપૂર્ણ સહયોગ' ની નીતિ અપનાવવાનું શરૂ કર્યું. શ્રી ચિતરંજનદાસે

અસહયોગની નીતિ વધારે દિવસ સુધી ચાલશે નહી એમ લાગતાં ૧૯૨૪ માં સરકાર સાથે સહયોગ કરવા માટે કેટલીક દરખાસ્તો રાખી હતી. જુન ૧૯૨૫ માં ચિતરંજનદાસનું મૃત્યુ થયા બાદ સ્વરાજ્યવાદીઓમાં બે ભાગ પડી ગયા. એક સહયોગની નીતિનું સમર્થન કરતું હતું અને બીજું પોતાના પહેલા કાર્યક્રમ મુજબ અસહયોગનું સમર્થન કરતું હતું. સ્વરાજ્ય પક્ષમાં મતભેદો પરાકાષ્ઠાએ પહોંચ્યા. સરકારે પક્ષની ફૂટનો લાભ ઉઠાવ્યો. જે સભ્યો સહયોગની નીતિ અપનાવવામાં માંગતા હતા તેમને ભિન્ન ભિન્ન સમિતિઓમાં સ્થાન આપ્યું. સ્વરાજ્ય પક્ષના સભ્યો ૧૯૨૪ માં સ્ટીલ સુરક્ષા સમિતિમાં જોડાયા હતા. ઈ.સ. ૧૯૨૫માં મોતીલાલ નેહરુ સ્કીન કમિટીના સભ્ય બન્યા. શ્રી તાંબે ગવર્નરની કાર્યકારિણી પરિષદના પ્રમુખ બની ગયા. ઈ.સ.૧૯૨૬ના અંતમાં પક્ષ વધારે શિથિલ થઈ ગયો. અને હિંદુ - મુસ્લિમ હુલ્લડોએ સ્વરાજ પક્ષની એકતાને અસર પહોંચાડી. પરિણામે પંડિત મદનમોહન માલવિયા અને લાલા લજપતરાયે સ્વરાજ્ય પક્ષ છોડી કોંગ્રેસમાં જ નવાં દળની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૨૬ના અંતમાં સ્વરાજ્ય પક્ષની શક્તિ નષ્ટ થઈ ગઈ અને તેનું પતન થયું.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

**5.** સ્વરાજ્ય પક્ષે પ્રાંતોમાં કરેલા કાર્યો જણાવો.

**6.** કેન્દ્રમાં સ્વરાજ્ય પક્ષે કરેલી કામગીરીનું મૂલ્યાંકન કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**(બ) ખરા- ખોટા જણાવો.**

(૧) ઈ. સ.૧૯૨૨ માં ગયામાં મળેલા મહાસભાના વાર્ષિક અધિવેશનમાં પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ હતા.

(૨) ખિલાફત સ્વરાજ્ય પક્ષ પાછળથી સ્વરાજ્ય પક્ષ નામે જાણીતો થયો.

(૩) બંગાળના સ્વરાજ્ય પક્ષને બહુમતી મળી ન હતી.

(૪) સરકારે એલેક્ઝાન્ડર મુદ્દીમનના અધ્યક્ષ પદે ૧૯૨૭માં એક સમિતિ નીમી.

(૫) મધ્યસ્થ ધારાસભાના પ્રમુખ તરીકે વિઠ્ઠલભાઈ પટેલ ચૂંટાયા હતા.

## 7.10. સારાંશ

અસહકાર આંદોલન મોકૂફ રાખવાથી લોકોમાં હતાશા વ્યાપી હતી. રાજકીય ક્ષેત્રે શૂન્યવકાશની સ્થિતિ સર્જાઈ. આ પરિસ્થિતિમાં જ રાજકીય જાગૃતિને ટકાવી રાખવા માટે સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરવામાં આવી. આ પક્ષના નેતાઓએ ધારાસભાઓમાં સરકારની અન્યાયી અને દમનકારી નીતિને ખુલ્લી પાડી. પરંતુ આ પક્ષમાં બે ભાગ પડી ગયા અને તેનું પતન થયું. જો કે સ્વરાજ્ય પક્ષે બંધારણીય પ્રવૃત્તિઓ દ્વારા સ્વરાજની પ્રક્રિયાને ઝડપી બનાવવામાં કીમતી ફાળો આપ્યો. સરકારને પ્રજાકીય પ્રશ્નો પ્રત્યે જાગૃત રહેવાની ફરજ પાડી. અને નિશ્ચિત મુદત કરતાં બે વર્ષ વહેલુ સાયમન કમિશન નીમવું પડ્યું.

## 7.11. ચાવીરૂપ શબ્દો

- દાસ - ચિતરંજનદાસ
- અડંગા- (obstruction) અવરોધ, અંતરાય, નડતર
- ઉત્તરદાયિત્વપૂર્ણ સહયોગ (Responsive Co operation)

## 7.12. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

- **તમારી પ્રગતિ ચકાસો -1**

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(૧) નિસ્તારિણીદેવી (૨) લાલા લજપતરાય (૩) પ્રિન્સ ઓફ વેલ્સ (૪) ચિરરંજન (૫) બસંતીદેવી (૬) સરોજિનીદેવી (૭) ૧૮૭૩ (૮) ૬૨ (૯) વિયેના (૧૦) અલ્હાબાદ (૧૧) જ્યોર્જ યૂલ (૧૨) ૩૫ મા (૧૩) ૧૯૨૮ (૧૪) આનંદભુવન (૧૫) ૧૯૩૧

- **તમારી પ્રગતિ ચકાસો -2**

**(બ) ખરા ખોટાં જણાવો.**

(૧) ખોટું (૨) ખરૂ (૩) ખોટું (૪) ખોટું (૫) ખરૂ

## 7.13. સંદર્ભ અને વિશેષ વાંચન


- રમણલાલ ક. ધારૈયા, 'આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ - ૧', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, છઠ્ઠી આવૃત્તિ - ૨૦૧૧.
- રમણલાલ ક. ધારૈયા, 'આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ - ૨', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પાંચમી આવૃત્તિ - ૨૦૧૧.
- મંગુભાઈ રા. પટેલ, 'ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયા', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પાંચમી આવૃત્તિ – ૨૦૨૨
- અપર્ણા બાસુ (અનુવાદક - વર્ષા દાસ), 'સત્યાગ્રહમાં સ્ત્રીઓ', માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર, સૂચના ભવન, સીજીઓ કોમ્પ્લેક્સ, લોદી રોડ, નવી દિલ્હી, પહેલી આવૃત્તિ – ૨૦૧૯
- મગનભાઈ પ્રભુભાઈ દેસાઈ, 'નિવાપાંજલિ', ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પહેલી આવૃત્તિ – ૨૦૧૧
- રમેશ જાની, 'આપણા જ્યોતિધરો', આર.આર શેઠની કંપની, મુંબઈ, અમદાવાદ, પુનૅમુદ્રણ, એપ્રિલ ૧૯૯૨
- ઉષા મહેતા, ' વિશ્વની વિરલ વિભૂતિઓ', નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ, પુનૅમુદ્રણ, ૨૦૦૩
- 'સ્વાતંત્ર સંગ્રામ ના લડવૈયા' ગુજરાત રાજ્ય, માહિતી ખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, અમદાવાદ.
- અર્વાચીન ભારતનો ઈતિહાસ.બ્રિટીશ યુગ-ઈ.સ.૧૮૧૮ થી ૧૯૬૦, લેખકો – ડૉ.આર.કે.ધારૈયા, પ્રા.સલીમ કાઝી, પ્રા. દેવેન્દ્રભાઈ ભટ્ટ અને ડૉ.એસ.વી.જાની, સી.જમનાદાસની કંપની –અમદાવાદ ૧૯૯૫-૯૬
- ભારતના સ્વાતંત્ર્ય આંદોલનો -૧,લેખક –પ્રા.દેવેન્દ્ર વી.ભટ્ટ, ગુર્જર પ્રકાશન, અમદાવાદ-૧૯૯૨
- ભારતના સ્વાતંત્ર્ય આંદોલનો -૨, લેખક-આર.કે.ધારૈયા, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ.૧૯૯૨
- गौतम वीर, 'भारतीय राष्ट्रीय आंदोलन एवं चिंतन', ओमेगा पब्लिकेशन, नई दिल्ली, प्रथम संस्करण - 2009

- बी. एल. फडिया एवं मंजु फडिया, 'भारतीय राष्ट्रीय आंदोलन तथा संविधानिक विकास', मलिक एण्ड कंपनी, चौड़ा रास्ता, जयपुर, प्रथम संस्करण – 1992
- एच. एम. पटेल, 'आधुनिक भारत के निर्माता : विठ्ठलभाई पटेल', सूचना और प्रसारण मंत्रालय, भारत सरकार, पटियाला हाउस, नई दिल्ली, दिसम्बर 1985
- 'मोतीलाल नहेरू', कॉंग्रेस शताब्दी 1985 समारोह समिति, 1 तीन मूर्ति मार्ग, नई दिल्ली, पुस्तक उपसमिति द्वारा प्रकाशित
- संध्या मिश्र,'मोतीलाल नहेरू और भारतीय राजनीति', बी.आर. पब्लिशिंग कोपोॅरेशन, 29/9, नागिया पार्क, शक्तिनगर, दिल्ली, 1988
- राजेन्द्रमोहन भटनागर,'भारतीय कॉंग्रेस का इतिहास', पंचशील प्रकाशन, जयपुर, प्रथम संस्करण – 1986

# એકમ - 8

# સવિનય કાનૂનભંગની ચળવળ-દાંડીકૂચ : તેના બનાવો અને અસરો

## :: રૂપરેખા ::


**8.0** ઉદ્દેશો

**8.1** પ્રસ્તાવના

**8.2** સવિનય કાનૂનભંગની પૂર્વભૂમિકા અને પરિબળો

- **8.2.1** સાયમન કમિશન - ૧૯૨૯ અને નહેરૂ રીપોર્ટ - ૧૯૨૮
- **8.2.2** ૧૯૨૯ દરમ્યાન આત્યંતિક રાષ્ટ્રવાદની પ્રવૃત્તિ
- **8.2.3** બારડોલી સત્યાગ્રહની સફળતાની અસરો
- **8.2.4** ઈંગ્લેન્ડમાં મજૂર પક્ષની સરકાર, વાયસરોયની જાહેરાત જેમાં વિરોધ પક્ષનો વિરોધ અને પરિણામ
- **8.2.5** મહાસભાની લાહોર બેઠકમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ અને ગાંધીજીની અંતિમ દરખાસ્ત

**8.3** સવિનય કાનૂનભંગની ચળવળ અને દાંડીકૂચના બનાવો

- **8.3.1** મીઠું-સત્યાગ્રહના સાધન અને દાંડી-સત્યાગ્રહના સ્થળ તરીકેની પસંદગી
- **8.3.2** ગાંધીજીના પ્રયત્નો - વાયસરોયને પત્ર
- **8.3.3** દાંડીકૂચ - મહાભિનિષ્ક્રમણ
- **8.3.4** કૂચનું મહત્ત્વ
- **8.3.5** મીઠાના કાયદાનો ભંગ, સવિનય કાનૂનભંગનો પ્રારંભ
- **8.3.6** ધારાસભા ઉપર અહિંસક હુમલો અને ગાંધીજીની ધરપકડ
- **8.3.7** ગાંધીજીની અટકાયત પછી ચળવળનું સ્વરૂપ
- **8.3.8** ના કર અને રચનાત્મક કાર્યક્રમ
- **8.3.9** સરકારી દમન
- **8.3.10** ગોળમેજી પરિષદ અને ગાંધી ઈર્વિન કરાર
- **8.3.11** બીજી ગોળમેજી પરિષદ અને સવિનય કાનૂનભંગનો બીજો તબક્કો

**8.3.12 કોમી ચુકાદો અને પૂના કરાર**

**8.3.13 ગાંધીજીના ઉપવાસ અને સત્યાગ્રહની સમાપ્તિ**

**8.4 સત્યાગ્રહની અસરો**

- **તમારી પ્રગતિ ચકાસો**

**8.5 તમારી પ્રગતિ ચકાસો**

**8.6 ચાવીરૂપ શબ્દો**

**8.7 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**8.8 સંદર્ભ અને વિશેષ વાંચન**

## 8.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ નીચેની જાણકારી મેળવી શકશો.

- સવિનય કાનૂનભંગની લડત માટેના પરિબળો
- લડતની શરૂઆત કેવી રીતે થઈ અને તેનો કાર્યક્રમ
- લડતની અસરો અને ભારતીય ઇતિહાસમાં તેનું મહત્ત્વ

## 8.1 પ્રસ્તાવના (Introduction)

આવવું ન આશ્રમ - મળે નહીં સ્વતંત્રતા !

જંપવું નથી લગીર, જો નહીં સ્વતંત્રતા !

સ્નેહ,સૌખ્ય સૌ હરામ, ના મળે સ્વતંત્રતા !

પુત્રદાર, જન્મભૂમિના જુહાર !

જંપવું ન, જાલિમો જંપશે ન - સૌ, ખુવાર !

જાપ્વુ ન, જાલિમેં જાપ્શે ન - રૈ, ખુવંર !

- કૃષ્ણલાલ શ્રીધરાણી

વિગ્રહો સદાય સામાજિક અને ઐતિહાસિક પરિવર્તનને ગતિવંત બનાવે છે અને પરિવર્તનની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધના વચ્ચેના સમયમાં ભારતીય ઇતિહાસનું એક અનેરું અને રોમાંચક પ્રકરણ આલેખાયું છે. આ

સમયમાં બ્રિટિશ સામ્રાજ્યમાં લોખંડી ગણાતા પાયાને હચમચાવી નાખે તેવા પરિબળો આકાર પામ્યા. ગાંધીયુગ તરીકે ભારતીય ઈતિહાસમાં ઓળખાતા આ સમયગાળાની એક મહત્ત્વની ચળવળ એટલે સવિનય કાનૂનભંગની લડત ૧૯૩૦-૧૯૩૪. આ આંદોલન કે ચળવળના પ્રણેતા મહાત્મા ગાંધી કે જેણે સ્વતંત્રતા મેળવવા માટે આતુર ભારતીય જુવાળને એક યોગ્ય દિશા આપી.

વિદ્યાર્થી મિત્રો, આવો આ આંદોલન વિશેની પૂર્વભૂમિકા, એના બનાવો અને તેની અસરો વિશે વિગતે અભ્યાસ કરીએ.

## 8.2 સવિનય કાનૂનભંગની પૂર્વભૂમિકા અને પરિબળો

### 8.2.1 સાયમન કમિશન (૧૯૨૭) અને નહેરૂ રીપોર્ટ (૧૯૨૮)

૧૯૨૭માં બધા જ અંગ્રેજ સભ્યોનું બનેલું સાયમન કમિશન નિમાયું. ઈંગ્લેન્ડની સાંસદોમાં શ્રી શાહપુરજી અને શ્રી સિંહા જેવા ભારતવાસીઓ હોવા છતાં સાયમન કમિશનમાં એક પણ ભારતીયને સ્થાન આપવામાં ન આવતા કમિશન રાષ્ટ્રીય સ્વમાનને હાનિકર્તા જણાયું. સાયમન કમિશનના બહિષ્કાર માટે ભારતભરમાં મોટા પાયે દેખાવો પામ્યા અને બહિષ્કાર-સરઘસો નીકળ્યા. 'સાયમન પાછો જા'ના ગગનભેદી નારાઓ ગૂંજી ઊઠ્યા. લાહોરમાં આવા એક બહિષ્કાર સરઘસની આગેવાની લેનાર લાલા લજપતરાય પોલીસના લાઠીમારથી ઘવાયા, જેને પરિણામે ૧૭મી નવેમ્બર, ૧૯૨૮માં તેમનું અવસાન થયું. બે વર્ષ બાદ મે, ૧૯૩૦માં સાયમન કમિશનનો રીપોર્ટ પ્રકાશિત થયો. જેમાં સાંસ્થાનિક સ્વરાજ્ય અને જવાબદાર શાસનની ભલામણો ઉડાડી દેવામાં આવી હતી. આમ, સાયમન કમિશનની ભલામણોમાં હિન્દને "કોમી તથા વર્ગીય મતદાર મંડળોની તરફેણ કરનાર અહેવાલ ડુમીનિયન સ્ટેટસ" આપવા સંબંધી કોઈ ઉલ્લેખ ન હતો. છતાં બ્રિટિશ સરકારે આવી બિન પ્રગતિશીલ ભલામણોનો સ્વીકાર કરવાની જાહેરાત કરી.

૧૯૨૭માં લૉર્ડ બર્કન હેડે ભારતીય નેતાઓને સર્વસંમત બંધારણ નિર્માણ કરવાનો પડકાર ફેંક્યો. આથી સર્વપક્ષી પરિષદે મોતીલાલ નહેરૂના પ્રમુખપદે એક સમિતિ નીમી. મોતીલાલ નહેરૂની કમિટિ દ્વારા બંધારણનો ખરડો તૈયાર કર્યો. જેમાં હિન્દના બધા જ વર્ગો અને કોમોનાં યોગ્ય પ્રતિનિધિત્વ સાથે સંયુક્ત મતદાર મહંતોની હિમાયત કરેલ હતી. રીપોર્ટ સામે શ્રી જિન્નાએ અંતિમ ક્ષણે ૧૪ મુદ્દાનો કાર્યક્રમ રજૂ કરી પ્રતિક્રિયાત્મક નીતિ પ્રદર્શિત કરી. નહેરૂ રીપોર્ટ તરીકે જાણીતો બનેલ. આ રીપોર્ટ ને આ બધી મુશ્કેલીઓને કારણે બ્રિટિશ સરકારને અસ્વીકાર્ય લાગ્યો.

### 8.2.2 1929 દરમ્યાનની આત્યાંતિક રાષ્ટ્રવાદની પ્રવૃત્તિ

સાયમન કમિશનના બહિષ્કાર કરતા સરઘસમાં ''પંજાબના શેર'' તરીકે ઉપનામ ધરાવતા લાલા લજપતરાય ઘવાય છે તે મૃત્યુ પામે છે. આ સરઘસમાં લાઠીમાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર તત્કાલીન સમયના લાહોરના ઉપપોલીસ અધિકારી સોન્ડર્સની ક્રાંતિકારીઓ દ્વારા હત્યા કરવામાં આવી તથા ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે દિલ્હીના મધ્યસ્થ ધારાગૃહમાં બોમ્બ ફેંક્યો. આવા જ પ્રકારની આત્યંતિક પ્રવૃત્તિઓ પંજાબ ઉપરાંત મહારાષ્ટ્ર, બંગાળ તથા હિન્દના અન્ય ભાગોમાં પણ ફરી શરૂ થઈ. નવી દિલ્હી પાસે વાયસરોયની ટ્રેઈન ઉપર પણ બોમ્બ ફેંકવામાં આવ્યો. આથી સરકારે મોટા પ્રમાણમાં ક્રાંતિકારીઓની ધરપકડ કરી. ૧૯૨૯ ના મધ્યભાગમાં અખિલ હિન્દ કાવતરા કેસના નામે વિખ્યાત થયેલ આ કેસ લાહોરની ખાસ અદાલતમાં શરૂ થયો. જેણે દેશભરમાં ભારે ઉત્તેજના જગાડી. આ મુકદમામાં ભગતસિંહ અને તેના સાથીદારોએ સરકાર સામે નીડરતાનું વલણ દાખવ્યું. જેની યુવાવર્ગ ઉપર ઘેરી અસર થઈ.

વળી કારાગૃહમાં કેદીઓને અપાતા ખરાબ ખોરાક તથા કેદીઓ પ્રત્યે દાખવવામાં આવતા અમાનુષી વર્તાવ પ્રત્યે જતીનદાસે આમરણાંત ઉપવાસ આદર્યા અને આ દરમ્યાન જતીનદાસનું મૃત્યુ થયું. તેમની શહીદીની આખા દેશ ઉપર ઘેરી અસર થઈ. આ બંને બનાવને પરિણામે લોકોના વ્યાપક રાષ્ટ્રીય જુસ્સાને તથા સરકાર સામેના તીવ્ર અસંતોષ જે સામુદાયિક હિંસક પ્રવૃત્તિઓ તરફ લઈ જાય તેવી શક્યતાઓ ઊભી થતા ગાંધીજીએ લોકોની રાષ્ટ્રીય ભાવનાને અહિંસક એવી સવિનય કાનૂનભંગની લડતમાં વાળવાનું ગાંધીજીને યોગ્ય લાગ્યું.

### 8.2.3 બારડોલી સત્યાગ્રહની સફળતાની અસરો

સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં ના કરની લડત વર્ષ ૧૯૨૮માં થઈ. બારડોલીના સફળ સત્યાગ્રહે ગાંધીજીને ૧૯૩૦ની ના કર તથા મજૂર પ્રવૃત્તિઓ અને આંદોલનને લડતની યોગ્ય ભૂમિકા પૂરી પાડી.

મુંબઈ અને કલકત્તામાં સામ્યવાદીઓ પ્રેરીત શ્રમજીવી મજૂરોની ક્રાંતિકારી ચળવળો શરૂ થઈ. મજૂરોએ સભા સરઘસો અને હડતાલો દ્વારા પોતાની સ્થિતિ સુધારવા દેખાવો યોજ્યા. મુંબઈની મિલ-મજૂર હડતાલે કાપડ ઉદ્યોગને લગભગ થંભાવી દીધો. સરકારે મજૂરોના આગેવાન મનાતા ૩૧ અગ્રસરોની માર્ચ ૧૯૨૯માં ધરપકડ કરી અને તેમની સામે મીરતમાં મુકદમો ચલાવ્યો. આમ મજૂર આંદોલન અને મીરતના મુકદમાએ પણ સવિનય કાનૂનભંગની પ્રક્રિયાને વેગીલી બનાવી.

### 8.2.4 ઈંગ્લેન્ડમાં મજૂર પક્ષની સરકાર, વાઈસરોયની જાહેરાત જેમાં વિરોધ પક્ષનો વિરોધ અને પરિણામ

૧૯૨૯માં રામસે મેકડોનાલ્ડના પ્રમુખપદે લિબરલ પક્ષની સહાયથી મજૂરપક્ષે સરકાર રચી. વાયસરોય ઈરવીનને ઈંગ્લેન્ડ બોલાવવામાં આવ્યો અને ત્યાં મસલત કર્યા બાદ ઈંગ્લેન્ડમાં ગોળમેજી ભરવા અંગે અને સાંસ્થાનિક સ્વરાજને લક્ષમાં રાખીને હિંદના બંધારણમાં પ્રગતિશીલ ફેરફાર કરવા અંગેની જાહેરાત કરી. દરમ્યાન હિન્દને ડુમીનિયન સ્ટેટસ આપવાના બ્રિટિશ સરકારના ધ્યેયની જાહેરાત સામે વિરોધ પક્ષોએ અને રૂઢિચુસ્ત વર્તમાનપત્રોએ  વિરોધનો વંટોળ જગાવ્યો. ચર્ચિલે સરકારનાં ભારતને ડુમીનિયન સ્ટેટસ આપવાના વચનને અપરાધ સમાન ગણાવ્યું. આમ સભામાં મજૂરપક્ષની નજીવી બહુમતી હોઈ તે લીબરલ પક્ષના ટેકા વગર સત્તા ઉપર ટકી શકે તેમ ન હોવાથી ઈંગ્લેન્ડની સરકારે વાયસરોયને આ બાબતે હિન્દના નેતાઓને કોઈ વિશેષ કબૂલાત નહિ આપવા સૂચના કરી. જેથી ડિસેમ્બરની ૨૩મી તારીખે ગાંધીજી, નહેરૂ વગેરે વાયસરોયને હિન્દના ડુમીનિયન સ્ટેટસના સ્પષ્ટીકરણ અર્થે મળ્યા ત્યારે વાયસરોયએ હિન્દને નિશ્ચિતરૂપે સાંસ્થાનિક સ્વરાજ આપવાની કે આ અંગેની ચર્ચા ગોળમેજી પરિષદમાં થશે જ તેવી ખાતરી આપવા અંગે લાચારી દર્શાવેલ. પરિણામે હિન્દ રાષ્ટ્રીય મહાસભાને હિન્દ માટે પૂર્ણ સ્વરાજયનો પોતાના ધ્યેયને સિદ્ધ કરવા સવિનય કાનૂનભંગ આંદોલન જ સુનિશ્ચિત લાગ્યું.

### 8.2.5 મહાસભાની લાહોર બેઠકમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ અને ગાંધીજીની અંતિમ દરખાસ્ત

ઉપરોક્ત સંજોગોમાં ઈ.સ.૧૯૨૯માં લાહોરમાં મહાસભાનું વાર્ષિક અધિવેશન પંડિત જવાહરલાલની અધ્યક્ષતામાં મળ્યું. તેમાં ગાંધીજીના માર્ગદર્શન તળે ૩૧મી ડિસેમ્બર, ૧૯૨૯ના રોજ સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો. જેમાં 'પૂર્ણ સ્વરાજ'નો ઠરાવ કરી પ્રત્યેક મહાસભાવાદીને પૂર્ણ સ્વરાજ પ્રાપ્ત કરવા કટિબદ્ધ થવા હાકલ કરે છે.

અહીં ૨૬મી જાન્યુઆરીનો દિવસ દેશભરમાં પૂર્ણ સ્વાધીનતા દિવસ તરીકે મનાવવાનું નક્કી કરવામાં આવ્યું. ૨૬ જાન્યુઆરીના દિવસે હિંદભરમાં સરઘસો નીકળ્યાં અને સભાઓ થઈ. સ્વતંત્રતાની પ્રતિજ્ઞાઓ વંચાઈ.

ઈંગ્લેન્ડમાં ગોળમેજી પરિષદ ભરવાની યોજના સરકાર તરફથી પ્રગટ થઈ. કૉંગ્રેસ તેમાં ભાગ લે તે માટેની શરતરૂપે ગાંધીજીએ ૨જી ફેબ્રુઆરી,૧૯૩૦ના ''નવજીવન''માં અગિયાર મુદ્દાઓની માંગણીઓ પ્રકાશિત કરી.

૧. પૂર્ણ મહાનિષેધ

૨. વિનિમય દરમાં કમી

૩. જમીન મહેસૂલ અડધું કરવું

૪. મીઠાવેરાની નાબૂદી

૫. સૈન્ય ખર્ચમાં કમી

૬. મોટી સરકારી નોકરીઓનું વેતન અડધું કરવું

૭. વિદેશી વસ્ત્રોની આયાત પર નિષેધકર

૮. ભારતીય સમુદ્રકાંઠો માત્ર ભારતીય જહાજો માટે સુરક્ષિત રાખવો

૯. રાજકીય કેદીઓની મુક્તિ

૧૦.ગુપ્તચર પોલીસની સમાપ્તિ અગર તેના પર જનતાનું નિયંત્રણ

૧૧. આત્મરક્ષા માટે શસ્ત્ર ધારણ કરવાની સંમતિ

આ શરતો મંજૂર કરવામાં આવે તો સવિનય કાનૂનભંગની વાત બાકી રહેતી નથી પરંતુ વાયસરોય તરફથી આ માટે કોઈ બાંહેધરી પ્રાપ્ત ન થઈ. ઊલટાનું વાયસરોયે જાહેર કર્યું કે કોઈ રાજકીય પક્ષ ગોળમેજી પરિષદમાં ભાગ લે કે ન લે તો પણ તે પરિષદ ભરાશે તથા સરકાર સંભવિત સત્યાગ્રહ સામે કાયદો અને વ્યવસ્થા જાળવવા તમામ પગલાં ભરશે એવી કડક ચેતવણી આપવામાં આવી.

## 8.3 સવિનય કાનૂનભંગની ચળવળની શરૂઆત અને દાંડીકૂચના બનાવો

ગાંધીજીને ઉપરોક્ત ૧૧ મુદ્દાનો શાંતિકારક પ્રત્યુત્તર પ્રાપ્ત ન થયો. અમદાવાદના સાબરમતી આશ્રમમાં ૧૪મી ફેબ્રુઆરી થી ૧૬મી ફેબ્રુઆરી સુધી મળેલી મહાસભાની કારોબારી સમિતિએ સરકાર સામે સવિનય કાનૂનભંગની લડત શરૂ કરવાને લગતો ઐતિહાસિક ઠરાવ કર્યો અને ગાંધીજીને આ લડત સંભાળવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવી.

### 8.3.1 મીઠું-સત્યાગ્રહના સાધન અને દાંડી-સત્યાગ્રહના સ્થળ તરીકેની પસંદગી

ગાંધીજીએ જાહેર કર્યું હતું કે ૧૨મી માર્ચે, ૧૯૩૦ના રોજ કૂચ કરીને દાંડી પહોંચી મીઠું પકવીને કાયદાનો ભંગ કરશું. ગાંધીજી દ્વારા મીઠાની પસંદગી કેમ કરી હશે ? મીઠું દેશના તમામ લોકોના રોજિંદા વપરાશની વસ્તુ હતી. સરકારી નીતિને

કારણે મીઠું મોંઘુ બન્યું હતું. અઢી આને મણ મળી રહે તેવું મીઠું સૌને સવા રૂપિયે લેવું પડતું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો મીઠા ઉપરના કરના લીધે ગરીબ-તવંગર સૌને એકસરખો સ્પર્શતો મીઠાના કરનો કાયદાભંગ જાતે મીઠું પકવવા માટેની વ્યૂહરચના હતી.

પ્રથમ વિચારમાં આ કૂચ ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના મહી નદીના કાંઠા ઉપર આવેલા ગામ બદલપુર સુધી કરી.ત્યાં અગ્નિથી દરિયાનું પાણી ઉકાળી મીઠું બનાવવાની યોજના હતી.આ વાતની જાણ સુરતના કાર્યકર્તા કલ્યાણજી મહેતાને થતાં વિચાર આવ્યો કે આ કૂચ આગળ લંબાવવી જોઈએ અને સુરત જિલ્લાને વિંધીને તેના દરિયાકિનારેથી ત્યાં જામેલું મીઠું ઉપાડીને આ કાયદાનો ભંગ કરવામાં આવે તો દેશ પર ચમત્કારિક અસર થાય. તેમણે પોતાનો આ વિચાર અમદાવાદ આવી સરદાર વલ્લભભાઈ પટેલને જણાવ્યો. સરદારજી કલ્યાણજીને આ વિચાર સાથે ગાંધીજીને મેળવ્યા આ વિચાર અનુકૂળ જણાતાં ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં મહાદેવભાઈ દેસાઈને બારડોલી મોકલ્યા. સ્થળની એક નાની સમિતિ બની. આ સમિતિએ દિહણથી માંડી કરાડી, દાંડી, ધરાસણ, તીથલ, લસુંદ્રા વગેરે જોયા બાદ બધાની નજર દાંડી ઉપર ઠરી. આમ, દાંડીકૂચનો નકશો પણ નક્કી થયો. આશ્રમથી ૨૦૦ માઈલના અંતરે આવેલું આ સ્થળ નિર્જન એવું ગામડું સત્યાગ્રહના ધામ તરીકે પસંદગી પામ્યું.

**8.3.2 ગાંધીજીના પ્રયત્નો - વાયસરોયને પત્ર**

લડત શરૂ કરતા પહેલાં ગાંધીજીએ સરકાર સાથે સમાધાન સાધવાના પ્રયત્નો કર્યા. અગાઉ આપણે જોયું એ મુજબ ૨ ફેબ્રુઆરીએ 'નવજીવન'માં અગિયાર મુદ્દાઓની માંગણી કરી. જેમાં તેમણે વાયસરોય તરફથી કોઈ બાંહેધરી પ્રાપ્ત નહોતી થતી.

બીજા પ્રયત્નરૂપે ૨જી માર્ચે,૧૯૩૦ એ સાબરમતીથી વાયસરોયને સવિનય કાનૂનભંગની જાણ કરતો લાંબો ઐતિહાસિક પત્ર લખ્યો. તેમાં ૧૧ મુદ્દાઓને આધારે આ અનિષ્ટો નાબૂદ કરવા તેમજ પત્રનો સહાનુભૂતિભર્યો જવાબ ન મળે તો ૧૨મી માર્ચથી સત્યાગ્રહની લડતનો આરંભ કરવાનું જણાવ્યું. હિંદની આર્થિક પાયમાલી નોતરનાર અંગ્રેજી તંત્રને તિલાંજલિ આપવાની આવશ્યકતા, અહિંસા જ સર્વ સમસ્યાનો ઉપાય જેવી મહત્ત્વની બાબતો રજૂ કરવામાં આવી હતી. પોતાના પત્રનો જવાબ તારથી આપવાની વાયસરોયને વિનંતી કરી.

ગાંધીજીએ આ પત્ર આશ્રમમાં થોડા સમય માટે રહેવા આવેલ અંગ્રેજ યુવાન રેજિનાલ્ડ રેનેલ્ડઝ મારફત વાયસરોયને પહોંચતો કર્યો. વાયસરોયે ગાંધીજીના પત્રનો ટૂંકો જવાબ આપ્યો અને જણાવ્યું કે જેમાં કાયદાનો તેમજ શાંતિનો ભંગ થાય તેવી ચળવળ ગાંધી શરૂ કરવા માગે છે.તેમને દુઃખ થયેલ છે અને તેનાથી થનાર જાહેર શાંતિના ભંગને સરકાર ચલાવી લેશે નહિ. ગાંધીજીએ તત્કાળ નીડર પ્રત્યુત્તરમાં જણાવ્યું કે તેમણે ખૂબ જ નમ્રપણે રોટી માગી અને જવાબમાં સરકારે પથ્થર આપ્યા.

### 8.3.3 દાંડીકૂચ - મહાભિનિષ્ક્રમણ

૧૦મી માર્ચે,૧૯૩૦ ની પ્રાર્થના સભામાં ગાંધીજીએ આપેલું વ્યાખ્યાન તેમના વસિયતનામા જેવું હતું. તેમાં દાંડીકૂચના કાર્યક્રમોનો સમાવેશ કરી લીધો. મીઠાના લગતા કાયદાનો ભંગ તથા અન્ય કાયદાનો ભંગ કરવો, મહેસૂલ ભરવાનું બંધ કરવું, વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર, સરકારી નોકરીઓ, ખિતાબો અને શિક્ષણનો ત્યાગ કરવો, દારૂના પીઠા ઉપર પિકેટીંગ વગેરે સમાવેશ થતો હતો. સેંકડોની જનમેદની વચ્ચે 'કાગડા-કૂતરાની મોતે મરીશ પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો નહિ ફરું'ની ભિષ્મ પ્રતિજ્ઞા લોકોમાં વીજળીની જેમ અસર કરી ગઈ.

૧૨ મી માર્ચે ૧૯૩૦ના દિવસે 'શૂર સંગ્રામકો' અને 'હરિનો મારગ છે શૂરાનો' કિડિયારાની જેમ ઉભરાયેલ જન મેદનીએ ગાયું. સવારે ૬.૨૦ કલાકે ૭૯ સત્યાગ્રહીઓ સાથે અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી પ્રતિ કૂચ આરંભી. ગાંધીજી અને તેમના સાથીઓની ચાલવાની ઝડપ સારી હોવાથી આમ જનતાને તેમની સાથે રહેવા દોડવું પડતું હતું. હાથમાં લાકડીધારી ૬૧ વર્ષના આ 'ભવ્ય ડોસાનું મહાભિનિષ્ક્રમણ દેશ અને દુનિયા નિહાળી રહી. દાંડીયાત્રાની તુલના સુભાષબાબુએ નેપોલિયનની પેરિસ માર્ચ અને મુસોલિનીની ઈટાલી માર્ચ સાથે કરી હતી. સાબરમતીથી દાંડીની ૨૦૦ માઈલની યાત્રા ૨૪ દિવસોમાં પૂર્ણ કરવાની હતી.

અમદાવાદની બહાર ચંડોળા તળાવ સુધી વિદાય આપવા આવેલ લગભગ વીસ હજાર લોકોને પોતાની ધરપકડ થાય તો પણ મક્કમતાથી અહિંસક રીતે સરકાર સામે લડત આગળ ધપાવવા દારૂબંધી ખાદી વગેરેનો સંદેશ આપ્યો અને કૂચ અસલાલી તરફ આગળ ધપાવવા માતરથી સરદાર ખડગ બહાદુરગીરી તથા કાકા કાલેલકરના પુત્ર શંકર કાલેલકર સત્યાગ્રહીઓ સાથે જોડાતા. ગાંધીજી સાથેના પદયાત્રીઓની સંખ્યા ૮૧ ની થઈ.

### 8.3.4 કૂચનું મહત્ત્વ

માર્ગમાં આવતા ગામો અને શહેરોમાં લોકોએ ગાંધીજી અને તેમના સત્યાગ્રહીઓનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું. અસલાલી, નડિયાદ,આણંદ, જંબુસર, ભરૂચ, સુરત, નવસારી વગેરે ગામોમાં ગાંધીજીએ મોટી સભાઓને સંબોધી. તેમાં તેમણે અન્યાયી સરકારના અમાનવીય કાયદાઓના પાલનને પાપ ગણાવ્યું. આ સમગ્ર પદયાત્રા દ્વારા લોકોમાં, સત્યાગ્રહ પ્રત્યે શ્રદ્ધા પ્રગટાવવાનો, તેનો વર્તમાનપત્રો અને સભાઓ દ્વારા બહોળો પ્રચાર કરવાનો તથા દેશભરમાં તેને વિશે ઉત્સાહ જગાવવાનો ગાંધીજીનો આશય સફળ થયો. આશરે ત્રણસો જેટલા ગામમુખીઓએ પોતાના પદના રાજીનામા આપ્યા. બોમ્બે ક્રોનિકલે નોંધ્યું કે કૂચની શરૂઆત સમયના અને તે પછીના લોકોના ઉત્સાહના દૃશ્યો લગભગ અવર્ણનીય કહેવાય. અનેક વિદેશી કપડાં છોડીને ખાદીના કપડાં પહેરવાના, કેટલાકે દારૂ છોડવાના અને અનેકે સામાજિક સેવા કરવાના શપથ લીધા. આમ આ કૂચ દરમ્યાન ગામેગામ ઠાલવેલ ગાંધીજીનો હ્યદયાગ્નિ લોકોના હ્યદયમાં જ્વાળામુખીની જેમ ભભૂકવા લાગ્યો.

### 8.3.5 મીઠાના કાયદાનો ભંગ અને સવિનય કાનૂનભંગનો પ્રારંભ

૨૪ દિનની યાત્રા પૂર્ણ કરી ૫ એપ્રિલે હરિદ્વાર સમા દાંડીમાં આવી પહોંચ્યાં. ઓછી વસ્તીવાળું દાંડી જનમેદનીથી ઉભરાતું હતું. છઠ્ઠીએ સવારે પ્રાર્થના કરી, લંગોટી પહેરીને ગાંધીજી તેમની ટુકડી અને અનેક પ્રજાજનો સાથે સમુદ્રમાં સ્નાન કર્યુ અને સવારે ૬.૩૦ કલાકે કિનારે જામેલ મીઠાની ચપટી ઉપાડી અને નમકનો કાયદો તોડ્યો. તે વખતે જ તેમણે કહ્યું કે બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં તેઓ લૂણો લગાવી રહ્યા છે.

દેશભરમાં મીઠું પકવવાની અને સર્વત્ર સવિનય કાનૂનભંગ કરવાની હવે દેશને લીલી ઝંડી મળી ગઈ હતી. ગાંધીજી અને તેમના સ્વયંસેવકો દરરોજ આસપાસના અગરોમાંથી મીઠું ઊંચકી લાવતા અને તે આજુબાજુના ગામોમાં વેચતાં. વળી દરિયાનું પાણી ઉકાળીને મીઠું પણ પકવતા. આ સાથે રોજે રોજ તેઓ દાંડી, વિજલપુર, કરાડી વગેરે સ્થળોએ બળવાખોર ભાષણ કરવા માંડ્યા.

### 8.3.6 ધરાસણ ઉપર અહિંસક હુમલો અને ગાંધીજીની ધરપકડ

આગળના કાર્યક્રમ તરીકે ગાંધીજીએ સુરત જિલ્લામાં આવેલ ધરાસણ તથા વડાળાના મીઠાના અગરો કબ્જે કરવાનો નિર્ધાર કર્યો. ગાંધીજીએ પોતાના ઈરાદાની જાણ કરતો પત્ર વાઈસરોયને લખ્યો, તેમાં તેમણે પોલીસોએ હિન્દના જુદા-જુદા

ભાગોમાં સત્યાગ્રહીઓ ઉપર ગુજારેલ અસહ્ય સિતમોના દષ્ટાંતો તથા મીઠાવેરો અને આવું કાળું શાસન નાબૂદ કરવાનો વાયસરોયને અનુરોધ કર્યો. ગાંધીજીએ આ પત્રમાં ચેતવણી આપી કે અન્યાયી મીઠાવેરો જો નાબૂદ કરવામાં નહિ આવે તો તેમને ધરાસણ કૂચ કરીને ત્યાંના મીઠાના અગરો કબજે કરવાની ફરજ પડશે.

આ અનુસંધાને ૫મી મે, ૧૯૩૦ના રોજ મધ્યરાત્રિએ ૧૨.૪૫ કલાકે દાંડી પાસેના કરાડી ગામમાંથી ગાંધીજીની ધરપકડ કરીને તેમને પૂનાની યરવડા જેલમાં મોકલી આપ્યા.

**8.3.7 ગાંધીજી અટકાયત પછીનું ચળવળનું સ્વરૂપ**

ગાંધીજી ધરાસણ જાય તે પહેલાં તેમની ધરપકડ થતા, ધરાસણના મીઠાના અગરો ઉપર સત્યાગ્રહ કરવાની આગેવાની અબ્બાસ તૈયબજીએ ઉપાડી લીધી. તેઓને પણ ૧૨મી એપ્રિલે ગિરફતાર કરી લેતા સરોજીની નાયડુના નેતૃત્વ તળે ૨૧મી મેના રોજ આશરે ૨૫૦૦૦ સત્યાગ્રહીઓએ ધરાસણમાં સત્યાગ્રહ શરૂ કર્યો. બીજા દિવસે નજીકના વડાળા ગામના અગરો ઉપર પણ સત્યાગ્રહ કરવામાં આવ્યો.

સત્યાગ્રહ જૂનના પ્રથમ સપ્તાહ સુધી ચાલુ રહ્યો. સરકારે અનેક સત્યાગ્રહીઓની ધરપકડ કરી તેમને ધરાસણની અસ્થાયી જેલમાં નજરબંદ કરવામાં આવ્યા. અમેરિકાના યુનાઈટેડ પ્રેસના વિદેશ પત્રકાર શ્રી વેબમિલર કે જેણે ધરાસણાનો સત્યાગ્રહ પ્રત્યક્ષ નિહાળ્યો હતો. તેણે સમગ્ર સત્યાગ્રહનું આબેહૂબ વર્ણન કર્યુ છે. પત્રકાર વેબ મીલરનું આ પરત્વેનું વિવરણ નોંધપાત્ર કહી શકાય. તેના કથન પ્રમાણે ૨૧મી મે, ૧૯૩૦ના રોજ વહેલી સવારે પ્રાર્થના બાદ શ્રીમતી સરોજિની નાયડુએ સત્યાગ્રહીઓને ધરાસણાના અગરો કબજે કરવા એલાન આપ્યું. ઈમામ સાહેબ (ગાંધીજીના સાથીદાર), પ્યારેલાલ (ગાંધીજીના મંત્રી) અને મણીલાલ ગાંધી (ગાંધીજીના પુત્ર)નાં નેતૃત્વ તળે આશરે ૨૫૦૦ સત્યાગ્રહીઓની જુદી જુદી ટુકડીઓમાં ધરાસણાના અગરોનો કબજો લેવા કૂચ કરી. અગરો ફરતી પાણીની ખાઈ હતી તથા કાંટાવાળા તારની વાડથી તે રક્ષાયેલ હતા. ચારસો જેટલી લાઠીધારી પોલીસ, અર્ધો ડઝન જેટલા અંગ્રેજ અફસરોની ટુકડી તથા થોડી બંદૂકધારી પોલીસ તેમનું રક્ષણ કરતી હતી. સત્યાગ્રહી ટુકડીઓએ "ઇંક્લિલાબ ઝિન્દાબાદ" નારા સાથે મીઠાના અગરો પર ધસારો કરતાં, લાઠીધારી પોલીસો લોખંડની મૂઠવાળી જાડી લાકડીઓ સાથે તેમના પર તૂટી પડી. સત્યાગ્રહીઓ સંપૂર્ણ અહિંસક રહ્યા. તે દિવસે ૨૯૦ જેટલા સત્યાગ્રહીઓને ઈજાઓ થઈ. તેમાંથી ઈજાઓને પરિણામે પછીથી ભાઈલાલભાઈ દાજીભાઈ તથા બાબુ હુલે નામના બે સત્યાગ્રહીઓનાં અવસાન થયાં. ૨૦૦ ઉપરાંત સત્યાગ્રહીઓની પોલીસે ધરપકડ કરી. વેબ મીલરના અહેવાલ મુજબ

તેના ૧૮ વર્ષનાં પત્રકારિત્વ દરમ્યાન તેણે જોયેલાં તથા નોંધેલાં ૨૨ દેશોનાં બંડ, યુદ્ધ વગેરેમાં ધરાસણાના સત્યાગ્રહ દરમ્યાન તેણે જોયેલું સરકારી દમન સૌથી અમાનવીય કહી શકાય. જ્યારે સત્યાગ્રહીઓની તેણે જોયેલી અહિંસા, આત્મત્યાગ અને શિસ્તની ભાવના સૌથી ઊંચી કહી શકાય.

ગુજરાતમાં મીઠાના સત્યાગ્રહ ઉપરાંત પંજાબ, કર્ણાટક વગેરે પ્રદેશોમાં પણ મીઠાના સરકારી મથકો પર સત્યાગ્રહહો ચાલુ હતા. પેશાવરમાં પઠાણો ઉપર અને સરહદી ગાંધીના "લાલ ખમીશવાળા" સૈનિકો ઉપર જુલમ વરસાવ્યો. સરહદના ગાંધી ગફારખાં અહિંસામાં માનનારા હતા. વળી, મુંબઈ, મદ્રાસ, કલકત્તા, અલાહાબાદ, પટણા વગેરે મોટા મોટા શહેરોમાં લડતે મોટું સ્વરૂપ ધારણ કર્યુ.

**8.3.8 ના કર અને રચનાત્મક કાર્યક્રમ દ્વારા સત્યાગ્રહ**

સત્યાગ્રહના અન્ય કાર્યક્રમોમાં ના કર, વિદેશી કાપડ અને વસ્તુઓનો બહિષ્કાર, દારૂની દુકાનો પર પિકેટિંગ, સરકારી નોકરીઓ અને શાળાઓનો ત્યાગ, સરકારી કાયદાઓનો ભંગ વગેરેનો સમાવેશ થતો હતો. ગુજરાત, મુંબઈ, મદ્રાસ, બંગાળ, પંજાબ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, સરહદપ્રાંત વગેરેમાં આ કાર્યક્રમોનો ખૂબ મોટા પાયા પર અમલ કરવામાં આવ્યો. બહેનોએ પણ પરદેશી કાપડ અને દારૂની દુકાનોનું પિકેટિંગ કરવાનું ઉત્તમ કાર્ય કર્યુ. મીઠુબહેન પીટીટ જેવાની આગેવાની હેઠળ બહેનોએ ઘર બહાર આવીને જાહેર જીવનમાં જ નહીં પણ લડતમાં પણ પોતાની શક્તિનાં પારખા કરાવ્યા. વિદ્યાર્થીઓનો ફાળો પણ નોંધપાત્ર રહ્યો. મુંબઈ અને મધ્યપ્રદેશના જંગલોમાં લાકડાં કાપવાનો કાર્યક્રમ અપનાવીને સરકારનાં જંગલને લગતા કાયદા તોડવામાં આવ્યા. સરકારી નોકરીઓ અને સરકારી શાળાઓનો ત્યાગ પણ મોટી સંખ્યામાં કરવામાં આવ્યો. ૨૬મી જૂને સરદાર છૂટીને બહાર આવ્યા તે પહેલાં જવાહરલાલ પકડવામાં આવ્યા. તે પછી કૉંગ્રેસના પ્રમુખ મોતીલાલને પકડવામાં આવ્યા. સરદાર જેલમાંથી છૂટ્યા હતા તે પહેલી ઓગસ્ટે તિલક મહારાજની સંવત્સરી પ્રસંગે મોટું સરઘસ કાઢવામાં આવ્યું. કોટ વિસ્તારમાં જતા સરઘસમાંથી સરદારની ફરીથી અટકાયત થઈ.

ના કરની લડત ગુજરાત, કર્ણાટક તથા સરહદ પ્રાંતમાં વિશેષ વ્યાપક અને અસરકારક હતી. બ્રેઈલ્સ ફોર્ડ નામના અંગ્રેજ પત્રકારે ૧૨મી જાન્યુઆરી, ૧૯૩૧ના "માન્ચેસ્ટર ગાર્ડીઅન"માં પ્રસિદ્ધ કરેલા અહેવાલ પ્રમાણે ગુજરાતના બારડોલી તથા ખેડા જિલ્લાના ખેડૂતોએ સરકારને મહેસૂલ આપવાનો ઈક્રાર કરતાં સરકારે તેમનાં ખેતરો, ઢોર, ખેતીના સાધનો, મકાનો જપ્ત કર્યા તથા તેને પાણીના મૂલ્યે વેચી નાખ્યા. બારડોલીના કાર્યકર્તા શ્રી કુંવરજીભાઈની આગેવાનીમાં ના કરની લડતમાં

ખેડૂતોને આર્થિક નુકસાન ઓછું થાય તે માટે ખેડૂતોની હિજરતને જોડી લીધી. સમગ્ર કાર્યકર્તાઓએ ભૂગર્ભમાં રહીને ફક્ત ત્રણ જ દિવસમાં ચોમાસાના વરસાદના દિવસોમાં ખેડૂતોની ઘરવખરી પાસે પાસેના ગાયકવાડી ગામોમાં ખસેડી લેવડાવી. પછી ૧૯૩૦ના ઓક્ટોબરના મધ્યભાગથી હિજરત શરૂ થઈ. લગભગ ત્રણથી ચાર હજાર કુટુંબોએ હિજરત કરી. હિજરતી ખેડૂતોએ બારડોલીની પોતાની જમીનમાં વાવણી વગેરે તો કરી જ હતી અને પાક તૈયાર થતા ખેડૂતો મધરાતે આવીને લણણી કરી જતા હતા. બ્રેલ્સફર્ડે હિજરતી ગામો અને ખેડૂતોની મુલાકાત લીધેલી. લડત દરમ્યાન જે ખેડૂતોને પાક લેવાનો મોકો મળ્યો ન હતો તેવા કુટુંબોને ઘરના માણસદીઠ રૂા. ૧૦ લેખે મદદની વ્યવસ્થા ભુલાભાઈ દેસાઈ અને મંગળદાસ પકવાસા મારફત કરવામાં આવેલ હતી.

**8.3.9 સરકારી દમન**

ઈંગ્લેન્ડથી વિખ્યાત પત્રકાર બ્રેલ્સફર્ડ હિંદ આવ્યા હતા અને તેણે સરકારની દમનનીતિ જાતે નિહાળીને તેનું વર્ણન "મેંચેસ્ટર ગાર્ડિયન"માં કર્યુ હતું. સરકારી આંકડા અનુસાર ૬૦૦૦૦ થી વધુની ધરપકડ કરીને તેમને કારાવાસમાં ધકેલી દેવામાં આવ્યા હતા,પરંતુ ખરેખર આંકડો ૭૫૦૦૦ જેટલો થતો હતો. ૨૦ જ દિવસોમાં સરકારે ૨૭ મી એપ્રિલે, ૧૯૩૦ના રોજ છાપખાનાં અને અખબારોને લગતો કડક કાયદો પસાર કર્યો. તે અનુસાર જુલાઈ, ૧૯૩૦ સુધીમાં સરકારે રાજદ્વારી લખાણ છાપવા માટે ૧૩૧ વર્તમાનપત્રો પાસેથી આશરે ૨,૪૦,૦૦૦ રૂપિયાની જામીનગીરી લીધી હતી અને નવ જેટલા અખબારોને પોતાના પ્રકાશન બંધ કરવાની ફરજ પાડી હતી. મહાસભા અને તેના સંગઠનોને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા હતાં. તેમનું સાહિત્ય જપ્ત કરી લેવામાં આવ્યું.

નેતાઓ અને સત્યાગ્રહીઓની ધરપકડ સામાન્ય હતી. મકાનો પર ધાડ તથા જપ્તી અવારનવાર થતી. છાપખાના પરની સરકારી તવાઈ રોજિંદી બની ગઈ હતી. રાષ્ટ્રધ્વજ લઈ જવા તથા વંદેમાતરમ્ બોલવા માટે સખત મારઝૂડ થતી. લોકો પર સામુદાયિક દંડ અવારનવાર નાખવામાં આવતો. આ ઉપરાંત અંગ્રેજ બાનુકુમારી મેડલીન સ્લેડનના જણાવ્યા પ્રમાણે ધરાસણા, વડાળા વગેરે સત્યાગ્રહોમાં સરકારે માથા, છાતી, જઠર, સાંધા, પેટ, ગુદાનો ભાગો ઉપર લાઠીના ફટકા, નિર્વસ્ત્ર સ્થિતિમાં લોકોને માર, ઘવાયેલાને હાથ-પગ ઘસડીને માર, ઘવાયેલાને કાંટાની વાડમાં ફેંકી દેવા, લોકો ઉપર સશસ્ત્ર સવારો દોડાવવા, સ્ત્રીઓ પ્રત્યે અપમાનજનક વર્તન, લોકોના શરીર ઉપર મોટા કાંટા ભોંકવા જેવી દમનગીરી આચરી હતી. શહેરો અને ગામડાંમાં પોલીસે કરેલા ગોળીબારમાં સરકારે આપેલા આંકડા પ્રમાણે

ઘવાયેલાની સંખ્યા ૪૦૦ ઉપરાંતની જ્યારે મૃત્યુ પામેલાઓની સંખ્યા ૧૦૦ ઉપરાંતની હતી. વાસ્તવમાં આ આંકડા વધારે હતા. ૧૯૩૦ના એપ્રિલમાં કલકત્તાની અલીપોર સેન્ટ્રલ જેલમાં સુભાષબાબુ અને બીજા નામાંકિત સદ્ગૃહસ્થો ઉપર ભારે ત્રાસ ગુજારવામાં આવ્યો હતો.

### 8.3.10 ગોળમેજી પરિષદ અને ગાંધી ઈરર્વિન કરાર

૧૨મી નવેમ્બર, ૧૯૩૦ના રોજ પ્રથમ ગોળમેજી પરિષદ બોલાવવામાં આવી. જેમાં બ્રિટિશ ભારતના ૫૭, ૧૬ દેશી રાજ્યોના, ઈંગ્લેન્ડના રાજકીય પક્ષોના ૧૬ પ્રતિનિધિઓ મળી કુલ સંખ્યા ૮૯ની હતી, પરંતુ મહાસભાનું પ્રતિનિધિત્વ ન હોવાથી ચર્ચા ફળદાયી બની શકી નહિ.

કૉંગ્રેસને ગોળમેજીમાં સંમેલિત કર્યા વિના નક્કર પરિણામ નહિ આવે એ સ્પષ્ટ થતાં વાયસરોયે ૨૫ જાન્યુઆરી, ૧૯૩૧ના રોજ જાહેરનામું બહાર પાડી ગાંધીજી અને કૉંગ્રેસ કારોબારીના તમામ સભ્યોને બિનશરતે મુક્ત કરી વાતાવરણને શાંત કરવાનો પ્રયત્ન કર્યો. સપ્રુ અને જયકરના પ્રયાસોથી ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૩૧ ના રોજ વાયસરોય ઈર્વિન અને ગાંધી વચ્ચે દિલ્હીમાં મુલાકાત ગોઠવાઈ. પંદર દહાડાની વાટાઘાટો બાદ ૫મી માર્ચ, ૧૯૩૧ના રોજ ગાંધીજી અને ઈર્વિન વચ્ચે સમજૂતી થઈ. સમજૂતીની શરતો ઉપર ૫મી માર્ચ, ૧૯૩૧ના રોજ વાયસરોય અને ગાંધીજીએ તે ઉપર હસ્તાક્ષર કર્યા. જે ગાંધી-ઈર્વિન કરાર નામે ઓળખાયું.

આ કરારમાં સરકાર દ્વારા યુદ્ધ ગુનેગારો સિવાય બાકીના બધા રાજકીય કેદીઓને મુક્તિ આપવી, જપ્ત સંપત્તિ પછી સુપ્રત કરવી, મીઠાના ઉત્પાદનના કરમાં ઘટાડો કરવો, શરાબ, અફીણ અને વિદેશી વસ્ત્રોની દુકાનો પર શાંતિપૂર્ણ પેકેટિંગ કરવાની છૂટ આપવાની કૉંગ્રેસ દ્વારા શરતો માન્ય રાખવામાં આવી જ્યારે કૉંગ્રેસ દ્વારા કાનૂનભંગની ચળવળને સ્થગિત કરવી, પોલીસના અત્યાચારો સામે નિષ્પક્ષ ન્યાયની માંગણી ઉપર બળ ન આપવું, દ્વિતીય ગોળમેજી પરિષદમાં ભાગ લેવો અને તમામ બહિષ્કારોને સ્થગિત કરવા જેવી સ્વીકૃત શરતો હતી.

### 8.3.11 બીજી ગોળમેજી પરિષદ અને સવિનય કાનૂનભંગનો બીજો તબક્કો

કરારનો બરાબર અમલ થાય તે પહેલાં ૧૭-૦૪-૧૯૩૧ના રોજ લૉર્ડ ઈર્વિનને સ્થાને નિરંકુશ વાયસરોય તરીકે નિયુક્ત થયા. ઈંગ્લેન્ડમાં રચાયેલ નવા મિશ્ર પ્રધાન મંડળમાં રૂઢિ ચુસ્તોનું જોર વધ્યું હતું.ભારત મંત્રી તરીકે સેમ્યુઅલ હોરના આગમન સાથે હિંદમાં અમલદારશાહીને છૂટો દોર મળી ગયો. રાજીનામાવાળા કર્મચારીઓની અને પિકેટીંગની બાબતમાં શરતભંગ થવા લાગ્યો. મહાસભા પ્રત્યે

સરકારનું વલણ વધારે સખત બન્યું. ગાંધીજી આ સંજોગોમાં ગોળમેજી કેવી રીતે ભાગ લે ? છતાં વાયસરોય તરફથી મહાસભાની ફરિયાદોને યોગ્ય રીતે નિકાલ કરવાની ખાતરી મળતા મહાસભાના એક માત્ર પ્રતિનિધિ તરીકે ગાંધીજીએ બીજી ગોળમેજી પરિષદમાં (૧મી સપ્ટેમ્બર ૧૯૩૧)માં હાજરી આપી. ગાંધીજીના અથાગ પ્રયત્નો છતાં કોમી પ્રશ્નો ઉપર જુદી-જુદી કોમોના પ્રતિનિધિઓ વચ્ચે સમાધાન થઈ શક્યું નહિ. પરિષદ નિષ્ફળતામાં પરિણમી અને ગાંધીજી ૨૮મી ડિસેમ્બર, ૧૯૩૧ના રોજ નિરાશ મને ભારત પાછા ફર્યા.

કરારનો ભંગ કરતા અનેક બનાવો બનવા લાગ્યા. સુરત જિલ્લાના અને ઉત્તર પ્રદેશમાં પોલીસ અયોગ્ય અને અન્યાયી રીતે કર ઊઘરાવવા લાગી. લાઠીચાર્જ અને ધરપકડ તો સામાન્ય થઈ ગઈ. જે સરકારી નોકરીયાતોએ આંદોલન સમયે ત્યાગપત્રો આપી દીધા હતા તેમને પુનઃ તેમના પદો ઉપર નિયુક્ત ન કરવાની નીતિ અપનાવવા આવી. ગાંધી ટોપી પહેરનાર સામે, વિલાયતી કપડાં અને શરાબની દુકાનો પર શાંત ધરણા કરનારાઓ સામે ભારે અત્યાચારો ગુજારવામાં આવ્યા. જવાહરલાલ અને પુરુષોત્તમ ટંડન જેવા નેતાઓની ધરપકડ કરવામાં આવી. સરહદ પ્રાંતની ખુદાઈ ખિદમતગારની સંસ્થાના કાર્યકર્તા ઉપર અમાનુષી અત્યાચારો કરવામાં આવ્યા.

ગાંધીજીએ ભારત પાછા ફરતાં ૨૯મી ડિસેમ્બર ૧૯૩૧ના રોજ વાયસરોયને આ બાબતનો પત્ર લખ્યો, પરંતુ વાયસરોયના તારનો પ્રત્યુત્તરમાં સરકારી પગલાં કાયદા અને શાંતિની જાળવણી માટે છે એમ જવાબ આપી આ બાબતે આગળ ચર્ચા કરવાનો ઈક્રાર કર્યો. ગાંધીજીએ વાયસરોયના ઉપરોક્ત પત્રના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે ગાંધી-ઈર્વિન કરાર થયો ત્યારે આ આંદોલન સ્થગિત કરવામાં આવ્યું હતું. સરકારના દમનકારી પગલાં સામે મહાસભા પાસે સત્યાગ્રહ પુનઃ ચાલુ કરવા સિવાય અન્ય વિકલ્પ સરકારે રહેવા દીધો નથી.

આ પરિસ્થિતિ વચ્ચે કૉંગ્રેસની કારોબારી સમિતિની બેઠક મુંબઈમાં મળી. જેમાં ફરી સવિનય કાનૂનભંગના આંદોલન શરૂ કરવા અંગેનો ઠરાવ કરવામાં આવ્યો. જેની સામે ૪ ફેબ્રુઆરી, ૧૯૩૨ના રોજ ચાર નવા વટહુકમો દેશભરમાં અમલી કરી દેવામાં આવ્યા. તે જ દિવસે ગાંધીજી અને સરદાર પટેલ સહિત કૉંગ્રેસ નેતાઓની ધરપકડ કરવામાં આવી. મહાસભા, ખેડૂત સંગઠનો, યુવાનોની સંસ્થા વગેરે ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યું.

ભારતભરમાં પ્રજાએ દમનનો પૂરા જોશથી સામનો કર્યો. મુખ્ય આગેવાનોની ગેરહાજરીમાં જનતાના સૌ પોતપોતાના આગેવાન બનીને લડત ઉપાડી

લેવામાં આવી. પ્રથમ ચાર માસમાં જ ૮૦૦૦૦ જેટલી વ્યક્તિઓની ધરપકડ થઈ. સમગ્ર બ્રિટિશ સંસ્થાઓ બહિષ્કાર નીચે આવી ગઈ. મહિલાઓ પિકેટિંગમાં પૂરજોશથી જોડાઈ. વિદેશી માલનો બહિષ્કાર, પત્રિકાઓનું પ્રકાશન, રાષ્ટ્રધ્વજનું સન્માન, ના કરની લડત, પેરોલ પર છૂટવાનો વિરોધ, મીઠાનું ઉત્પાદન જેવા કાર્યક્રમ જોરશોરથી ઉપાડી લેવામાં આવ્યા. સરકારે અમાનુષી અને દમનકારી નીતિ અખત્યાર કરવા માંડી. ચળવળને થોડા જ સપ્તાહમાં કચડી નાંખવી એવા સરકારની ગણતરીને લોકદાવાનળે ખોટી પાડી. મહિનાઓ પર્યંત ચળવળ પુરજોશમાં ચાલી હતી.

**8.3.12 કોમી ચુકાદો અને પૂના કરાર**

ભારતની ભિન્ન ભિન્ન કોમોને ધારાસભામાં બેઠક ફાળવવી તથા મતદાર મંડળો રચવામાં દ્વિતીય ગોળમેજી પરિષદમાં મળેલી નિષ્ફળતાના પરિણામે ઈંગ્લેન્ડના વડાપ્રધાન મેકડોનાલ્ડે સરકાર વતી કોમી ચુકાદો પ્રસિદ્ધ કર્યો. ઓગસ્ટ ૧૯૩૨માં જેમાં હરિજનોને પણ અલગ મતદાર મંડળ આપવામાં આવ્યું. ગાંધીજી સ્પષ્ટ માનતા કે હરિજનો હિન્દુઓના એક ભાગ છે, તેઓનું અલગ મતદાર મંડળ હોઈ જ ન શકે અને તેથી સરકાર હિંદુ સમાજના ભાગલા પાડે છે, જે ઘણું અન્યાયી કહેવાય. તેની સામે ગાંધીજીએ આમરણાંત ઉપવાસ આદર્યા. ૨૦ સપ્ટેમ્બર, ૧૯૩૨ ના દિવસે ગાંધીજીએ કોમી ચુકાદા સામે આમરણાંત અનશનનો આરંભ કર્યો. ગાંધીજીના ઉપવાસ શરૂ થતા સમગ્ર દેશનું ધ્યાન ગાંધીજી ઉપર કેન્દ્રિત થતાં સત્યાગ્રહનું આંદોલન ગૌણ બની ગયું.

નેતાઓની બેઠક પુનામાં મળી. ડૉ. ભીમરાવ આંબેડકર પણ આ બેઠકમાં સભ્ય હતા. નેતાઓની સહાયતાથી એક યોજના ઘડી જેને પુના કરાર તરીકે ઓળખવામાં આવી. તદ્નુસાર અછૂત વર્ગોએ પોતાનો પૃથક પ્રતિનિધિત્વના અધિકારોનો ત્યાગ કર્યો અને સંયુક્ત ચૂંટણી પદ્ધતિ સ્વીકૃત કરી. હરિજનો માટે કેન્દ્રીય ધારાસભા નિર્ધારિત સ્થાનનાં ૧૮ પ્રતિશત સ્થાન નક્કી રાખ્યું. ડૉ. આંબેડકર અને દલિત વર્ગોના અન્ય નેતાઓએ સ્વીકાર કર્યો. બ્રિટિશ પ્રધાન મંડળે પણ તેનો સ્વીકાર કર્યો અને આમ, ૨૬ મી સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ ગાંધીજીએ અનશનનો ત્યાગ કર્યો.

**8.3.13 ગાંધીજીના ઉપવાસ અને સત્યાગ્રહની સમાપ્તિ**

અગાઉ કોમી ચુકાદા સમયે ગાંધીજીએ કરેલ ઉપવાસથી લોકોમાં આખીય લડત તદ્દન ગૌણ બની ગઈ હતી. ત્યાર પછી પુના કરાર બાદ ગાંધીજીએ હરિજન ઉદ્ધારની પ્રવૃત્તિમાં વધારે રસ લેવા લાગ્યા અને તેમના ઉત્કર્ષ માટે ૨૧ દિવસના

ઉપવાસ કરવાની જાહેરાત કરી. જેથી સરકારને ગાંધીજીનું આ પગલું જોખમકારક લાગતા તેમને ૮મી મે, ૧૯૩૨ના રોજ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. ગાંધીજીએ મુક્ત થતા જ મહાસભાના પ્રમુખને લડત એકાદ માસ કે તેથી વધારે સમય માટે તે મુલતવી રાખવા સૂચવ્યું અને આમ લડત લગભગ મંદ પડી થઈ. દેશની પ્રવર્તમાન પરિસ્થિતિ, સત્યાગ્રહનું તત્કાલીન રૂપ વગેરે જોઈને ગાંધીજી દેશની સમસ્યા ઉપર શાંતિપૂર્ણ વિશારતની તક શોધતા હતા. માટે જ ગાંધીજીના ઉપવાસમાં રહેલી ધાર્મિકતા અને નૈતિકતા સરદાર સારી રીતે જાણતા હતા.

ઉપવાસ પૂર્ણ થતા ગાંધીજીએ વાયસરોય પાસે માંગેલી મુલાકાતના પ્રત્યુત્તરમાં ઈન્કાર મળતાં દેશનું ગૌરવ જાળવી રાખવા ગાંધીજીએ સામુદાયિક સત્યાગ્રહને બદલે વ્યક્તિગત સત્યાગ્રહનું એલાન કર્યું. ગાંધીજીએ ૧લી ઓગસ્ટ, ૧૯૩૩ના રોજ ગુજરાતના રાસ ગામે કૂચ કરીને વ્યક્તિગત સત્યાગ્રહનો પ્રારંભ કરવાનો નિર્ણય લીધો, પરંતુ તે પહેલા જ સરકારે ૩૪ સાથીદાર સહિત તેમની ધરપકડ કરી. ૧૯૩૩ના અંત સુધીમાં આ સત્યાગ્રહ મંદ પડી ગયો અને ૧૫ જાન્યુઆરી, ૧૯૩૪ના રોજ બિહારમાં ભયંકર ધરતીકંપ થતા સત્યાગ્રહ વ્યવહારમાં જ બંધ પડી ગયો.

## 8.4. સત્યાગ્રહની અસરો

અસહકારના આંદોલનની માફક સવિનય કાનૂનભંગનું આંદોલન પણ ધ્યેય સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયું. છતાંયે તેની ઘણી વ્યાપક અસરો થઈ.

- આ આંદોલનથી રાષ્ટ્રીયતા અને નવી ચેતનાનો સંચાર જોવા મળ્યો. આ આંદોલનને લોકોમાં પૂર્ણ સ્વરાજની ભાવના મજબૂત બનાવી. સમગ્ર રાષ્ટ્ર સ્વરાજ્યની ઉદ્દાત ભાવનાથી ભરાઈ ગયું. આ આંદોલને દેશને એકતા અને જાગૃતિના દર્શન કરાવ્યા. દેશમાં ભાવાત્મક એકતાનું અદ્ભૂત વાતાવરણ સર્જાવા લાગ્યું.
- આ લડતે ખાસ કરીને હિન્દની સ્ત્રીશક્તિને માત્ર રાજકીય ક્ષેત્રે જ નહિ પણ સામાજિક ક્ષેત્રે પણ ખૂબ જાગૃત બનાવી અને તેને જાહેર જીવનમાં યોગ્ય ભાગ ભજવવાની તથા પુરુષોની માફક યાતનાઓ સહન કરવાની શક્તિ અને હિંમત આપી.
- આ આંદોલને યુવક અને વિદ્યાર્થી સમુદાયને રાષ્ટ્ર માટે ત્યાગભાવના કેળવવાની નવી પ્રેરણા અને દૃષ્ટિ આપી જેનાથી અનેક પ્રકારના યુવક અને વિદ્યાર્થી સંગઠનો અસ્તિત્વમાં આવ્યા.

- મજૂરો અને કિસાન સંગઠનો વધારે સક્રિય અને વ્યાપક બન્યા.
- મહાસભાની રાજકીય પ્રવૃત્તિઓની સાથે રચનાત્મક પ્રવૃત્તિઓમાં પણ વધારો થયો. અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિ વેગીલી બની. હરિજનો માટે જાહેર સ્થળ અને દેવસ્થાનો ખુલ્લા મૂકાયા. અખિલ હિંદ હરિજન સંઘની સ્થાપના થઈ. ખાદી પ્રવૃત્તિ અને દારૂ નિષેધ પ્રવૃત્તિ વ્યાપક બની. ઠેર-ઠેર ખાદી કેન્દ્રો શરૂ થઈ ગયા. ગાંધીજી મજૂર પ્રવત્તિ સર્વોદયના ધ્યેય પર વિકસાવી રહ્યા હતા. વિદેશી વસ્તુઓના બહિષ્કારથી બ્રિટિશ અર્થવ્યવસ્થા ઉપર સીધો પ્રહાર કરવામાં આવ્યો.

આમ, સવિનય કાનૂનભંગની લડત ભલે પૂર્ણ સ્વરાજ્ય મેળવવાના પોતાના ધ્યેયને પામી શકી નહીં, પરંતુ તે ભાવિ લડત માટે ચોક્કસપણે એક પૂર્વ તૈયારી રૂપે સાબિત થઈ.

## 8.5. તમારી પ્રગતિ ચકાસો

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય વિકલ્પ વડે પૂરો.**

(1) પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ મહાસભાની ___________ બેઠકમાં લાગું કરવામાં આવ્યો.

(2) કાનૂનભંગની લડતના સ્થળની પહેલી પસંદગી ___________ સ્થળ ઉપર મૂકવામાં આવેલી હતી.

(3) ___________ તારીખે દાંડી યાત્રાનો પ્રારંભ થયો.

(4) ___________ સત્યાગ્રહીઓ સાથે અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી યાત્રા પ્રારંભ કરવામાં આવી.

(5) ___________ તારીખે ગાંધીજીએ નમકના કાયદાનો ભંગ કર્યો.

(6) ગાંધીજીની અટકાયત બાદ ધરાસણના મીઠાના અગરો ઉપર સત્યાગ્રહ કરવાની આગેવાની ___________ લીધી.

**(બ) વિસ્તૃત રીતે જવાબ આપો.**

(1) સવિનય કાનૂનભંગની લડતોની પૂર્વભૂમિકા સમજાવો.

________________________________________________

________________________________________________

(2) દાંડીકૂચના બનાવોને વિગતવાર સમજાવો.

(3) દાંડીકૂચની અસરો જણાવો.

(4) સવિનય કાનૂનભંગની લડત શરૂ ન થાય એ માટે ગાંધીજીના પ્રયત્નો સમજાવો.

## 8.6. ચાવીરૂપ શબ્દો

- **સવિનય કાનૂનભંગ –** વિનયપૂર્વક સરકારના કાયદાઓનો અમલ ન કરવો.
- **મહાભિનિષ્ક્રમણ –** કંઈક પામવા માટે અલગારીની જેમ નીકળી પડવું.
- **કૂચ** - વસ્તુ તરફની ગતિ

## 8.7. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**ખાલી જગ્યા પૂરો.**

**૧. લાહોર**

**૨. બદલપુર**

**૩. ૧૨મી માર્ચે ૧૯૩૦**

**૪. ૭૯**

**૫. ૬ એપ્રિલ, ૧૯૩૦**

**૬. અબ્બાસ તૈયબજી**

## 8.8. સંદર્ભ અને વિશેષ વાંચન


- ધારૈયા રમણલાલ કે., આધુનિક ભારતનો ઇતિહાસ અને ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ, (૧૯૨૦-૧૯૬૪) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- દેસાઈ આર. કે., સવિનય કાનૂનભંગની લડત, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- દેસાઈ શાંતિલાલ મ. રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- ઉપાધ્યાય અમી, ચૌધરી સોનલ (સંપા), ભારતનો ઇતિહાસ (ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૬૪ સુધી) ડૉ. બાબાસાહેબ આંબેડક ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- ચોપરા પી.એન (સંપાદક), ભારતનું ગેઝેટિયર (ઇતિહાસ અને સંસ્કૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
- આધુનિક ભારતનો ઇતિહાસ (ઈ.સ. ૧૮૫૭ થી ૧૯૬૪), IGNOUના (અનુ. ડૉ. બાબાસાહેબ ભાગ-૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ.

**એકમ -9**

## ભારતની ક્રાંતિકારી ચળવળોનો ઉદ્ભવ અને વિકાસમાં બારીન્દ્ર ઘોષ, અરવિંદ ઘોષ, ભગતસિંહ, ખુદીરામ બોઝનું પ્રદાન

### :: રૂપરેખા ::


**9.0** ઉદ્દેશો

**9.1** પ્રસ્તાવના

**9.2** ભારતની ક્રાંતિકારી ચળવળોનો ઉદ્ભવ અને વિકાસ

**9.3** બારીન્દ્ર ઘોષ

- **9.3.1** પ્રારંભિક જીવન
- **9.3.2** ક્રાંતિ તરફ અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ
- **9.3.3** જેલ મુક્તિ પછીનું જીવન

**9.4** અરવિંદ ઘોષ

- **9.4.1** જન્મ અને ઉછેર
- **9.4.2** ક્રાંતિના રંગથી આધ્યાત્મિકતાનો રંગ

**9.5** ભગતસિંહ

- **9.5.1** પ્રારંભિક જીવન
- **9.5.2** ક્રાંતિ તરફ અને શહીદી

**9.6** ખુદીરામ બોઝ

- **9.6.1** પ્રારંભિક જીવન અને ક્રાંતિ તરફ
- **9.6.2** ક્રાંતિકારી પ્રવૃત્તિઓ
- **9.6.3** બોઝને ફાંસી અને શહીદીનું મૂલ્ય

**9.7** તમારી પ્રગતિ ચકાસો

**9.8** ચાવીરૂપ શબ્દો

**9.9** સંદર્ભ અને વિશેષ વાંચન

## 9.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ બાદ આપ

- ભારતની ઉગ્રવાદી અને ક્રાંતિકારી ચળવળો વિશે જાણી શકશો.
- ભારતમાં ક્રાંતિકારી ચળવળનો ઉદ્ભવ અને વિકાસ કઈ રીતે થયો તેનાથી માહિતગાર થશો.
- બારીન્દ્ર ઘોષ દ્વારા કરેલ ક્રાંતિકારી પ્રવૃત્તિથી માહિતગાર થશો.
- અરવિંદ ઘોષના જીવન અને તેમણે સ્વતંત્રતામાં આપેલ પ્રદાન વિશે જાણી શકશો.
- યુવાન ભગતસિંહ કઈ રીતે આઝાદી પ્રાપ્તિના રંગે રંગાયો અને માતૃભૂમિની સ્વતંત્રતા માટે આપેલ જાનની આહુતિનો ઈતિહાસ સમજી શકશો.
- ખુદીરામ બોઝની ક્રાંતિકારી પ્રવૃત્તિઓથી માહિતગાર થશો.

## 9.1 પ્રસ્તાવના (Introduction)

૧૯મી સદીના સિત્તેર અને એંશીના દાયકાઓમાં ભારતમાં ગુપ્ત ક્રાંતિકારી મંડળો સ્થાપવાના વિચારો ફેલાયા. ભારતમાં અંગ્રેજી રાજ્ય સમાપ્ત કરવા હેતુથી ભારતમાં હિંસક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી હતી. આ ક્રાંતિકારીઓ અરાજકતા ફેલાવનાર નહોતા. પરંતુ તેમનો ઉદ્દેશ અંગ્રેજોને દૂર કરી સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનો હતો. આ પદ્ધતિને કેટલાક અને એમાંય ખાસ કરીને અંગ્રેજો તથા અંગ્રેજી રંગને રંગાયેલા “ડાબેરી”ઓ “આતંકવાદ” કહે છે પરંતુ અનેક ભારતીયો અને ઈતિહાસકારોના મતે એ ઉગ્ર રાષ્ટ્રવાદમાં માનતા ક્રાંતિકારીઓ હતા. ૧૯૧૮ ની સેડિશન કમિટિએ તેના અહેવાલમાં રાજકીય લૂંટ અને અધિકારીઓના ખૂનનું વર્ણન કરતાં “ક્રાંતિકારી” શબ્દનો ઉપયોગ કર્યો હતો.

ક્રાંતિકારી આંદોલનને હત્યાઓ અને હિંસાના માર્ગે શામ, દામ, દંડ, ભેદની નીતિથી સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું નવયુવકોનું પાગલપન કે ખાલી સ્વપ્ન કહી ટાળી દેવું સંભવિત નથી. આવશ્યકતા એ વાતની છે કે ક્રાંતિકારીઓનું લક્ષ્ય, નીતિ અને તેમના આદર્શોને યોગ્ય રીતે સમજીએ. દેશભક્તોનો હિંસક ક્રાંતિ પાછળનો ઉદ્દેશ, તેની ભાવના અને વર્તન કેવું હતું એ ચોક્કસપણે ઈતિહાસમાં વર્ણવવું ખૂબ જરૂરી છે.

## 9.2 ભારતની ક્રાંતિકારી ચળવળોનો ઉદ્ભવ અને વિકાસ

ઘોર અસંતોષ અને નિરાશા હિંસાત્મક ક્રાંતિને બળ આપે છે. લાલા લજપતરાયે ૧૯૦૮ થી ૧૯૧૪ સુધીના ક્રાંતિકારી વિચારો પર પ્રકાશ ફેંક્યો છે, જે શારીરિક શક્તિ અને બલિદાનમાં વિશ્વાસ કરે છે. ક્રાંતિકારી આંદોલનના ઉદયના અનેક કારણો બતાવવામાં આવ્યા છે. જેમાં આ બધા જ કારણોનો સરવાળો ક્રાંતિકારી આંદોલન, સરકારની દમનકારી પ્રતિક્રિયાવાદી નીતિનું એક સ્વાભાવિક પરિણામ હતું.

મુખ્યતઃ લૉર્ડ કર્ઝનના અંતિમ શાસનકાળમાં રાજનૈતિક અતિવાદને પ્રેરણા મળી અને લૉર્ડ મિન્ટોનાં શાસનકાળે દમનનીતિ અને ક્રાંતિકારી સંગઠનોને જન્મ આપ્યો. આ ઉગ્ર રાષ્ટ્રવાદનો ઉદ્ભવ બંગાળમાં સ્વદેશીની ચળવળ દરમ્યાન થયો હતો. બંગાળમાં શરૂઆતની ગુપ્ત મંડળીઓ વ્યાયામ, ઘોડેસવારી, બોક્સિંગ, લાઠીના દાવ વગેરેને મહત્ત્વ આપ્યું. પાછળથી તેમણે ઈટાલી, રશિયા અને આયરલેન્ડના ઉદાહરણોથી પ્રભાવિત થઈને બોંબ, બંદૂક, રીવોલ્વર વગેરેનો ઉપયોગ શરૂ કર્યો. ઉરટ્ઠં ૈજ ંરી ૅટ્ઠંર ક જટ્ઠજ્ઞદટ્ટૈહ - મુક્તિ પથ કયો ? આ બંગાળી આંતકવાદીઓનું માન્ય પુસ્તક હતું. અંગ્રેજી શાસનને હિંસાથી ખત્મ કરવું તે દેશભક્તનું પવિત્ર કાર્ય ગણાશે તેવો મર્મ આ પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે. બંકિમના લેખોમાં "દુર્ગાએ તેના ભક્તોને દાનવોનો વિનાશ કરવાની પ્રેરણા આપી છે" જે આવા વિચારોને પુષ્ટિ આપે છે. બંગાળમાં અરવિંદ ઘોષ, બારીન્દ્ર ઘોષ, ભૂપેન્દ્રનાથ દત્ત, મહારાષ્ટ્રમાં વાસુદેવ બળવંત ફડકે, વીર સાવરકર, શ્યામજી વર્મા, ગણેશ સાવરકર, ચાંપેકર બંધુ, તિલક, પંજાબમાં સરદાર અજીતસિંહ, લાલ હરદયાળ, બાલ મુકુન્દે વગેરે ક્રાંતિકારી આંદોલનને પ્રોત્સાહિત અને સંગઠિત કર્યા.

બ્રિટિશ સરકાર વિરુદ્ધ ગુપ્ત ક્રાંતિકારી મંડળી રચીને ક્રાંતિકારી પ્રવૃત્તિ શરૂ કરનાર સૌ પ્રથમ વાસુદેવ બળવંત ફડકે હતો. ક્રાંતિકારી વિચારધારાનો વિસ્ફોટ પુનામાં ઈ.સ. ૧૮૯૯ માં ચાંપેકર બંધુઓએ મિ. રેન્ડે અને એપર્સ્ટની હત્યા કરીને કર્યો. ક્રાંતિકારીઓનાં પિતા તરીકે ઓળખાતાં શ્યામજી કૃષ્ણ વર્માએ મહારાષ્ટ્રમાં ક્રાંતિકારી આંદોલનને તાકાત આપી, ૧૯૦૫માં તેઓએ લંડન થઈ 'ઈન્ડિયન હોમ રૂલ સોસાયટી'ની સ્થાપના કરી. વિદેશમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચલાવી. સાવરકર ભાઈઓએ મહારાષ્ટ્રમાં "મિત્રમેળા" નામની ક્રાંતિકારી સંસ્થા સ્થાપી, જે ૧૯૦૪ થી "અભિનવ ભારત" નામથી ઓળખવામાં આવે છે. આ સંસ્થા દ્વારા યુવાનોને શસ્ત્રો અને દારૂગોળો વાપરવાની તાલીમ આપવામાં આવતી. અમદાવાદમાં લેડી મેન્ટોની ગાડી ઉડાડવાનો પ્રયાસ, ગ્વાલિયા ષડયંત્ર કેસ, નાસિક ષડયંત્ર કેસ, સતારા ષડયંત્ર

કેસ આ ક્રાંતિકારીઓની પ્રવૃત્તિઓથી સંલગ્ન હતો. બંગાળમાં પિ. મિત્ર દ્વારા ''અનુશીલન સમિતિ'' નામની ક્રાંતિકારી સંસ્થા રચાઈ. જેમાં બારીન્દ્ર ઘોષ તેના મુખ્ય આગેવાન હતા. જેમણે ૧૯૦૫ માં ''ભવાની મંદિર અને વર્તમાન રણનીતિ'' નામનું પુસ્તક કે જેમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી હતી તે પ્રગટ કર્યુ. બારીન્દ્ર ઘોષ અને બીજા નેતાઓએ ઘોષણા કરી કે, ''આ દેશમાં અંગ્રેજોની સંખ્યા ૧૫ લાખથી વધારે નથી. જો તમે તમારા સંકલ્પમાં દઢ છો તો એક દિવસમાં બ્રિટિશ શાસનનો અંત લાવી શકો છો. પોતાના પ્રાણ ન્યોછાવર કરી દો, પરંતુ પહેલાં તેમનો પ્રાણ લઈ લો'' મિદનાપુર આગળ ઉપ-ગર્વનરની રેલગાડીને ઉથલાવવાનો પ્રયત્ન, ઢાકાના ભૂતપૂર્વ જિલ્લા મેજિસ્ટ્રેટ ઉપર ગોળી ચલાવી વગેરે જેવી રાજનૈતિક હત્યા અને લૂંટ સામાન્ય બની ગયા હતા.

ડૉ. મંગુભાઈ પટેલે ''ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયા''માં આલેખ્યું છે. પંજાબમાં પણ ક્રાંતિકારી આગ ફેલાયેલ હતી. ભગતસિંહ, ચંદ્રશેખર, આઝાદ, રાજગુરુ વગેરે પંજાબના મુખ્ય ક્રાંતિકારીઓ હતા. સેન્ડર્સની હત્યા, દિલ્હીની કેન્દ્રીય એસેમ્બલીમાં બોમ્બ, લૉર્ડ ઈર્વિનની ટ્રેનને ઉડાવવાનો પ્રયાસ વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓ પંજાબના ક્રાંતિકારીઓ દ્વારા થયેલી.

''બધા ક્રાંતિકારીઓ સ્વામી વિવેકાનંદના પુસ્તકમાંથી અને ભગવત્ ગીતામાંથી કૃષ્ણના શિક્ષણમાંથી પ્રેરણા મેળવતા. એક હાથમાં ગીતા અને બીજા હાથમાં શસ્ત્ર લઈને દેશને સ્વતંત્ર કરવાનો પ્રયાસ કરતા.'' ક્રાંતિકારીઓને વ્યક્તિગત હિંસામાં અને દંગલમાં રસ ન હતો. તેઓ વિદ્રોહની ભાવના પ્રેરિત કરવામાં અને હિંસાત્મક સંઘર્ષમાં તેમને રસ હતો. ક્રાંતિકારીઓનો પૂર્ણ ઇતિહાસ નથી મળતો કારણ કે મોટાભાગના સંગઠનો ગુપ્ત રહેતા. મિત્રો આ પ્રકરણમાં આવા ક્રાંતિકારીઓમાંના બારીન્દ્ર ઘોષ, અરવિંદ ઘોષ, ભગતસિંહ અને ખુદીરામ બોઝ વિશે વિસ્તૃત માહિતી મેળવીશું.

## 9.3 બારીન્દ્ર ઘોષ

### 9.3.1 પ્રારંભિક જીવન

બારીન્દ્ર ઘોષનો જન્મ ૧૮૮૦માં લંડનમાં થયો. એમનું પૈતૃક નિવાસ બંગાળમાં હતું. પિતા કૃષ્ણાદાન ઘોષ એક જાણીતા ચિકિત્સક હતા. માતાનું નામ દેવ સવર્ણલતા હતું. જન્મ લંડનમાં છતાંય બાળપણથી તેઓ ભારતમાં જ ઉછર્યા હતા. સ્કૂલની શિક્ષા દેવગઢ અને કૉલેજ પટનામાં કર્યા બાદ તેઓ પોતાના ભાઈ અરવિંદ ઘોષ પાસે આવી વડોદરામાં વસ્યા. અહી તેમણે મિલેટ્રી ટ્રેનિંગ લીધી હતી. અરવિંદ

ઘોષથી પ્રભાવિત થઈ તેમનો રસ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ તરફ વળ્યો. બારીન્દ્ર જયારે વડોદરા આવ્યા ત્યારે નર્મદા કિનારે આવેલ ચણોદ નામના સ્થળના રહેવાસી યોગી દિક્ષિણી બ્રાહ્મણ વિષ્ણુભાસ્કર તેને મળ્યા. બારીન્દ્રએ તેમને આધ્યાત્મિક ગુરુ બનાવ્યા. સ્વામીજી બારીન્દ્રને આધ્યાત્મિક તરફ વાળવા માગતા હતા,પરંતુ બારીન્દ્ર તે તરફ ના ઝૂક્યા.

### 9.3.2 ક્રાંતિ તરફ અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ

ભારતમાં જ્યારથી રાષ્ટ્રીયતાની લહેર આવી ત્યારથી બંગાળ મોખરે રહ્યું છે. બંગાળના ભાગલાથી વિભાજન વિરોધી આંદોલનો શરૂ થયા. તેના નેતૃત્વમાં બિપિનચંદ્ર પાલ, અરવિંદ ઘોષ અને તેમના ભાઈ વિરેન્દ્ર ઘોષ તથા અશ્વિનકુમાર દત્ત હતા.

બારીન્દ્ર ઘોષ ઉચ્ચ કોટિના દેશભક્તમાંના એક હતા. તેઓ શિવાજીના ચરિત્રથી પ્રભાવિત થયા હતા. તેમના ઉપર સખા રામ ગણેશ દેઉસકરનો પ્રભાવ સારો હતો. બારીન્દ્રે એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ગીતા લઈ પ્રતિજ્ઞા કરી હતી કે, ''આજીવન દેશની સેવા કરીશ.'' ડૉ. મંગુભાઈ પટેલ ભારતના ''સ્વાતંત્ર્ય સંગ્રામના અને તેના ઘડવૈયાઓ''માં જણાવે છે કે ''વિભાજને બળતામાં ઘી હોમ્યું અને ભાવુક બંગાળીઓને હિંસાપથના પથિક બનાવ્યા. આ આંદોલનના નેતા બારીન્દ્ર ઘોષ અને ભૂપેન્દ્રનાથ દત્ત હતા. તેઓએ હથિયાર ઉઠાવી વિદેશી શાસન સામે યુદ્ધ કરવાનું આહ્વાન કર્યુ. તેમનું કથન હતું કે,દેશના અંગ્રેજોની સંખ્યા ૧૫ લાખથી વધારે નથી. આપણે નક્કી કરીએ તો એક દિવસમાં વિદેશી શાસનનો અંત આવી શકે. તમારો પ્રાણ આપી દો, પરંતુ એ પહેલાં પ્રાણ લઈ લો.

કલકત્તામાં પી. મિત્રની આગેવાની નીચે ''અનુશીલ સમિતિ'' નામે સંસ્થાની સ્થાપના થઈ. તેની અનેક શાખાઓ બંગાળમાં સ્થાપવામાં આવી. મોટી સંખ્યામાં યુવાનો આ સંસ્થામાં જોડાયા. બારીન્દ્ર ઘોષ પછીથી તેના મુખ્ય આગેવાન બન્યા. સમિતિના સભ્યોને પ્રથમ લાઠી, તલવાર, બંદૂક વગેરે શસ્ત્રોની તાલીમ અપાતી. અનુશીલન સમિતિએ ક્રાંતિકારી સાહિત્ય તથા પોતાના મુખપત્ર ''યુગાન્તર'' મારફત ઉગ્ર રાષ્ટ્રવાદનો સારો ફેલાવો કર્યો. તેમના દ્વારા પ્રકાશિત પુસ્તક ''ભવાની મંદિર'' તથા ''વર્તમાન રણનીતિ''માં લશ્કરી તાલીમ, હિંસાત્મક યુદ્ધ તથા ગેરીલા યુદ્ધ પદ્ધતિની ચર્ચા કરવામાં આવેલ હતી. ''યુગાન્તર'' સામયિક દ્વારા લોકોમાં ક્રાંતિકારી વિચારો ફેલાવી બ્રિટિશ રાજ્ય સામે ખુલ્લા બળવાનો ઉપદેશ આપતા. ૧૯૦૭ માં તેની ૭૦૦૦ નકલ વેચાઈ. તેના ક્રાંતિકારી લખાણોના કારણે ઈ.સ. ૧૯૦૮માં તેના ઉપર બ્રિટિશ સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

અલીપુર કાવતરા કેસ : બારીન્દ્ર ઘોષ અને તેના સાથીદારો બોમ્બ બનાવવાની પ્રવૃત્તિઓ તથા ક્રાંતિકારીઓને હેરાન કરનાર સરકારી અધિકારીઓના હત્યાના કાવતરા ઘડતા. આવા જ એક મુઝ્ઝફર કાવતરા કેશમાં મિ. કિંગ્સફર્ડની હત્યા કરવા માટે પ્રફુલ્લ ચાકી સામે ખુદીરામ બોઝને મોકલેલ. જે મુઝ્ઝફર કાવતરા કેસના તાજના સાક્ષી બનેલ અને બારીન્દ્ર ઘોષના જૂથના સભ્ય નરેન્દ્ર ગોસાઈની માહિતીના આધારે પોલીસે માણિકતલામાંથી બોમ્બ, દારૂગોળો અને કારતૂસો પકડી પાડ્યા. એ જ દિવસે અરવિંદ ઘોષ અને બારીન્દ્ર સહિત ૩૪ ક્રાંતિકારીઓની ધરપકડ મુઝ્ઝફર કાવતરા કરવાના કેસમાં કરવામાં આવી. આ કેસ અલીપુરમાં ચલાવવામાં આવ્યો. જેથી તે અલીપુર કાવતરા કેસ તરીકે જાણીતો થયો. પોલીસને બાતમી આપનાર ગોસાઈને કનૈયાલાલ દત્ત અને સત્યેન બોઝ નામના ક્રાંતિકારીઓએ કારાવાસમાં જ હત્યા કરી જ્યારે સરકારી વકીલ આશુતોષ વિશ્વાસ અને ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેટ ઑફ પોલીસની અદાલતના કમ્પાઉન્ડમાં જ હત્યા કરવામાં આવી. કનૈયાલાલને ફાંસી આપવામાં આવી તથા બારીન્દ્ર ઘોષ અને તેના અન્ય મિત્રોને આજીવન કેદ અને દેશનિકાલની સજા ફટકારવામાં આવી. ઉપેન્દ્રનાથે પોતાના બયાનમાં કહ્યું હતું કે "યુગાન્તર" પત્ર પણ ક્રાંતિકારીઓનું પ્રચાર કાર્ય કરતું હતું. તેની ગ્રાહક સંખ્યા લગભગ ૭ હજાર હતી. ચીફ જસ્ટીસ લોરેન્સે "યુગાન્તર"ની ફાઈલો તપાસી. તેમણે લખ્યું, "તેની હરેક લીટીમાં વિદેશીઓ પ્રતિ દ્વેષ ટપકે છે અને હરેક શબ્દમાં ક્રાંતિની આગ ચમકે છે". મિ. રોલેટે પણ તેમના રિપોર્ટમાં યુગાન્તરનાં ઉદાહરણો આપ્યા છે.

અલીપુર કાવતરા કેસે દેશભરના ક્રાંતિકારીઓમાં આંદોલનનો નવો જ ઉત્સાહ રેડ્યો. બારીન્દ્ર ઘોષ અને તેના સાથીઓએ આરંભેલ ક્રાંતિકારી ચળવળ ૧૯૩૦ સુધી ચાલુ રહી હતી. ઈ.સ. ૧૯૧૭માં માત્ર બંગાળમાં બોમ્બ નાખનાર ૨૫ બનાવો બન્યા હતા તથા રાજકીય હત્યાના ૬૦ થી વધુ બનાવો નોંધ્યા હતા.

**બારીન્દ્ર ઘોષનું બયાન :**

***भारतीय क्रान्तिकारी आंदोलन का इतिहास***

*"एक साल बडौदा में रहने के बाद मैं बंगाल लौट कर आया । मेरा उद्देश्य था कि राष्ट्रीय मिशनरी की भाँति मैं भारतीय स्वाधीनता-आन्दोलन का प्रचार करू । मैं एक जिले से दूसरे जिले में गया और मैंने यहा अखाडे वगैरह स्थापित किए । ऐसी जगहों पर नौजवानोंको कसरत सिखाई तथा राजनीति में उनकी दिलचस्पी पैदा की जाती थी । इसी भाँति मैंनेदो साल तक लगातार स्वाधीनता का प्रचार करते हुए दौरा किया । मैं*

*इसी बीच में बंगाल के लगभग सब जिलों का दौरा कर चुका था । मैं इस बात सेथक गया और बडोदा लौट गया, और फिर अपनी किताबों मेंडूब गया । एक साल बाद फिर मैं बंगाल लौट आया । अबकी बार मैं इस नतीजे पर पहुँचा कि केवल विशुद्ध राजनीतिक प्रचार-कार्य से इस देश में कुछ नहीं होगा । लोगों को अध्यात्मिक शिक्षा देनी चाहिए, ताकि वे विपत्ति का सामना कर सके । एक धार्मिक संस्था खोलनेकी योजना भी मेरे दिमाग में थी । तब तक स्वदेशी तथा बायकाट आन्दोलन भी आरम्भ हो चुका था । मैंने सोचा कि कुछ आदमियों को मैं अपनी देख-रेख में शिक्षा दूँ, इसलिए मैंने इन लोगों को एकत्र किया, जो मेरे साथ पकडे गए हैं । मेरे मित्र भूपेन्द्रनाथदत्त तथा अविनाश भट्टाचार्य की सहायता से मैंने 'युगान्तर' प्रकाशित करना शुरू किया । हमने लगभग डेढ साल तक इसे चलाया, फिर इसे वर्तमान व्यवस्थापकों के हाथ सौंप दिया । अखबार का भार इस प्रकार दूसरों पर सौंपने के बाद, मैं फिर लोगों को भर्ती करने मेंलग गया । मैंने* 1907*केशुरू से लेकर अब तक (अर्थात्* 1908 *तक) करीब* 14-15 *नवयुवकों को धार्मिक पुस्तकें तथा राजनीति पढाई । हम लोग हमेशा यही सोचते थेकि आगे जाकर एक क्रान्ति होगी और इसके लिए अस्त्र-शस्त्र भी इकट्ठे किए जाने लगे । मैंने इन दिनों* 11 *पिस्तौलें, चार राइफलें और एक बन्दूक एकत्र कर ली थी । हमारे यहाँ के नवयुवकों में एक उल्लासकर दत्त भी था । उसने कहा कि चूँकि मैं आप लोगों से मिलकर काम करना चाहता था, इसलिए मैंने बम बनाना सीख लिया था । उसके घर में एक प्रयोगशाला थी, जिसका उसके पिता को पता नहीं था । उसी में वह अपनेप्रयोग किया करता था । मैं कभी इस प्रयोगशाला मेंनहीं गया । मुझे उससे केवल यह मालूम भर था कि एक ऐसी प्रयोगशाला है । उल्लासकर की मदद से हमने* 32 *नं. मुरारीपुकुर रोड के एक मकान में बम बनाना शुरू किया । इस बीच में हमारे एक मित्र हेमचन्द्रदास अपनी जायदाद का एक हिस्सा बेचकर पेरिस में मेकेनिक्स और हो सका तो बम बनाना सीखने चले गए । जब वे लौट आए, तो वे बम बनाने के हमारे कारखाने में उल्लासकर के साथ शामिल हो गए । हम कभी भी यह नहीं समझते थे कि राजनीतिक हत्याओं से आजादी मिल जायेगी । हम हत्याएँ केवल इसीलिए करते हैकि जनता को इसकी आवश्यकता है ।"*

*वारीन्द्र के अतिरिक्त और लोगों ने जो बयान दिए उनसे भी साफ हो जाता है कि उस जमाने के क्रान्तिकारी क्या चाहते थे ।*

### 9.3.3 જેલ મુક્તિ પછીનું જીવન

૧૨ વર્ષ બાદ તેમને જેલમાંથી છોડી દીધા. બારીન્દ્રે પોતાની જીવનકથા “The tale of my Exile”નામના પુસ્તકમાં લખી છે. તેમણે ચિત્તરંજદાર દ્વારા સંપાદિત ‘‘નારાયણ’’ નામનું બંગાળી પત્ર સંભાળી લીધું. અરવિંદના વિચારો ફેલાવા માટે Arye Publishing House નામની પુસ્તક પ્રકાશનની દુકાન ખોલી. ત્યારબાદ ‘‘વિજયી’’ નામનું બંગાળી સાપ્તાહિક પણ તેમણે શરૂ કર્યું. નવલકથાઓ અને કવિતાઓ લખતા. ક્યારેક તેમના ભાઈ અરવિંદના આશ્રમમાં જઈ યોગ સાધનામાં બેસતા. શ્રી ઠાકુર અનુકુલચંદ્ર એમના ગુરુ હતા. ૧૯૫૮-૫૯માં આ મહાન સ્વાતંત્ર્ય ક્રાંતિવીરનો સ્વર્ગવાસ થયો.

## 9.4 અરવિંદ ઘોષ

### 9.4.1 જન્મ અને ઉછેર

શ્રી અરવિંદનો જન્મ ૧૫ ઓગસ્ટ ૧૮૭૨ના રોજ કલકત્તામાં થયો હતો. પિતા ડૉ. કૃષ્ણદાસ ઘોષ બંગાળના પશ્ચિમી સભ્યતાના રંગે રંગાયેલ સિવિલ ડૉક્ટર હતા અને માતા સ્વર્ણાદેવી રાષ્ટ્રવાદી સમાજસેવક રાજનારાયણ બોસની પુત્રી હતા. પશ્ચિમ બંગાળમાં આ કોન્નાગરનો ઘોષ પરિવાર પેઢીઓથી અભિજાત વર્ગ તરીકે ઓળખાતો. અરવિંદ ઘોષનું પૂરું નામ અરવિંદ એક્રોયડ ઘોષ હતું. પિતાનું અરવિંદની પાછળ એક્રોયડ નામ રાખવાનું તેમનું પશ્ચિમી સંસ્કૃતિમાં રંગાયેલ હોય એ નિર્દેશિત કરે છે. સાત વર્ષની ઉંમરે તેમને શિક્ષણ માટે ઈંગ્લેન્ડ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તેમણે લંડનની સેન્ટ પોલ સ્કૂલ અને કેમ્બ્રિજની કિંગ્સ કૉલેજમાં અભ્યાસ કર્યો. ‘‘ડૉ. આર. એસ. સોઢા પોતાના પુસ્તક ‘ભારતીય સ્વતંત્રતા સંગ્રામ કે અમર પુરોધા’માં લખે છે કે પશ્ચિમી સંસ્કૃતિથી રંગાયેલા માતા-પિતા દ્વારા અરવિંદને ભારતીયોને મળવા માત્રની મનાઈ હતી. જે વ્યક્તિ પાછળથી એક ક્રાંતિકારી, એક સ્વતંત્રતા સેનાની, એક મહજ ભારતીય રાજનીતિજ્ઞ દાર્શનિક, વૈદિક પુસ્તકોનો વ્યાખ્યાતા બન્યો. તેને બધી જ ભારતીય વસ્તુથી દૂર રાખવામાં આવેલ હતો.’’ શ્રી અરવિંદ ઈન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરે છે,પરંતુ જોડાવવાની અનાસક્તિના લીધે તેઓ ઘોડેસવારીની પરીક્ષામાં ઉપસ્થિત ન રહ્યા. ઈ.સ. ૧૮૯૩ માં ભારત પાછા ફર્યા. તેમણે મહારાજાની સેવામાં અને બરોડા કૉલેજમાં પ્રોફેસર તરીકે બરોડાના રજવાડામાં તેર વર્ષ સુધી કામ કર્યું.

### 9.4.2 ક્રાંતિના રંગથી આધ્યાત્મિકતાનો રંગ

વડોદરા નોકરી દરમ્યાન જ તેઓ ક્રાંતિકારી સમાજમાં પણ જોડાયા અને ભારતમાં બ્રિટિશ સરકાર સામે બળવો કરવાની ગુપ્ત તૈયારીઓમાં અગ્રણી ભૂમિકા ભજવી. અરવિંદ ઘોષના ભાઈ બારીન્દ્ર ઘોષ પહેલાંથી ક્રાંતિકારી પ્રવૃત્તિમાં જોડાયેલ હતા. ગુજરાતમાં અધ્યાત્મના પાયા ઉપર સશસ્ત્ર ક્રાંતિની પ્રેરણા તો અરવિંદ ઘોષ પાસેથી તે વેળાના અંબુભાઈ પુરાણી વગેરેને મળી હતી. ''ભવાની મંદિર'' નામની પુસ્તિકામાં શ્રી અરવિંદે ક્રાંતિની યોજના આલેખી હતી. એમની યોજના બ્રહ્મચારીઓનો સંઘ કાઢી દેશને અર્થે શહીદી વહોરે એવા જુવાનોનું જૂથ ઊભું કરવાનો હતો. ૧૯૦૬માં બંગાળના ભાગલા પછી તરત જ શ્રી અરવિંદ પોતાના પદ પરથી રાજીનામું આપી કલકત્તા ગયા, જ્યાં તેઓ ટૂંક સમયમાં રાષ્ટ્રવાદી ચળવળના નેતાઓમાં એક બન્યા.

બંગાળની ક્રાંતિકારીઓની સંસ્થા અનુશીલન સમિતિમાં અરવિંદ ઘોષ જોડાયા, તેથી સંસ્થામાં પણ નવું જોમ આવ્યું. શ્રી અરવિંદ ભારતના પ્રથમ રાજકીય નેતા હતા. જેમણે તેમના અખબાર ''વંદે માતરમ્''માં દેશની સંપૂર્ણ સ્વતંત્રતા વિચારને ખુલ્લેઆમ આગળ ધપાવ્યો હતો. બે વાર રાજદ્રોહ અને એક વાર કાવતરા માટે કાર્યવાહી કરવામાં આવી હતી. દરેક વખતે પુરાવાના અભાવે તેમને છોડી દેવામાં આવ્યા હતા. શ્રી અરવિંદ દિવસમાં ભિન્ન ભિન્ન જગ્યાઓએ ફરીને વ્યાખ્યાનો આપતા. મુંબઈમાં તેમણે સ્વદેશી અને રાષ્ટ્રીય આંદોલનના સ્વરૂપનું ભાષણ આપતાં કહ્યું કે ''જ્યારે સાચી વાણી આવી તો બંગાળી ઉગ્રવાણી ગ્રહણ કરવા માટે તૈયાર હતા.''

સશસ્ત્ર ક્રાંતિના વિચાર સાથે જીવતા શ્રી અરવિંદ આંતકવાદ કે નિર્દોષની હત્યાથી દુ:ખી થતા. ક્રાંતિકારીઓ દ્વારા કિંગ્સફોર્ડની હત્યા કરતા બે નિર્દોષ સ્ત્રીઓ મૃત્યુની ઘટનાથી ઘોષ ઘણા અશાંત રહ્યા. કિંગ્સફોર્ડની હત્યાવાળા મુઝઝફરપુરના કેસમાં ધરપકડ કરવામાં આવેલી અને અલિપુર કાવતરા કેસ ચાલેલો. ઈ.સ. ૧૯૦૮માં આ કેસના જેલવાસ દરમ્યાન તેમને આધ્યાત્મિક અનુભૂતિ થઈ. જો કે આ કેસમાં શ્રી અરવિંદને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા.

હવે શ્રી અરવિંદની દૃષ્ટિ તેમને શાંતિ અને પ્રેમના પથ ઉપર આગળ વધવા સંકેત કરતી હતી. ઈ.સ. ૧૯૧૦માં તેઓ રાજકારણમાંથી ખસી ગયા અને પોંડિચેરી ગયા. જેથી તેઓ પોતાની જાતને સંપૂર્ણપણે તેમના આંતરિક આધ્યાત્મિક જીવન અને કાર્યમાં સમર્પિત કરી શકે. પોંડિચેરીમાં તેમના ચાલીસ વર્ષ દરમ્યાન તેમણે આધ્યાત્મિક અભ્યાસની એક નવી પદ્ધતિ વિકસાવી, જેને તેમણે ઈન્ટિગ્રલ યોગ તરીકે

ઓળખાવ્યું. તેનો ઉદ્દેશ્ય એક આધ્યાત્મિક અનુભૂતિ છે જે માણસની ચેતનાને મુક્ત કરે છે એટલું જ નહિ, પરંતુ તેના સ્વભાવને પણ બદલી નાખે છે. ૧૯૨૬માં તેમના આધ્યાત્મિક સહયોગી માતાની મદદથી તેમણે શ્રી અરવિંદો આશ્રમની સ્થાપના કરી. તેમના અનેક લખાણોમાં ધ લાઈફ ડિવાઈન, યોગાનું સંશ્લેષણ અને સાવિત્રી આમાંના મુખ્ય છે. શ્રી અરવિંદે ૫ ડિસેમ્બર, ૧૯૫૦ ના રોજ પોતાનો દેહ છોડ્યો હતો. એવું કહેવાય છે કે,ચાર દિવસ પણ વધારે એમનું શરીર સ્વર્ગિક જ્યોતિથી આલોક્તિ હતું. તેમના પાર્થિવ દેહને ૯ ડિસેમ્બર, ૧૯૫૦ના દિવસે મહાસમાધિ આપવામાં આવી.

## 9.5 ભગતસિંહ

### 9.5.1 પ્રારંભિક જીવન

સમસ્ત ભારતમાં પંજાબની પ્રતિષ્ઠા વીરભૂમિ તરીકેની છે. આ વીરભૂમિના અમર ક્રાંતિકારી ભગતસિંહનો જન્મ લાયલપુર જિલ્લાના બંગા (હાલ પાકિસ્તાનના) સપ્ટેમ્બર, ૧૯૦૭ના રોજ થયેલો. દાદા અર્જુનસિંહ, પિતા કિશનસિંહ, કાકા અજિતસિંહ અને સુવર્ણસિંહ મા ભોમની સ્વતંત્રતાના રંગે રંગાયેલા હતા. આમ, ભગતસિંહને આઝાદીનો રંગ વારસામાં જ મળેલ હતો. વળી ભગતસિંહના જન્મના દિવસે દેશની હદ પાર થયેલ કાકા અને પિતા તથા અન્ય કાકા જેલ મુક્ત થયા. માટે તેમના નસીબના જોરને લઈને તેમનું નામ ભગતસિંહ રાખવામાં આવ્યું. ભગતસિંહ બાળપણથી જ ચપળતા, કુશાગ્ર બુદ્ધિ તથા અજબ ગ્રહણશક્તિ ધરાવતા હતા. એક દિવસ પોતાના પિતાની સાથે ખેતર જતાં ભગતસિંહ એક ખેડૂતને હળ ફેરવતો જોયો અને એ હળ ફેરવવાથી બીજરોપણ અને જેમાંથી અનાજ પાકશે એવું કારણ પિતા પાસેથી સાંભળ્યા બાદ ભગતસિંહ પોતાના પિતાને કહે છે કે તો કેમ આપણે પિસ્તોલ અને બંદૂકની ખેતી નથી કરતા. આમ, નાનપણથી આઝાદી પ્રાપ્તિની ખેવના નાના ભગતસિંહના હ્યદયમાં હતી.

ડી. એસ. વી. સ્કૂલમાં મેટ્રિક પાસ કરીને નેશનલ કૉલેજમાં દાખલ થયા. કૉલેજકાળમાં તેઓ સુખદેવ, ભગવતીચરણ, યશપાલ, દુર્ગાભાભી વગેરેના પરિચયમાં આવ્યા. આ સમય દરમ્યાન અસહકારની ચળવળ શરૂ થઈ. યુવાન ભગતસિંહ અસહકારની ચળવળમાં જોડાઈને પરદેશી કાપડનો બહિષ્કાર વગેરે કાર્યમાં જોડાય છે.

### 9.5.2 ક્રાંતિ તરફ અને શહીદી

જલિયાંવાલા બાગ હત્યાકાંડથી ભગતસિંહનું હ્યૃદય ભગ્ન થયેલ હતું. ૧૬ વર્ષની વયે (૧૯૨૩)માં હિન્દની ક્રાંતિકારી સંસ્થા ''હિન્દુસ્તાનના સોશ્યાલિસ્ટ રિપબ્લીકન આર્મી''માં તે જોડાય છે. સરદાર ભગતસિંહ એમ.એ. પાસ કરી અને વિવાહ કરવાની અનિચ્છા પ્રગટ કરી ઘર છોડી જતા રહ્યા. પત્રમાં ઘર છોડવાનું કારણ લખ્યું, ''હું પરણવા માગતો નથી. મેં મારું જીવન મા ભોમની સ્વતંત્રતા કાજે ન્યોછાવાર કરવાનું નિર્ધારિત કરેલ છે.'' કાનપુર જઈને ગણેશશંકર 'વિદ્યાર્થી' સાથે પત્રકારમાં જોડાઈ ''પ્રતાપ''માં બળવંતસિંહ નામે સરકાર માટે તલવારની ધાર જેવા લખાણ લખવાના શરૂ કર્યા. દિલ્હીના ''અર્જુન''માં પત્રના સંવાદદાતા તરીકે કામ કર્યુ તથા એક રાષ્ટ્રીય વિદ્યાલયમાં શિક્ષક તરીકે સેવાઓ પણ આપી.

ભગતસિંહ પોતાના ભાષણોમાં ક્રાંતિકારીઓના સંગઠનોની પ્રશંસા કરતા અને બ્રિટિશ સરકાર ઉપર બોમ્બ ફેંકનાર ગાંધી મોહન સાહાનીની પ્રશંસા કરી, ત્યારે પોલીસે તેમની ઉપર મુકદમો ચલાવ્યો પણ તેમાં પણ તેઓ નિર્દોષ છૂટી ગયા. અમૃતસરમાં ''કીર્તિ'' અને ''અકાલી'' નામના અખબારોનું સંપાદનનું કાર્ય કર્યુ. તેમણે અને તેમના સાથીદારો તેમના ''નવજવાન ભારતસભા''ના નેજા હેઠળ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરતા. ૧૯૨૬ માં દશેરા ઉપર બોમ્બ ફૂટ્યો. જેના અપરાધી તરીકે ભગતસિંહ ઉપર કેસ ચાલ્યો, પણ તે છૂટી ગયા. તેઓ ''હિન્દુસ્તાન સોશ્યાલીસ્ટ રિપબ્લિકન આર્મી''માં જોડાયા. સાયમન કમિશનના સાવર્ત્રિક બહિષ્કારના અનુસંધાનમાં લાહોરમાં લાલા લજપતરાયની આગેવાનીમાં સરઘસ નીકળે છે. જેના ઉપર લાહોરના ઉપ-પોલીસ વડા સેન્ડર્સના આદેશથી ભારે લાઠી ચાર્જ થાય છે. જેમાં લાલા લજપતરાય ઘવાય છે અને મૃત્યુ પામે છે. લાલાજીના મૃત્યુનો બદલો લેવા માટે ચાર વ્યક્તિઓ ચંદ્રશેખર આઝાદ, રાજગુરુ, ભગતસિંહ અને જયગોપાલની એક ટુકડી દ્વારા ૧૫મી ડિસેમ્બરે સેન્ડર્સની ગોળી મારી હત્યા કરવામાં આવે છે અને આ ચારેય ઘટના સ્થળેથી ફરાર થઈ વેશપલટો કરી લાહોર છોડીને કલકત્તા પહોંચી જાય છે. અહીં પણ ભગતસિંહ પોતાની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલુ રાખે છે. લોકોના સ્વાતંત્ર્યને રૂંધતા પબ્લિક સેફ્ટી બિલની જ્યારે હિન્દની મધ્યસ્થ ધારાસભામાં ચર્ચા ચાલતી હોય છે ત્યારે ભગતસિંહ અને તેના સાથીદાર બટુકેશ્વર દત્તે ધારાસભાના હૉલમાં બોમ્બ ફેંકે છે અને આત્મ સમર્પણ કરે છે.

લાહોર ષડયંત્ર કેસ : તાજના સાક્ષી બનેલ કેટલાક સંગઠનકારી મિત્રોને લીધે શિવરામ રાજગુરુ, સુખદેવ તથા ભગતસિંહને ફાંસીની સજા આપવામાં આવે છે. ભગતસિંહ વગેરેને ફાંસી ન અપાય તે માટે દેશભરમાં હડતાલો પડી, પ્રદર્શનો થયા.

કૃષ્ણની ગીતા અને લેનીનના જીવનચરિત્રને આદર્શ માની ચાલનાર ભગતસિંહને કદી ફાંસીથી ડર નહોતો લાગ્યો. તે કોર્ટમાં પોતાનો વકીલ બની પોતાના બચાવમાં નહી પણ બ્રિટિશ સરકારના વલણોની આકરી ટીકા કરતો.

૨૩-૦૩-૧૯૩૧ની સાંજે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ સ્વરથી સ્વર પુરાઈને

''દિલ સે નિકલેગી ન મર કર ભી વતન કી ઉલ્ફત,

મેરી મિટ્ટી સે ભી ખુશ્બુ-એ-વતન આયેગી''

ગીત ગાઈ ''ઈક્લાબ ઝિન્દાબાદ''ના નારા સાથે ફાંસીના માંચડે લટકી જઈ મા ભોમ ખાતર જાનની આહુતિ આપે છે.

ભગતસિંહ મહાન રાષ્ટ્રભક્ત અને ક્રાંતિવીર હતા અને માત્ર ૨૪ વર્ષની વયે તેમણે દેશ માટે પોતાનું બલિદાન આપ્યું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓમાં ડૉ. મંગુભાઈ પટેલ ટાંકે છે કે ''શ્રી ભગવનદાસ માહોર લખે છે કે ક્રાંતિ પ્રયાસના આ વિકાસકાર્યમાં ભગતસિંહ એવી વ્યક્તિ હતા કે તેમને રશિયન ક્રાંતિ, લેનિન, સ્ટેલિનના સમાજવાદી આદર્શોને ગ્રહણ કરાવ્યા.'' ''ક્રાંતિ ચિરંજીવી રહો'', ''ઈક્લાબ ઝિન્દાબાદ'', ''સામ્રાજ્યવાદનો નાશ થાઓ'' વગેરે નારાઓ લગાવ્યા. ભગતસિંહ સમાજવાદના સારા પંડિત હતા.

ભગતસિંહ માટે લખ્યું છે કે, ફાંસી બાદ તેમણે કહ્યું હતું કે, ''હું ભગતસિંહ અને તેના સાથીઓની બાબતમાં અંતિમ ઘડી સુધી મૌન ધારણ કરી રહ્યો. કેમ કે હું ડરતો હતો કે મારા કોઈ શબ્દથી ફાંસીની સજા રદ થતાં અટકી ન પડે. હ્યૃદયથી ઈચ્છા થતી કે હું ઊકળી ઊઠું. અમે બધા મળી તેમને બચાવી ન શક્યા. એ અમારા એટલા પ્યારા હતા. તેમનો મહાન ત્યાગ અને સાહસ ભારતના નવજવાનો માટે પ્રેરણાની ચીજ છે. અમારી આ અસહાયતા પર દેશમાં દુઃખ પ્રગટ કરવામાં આવશે, સાથે અમારા દેશને આ સ્વર્ગીય આત્મા પર ગર્વ છે. જ્યારે ઈંગ્લેન્ડ અમારી સાથે સમજૂતીની વાત કરે તો આપણે ભગતસિંહની લાશને ભૂલી ન જઈએ.''

## 9.6 ખુદીરામ બોઝ

### 9.6.1 પ્રારંભિક જીવન અને ક્રાંતિ તરફ

૧૯૦૫ સુધી બંગાળ અને બિહાર બંને એક પ્રાંત હતા. ત્યારે અત્યારના બિહાર અને તે સમયના બંગાળના મેદનિપુર જિલ્લાના કેશપુર તાલુકાના મોહબની

ગામમાં ૩ ડિસેમ્બર, ૧૮૮૯ના દિવસે ખુદીરામનો જન્મ થયો. પિતા ત્રિલોક્યપુરી બોસ અને માતા લક્ષ્મીપ્રિયાના, અગાઉ પોતાના બે પુત્રને જન્મ આપ્યા બાદ આ બંને પુત્રો દેવલોક પામ્યા હતા. ખુદીરામના જન્મ પછી પણ માતાને ભય હતો કે કોઈ પ્રકોપના લીધે બાળક જીવિત રહેતું નથી માટે એક ઉપાય કરી ખુદીરામને પોતાના એક સંબંધીએ ચોખાની સામે ખરીધ્યો. ચોખાને એ પ્રદેશમાં "ખુદી" કહેવામાં આવતા. માટે ચોખાથી ખરીદાયેલો હોઈ તેનું નામ "ખુદીરામ બોઝ" પાડવામાં આવ્યું.

ટૂંક સમયમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલ ખુદીરામ બોઝ પોતાની મોટી બહેનને ત્યાં ઊછર્યો. સ્વભાવથી તોફાની મિજાજનો ખુદીરામ, પોતાના તોફાનોની સજારૂપે તેમને ઉપવાસ કરવો પડતો. તેની જ શાળાના એક શિક્ષક સત્યેન્દ્રબાબુ જે ભૂગર્ભમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરતા હતા તે આ છોકરાનું હિર પારખી ગયા હતા અને ખુદીરામને પોતાની સમીપ રાખવા લાગ્યા. આ એ જ સમય હતો ત્યારે સમગ્ર બંગાળ બંગભંગની લપેટમાં હતું. બંગભંગ અને ગુલામીના પાઠ પોતાના શિક્ષક સત્યેન્દ્રબાબુ પાસેથી લઈ મા ભોમની સ્વતંત્રતા કાજે તે આત્મ બલિદાન માટે નીકળી પડે છે. આ સમયે ક્રાંતિ માટે બંગાળ જાગરૂક બની ચૂક્યું હતું. અખાડા પ્રવૃત્તિ, મુક્કાબાજી, લાઠીદાવ, તલવાર ચલાવવી અને બંદૂકની નિશાનબાજી લઈ ક્રાંતિવીરો તૈયાર થઈ રહ્યા હતા. મેદનીપુરમાં સત્યેન્દ્રનાથ બાસુ દ્વારા ચાલતા આવા એક સંગઠનમાં ખુદીરામ ક્રાંતિ માટેનું શિક્ષણ પ્રાપ્ત કરે છે.

### 9.6.2 ક્રાંતિકારી પ્રવૃત્તિઓ

જે ઉંમરમાં છોકરાઓ પુસ્તકો અને શાળાઓમાં ખોવાયેલા હોય છે તે ઉંમરે ખુદીરામ અંગ્રેજોની સામે ક્રાંતિની મશાલ લઈને ઊભા થઈ ગયા. ફેબ્રુઆરી, ૧૯૦૬માં મેદનીપુરમાં એક શલ્ય પ્રદર્શન ભરાયું. સત્યેન્દ્રબાબુએ "સોનાર બાંગલા" નામની એક પુસ્તિકા છપાવી તૈયાર કરેલ હતી. આ પુસ્તિકામાં ભારત ઉપર બ્રિટિશ શાહીવાદના જુલમો, સીતમો અને ત્રાસની વાતો અત્યંત તેજાબી ભાષામાં લખાયેલ હતી, આ ઉપરાંત મેળામાં આ પુસ્તિકાના વેચાણ વિશે અંગ્રેજ સરકારમાં ખબર પણ પડી ગયેલ હતી. માટે આ પુસ્તિકા જાહેરમાં વહેંચાય તેમ ન હતી. આ પુસ્તિકાને મેળામાં વહેંચવાનું કામ ખુદીરામે પોતાના શિરે લીધું અને મેળામાં ચુપચાપ પુસ્તિકાનું વિતરણ કરવા લાગ્યા. પોલીસ આ વાતથી સજાગ હોવાથી તે ખુદીરામ તરફ ધસી આવી અને ખુદીરામને પકડી લેવામાં આવ્યો. યેનકેન પ્રકારે ખુદીરામ અંગ્રેજોના હાથમાંથી સરકી ભૂગર્ભમાં જતા રહ્યા. આમ, ખુદીરામ પ્રથમવાર દેશ માટે ગિરફતાર થયા.

એક સમયે મેદનિપુરના આ સંગઠન પાસે ક્રાંતિવીરો માટે આર્થિક સંકડામણ ઊભી થઈ ત્યારે ખુદીરામે સરકારી ખજાનાને લૂંટવા માટેની એક તરકીબ તૈયાર કરી અને તે તરકીબ મુજબ તે સરકારી ખજાનો લૂંટવામાં પણ સફળ થયા.

બંગાળના ભાગલા સમયે મિ.કિંગ્સફર્ડે ભાગલાના વિરુદ્ધમાં જોડાયેલ ભારતીયોને ફટકા મારવાની સખત સજા કરેલી તેનો બદલો લેવા માટે મિ. કિંગ્સફર્ડના ખૂન માટે ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ શાકીને નિયુક્ત કરવામાં આવ્યા. ખુદીરામની ઉંમર તે સમયે ૧૭ વર્ષની હતી. યોજના માટે એપ્રિલ, ૧૯૦૮ માં ક્રાંતિકારી દળની એક બેઠક મળેલી જેમાં ખુદીરામને પ્રશ્ન કરવામાં આવ્યો "કરી શકશો આ કઠોર સાધના? આસાન નથી, બાળક સમજીને છોડી નહિ મૂકે, જાણો છો શું પરિણામ આવશે ?" ખુદીરામે જવાબ આપ્યો "મૃત્યુદંડ, ગુરુદેવ તેને હું વરદાન સમજીશ. મારા જીવનનું લક્ષ્ય એ છે અને સાધન પણ એ જ છે." યોજના મુજબ એ સમયે મુઝ્ઝફરપુરના ન્યાયાધીશ તરીકે ફરજ બજાવતા મિ. કિંગ્સફર્ડની હત્યા કરવા માટે આ બંને ક્રાંતિવીરો મુઝફ્ફરપુર આવ્યા. તેના બંગલાની સામેની જ ધર્મશાળામાં રહી મિ. કિંગ્સફર્ડની દૈનિક ક્રિયા વિશે માહિતી ભેગી કરી. ૩૦ એપ્રિલને, ૧૯૦૮ના રોજ ૮ વાગે મિ. કિંગ્સફોર્ડની ગાડી ઉપર આ બંને ક્રાંતિવીરોએ બોમ્બ ફેંક્યો,પરંતુ દુર્ભાગ્યવશ આ ગાડીમાં મિ.કેનડીના પત્ની અને પુત્રી હતા, જે બંને મૃત્યુ પામ્યા અને કલબમાં રોકાઈ ગયેલ મિ.કિંગ્સફર્ડ બચી ગયા.

બોમ્બ ફેંક્યા બાદ પિસ્તોલથી સજ્જ ખુદીરામ અને પ્રફુલ્લ ઘટના સ્થળેથી ભાગી ગયા. ૧લી મે એ આ બંને ક્રાંતિવીરો અલગ અલગ સ્ટેશનથી પકડાઈ ગયા. મુકદમો બે મહિના ચાલ્યો. પ્રફુલ્લ ચાકીએ આપઘાત કર્યો અને ખુદીરામ બોઝને ફાંસીની સજા થઈ. હાઈકોર્ટના જજે ખુદીરામની નિર્ભયતા જોઈને કહ્યું "આ બાળકની દૃષ્ટિમાં પશ્ચાતાપની થોડીક પણ ભાવના જોવા મળતી નથી. તેને માફી આપવા જેવી નથી, તેના જીવનના સમયને વધારવો નથી." ફાંસીની સજા આપ્યા બાદ ન્યાયાલયે જ્યારે પૂછ્યું કે "તારે કંઈ કહેવું છે?" ત્યારે તેણે કહ્યું "હું રાજપૂત વિરાંગનાઓની માફક દેશ માટે મરી ફીટવા માંગું છું. ફાંસીએ ચડવાનું મને સહેજ પણ દુઃખ નથી, ખેદ માત્ર એટલો છે કે કિંગ્સફર્ડને એના અપરાધનો દંડ ન આપી શક્યો."

### 9.6.3 બોઝને ફાંસી અને શહીદીનું મૂલ્ય

૧૧મી ઓગસ્ટે ૧૮ વર્ષની ઉંમરે આ યુવાન શાંત મુદ્રાથી એક હાથમાં ગીતા રાખી અંતિમ શબ્દો "વંદે માતરમ્ વંદે માતરમ" બોલીને ફાંસીએ ચઢી ગયો. ખુદીરામનું નામ અમર શહીદોના ઈતિહાસમાં અમર બની ગયું. આ દિવસ રાષ્ટ્રીય પર્વ બની ગયો. તેના છેલ્લા દર્શન માટે હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા.

લોકોએ આ દિવસે બંગાળમાં શોક પાળ્યો અને દુકાનો, સ્કૂલો, કૉલેજો બંધ રાખી તથા હડતાલ જેવો માહોલ ઊભો થયો. અમૃત બાઝાર પત્રિકાએ તેની પ્રશંસા કરી. ખુદીરામ બોઝ માટે શ્રી તિલકે પણ ''કેસરી'' અને ''મરાઠા''માં સારા લેખો લખ્યા અને બોમ્બની પ્રંશસા કરી. (શ્રી તિલકને આ લેખ બદલ છ માસની સજા થઈ). ''કાલ'' નામના મરાઠી અખબારે પણ આ હત્યાની પ્રશંસા કરી. ચિરોલ વેલેન્સ્ટાઈન લખે છે કે, ''બંગાળના રાષ્ટ્રવાદીઓને માટે ખુદીરામ બોઝ શહીદ અને અનુકરણીય બની ગયો''. ખુદીરામ બોઝ માટે લોકોને એટલો સદ્ભાવ હતો કે તેનું નામ ધરાવતી ધોતી લોકો પહેરવા લાગ્યા તથા તેનો ફોટો રાખવા લાગ્યા.

ખુદીરામનું માનવું હતું કે ગુલામી જેવો બીજો મોટો રોગ હોઈ જ ન શકે, માટે તેને  દૂર કરવો છે. જેના માટે તે ફાંસીને માંચડે લટકી, મહાન દેશભક્ત તરીકે ચિરંજીવ બન્યો.

## 9.7. તમારી પ્રગતિ ચકાસો

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

(1) બારીન્દ્ર ઘોષનું પ્રારંભિક જીવન વર્ણવી તેની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ આલેખો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(2) અરવિંદ ઘોષનો જન્મ અને ક્રાંતિના રંગથી આધ્યાત્મિકતાના રંગ તરફની સફરને વર્ણવો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

(3) એક ક્રાંતિકારી તરીકે ભગતસિંહને આલેખો.

______________________________________________

______________________________________________

(4) ખુદીરામ બોઝની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને બોઝની ફાંસીનું મૂલ્ય વર્ણવો.

(5) ભારતની ક્રાંતિકારી ચળવળનો ઉદ્ભવ અને વિકાસ વર્ણવો.

## 9.8. ચાવીરૂપ શબ્દો

**સશસ્ત્ર ક્રાંતિ :** દેશ પ્રેમ માટે શસ્ત્રો (હથિયારો) સાથે લઈ થતી લડત.

## 9.9. સંદર્ભ અને વિશેષ વાંચન


- ડૉ. મંગુભાઈ પટેલ "ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ, ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ.
- ધારૈયા રમણલાલ, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ, (૧૯૨૦-૧૯૬૪) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- દેસાઈ શાંતિલાલ "રાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને ગુજરાત" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- શુક્લ જયકુમાર "ભારતની ક્રાંતિકારી ચળવળ" નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.
- જાની શાંતિલાલ "કિશોર ક્રાંતિકારી ખુદીરામ બોઝ", પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ.

➢ મદ્રાસી કૃષ્ણકાંત (પ્રકા.), ''અમર શહીદ ખુદીરામ બોઝ'', આદર્શ પ્રકાશન, અમદાવાદ.
➢ જાની શાંતિલાલ ''અમર શહીદ ભગતસિંહ'' પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ.
➢ વિષ્ણુ પંડયા- ડૉ.આરતી પંડયા –''ગુજરાતનાં ક્રાંતિતીર્થો'' સમાંતર પ્રકાશન, અમદાવાદ,૨૦૦૯
➢ ''અઢારસો સત્તાવન અને તેનાં સૂત્રધારો''- ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઘડવૈયાઓ
➢ *सोढा आर. एस., जैन संजयसिंह, चारण "भारतीय स्वतंत्रता संग्राम के अमर पुरोधा", शिव एन्टर प्राइजेज, जयपुर* ।
➢ *डॉ. भार्गव वी.एस., "आधुनिक भारतीय इतिहास" रिसर्च* ।
➢ *वर्मा दीनानाथ, आधुनिक भारत, ज्ञानदा प्रकाशन, नई दिल्ली* ।
➢ *माथुर एस. के. "आधुनिक भारत का इतिहास"*
➢ *धवन एम. एल., भारत का राष्ट्रीय आंदोलन एवं स्वतंत्रता संघर्ष, अर्जुन पब्लिकेशन* ।
➢ *नागर एस.एल., नागारी कान्ता, आधुनिक भारत का वृहद इतिहास, नेशनल पब्लिकेशन हाउस, जयपुर एवम् दिल्ली* ।
➢ Sriqurobindoashram.org/sriaurobindo
➢ en.wikipedia.org/wiki/Barindra-Kumar-Ghosh
➢ en.wikipedia.ong/wiki/kshudiram-Bose

એકમ - 10

# વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંહ રાણા, મેડમ ભીખાઈજી કામા,ગદર પક્ષ-ઉધમસિંહ

## :: રૂપરેખા ::


**10.0** ઉદ્દેશો

**10.1** પ્રસ્તાવના

**10.2** આઝાદીની ચળવળ

**10.3** વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ

**10.4** શ્યામજી કૃષ્ણવર્મા

- **10.4.1** જન્મ અને અભ્યાસ
- **10.4.2** વિદેશ ગમન અને ક્રાંતિની જ્વાળા
- **10.4.3** સ્થળાંતર તથા મૃત્યુ

**10.5** મેડમ કામા

- **10.5.1** પ્રારંભિક જીવન
- **10.5.2** ઈંગ્લેન્ડ ગમન અને ક્રાંતિનો રંગ
- **10.5.3** અંતિમ સમય

- તમારી પ્રગતિ ચકાસો

**10.6** સરદારસિંહ રાણા

- **10.6.1** જન્મ, અભ્યાસ અને વિદેશગમન
- **10.6.2** મહાન ક્રાંતિકારી તરીકેના પગરવ

**10.7** ઉધમસિંહ-ગદર પક્ષ

**10.8** સારાંશ

**10.9** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**10.10** સંદર્ભ અને વિશેષ વાંચન

## 10.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ બાદ તમે,

- આઝાદીની ચળવળના વિદેશોમાં કેવા પડઘમ પડ્યા
- વિદેશોમાં ક્રાંતિની કેવી કેવી પ્રવૃત્તિઓ જોવા મળી
- ઈંગ્લેન્ડના ક્રાંતિકારીઓના પિતા તરીકે જાણીતા થયેલ શ્યામજીકૃષ્ણવર્માના જીવન અને તેમની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વિશે માહિતગાર થવાશે.
- મેડમ કામાનું વિદેશમાં આગમન અને ક્રાંતિમાં જોડાણ અને ભૂમિકા વિશે જાણી શકશો.
- સરદારસિંહની વિદેશમાં ક્રાંતિકારીઓ સાથેની મુલાકાત અને ક્રાંતિમાં ભૂમિકા વિશે માહિતગાર થશો.
- ઉધમસિંહ દ્વારા કરાયેલ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને ગદર પક્ષથી માહિતગાર થવાશે.

## 10.1 પ્રસ્તાવના (Introduction)

ઈંગ્લેન્ડ સાથે ગુજરાતનો નાતો ૪૦૦ વર્ષ કરતાં વધારે જૂનો છે. ભારત ઉપર બ્રિટિશ સામ્રાજ્યનું શાસન શરૂ થતાં અનેક સ્વાતંત્ર્ય વીરો ઈંગ્લેન્ડ અને વિદેશની ધરતી પર શિક્ષણ મેળવવા કે વેપાર કરવા ગયા અને પછી વિદેશની ધરતી ઉપર સ્વાતંત્ર્યનો જુવાળ ફેલાવ્યો. જેમાના ખૂબ જાણીતા એક એટલે મહાત્મા ગાંધીજી. જ્યારે કેટલાક ભારતમાંથી બ્રિટિશ હકુમત હટાવવાના ભગીરથ પ્રયાસોના ભાગરૂપે જ વિદેશોમાં ગયા, જેમાં મેડમ ભીખાઈજી કામા, શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંહ રાણા, દાદાભાઈ નવરોજી, ઉદમસિંહ, સુભાષચંદ્ર બોઝ વગેરે. ભારતની ધરતી ઉપર રહીને જેને મા ભોમની સ્વાતંત્રતા કાજે જે આહુતિ આપી એટલું જ વિદેશની ધરતી ઉપર રહીને મા ભારતીની મુક્તિ માટે પ્રયત્ન કરનાર ભારતીયોની આહુતિને ઓછી આંકી શકાય નહિ. તો આવો મિત્રો આવા સ્વાતંત્ર્ય વીરોમાના શ્યામજી કૃષ્ણવર્મા, મેડમ ભિખાઈજી કામા, સરદારસિંહ રાણા અને ઉધ્મસિંહ દ્વારા વિદેશ રહીને માતૃભૂમિની આઝાદી માટે કરેલ કામગીરી વિશે જાણીએ. આ પહેલા આઝાદીની ચળવળ અને વિદેશોમાં ચળવળના પડઘમ વિશે આછકલી માહિતી મેળવી લઈએ.

## 10.2 આઝાદીની ચળવળ

ભારતમાં અંગ્રેજો વેપાર કરવાના આશયથી આવ્યા અને સમયાંતરે સત્તાની સ્થાપના કરી. ભારતમાં અંગ્રેજી રાજ્યનો પ્રારંભ ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધથી થયો. ૧૭૬૪ના બક્સરના યુદ્ધમાં વિજય પ્રાપ્તિના ફળ સ્વરૂપે બંગાળ, બિહાર અને ઉડીસામાંથી રાજસ્વ એકઠું કરવાનું અને અસૈન્ય મુકદ્માના ન્યાય કરવાનો અધિકાર પ્રાપ્ત કર્યો. આમ, અંગ્રેજોએ ધીમે ધીમે ભાગલા પાડો અને રાજ કરોની નીતિથી સમગ્ર ભારત ઉપર અધિકાર જમાવી લીધો.

૧૭૫૭ના પ્લાસીના યુદ્ધના ૧૦૦ વર્ષ બાદ અંગ્રેજોની અન્યાયી નીતિથી દેશને મુક્ત કરાવવા અને ભારતમાં અંગ્રેજી શાસનનો અંત લાવવા માટે ૧૮૫૭નો મહાન સ્વતંત્રતા સંઘર્ષ થયો. ભલે ને અંગ્રેજોએ તેને માત્ર વિદ્રોહ કે બળવો કહીને વખોડી કાઢયો,પરંતુ વાસ્તવિક રીતે આ ભારતીયોનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. મંગલ પાંડે, બહાદુરશાહ ઝફર, કુંવરસિંહ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, બેગમ હજરત મહત, નાના સાહેબ, તાત્યાટોપે, અમીમુલ્લા ખાન, મગન ભૂખડ, ઓખાના વાઘેરો વગેરે ૧૮૫૭ના સંગ્રામના અગ્રણી નેતા હતા. ભલે આ સ્વાતંત્ર્ય સંગ્રામએ અંગ્રેજોને ભારતમાંથી જડ-મૂળથી કાઢી નાખવા માટે સફળ ન રહ્યો,પરંતુ આ સંગ્રામથી દેશમાં એક નવીન ક્રાંતિ ફેલાઈ. ૧૮૫૭ના સંગ્રામ બાદ અનેક ભારતીયો અનેક નેક પ્રયાસોથી અંગ્રેજોને ભારતમાંથી કાઢી મૂકવા માટેના પ્રયત્નો કરતા રહ્યા. જેમાં હિંસક અને અહિંસક બંને પ્રકારની પ્રવૃત્તિઓ જોવા મળી. જેમાં ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નહેરુ, વીર સાવરકર, મોલાના અબ્દુલ કલામ આઝાદ, લાલ-બાલ-પાલની ત્રિપુટી, એની અબેસન્ટ, સરોજીની નાયડુ વગેરે. આવા કેટલાય સ્વાતંત્ર્યવીરોએ પોતાની જાનની પરવા કર્યા વગર માતૃભૂમિ કાજે તન અને મનની આહુતિ આપી.

## 10.3 વિદેશમાં ક્રાંતિના પડઘમ

ભારતની અંદર મહારાષ્ટ્ર, બંગાળ અને પંજાબમાં અનેક ક્રાંતિકારી પ્રવૃત્તિઓ થઈ હતી. ત્યાંના ક્રાંતિવીરોને પણ લાગ્યું કે પરદેશી સહાય વિના દેશને આઝાદ કરવો શક્ય નથી. કેટલાક દેશો બ્રિટનના દુશ્મન હતા. તેમની મદદથી સ્વાતંત્ર્ય આંદોલન શક્ય હતું. આ વિચારથી પ્રેરાઈને શ્યામજી કૃષ્ણવર્મા, વીર સાવરકર, મેડમ કામા, લાલા હરદયાળ રાણા, રાજા મહેન્દ્રપ્રતાપ, રામબિહારી બોઝ અને સુભાષચંદ્ર બોઝે પરદેશી સહાયથી ક્રાંતિકારી ચળવળો ચલાવી. દાદાભાઈ નવરોજીએ લંડનમાં એક સંગઠનની સ્થાપના કરી હતી તથા તેમણે હિંદમાં બ્રિટિશ સરકારની આપખુદ શાસન નીતિની કડક ટીકા કરી હતી. તેમણે ૧૯૦૪માં એમ્સ્ટર્ડમ ખાતે મળેલી આંતરરાષ્ટ્રીય

સમાજવાદી પરિષદ સમક્ષ હિંદનો સ્વરાજ્ય માટેનો દાવો પણ રજૂ કર્યો હતો. ઈન્ડિયન હોમરૂલ સોસાયટી દ્વારા શ્યામજી કૃષ્ણવર્માએ પણ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ આરંભી હતી. જેમાં તેમના સાથીદારો મેડક કામા, સરદારસિંહ રાણા, સાવરકર અને મદનલાલ ઢીંગરા રહ્યા. મદનલાલ ઢીંગરાએ હિંદીઓની અવારનવાર ટીકા કરનાર વિલી નામના અંગ્રેજની લંડનમાં એક સભામાં હત્યા કરી. પેરિસમાં મેડમ કામાની સાથે લાલા હરદયાળ રહ્યા હતા.

૧૯૧૯માં એક તામિલનો નવયુવાન શ્રી ચમ્પકરમણ પિલ્લે જ્યુરિચમાં ''આંતરરાષ્ટ્રીય પ્રો. ઈંડિયા કમિટીના સભાપતિ હતા. જ્યુરિચને જર્મન કાઉન્સિલે લખ્યું કે, અમે જર્મનમાં બ્રિટિશ વિરોધી સાહિત્યના પ્રકાશનની અનુમતિ ઈચ્છીએ છીએ. તેમણે જર્મનમાં, ''ભારતીય રાષ્ટ્રીય દળ''ની સ્થાપના કરી. તેના સભ્યોમાં હરદયાળ, તારકનાથદાસ, બરકતુલ્લા, ચન્દ્ર ચક્રવર્તી, હેરમ્બલાલ ગુપ્ત વગેરે હતા. ચક્રવર્તી અને ગુપ્ત સાનફ્રાંસિસ્કોનાં જર્મન ભારતીય ષડયંત્રમાં અભિયુક્ત હતા. સુપ્રસિદ્ધ પાંડુરંગ પાનખોજેને અમેરિકાના કાર્યનું બયાન લખી ડૉ. ભૂપેન્દ્રનાથ દત્તને આપ્યું હતું. ૧૯૦૭ના પ્રારંભમાં અમેરિકાના કેલિફોર્નિયામાં જે ભારતીય વિદ્યાર્થીઓ હતા તેમાંથી ખગેન્દ્રચંદ્ર દાસ, ડૉ. ખાનખોજે, તારકનાથ દાસ, અધરચંદ્ર લશ્કર વગેરેએ મળીને ભારતીય સ્વાધીનતા સંઘની સ્થાપના કરી. તેમનું કાર્ય અમેરિકામાં વસતા શીખોમાં પ્રચાર કરવાનું હતું.

આમ, ઈંગ્લેન્ડ, અમેરિકા, જર્મની, સ્વીડન, તુર્ક, અફઘાનિસ્તાન વગેરેમાં સ્વતંત્રતા માટેની ક્રાંતિ ફેલાઈ. તેઓ વિદેશોના પ્રવાસ અને અખબારોમાં લેખો દ્વારા ભારતમાંના બ્રિટિશ અન્યાયોને ખુલ્લા પાડતા તથા હિંદના લોકોના સ્વરાજ્ય માટેના પ્રયાસોમાં સાથ આપવા ઉદારમતવાદીઓને અપીલ કરતા.

## 10.4 શ્યામજી કૃષ્ણવર્મા

### 10.4.1 જન્મ અને અભ્યાસ

વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની પ્રથમ શરૂઆત કરનાર કચ્છના મૂળ રહીશ શ્યામજી કૃષ્ણવર્મા હતા. ઈ.સ. ૧૮૫૭ની ચોથી ઓક્ટોબરે કચ્છના માંડવી બંદરના એક ધૂળિયા મહોલ્લામાં ભૂલા ભણશાળા તરીકે ઓળખાતા કૃષ્ણદાસ ભણશાળીને ત્યાં શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ થયો. મૂળ કચ્છી પણ મુંબઈમાં વસવાટ કરતા મથુરામ લવજી શેઠ બાળક શ્યામજીના મોઢેથી સંસ્કૃત સાહિત્ય અને વ્યાકરણના પાઠ સાંભળીને પ્રભાવિત થયા અને શ્યામજીને ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈ લઈ ગયા. ત્યાંની પાઠશાળામાં શ્યામજીએ પાણીનીના વ્યાકરણથી શંકરાચાર્યના ભાષ્ય સુધીનો

અભ્યાસ કર્યો. ત્યાં એક દિવસ મહર્ષિ દયાનંદ સરસ્વતી સાથે તેમનો ભેટો થઈ ગયો. દયાનંદ સરસ્વતીએ પણ તેના સંસ્કૃતના જ્ઞાનથી પ્રભાવિત થઈને કહ્યું, ''બેટા, તું વિદેશમાં જઈને આપણી સંસ્કૃતિનું ત્યાંના લોકોને ભાન કરાવ.'' આ વાત શ્યામજીને બરાબર ગળે ઉતરી ગઈ. મિત્રો પાસેથી ઉછીના પૈસા લઈને લંડન પહોંચી ગયા. ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના અધ્યાપક વિલિયમ મોનિયેરના સંપર્કમાં આવ્યા. અઠવાડિયાના સવા પાઉન્ડ વેતન સ્વીકારી તેના સહાયક બન્યા. સંસ્કૃતની સાથે કાયદાનો અભ્યાસ કરી પરત થયા.

**10.4.2 વિદેશ ગમન અને ક્રાંતિની જ્વાળા**

ઈ.સ. ૧૮૮૮માં અજમેરમાં વકીલાત કરતા કરતા તેઓ સ્વરાજની પ્રવૃત્તિમાં જોડાયા. મધ્યપ્રદેશમાં રતલામના અને ગુજરાતમાં જૂનાગઢના ઈ.સ. ૧૮૯૫માં દિવાનપદે નિયુક્ત થયેલ શ્યામજી વર્મા લોકહિતનાં કામોમાં જોડાયા. આ સમયગાળામાં તેમનો ભેટો લોકમાન્ય ટીલક સાથે થયો. લોકમાન્યે તેમને પરદેશ જઈ ત્યાંના લોકોને ભારતની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપવાની સલાહ આપી. ઈ.સ. ૧૮૯૭માં પૂનાના કમિશનર રેંકની હત્યા સાથે તેમનું નામ સંકળાતા, બાદ થોડા સમયમાં જ તે લંડનમાં સ્થિર થયા હતા. એમણે ઓક્સફર્ડ વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃતમાં ભાષણ (જેનાથી મોનીયર વિલિયમ જેવા વિદ્વાન પ્રભાવિત થયેલ) આપેલ. વ્યાપાર દ્વારા પણ ત્યાં પુષ્કળ કમાણી કરી,પરંતુ સમગ્ર કમાણી ભારતના ઉત્થાન માટે ઈંગ્લેન્ડમાં પ્રચાર કરવા માટે લગાવી દીધી.

દયાનંદ અને તિલકના વિચારોથી પ્રભાવિત થયેલ શ્યામજીએ ૧૯૦૫માં લંડનમાં ''ઈન્ડિયન હોમરૂલ સોસાયટી''ની સ્થાપના કરી. તેનો મુખ્ય આશય ભારતને સાંસ્થાનિક સ્વરાજ્ય અપાવવા માટે ઈંગ્લેન્ડમાં રાજકીય પ્રચાર કરવાનો હતો. સંસ્થાનું કાર્યાલય ''ઈન્ડિયન હાઉસ'' નામે મકાન રાખવામાં આવ્યું. પછીથી આ સ્થાન ભારતીય ક્રાંતિકારીઓનું મુખ્ય મથક બન્યું. વીર સાવરકર, મદનલાલ ઢીંગરા, સરદારસિંહ રાણા તથા અન્ય ક્રાંતિકારીઓ શ્યામજી કૃષ્ણવર્માના નેતૃત્વમાં અહીં જ ક્રાંતિકારી ગતિવિધિઓ માટે યોજના બનાવતા હતા. એટલા માટે જ શ્યામજી કૃષ્ણવર્માને ક્રાંતિકારીઓના પિતા તરીકે ઓળખવામાં આવે છે. ભારતની સ્વરાજ્ય પ્રાપ્તિ માટે શ્યામજી બંધારણીય લડતની રાહમાં માનતા હતા. છતાં એ જરૂર પડે તો હિંસક ક્રાંતિનો માર્ગ અપનાવવામાં તેમને હરકત ન હતી. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે ''બ્રિટિશ સરકાર હિંદીઓ પ્રત્યે અમાનુષી દમન આચરે તથા અખબારી અને વાણી સ્વાતંત્ર્યને રૂંધે તો હિન્દીઓને તેની સામે હિંસક આંદોલન ચલાવવાનો હક છે.''

**ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ** : સંસ્થાના વ્યવસ્થિત પ્રચાર માટે ઈ.સ. ૧૯૦૫માં શ્યામજી કૃષ્ણવર્માએ "ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ" (ભારતનું સમાજવાદી) નામનું અંગ્રેજી માસિક શરૂ કર્યુ. આ વિશે મકરંદ મહેતા તેમના પુસ્તક 'બ્રિટનમાં ગુજરાતી ડાયસ્પોરા : ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહોમાં લખે છે' લંડનથી જબરદસ્ત ક્રાંતિકારી જર્નલ'ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ'નું ૧૯૦૫માં પ્રકાશન કરીને કચ્છના મહાન રાષ્ટ્રવાદી શ્યામજી કૃષ્ણવર્માએ ભારતના આઝાદીના જંગને વૈશ્વિક ફલક પર મૂકી આપ્યો હતો. 'ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ'ના અંકોમાં અવારનવાર ભારતમાંના બ્રિટિશ શાસનમાં અન્યાયોની કડક ટીકા કરવામાં આવતી. તેમાં બ્રિટિશ સરકારના શાસનથી સંપૂર્ણ મુક્તિનું ભારતનું અંતિમ ધ્યેય જાહેર કરવામાં આવ્યું હતું. વળી, તેમાં ભારતની રાષ્ટ્રીય ભાવનાઓની કદર કરતા સીલી જેવા ઉદારમતવાદી અંગ્રેજ લેખકોના લખાણોના ઉતારા પણ આપવામાં આવતા. સામયિકમાં હિંદને સંપૂર્ણ સ્વરાજ્ય હાંસલ કરવા માટે બ્રિટિશ સરકાર સામે વ્યાપક પ્રમાણમાં અસહકાર તથા સવિનય ભંગનો કાર્યક્રમ સૂચવવામાં આવ્યો હતો. જેનો પછીથી ગાંધીજીએ સામુદાયિક રીતે સફળ પ્રયોગ કર્યો. સામયિકમાં ક્રાંતિ વિષે રશિયન ક્રાંતિકારીઓના તથા વિચારકોના વિચારોના ટાંચણ પણ અવારનવાર અપાતા, સામયિકમાં અપાયેલું ટોલ્સટોયનું એક લખાણ ખાસ નોંધપાત્ર હતું. તેના જણાવ્યા પ્રમાણે જો ૨૦ કરોડ હિંદીઓ બ્રિટીશ સરકારને આધીન થવાનો ઇક્રાર કરે, તેની નોકરી ન સ્વીકારે, તેને કર ન આપે, તેના દ્વારા અપાતી લાલચોમાં ફસાય નહિ તથા તેના કાયદાને તાબે થાય નહિ તો જગતભરના અંગ્રેજો પણ ભારતને પરાધીન રાખી શકે નહિ.

ડિસેમ્બર, ૧૯૦૫માં "ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ"માં શ્યામજીએ જાહેરાત કરી કે યુરોપ કે અન્ય દેશોમાં વ્યાખ્યાન આપવા આવનાર ભારતીય માટે રૂા.૧૦૦૦ ના પુરસ્કાર સાથેની ૬ વ્યાખ્યાનોની યોજનાનો નિર્ણય લીધો છે. મોર્લે-મિન્ટો સુધારા કોમવાદને ઉત્તેજન આપતા હતા તથા ભારતને માટે અપમાનજનક હતા તેવું દર્શાવીને શ્યામજીએ લંડનમાં તેની સામે ભારે જેહાદ જગાવી તથા ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ તેની સામે કડક લેખો લખ્યા. આથી હિંદીમાં રહેલ સરકાર અને રૂઢિચુસ્ત બ્રિટિશ અખબારોએ શ્યામજી સામે સખત હાથે કામ લેવા બ્રિટિશ સરકારને અનુરોધ કર્યો. આથી શ્યામજીને લંડન છોડવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ.

### 10.4.3 સ્થળાંતર તથા મૃત્યુ

લંડનમાં ઊભી થયેલ મુશ્કેલીઓને કારણે હવે લંડનમાં શ્યામજીનું રહેવું અસલામત છે તથા ક્રાંતિનું કામ પણ ઘણું મુશ્કેલ છે એવી અનુભૂતિ થતાં તેમાં ઈ.સ. ૧૯૦૭માં પોતાનું મુખ્ય મથક પેરિસમાં બદલ્યું.

પંડિત શ્યામજી લંડન છોડી પેરિસ કેમ ગયા તે સંબંધમાં સર વેલેન્ટાઈન ચિરોલના તર્ક પ્રમાણે "ઈંગ્લિશ ખાડી ઓળંગી પેરિસમાં ગયા, ત્યાં જઈ એક સંસ્થા કાઢી છે. ઈંગ્લેન્ડ જનાર તરૂણ હિન્દી વિદ્યાર્થીઓને માર્ગમાં જ પકડવા અને પોતાના મત સંબંધી તેમની ખાતરી કરાવવા આ હેતુથી આ સંસ્થા કાઢવામાં આવી છે. લંડન જઈ પહોંચ્યા પછી કેટલાંક અંગ્રેજો તમારી સાથે મિત્રતાના નાતાથી વર્તવા માગશે પણ તમે તેમનાથી દૂર જ રહેજો. એવી પ્રવૃત્તિ આ વિદ્યાર્થીઓના મનમાં ઉત્પન્ન કરવાનો ઉદ્દેશ આ સંસ્થાનો છે."

લંડનમાંથી તેમની પ્રવૃત્તિઓ તેમના સાથીદાર સાવરકર રાણા વગેરેએ ચાલુ રાખી. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ અંગ્રેજી સરકારના કહેવાથી ફ્રેંચ સરકારએ એમને હેરાન કરવાનું શરૂ કર્યું. તે પેરીસ છોડીને જિનેવા આવી ગયા. ત્યાં એમને અંધારી ઓરડીમાં સાવ એકલતામાં દિવસો કાઢ્યા. સ્વદેશથી કોઈનો પત્ર પણ તેમના સુધી પહોંચી શકતો નહિ. અધૂરામાં પૂરું શરીરે પણ સાથ ન આપ્યો. આંતરડાની બીમારી ઊભી થઈ. માતૃભૂમિની મુક્તિ માટે તન, મન અને ધન સમર્પિત કરી દેનાર આ દેશભક્તને ૩૦ માર્ચ, ૧૯૩૦ના દિવસે સ્વર્ગવાસ થયો. તેમણે વિદેશમાં રહેલ ભારતીયોમાં ન બૂઝાય એવી ક્રાંતિની જ્વાળા ફેલાવી એની માટે એમનું નામ સદા અમર રહેશે.

## 10.5 મેડમ કામા

### 10.5.1 પ્રારંભિક જીવન

૨૪ સપ્ટેમ્બર, ૧૮૬૧માં સોરાબજી ફરામજી પટેલને ત્યાં મેડમ કામાનો જન્મ થયો. પિતા સોરાબજી ફરામજી નવરવાનજી પટેલ મુંબઈના પ્રતિષ્ઠિત વેપારી હતા. ભીખાઈજીને પાશ્ચાત્ય પદ્ધતિથી શિક્ષણ આપતી એલેકઝાન્ડા કન્યા વિદ્યાલયમાં દાખલ કરવામાં આવ્યા. ભિખાઈજી કિશોરાવસ્થાથી જ સાર્વજનિક, સામાજિક તથા અન્ય સમારોહમાં ભાગ લેતા હતા. ભીખાઈજીના લગ્ન વકીલ રુસ્તમ કે. આર. કામા સાથે ૩ ઓગસ્ટ ૧૮૮૫માં થયા. ૧૮૯૬માં મુંબઈમાં પ્લેગનો રોગ ફાટી નીકળ્યો. આ વખતે ભીખાઈજીની ઉંમર ૩૫ વર્ષની હતી. તેમણે સક્તાવાલા અને વૈજ્ઞાનિક ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર સાથે સેવાની કામગીરીમાં ભૂમિકા બજાવી.,પરંતુ પ્લેગના દર્દીઓની સેવા કરવા જતા મેડમ કામા ખુદ એ રોગનો શિકાર બની ગયા. ભારતમાં સારવાર કરાવ્યા બાદ આગળની સારવાર અર્થે ઈંગ્લેન્ડ જવું પડ્યું.

### 10.5.2 ઈંગ્લેન્ડ ગમન અને ક્રાંતિનો રંગ

ઈ.સ. ૧૯૦૨ મેડમ ભિખાઈજી સારવાર અર્થે ઈંગ્લેન્ડ આવ્યા. અહીં સારવાર મેળવ્યા બાદ તેઓ રાજનીતિના ભીષ્મ પિતામહ દાદાભાઈ નવરોજજીના સંપર્કમાં આવ્યા. આ અરસામાં બ્રિટનની સંસદની ચૂંટણી યોજાઈ. દાદાભાઈ બ્રિટિશ હાઉસ ઑફ કોમન્સની સદસ્યતાના ઉમેદવાર હતા. ભીખાઈએ એમના પક્ષમાં પ્રચાર કર્યો. ગરીબોની તથા દેશસેવાના રંગે રંગાયેલા ભિખાઈજી કામાના વિચારો પોતાના પતિ સાથે બંધબેસતા નહોતા. માટે બંને પતિ-પત્ની અલગ થઈ ગયા. આ દરમ્યાન મેડમ કામા કચ્છના વતની મહાન ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણવર્માના પરિચયમાં આવ્યા. આ પરિચયે તેમના સમગ્ર જીવનને વળાંક આપ્યો.

શ્યામજી સાથે મેડમ કામાએ લંડનના હાઈડ પાર્કમાં તેજાબી ભાષણ આપ્યા. શ્યામજી દ્વારા પ્રકાશિત કરવામાં આવતા ''ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ''માં પણ તેઓ લેખો લખતા. તેમની આ પ્રવૃત્તિઓથી ઈંગ્લેન્ડની સરકારનું તેમના પ્રત્યે ધ્યાન દોરાયું. તેમની સામે કાર્યવાહી થવાની તૈયારીના સમાચાર પ્રાપ્ત થતાં જ કામા પેરિસ ઉપડી ગયા. મેડમ કામા સરદારસિંહ રાણા, લાલા હરદયાળ, વિનાયક દામોદર સાવરકર, વિરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય વગેરે ભારતીય ક્રાંતિવીરોના નિકટ પરિચયમાં આવ્યા.

મેડમ કામાએ ઈ.સ. ૧૯૦૭માં જર્મનીમાં યુરોપના ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ પાર્ટીની એક પરિષદ મળી. તેમાં હિન્ડમાન, રામસે, મૅકડોનાલ્ડ, જર્મનીના સ્કિંગર જેવા યુરોપના પ્રખ્યાત સમાજવાદી નેતાઓએ હાજરી આપી હતી. મેડમ કામાએ રાણા સાથે ભારતના પ્રતિનિધિ તરીકે તે પરિષદમાં હાજરી આપી. દેશના દરેક પ્રતિનિધિઓ તેમના રાષ્ટ્રીય ધ્વજો ફરકાવતા હતા પરંતુ ભારતનો રાષ્ટ્રધ્વજ ન હતો. ભારતના ધ્વજ તરીકે યુનાઈટેડ કિંગ્ડમનો ધ્વજ યુનિયન જેક ફરકાવવામાં આવ્યો. તેમણે પોતાના વક્તવ્યમાં અંગ્રેજો દ્વારા ભારતીયોની જે અવદશા કરવામાં આવી રહી હતી તેનું વર્ણન માર્મિક શબ્દોમાં રજૂ કર્યુ તથા ભારતનો પૂર્ણ સ્વતંત્રતાનો પક્ષ પ્રસ્તુત કર્યો. ભાષણના અંતમાં ભારતના રાષ્ટ્રધ્વજ તરીકે ત્રિરંગી ઝંડો ફરકાવ્યો. આમ, મેડમ કામા પ્રથમ મહિલા હતા કે જેણે ''વંદેમાતરમ'' લખેલો, વિદેશના આંતરરાષ્ટ્રીય સમૂહમાં પહેલીવાર ભારતીય ધ્વજ ફરકાવ્યો. સૌથી ઉપર લીલો રંગ, વચ્ચે ભગવો કે પીળો અને સૌથી નીચે લાલ રંગ આ રાષ્ટ્રધ્વજમાં હતા. ઉપરના લીલા રંગમાં આઠ પ્રાંતના પ્રતિક સ્વરૂપ આઠ તારા કે આઠ કમળ આકાર બનેલ હતા. વચ્ચેના પટ્ટામાં સંસ્કૃત ભાષામાં વંદેમાતરમ્ લખેલું હતું. નીચે લાલ પટ્ટીમાં હિંદુઓ અને મુસ્લિમોના ચિન્હો તરીકે સૂર્ય અને ચંદ્રના ચિહ્ન બનેલા હતા. આ ઝંડાના અનુકરણ પર કેટલાય ઝંડા પાછળથી બનાવવામાં આવ્યા.

ઈ.સ. ૧૯૦૮માં લંડનમાં આવ્યા અને ત્યાં પોતાના ભાષણોની સંખ્યાબંધ છાપેલી નકલ તૈયાર કરી. આ નકલોએ ભારતીય ક્રાંતિકારીના મેનિફેસ્ટો તરીકે કામ આપ્યું. તેમને રાષ્ટ્રીય એકતા માટે દૃઢ વિશ્વાસ હતો અને અસહયોગના આંદોલનમાં શ્રદ્ધા હતી. બ્રિટિશ સરકારે લાલા લજપતરાય તથા અજીતસિંગને હદપારી ફરમાવી તે સામે તેમણે લંડન તથા યુરોપમાં ભારે પ્રચાર કર્યો અને સરકારના આ પગલાં સામે ઉગ્ર આંદોલન ચલાવવાની હિંદીઓને અપીલ કરતો લેખ તેમણે ‘‘ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ’’માં લખ્યો. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયા બાદ તેમણે કેટલાક લેખો લખી અને ભારતીય સૈન્યની રૂબરૂ મુલાકાત લઈ ભારતીય સૈન્યને અપીલ કરી કે તેઓ અંગ્રેજોના પક્ષે યુદ્ધ ના લડે. તે માટે પણ તેમને સરકાર દ્વારા સજા કરવામાં આવેલી.

**વંદે માતરમ્ :** મકરંદ મહેતાએ પોતાના પુસ્તકમાં બ્રિટેનમાં ગુજરાતી ડાયસ્પોરાઃ ઐતિહાસિક અને સાંપ્રત પ્રવાહોમાં લખે છે કે ‘‘ન્યાય, સ્વતંત્રતા અને સમાનતાના મંત્રને ચરિતાર્થ કરવા શ્યામજી કૃષ્ણ વર્માએ ૧૯૦૫માં લંડનમાં ‘ધી ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ ’ માસિક શરૂ કર્યું. તો મેડમ કામાએ ૧૯૦૯માં ‘વંદે માતરમ’ શરૂ કર્યું. મેડમ કામા એ થોડા લોકોમાંના હતા જેમને આ સદીના આરંભમાં સમાચાર પત્રોના મહત્ત્વને સમજી લીધું હતું. એમને ક્રાંતિકારી આંદોલનના પ્રચાર માટે શરૂ કરેલ ‘વંદેમાતરમ’ નું પ્રકાશન જિનેવાથી થતુ હતું. તેના સંપાદનની સઘળી જવાબદારી લાલા હરદયાળે લીધી હતી. આ ઉપરાંત તેઓ દ્વારા ‘મદની કી તલવાર’ નામનું બીજું સામયિક ક્રાંતિકારી મદનલાલ ઢીંગરાની સ્મૃતિમાં શરૂ કરવામાં આવ્યું. બંને સામયિકો ગુપ્ત રીતે ભારત જતા હતા તેનાથી ભારતના ક્રાંતિકારીઓને ઘણી બધી પ્રેરક માહિતી મળી રહેતી હતી.

### 10.5.3 અંતિમ સમય

ભીખાઈજી લગભગ ૩૫ વર્ષ સુધી યુરોપમાં રહ્યા. ઘણા અશક્ત અને બિમાર થયા બાદ જીવનની છેલ્લી પળ માતૃભૂમિના ચરણમાં વીતે એ ઇચ્છાથી બ્રિટિશ ભારતીય સરકાર પાસેથી ભારત પાછા ફરવાની અનુમતિ લીધી. ઈ.સ. ૧૯૩૪માં એ ભારત પાછા ફર્યા અને મુંબઈ પહોંચતા તેમને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા. આઠ મહિના હોસ્પિટલમાં રહ્યા પછી ૧૨ ઓગસ્ટ, ૧૯૩૬માં તેમનું મૃત્યુ થયું.

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની માતા તરીકેનું બિરુદ જેમને પ્રાપ્ત થયેલ છે એવા મેડમ કામા આઝાદીના ઇતિહાસમાં અમર છે. આપણા દેશના સન્માનનીય સન્નારીય કમલાદેવી ચટ્ટોપાધ્યાય હવે ઉમરે પુગેલાં મેડમ કામાને મળેલાં તેનું તેમણે દોરેલું શબ્દચિત્ર પણ નોંધવા જેવું છે. તેમણે કહેલું : ‘‘પેરિસમાં દેશવટો ભોગવતા એક

ગૌરવશાલીન કીવદન્તિ સમાન બની ગયેલા માદામ ભીખાઈજી કામાને હું મળી ... બર્લિનના વિપ્લવ જૂથની તુલનામાં માદામ કામા અત્યંત સ્વસ્થ હતાં. હજીય જૂનો ગુસ્સો તેમની વાણીમાં વર્તાતો હતો. હિંદુસ્તાની સ્વતંત્રતા માટે તે ભારે આશાવંત હતાં. ૧૯૦૭ના સ્ટુટગાર્ટ આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસ અધિવેશનમાં તેમણે વંદે માતરમ્ની સંજ્ઞા સાથેનો વાવટો પહેલીવાર ફરકાવ્યો તેનો મેં ઉલ્લેખ કર્યો ત્યારે તે ખડખડાટ હસી પડ્યાં અને તેમણે કહ્યું "આશ્ચર્યનો તો કદાપિ અંત નથી. આ સદીના આરંભકાળમાં અહીના હિંદી વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય ચેતનાથી રહ્યા હતા. તેમને તમારી જેમ એક રાષ્ટ્ર ધ્વજની જરૂરિયાત લાગી, એટલે મેં એક ધ્વજ તૈયાર કર્યો." "અમારી મુલાકાત ટૂંકી હતી. "આપણે મુશ્કેલી અને આપત્તિઓના સાથીદારો છીએ" એમ કહીને તેમણે મારો હાથ પ્રેમપૂર્વક છાતી સાથે ચાંપ્યો અને મને જનમ જનમના આશીર્વાદ પામવાનો અનુભવ થયો."

રતન રુસ્તમજી માર્શલ પોતાના ગ્રંથ "માદામ ભીખાઈજી કામા"માં ઉલ્લેખ કરતા લખે છે કે "પારસીઓના સત્તાવાર ગણાયેલા માહિતીગ્રંથ "પારસી પ્રકાશે" દસેક લીટીમાં જ એમની ભવ્ય કારકિર્દીનું વર્ણન સમેટી લેતાં અંતે એટલું જ જણાવ્યું છે : "એ વણ ઘણાં ભણેલા, ખબરદાર અને હિંમતવાન બાનુ હતા. પેરિસ મધ્યે હિંદને લગતી અંતિમ રાજદ્વારી હિમચાલોમાં પડનાર એવણ પહેલા પારસી બાનુ લેખી શકાય." (પારસી પ્રકાશ દફતર ૯, ભાગ ૩ (૧૯૪૧) પૃ. ૩૦૭, ૮ )

## 10.6 સરદારસિંહ રાણા

### 10.6.1 જન્મ, અભ્યાસ અને વિદેશગમન

સરદારસિંહનો જન્મ સૌરાષ્ટ્રમાં લીંબડી નજીકના એક નાના રજવાડા કંથારિયા ગામમાં ઈ.સ. ૧૮૭૦ માં થયો હતો. રાજવી પરિવારમાં જન્મેલ સરદારસિંહ રાણાના પિતા રેવાભાઈ રાણા લીંબડી રાજ્યના ભાયાત હતા. સરદારસિંહે પ્રાથમિક શિક્ષણ કંથારિયા અને સારંગપુરમાં અને માધ્યમિક શિક્ષણ રાજકોટમાં લીધું. ઈ.સ. ૧૮૯૧માં મેટ્રિકની પરીક્ષા પસાર કરીને સરદારસિંહ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા. વિદ્યાર્થી અવસ્થામાં રાણા રાજકારણમાં રસ લેવા માંડ્યા. જેને પરિણામે ઈ.સ. ૧૮૯૫ના પૂના કૉંગ્રેસ અધિવેશનમાં રાણાએ એક સ્વયંમ સેવકના રૂપમાં ભાગ લીધો. આ સત્રમાં તેમને લોકમાન્ય તિલકજીનો ભેટો પણ થયો તથા રાણાના વિચારો અને સ્વદેશપ્રેમની ભાવનાથી સુરેન્દ્રનાથ બેનરજી પ્રભાવિત થયા અને તેમને હસ્તાક્ષરવાળું ચિત્ર અને ભાષણની એક કોપી આપી. ઈ.સ. ૧૮૯૮માં સરદારસિંહ રાણા બી.એ. થયા અને બેરિસ્ટરના અભ્યાસ માટે લંડન ગયા. ૧૯૦૦માં તેમણે

બાર-એટ-લોની પરીક્ષા આપી. ઈંગ્લેન્ડમાં અભ્યાસ દરમિયાન જ તેમની મુલાકાત દાદાભાઈ નવરોજી સાથે થઈ. તેઓ વીરચંદ ગાંધીને પણ મળ્યા.

પેરિસમાં એક "વિશ્વ વ્યાપારી પ્રદર્શન" યોજાયું. તેમાં ખંભાતના એક ઝવેરીની જીવણચંદ ઉત્તમચંદની દુકાન હતી. વેપારીને ધંધાર્થે ફ્રેન્ચ ભાષા બોલી શકે અને સમજી શકે તેવા યુવાનની જરૂર હતી. આ દુભાષિયાની કામગીરી કરનાર યુવાન હતા સરદારસિંહ રાણા. સરદારસિંહની નિષ્ઠાથી પ્રભાવિત થઈ શેઠે પેરિસની પોતાની પેઢી સરદારસિંહને સોંપી પોતે મુંબઈ આવી ગયા. આમ, સરદારસિંહ વકીલ બનતા બનતા ઝવેરાતના સફળ અને કુશળ વેપારી બની ગયા.

### 10.6.2 મહાન ક્રાંતિકારી તરીકેના પગરવ

આ દરમ્યાન રાણાજી શ્યામજી કૃષ્ણવર્માના સંપર્કમાં આવ્યા. શ્યામજી ભારતીયોનું એક એવું સંગઠન ઊભું કરવા માગતા હતા કે જે વિદેશની ધરતી ઉપર રહી ભારતને ગુલામીમાંથી મુક્ત કરવામાં મદદ કરે. બંનેના વિચારોમાં સામ્યતા હોવાથી બંને ગાઢ મિત્રો બન્યા. માતૃભૂમિને આઝાદ કરવા માટે પ્રવૃત્તિઓ કરવા લાગ્યા. શ્યામજી દ્વારા ચલાવવામાં આવતું "ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ" નામના પત્રમાં રાણા તેમના સહયોગી હતા. આ સાથે શ્યામજીની સાથે રાણાજી મહારાણા પ્રતાપ, શિવાજી અને એક મુસ્લિમ શાસકના નામની રૂપિયા બે હજારની એક, એવી ત્રણ ટ્રાવેલિંગ ફેલોશિપ જાહેર કરી. જેમાં એવી શરત મૂકવામાં આવેલી હતી, કે આ ફેલોશિપ ધરાવનાર વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સરકારી નોકરી કરવી નહિ, સરકાર તરફથી એક પણ ઈલકાબ સ્વીકારવો નહિ અને દેશભક્તિના કાર્યો કરવા. એનો લાભ લઈને વિનાયક દામોદર સાવરકર, લાલા હરદયાળ, મદનલાલ ધિંગરા જેવા તેજસ્વી જુવાન દેશભક્ત ક્રાંતિકારીઓ 'ઈન્ડિયા હાઉસ'માં ભેગા થયા.

આમ, તો પાછળથી રાણાનું સ્થાયી નિવાસસ્થાન પેરિસમાં હતું, પરંતુ શ્યામજી સાથે ભારતની સ્વાધિનતા માટેની વાતચીત માટે પેરિસથી લંડન આવતા. પેરિસમાં તેમના ક્રાંતિના સાથીદાર મેડમ કામા હતા. જર્મનીમાં સ્ટુઅગાર્ટ મુકામે ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટની ઈ.સ. ૧૯૦૭માં ભરાયેલ મહાસભામાં સરદારસિંહ રાણાએ મેડમ કામા સાથે ભારતનાં પ્રતિનિધિઓ તરીકે હાજરી આપી. ઈ.સ. ૧૮૫૭ના સ્વતંત્રતા યુદ્ધની સુવર્ણજયંતિ જ્યારે સાવરકર અને અન્ય ક્રાંતિકારીઓના પ્રયત્નોથી ઈન્ડિયા હાઉસ લંડનમાં ઉજવવામાં આવી ત્યારે રાણાજી પ્રમુખ પદે હતા. ૧૯૦૯માં પ્રસિદ્ધ ક્રાંતિકારી શ્રી કન્હાઈલાલ દત્તની થોડીક ભસ્મ કલકત્તા નિવાસીઓએ ચોરીછૂપીથી ઈંગ્લેન્ડના ક્રાંતિકારીઓને મોકલાવી. આ ભસ્મના સ્વાગત માટે 'ઈન્ડિયા હાઉસ'માં

એક સમારંભ યોજાય છે અને આ સમારંભના સભાપતિ તરીકે રાણાજી પદ સંભાળે છે.

એક બંગાળી યુવાન હેમચંદ્રદાસ જ્યારે બોમ્બ બનાવવાનું પ્રશિક્ષણ મેળવવા માટે પેરિસ આવ્યા ત્યારે રાણાજીનું ઘર જ તેમના રોકાણ માટેનું સ્થળ હતું. સાવરકરે એક વ્યક્તિને ઈંગ્લેન્ડથી પેરિસ રિવોલ્વર લેવા મોકલ્યા, જેને રાણાએ પૂરી રીતે સહાય કરી. આ જ પિસ્તોલથી મદનલાલ ધિંગરાએ લંડનમાં ૧ જુલાઈ, ૧૯૦૯ના રોજ કર્ઝન વાઈલીનું ખૂન કર્યુ હતું. શ્યામજીને પણ જ્યારે ઈંગ્લેન્ડ છોડવાની ફરજ પડેલ ત્યારે તેઓ પેરિસ આવીને રાણાજીના સાથે રહેવા લાગ્યા. આમ, શ્રી રાણાનું પેરિસનું મકાન એ ભારતના સશસ્ત્ર ક્રાંતિવીરોનું ઘર હતું. અહીં અનેક યોજનાઓ ઘડાઈ હતી. રાણાજીની આ બધી ક્રાંતિકારી પ્રવૃત્તિઓના લીધે જ ભારત સરકાર દ્વારા તેમને વિદ્રોહી ઘોષિત કરવામાં આવ્યા. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટે શ્રી રાણાના માતા-પિતા તથા અન્ય સ્નેહીઓને આદેશ આપ્યો કે શ્રી રાણા સાથે વ્યવહાર છોડી દે.

બ્રિટિશ સમ્રાટ પંચમ જ્યોર્જના પેરિસ આગમન અને ભારતીય સેનાના પેરિસમાં પ્રવેશ દરમ્યાન રાણાને પેરિસ છોડવા માટે સરકાર દ્વારા આદેશ કરવામાં આવ્યો. લાલા લજપતરાય જ્યારે પેરિસ આવતા ત્યારે રાણાજીના ઘરે જ રહેતા. આ ઉપરાંત ગુરુદેવ ટાગોર, ડૉ. અન્સારી, હકીમ અજમલખાં, પંડિત મોતીલાલ નહેરુ, શ્રીમતી સરોજિની નાયડુ, શ્રી સુભાષચંદ્ર બોઝ વગેરે પોતાની પ્રત્યેક પેરિસ યાત્રા દરમ્યાન શ્રી રાણાને મળવાનું ચૂકતા નહીં.

**સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ :** ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતને સ્વતંત્રતા મળ્યા બાદ પોતાની માતૃભૂમિને ગુલામીની બેડીઓમાંથી સ્વતંત્ર થયેલ જોવા માટે તેઓ ૬ ડિસેમ્બર ૧૯૪૭ના રોજ શ્રીમતી ડેનિયલ લેવી (તેમના પત્ની) સાથે દેશમાં આવ્યા. ગાંધીજી તથા બીજા નેતાઓને મળ્યા. સૌરાષ્ટ્રના રાજ્યો દ્વારા તેમનો સત્કાર કરવામાં આવ્યો. ૨૩ એપ્રિલ, ૧૯૪૮ના રોજ પેરિસ પાછા ફર્યા. ૧૯૫૫ના ડિસેમ્બરમાં એ દેશભક્ત ક્રાંતિકારીનું અવસાન થયું.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) વિસ્તૃત રીતે જવાબ આપો.**

(1) વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંહ રાણા અને મેડમ ભીખાઈજી કામા વિશે વિસ્તૃત જણાવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

(2) ઉધમસિંહ અને ગદ્દર પક્ષ વિશે વિસ્તૃત માહિતી આપો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**(બ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય વિકલ્પ વડે પૂરો.**

(૧) શ્યામજી કૃષ્ણવર્મા____________ ના વતની હતા.

(૨)ઈ.સ. ૧૮૯૫ માં ____________ રાજયના દિવાનપદે શ્યામજી કૃષ્ણવર્મા નિયુક્ત થયા.

(૩) લંડનમાં ૧૯૦૫માં ____________ સોસાયટીની સ્થાપના કરી.

(૪) શ્યામજી કૃષ્ણવર્માએ ____________ નામનું અંગ્રેજી માસિક શરૂ કર્યું.

(૫) સૌ પ્રથમ ____________ એ ભારતના રાષ્ટ્રધ્વજ તરીકે ઝંડો ફરકાવ્યો.

(૬)ઈ.સ.૧૯૦૭માં જર્મનીમાં યુરોપના ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ પાર્ટીની પરિષદમાં મેડમ કામા સાથે ____________ એ હાજરી આપી.

(૭)મેડમ કામા દ્વારા બનાવેલ રાષ્ટ્રધ્વજમાં ____________ નું ચિહ્ન બનાવેલું હતું.

(૮) મેડમ કામા દ્વારા ____________ સામયિકનું પ્રકાશન કરવામાં આવતું.

## 10.7. સારાંશ

આમ, વિદેશી ધરતી ઉપર ક્રાંતિનો ધ્વજ લહેરાવનાર ત્રિપુટીઓ શ્યામજી, શ્રી રાણા અને શ્રીમતી કામા આજે ઈતિહાસના પાના ઉપર જીવિત છે. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ભાગ - ૮માં લખવામાં આવ્યું છે કે ‘‘શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંહજી રાણા તથા મેડમ કામાની ત્રિપુટીઓ લંડન અને પેરિસમાં રહીને

ભારતની આઝાદી માટે ઠીક ઠીક પ્રયાસો કર્યા હતા. આ ત્રિપુટીએ ભારતની મુક્તિ માટે વિદેશમાં રહીને નિઃસ્વાર્થપણે પ્રામાણિક રાજકીય લડતો ચલાવી હતી. સ્વતંત્રતા પ્રત્યેની રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રવાદના સંદર્ભમાં એમના કાર્યનું મૂલ્યાંકન નોંધપાત્ર ગણી શકાય.

## 10.8. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**ખાલી જગ્યા પૂરો.**

**૧. કચ્છી**

**૨. જૂનાગઢી**

**૩. ઈન્ડિયન હોમરૂલ**

**૪. ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ-ભારતીય સમાજવાદી**

**૫. મેડમ કામા**

**૬. સરદારસિંહ રાણા**

**૭. સૂર્ય અને ચંદ્ર**

**૮. વંદેમાતરમ્, મદની કી તલવારી**

## 10.9. સંદર્ભ અને વિશેષ વાંચન


- શુક્લ જયકુમાર ''ભારતની ક્રાંતિકારી ચળવળ'' નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.
- માર્શલ રતન રુસ્તમજી, માદમ ભીખાઈજી કામા, સુરત પારસી પંચાયત, ૧૯૮૬.
- સોની રમણલાલ, આપણા સ્વાતંત્ર્ય સંગ્રામની કથા, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ, ૨૦૧૨.
- ધારૈયા રમણલાલ, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ, (૧૯૨૦-૧૯૬૪) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- પટેલ મંગુભાઈ, ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ.
- *आढा आर. एस., जैन संजय, भारतीय स्वतंत्रता संग्राम के अमर पुरोधा, शिव एन्टर प्राइजेज, जयपुर*
- ચૌધરી સોનલ, વિદેશમાં વસતા ત્રણ ક્રાંતિકારીઓ તથા એમના સામાયિકો (પ્રકાશિત લેખ), Towards Excellence, UGC, _____ Gujarat University March, 2019, Vol.11 ___ No.1

- Yagnik Indulal- ‘Shyamli Krishna Varma’- Bombay 1950.
- ‘ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા’- માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ૨૦૦૩
- डॉ.एस.एल.नागोरी-कान्ता नागोरी-भारतीय वीरांगनाए , दिल्ली- २००८

**એકમ - 11**

# સુભાષચંદ્ર બોઝ અને આઝાદહિંદ ફોજ અને તેમની પ્રવૃત્તિઓ

**:: રૂપરેખા ::**

**11.0** ઉદ્દેશો

**11.1** પ્રસ્તાવના

**11.2** સુભાષચંદ્ર બોઝનું પ્રારંભિક જીવન

**11.3** સુભાષચંદ્ર બોઝનો સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં પ્રવેશ

**11.3.1** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં પ્રવેશ અને પહેલી સજા

**11.3.2** ફોરવર્ડ બ્લોકની સ્થાપના અને વિદેશગમન

**11.4** આઝાદ હિંદ ફોજની સ્થાપના અને પ્રવૃત્તિ

**11.5** સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ

**11.5.1** આઝાદહિંદ ફોજનું સંગઠન અને અસ્થાયી સરકારની સ્થાપન

**11.5.2** રંગુનથી ભારત તરફ પ્રયાણ અને પીછેહઠ

**11.5.3** સુભાષચંદ્ર બોઝનું મૃત્યુ અને ફોજના સૈનિકો સામે ઐતિહાસિક મુકદમો

- **તમારી પ્રગતિ ચકાસો**

**11.6** સારાંશ

**11.7** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**11.8** સંદર્ભ અને વિશેષ વાચન

## 11.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ બાદ આપ,

- સુભાષચંદ્ર બોઝના પ્રારંભિક જીવન વિશે જાણી શકશો.
- સુભાષચંદ્ર બોઝના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રવેશ અને કરેલ કામગીરી વિશે જાણી શકશો.
- આઝાદહિંદ ફોજની સ્થાપના તથા તેની કામગીરીથી માહિતગાર થશો.
- સુભાષચંદ્ર બોઝનું આઝાદહિંદ ફોઝમાં જોડાણ અને સ્વાતંત્ર્ય સંઘર્ષ

ઉપરોક્ત માહિતી આપ જાણી શકશો.

## 11.1 પ્રસ્તાવના (Introduction)

ભારતીય ક્રાંતિકારીઓના નેતાઓમાં સુભાષચંદ્ર બોઝનું આગવું સ્થાન છે. એમનું સમગ્ર જીવન દેશસેવામાં વીત્યું. આજે પણ જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામની વાત કરવાની હોય તો સુભાષબાબુ અને આઝાદહિંદ ફોઝ અવશ્ય સ્મરણોમાં આવે જ. તેમણે આપેલ ''દિલ્હી ચલો''નો નારો ૧૯૪૨ની લડત વખતે જન જનનાં મોઢે સાંભળવા મળતો.

## 11.2 સુભાષચંદ્ર બોઝનું પ્રારંભિક જીવન

૨૩ જાન્યુઆરી ઈ.સ. ૧૮૯૭ના રોજ ઓરિસ્સા રાજ્યના કટક ખાતે સુભાષચંદ્ર બોઝનો જન્મ થયો. પિતા જાનકીનાથ કટકના એક પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી તરીકે ખ્યાતનામ હતા. ૧૯૧૨માં તેઓ બંગાળ વિધાનસભાના સદસ્ય બન્યા. સરકારે તેમને ''રાય બહાદુર''ની ઉપાધિ આપી હતી. ૧૯૧૭માં એમને સરકાર સાથે મતભેદ થતાં સરકારી વકીલની નોકરીનો ત્યાગ કર્યો. વળી ૧૯૩૦ના સરકારના દમનકારી પગલાંના વિરોધમાં તેમણે ''રાય બહાદુર''ની ઉપાધિ પણ પરત કરી. જાનકીનાથ બોસે શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં પણ કામ કર્યું. ઈ.સ. ૧૯૨૦માં તેઓ ગાંધીજીના નેતૃત્વમાં ચાલી રહેલ અસહયોગના આંદોલનમાં જોડાયા અને રાષ્ટ્રીય શિક્ષા અને ખાદીના પ્રચાર કાર્યક્રમમાં રચનાત્મક સહયોગ આપતા હતા. સુભાષચંદ્ર બોઝના માતાનું નામ પ્રભાવતી હતું.

શરૂઆતનું શિક્ષણ અંગ્રેજી સ્કૂલમાં અને પછી રાષ્ટ્રીય વિદ્યાપીઠમાંથી લીધું. ઈ.સ. ૧૯૧૩માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી.ઈ.સ. ૧૯૧૯માં કલકત્તા વિશ્વ વિદ્યાલયમાંથી દર્શનશાસ્ત્ર સાથે બી.એ.ની ઉપાધિ પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ કરી. પિતાના આગ્રહથી ૈઝજી ની પરીક્ષાની તૈયારી કરવા માટે ઈંગ્લેન્ડ ગયા. કેમ્બ્રિજ વિદ્યાલયમાં ૧૯૨૦માં ૈઝજીની પરીક્ષા ઉત્તીર્ણ કરી. સાત મહિનાની ટૂંકી સરકારી નોકરી બાદ રાજીનામું આપી ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા.

## 11.3 સુભાષચંદ્ર બોઝનો સ્વાતંત્ર્ય સંગ્રામની લડતમાં પ્રવેશ

### 11.3.1 ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં પ્રવેશ અને પહેલી સજા

જુલાઈ, ૧૯૨૧માં સુભાષચંદ્ર ભારત પાછા ફર્યા. ભારત આવી મહાત્મા ગાંધી સાથે મુલાકાત કરી અને ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસમાં અને રાષ્ટ્રીય લડતમાં જોડાયા. કલકત્તા પહોંચી અસહયોગના આંદોલનમાં જોડાઈ વિદેશી વસ્તુઓ અને સંસ્થાઓમાં ત્યાગનાં કાર્યક્રમમાં જોડાયા. આ દરમ્યાન તેઓ ચિત્તરંજન દાસના સંપર્કમાં આવ્યા અને એમના આકર્ષક વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ તેમને રાજનૈતિક ગુરુ તરીકે સ્વીકાર્યા. અસહયોગના આંદોલન દરમ્યાન બંગાળ કૉંગ્રેસે ''પ્રિન્સ ઑફ

વેલ્સ"ના કલકત્તા પ્રવાસનો વિરોધ કર્યો. જેમાં ચિત્તરંજન દાસ અને સુભાષબાબુની મહત્ત્વની ભૂમિકા હતી. જેને લીધે ૧૦ ડિસેમ્બર, ઈ.સ. ૧૯૨૧ના રોજ ચિત્તરંજન દાસ અને સુભાષચંદ્ર બોઝની ધરપકડ કરવામાં આવી. આમ, સુભાષબાબુને સ્વતંત્રતાની લડત માટે પહેલી સજા અને જેલવાસ થયો. ગાંધીજીના અસહકારના આંદોલનને સ્થગિત રાખવાનો નિર્ણય સુભાષચંદ્રને પસંદ ન પડ્યો અને આમ બંને વચ્ચે મતભેદ ઊભા થયા.

ચિત્તરંજન દાસ દ્વારા સ્થાપિત સ્વરાજ પાર્ટીમાં સુભાષબાબુ જોડાયા અને કલકત્તાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સ્વરાજ પાર્ટીનો વિજય થતાં ચિત્તરંજન દાસ મેયર બન્યા અને સુભાષબાબુને કલકત્તા મહાનગરપાલિકાના મુખ્ય કાર્યકારી અધિકારી બનાવ્યા. ત્યારબાદ તેમણે નગરપાલિકાની કાર્યપદ્ધતિમાં આમૂલ પરિવર્તન કર્યુ જેનાથી અંગ્રેજ સરકાર નારાજ થઈ અને સુભાષબાબુને ક્રાંતિકારી ષડયંત્રમાં જોડાવવાનો આરોપ લગાવી તેમને ઈ.સ. ૧૯૨૪માં કેદ કરી બર્માની માન્ડલે જેલમાં મોકલી દીધા. અહીં ૧૯૨૬માં તેમનું સ્વાસ્થ્ય ખરાબ થતાં તેમને કેદ મુક્ત કરવામાં આવ્યા. ૧૯૨૮માં જ્યારે સુભાષબાબુ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના મહામંત્રી તરીકે નિમણૂંક પામે છે ત્યારે કૉંગ્રેસના લાહોર અધિવેશનમાં તે અને તેમના સાથી યુવા મિત્રોના સહયોગથી તે પૂર્ણ સ્વરાજ્યનો ઐતિહાસિક પ્રસ્તાવ પસાર કરાવે છે. તેઓ ભારતીય ટ્રેડ યુનિયન કૉંગ્રેસના અધ્યક્ષ પદ ઉપર પણ રહ્યા.

સમય જતાં ગાંધીજી અને સુભાષબાબુ વચ્ચે મતભેદો ઊભા થાય છે. જેના કારણે સુભાષબાબુએ કૉંગ્રેસમાં સમાજવાદી વિચારોથી પ્રભાવિત થઈ એક આવા જૂથનું નિર્માણ કરે છે અને કૉંગ્રેસમાં તે ઉદ્દામ પાંખનું નેતૃત્વ કરે છે. સવિનય કાનૂનભંગની લડતમાં તેઓ મોખરાના રહ્યા,પરંતુ આ લડત નિષ્ફળ જતાં કૉંગ્રેસમાં યુવાન વર્ગમાં સુભાષબાબુ અને સમાજવાદી ગૃપનો પ્રભાવ વધવા લાગ્યો. ઈ.સ. ૧૯૩૮નાં હરિપુરા કૉંગ્રેસ અધિવેશન અને ૧૯૩૯ના ત્રિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં ગાંધીજી અને કૉંગ્રેસના અન્ય વડીલ નેતાઓનો વિરોધ હોવા છતાં પ્રમુખ તરીકે ચૂંટાય છે. આ સમયે સુભાષબાબુની ઉંમર લગભગ ૪૧ વર્ષની હતી. આમ, કૉંગ્રેસના અધ્યક્ષોમાં સૌથી નાની ઉંમરના સૌ પ્રથમ અધ્યક્ષ બનનાર તરીકે તેઓ જાણીતા થયા. ત્યારબાદ ગાંધીજી સાથે તીવ્ર મતભેદો ઊભા થતા કૉંગ્રેસ પ્રમુખપદેથી તથા સભ્યપદેથી રાજીનામું આપી ફોરવર્ડ બ્લોક (૧૯૩૯) તથા કિસાનસભા નામે નવી સંસ્થાની સ્થાપના કરે છે.

### 11.3.2 બ્લોકની સ્થાપના અને વિદેશગમન

૧૯૩૯માં સુભાષચંદ્ર બાબુ દ્વારા ફોરવર્ડ બ્લોકની સ્થાપના કરવામાં આવી. આ જ સમયમાં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થતાં તેમણે અનેક પ્રવાસો અને સભાઓ કરીને લોકોને વિશ્વયુદ્ધનો લાભ ઉઠાવી માતૃભૂમિને સ્વતંત્ર કરવા બ્રિટનને યુદ્ધમાં સહાય ન કરવા અનુરોધ કર્યો. આ બાતમી સરકારને મળતા તેમણે સુભાષબાબુને જુલાઈ ૧૯૪૦માં ધરપકડ કરી જેલમાં પૂર્યા. જેલમાં પોતાને અપાતા ખરાબ ખોરાક તથા રખાતા અયોગ્ય વર્તન સામે તેમણે આમરણાંત ઉપવાસ શરૂ કર્યા એટલે સરકારે તેમને જેલ મુક્ત કરી ડિસેમ્બર, ૧૯૪૦માં તેમના કલકત્તાના મકાનમાં નજર કેદ રાખ્યા.

૧૬-૧૭ જાન્યુઆરી, ૧૯૪૧ની રાત્રે પોતાના મકાનમાંથી પોલીસને ચકમો આપી પઠાણ વેશ ધારણ કરી કાબુલ પહોંચ્યા. ત્યાંથી મોરક્કો થઈને ૨૮ માર્ચે ૧૯૪૧ના રોજ બર્લિન પહોંચે છે. બર્લિન રેડિયો પરથી તેમણે પોતાના દેશબાંધવોને બ્રિટન સામે જેહાદ જગાવવા અનુરોધ કર્યો. બર્લિનમાં સુભાષબાબુ હિંદના સ્વરાજ્યના પ્રશ્ન પરત્વે જર્મનીના વિદેશમંત્રી રાબેનટ્રોપ તથા જર્મનીના સર્વોચ્ચ વડા હિટલર સાથે લંબાણપૂર્વક મંત્રણાઓ કરી છે. જાપાને જ્યારે અમેરિકા અને મિત્રરાષ્ટ્રો સામે યુદ્ધ જાહેર કર્યુ. આથી સુભાષબાબુને જાપાનની સહાયથી ભારતનું સ્વરાજ્ય પ્રાપ્ત કરવાની ઉજ્જવળ તક લાગતાં તેમણે અગ્નિ એશિયામાં જવાનો નિર્ણય લીધો.

## 11.4 આઝાદ હિંદ ફોજની સ્થાપના અને પ્રવૃત્તિ

કેટલાંક ભારતીય ક્રાંતિકારીઓ જાપાનમાં શરણ મેળવતા હતા. એમાંના રાસબિહારી બોઝ સૌ પ્રથમ હતા. તેમણે જાપાની મહિલા સાથે લગ્ન કરી ત્યાં જાપાની થઈને રહેવા લાગ્યા. પણ માતૃભૂમિની આઝાદીની ઝંખના હજી તેમના હ્રદયમાં તેજ હતી. રાસબિહારી બાબુને પહેલ વહેલો વિચાર આવ્યો કે દક્ષિણ-પૂર્વ એશિયામાં મોટી સંખ્યામાં ભારતીયો વસ્યા છે અને સાથે ભારતીય સેના પણ આ પ્રદેશમાં છે. તેમનામાં ભારતની સ્વતંત્રતાની ભાવના રેડી. ભારતની સ્વતંત્રતા માટે તેમને તૈયાર કરવા જોઈએ. રાસબિહારી બોઝ સાથે બાબા અમરસિંહ, જ્ઞાની પ્રિતમસિંહ, બાબા ઉસ્માનખાન અને સ્વામી સત્યાનંદપુરી જેવા અનેક ચહેરાઓ જોડાયેલા હતા.

૧૯૪૨ની શરૂઆતમાં દક્ષિણ-પૂર્વ પ્રદેશો ઉપર જાપાનનું આધિપત્ય પણ આવી ગયું હતું. આ સમયે જાપાની સેનાએ અંગ્રેજો તરફથી લડી રહેલી આડત્રીસ પંજાબી રેઝીમેન્ટને પરાજય આપી ચોપ્પન સૈનિકો સાથે કેપ્ટન મોહનસિંહને કેદ કર્યા હતા. તેમણે નક્કી કર્યા પ્રમાણે બાબા જ્ઞાની પ્રિતમસિંહ અને સ્વામી સત્યાનંદપુરીએ ફિલ્ડ માર્શલ સુગિયામા સાથે મળી કેપ્ટન મોહનસિંહ અને તેમના સૈનિકોને ભારતની

સ્વતંત્રતા માટે લડવા સમજાવ્યા હતા. આ રીતે સ્વતંત્ર ભારત સંઘ (હક્ષૈંટ્ઠ હક્ષીીહક્ષીહં નીટ્ઠખ્તહી)નો જન્મ થયો. રાસબિહારી બોઝ તેના સભાપતિ થયા અને કેપ્ટન મોહનસિંહ આ આઝાદસિંહ ફોજમાં જનરલ ઓફિસર કમાડિંગ (જે.ઓ.સી.) બન્યા હતા. આ બાદ જાપાનીઓ સામે હારેલા અંગ્રેજી સેનામાં રહેલ ભારતીયોને આઝાદહિંદ ફોજમાં જોડવામાં આવ્યા. શરૂઆતમાં ભારતીય સ્વતંત્રતા લીગ અને આઝાદહિંદ ફોજની શાખા કોલલમ્પુર (મલેશિયાની રાજધાની) ખાતે શરૂ કરવામાં આવી. પછીથી સમયાંતરે અનેક કેદી ભારતીય સૈન્ય આ લીગમાં જોડાતા ગયા તેમ તેમ સમગ્ર પૂર્વ એશિયામાં ભારતીય સ્વતંત્રતા લીગ અને આઝાદહિંદ ફોજના કાર્યાલયો શરૂ થયા. ભારતીય સ્વતંત્રતા પ્રાપ્તિ માટે જાપાનના પ્રધાનમંત્રી શ્રી તોજોએ ભારતીય પક્ષ તરફી તેમની નીતિ સ્પષ્ટ કરી.

૯ માર્ચ, ઈ.સ. ૧૯૪૨ના રોજ એક બૃહદ સંમેલન સિંગાપોર ખાતે યોજવામાં આવ્યું. જેમાં શાંઘાઈ, મલાયા, હોંગકોંગ, થાઈલેન્ડ જેવા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો. ફરીથી ૨૮ માર્ચ ઈ.સ. ૧૯૪૨ના દિવસે ટોકિયો ખાતે બીજું સંમેલન યોજવામાં આવ્યું. જેમાં કેપ્ટન મોહનસિંહ ઉપરાંત કેપ્ટન મોહંમદ અકરમખાં, કર્નલ ગીલ, રાઘવન, મેનન અને ગોહા આવ્યા. સ્વામી સત્યાનંદપુરી અને પ્રીતમસિંહ પણ આમાં ભાગ લેવા રવાના થયાં, પરંતુ રસ્તામાં હવાઈ દુર્ઘટનાથી મરી ગયા. આ ટોકિયો સંમેલનની અધ્યક્ષતા રાસબિહારી બોઝે સંભાળી હતી. સિંગાપુરમાં એપ્રિલ, ૧૯૪૨માં પ્રધાન અધિકારીઓની બેઠક અને જૂન, ૧૯૪૨માં બેંગકોંગમાં પ્રતિનિધિઓની એક બેઠક થઈ. જેમાં જાપાનમાં ચૂકો, હોંગકોંગ, બર્મા, બોર્નિયો, જાવા, મલાયા, થાઈલેન્ડ, શાંઘાઈ, મનીબા અને હિંદ ચીનના પ્રતિનિધિઓએ ભાગ લીધો. આ સભામાં ૧૭ પ્રસ્તાવો પાસ થયા. આ પ્રસ્તાવમાં રાસબિહારી, કેપ્ટન મોહનસિંહ, રાઘવન, મેનન અને ગિયાનીને આ આંદોલનના પરિચાલકો નિયુક્ત કરવામાં આવ્યા. એક પ્રસ્તાવ એ પણ પાસ થયો સુભાષબાબુ અહી આવી કાર્યભાર સંભાળે. આ સંમેલન બાદ ભારતીય સ્વતંત્રતા લીગ અને આઝાદહિંદ ફોજ એકદમ ક્રિયાશીલ બની ગઈ. આઝાદહિંદ ફોજના સૈનિકોને ગાંધી બ્રિગેડ, નહેરુ બ્રિગેડ, એસ.એસ. ગૃપ, ગુપ્તચર વિભાગ, સૈનિક ઔષધાલય, સહાયતાકોશ, એન્જિનિયરિંગ કંપની, સૈનિક પ્રચાર અંગે વગેરેમાં વિભાજિત કરવામાં આવી હતી. બેંગકોગ કોન્ફરન્સ બાદ જાપાન સરકારની વિશ્વસનીયતાને લઈને રાસબિહારી બોઝ અને કેપ્ટન મોહનસિંહ વચ્ચે મતભેદો ઊભા થયા. જેના મૂળમાં બર્મા રહેલ ભારતીય સંપત્તિને જાપાની સરકાર દ્વારા કબજે કરવામાં આવેલ હતી. જેથી આઝાદહિંદ ફોજના સૈનિક નારાજ હતા. આ બાબતે કેપ્ટન મોહનસિંહ અને જાપાની સરકાર વચ્ચે આ બાબતમાં મતભેદ થતા. ૨૯ ડિસેમ્બર, ૧૯૪૨ના

રોજ કેપ્ટન મોહનસિંહની ધરપકડ કરવામાં આવી અને તેમને સુમાત્રા મોકલી આપવામાં આવ્યા. વળી રાસબિહારી બોઝનું સ્વાસ્થ્ય પણ કથળી રહ્યું હતું. આમ, આઝાદહિંદ ફોઝ વિઘટનના આરે હતું. આ સમયે રાસબિહારી બોઝે પોતાને છેલ્લો પત્ર સુભાષચંદ્રને લખી તેમને તત્કાલ પૂર્વ એશિયામાં આવી આઝાદહિંદ ફોજનું નેતૃત્વ સ્વીકારવા વિનંતી કરી.

## 11.5 સુભાષચંદ્ર બોઝ અને આઝાદહિંદ ફોજ

જાપાની લશ્કરી અધિકારીઓ તથા કેપ્ટન મોહનસિંહ વચ્ચે તથા રાસબિહારીજી અને મોહનસિંહ વચ્ચે પણ મતભેદો ઊભા થતા. મોહનસિંહને સેનાપતિ પદેથી અને લશ્કરી ફરજમાંથી મુક્ત થવાની ફરજ પાડવામાં આવી. આમ, થોડો સમય આઝાદહિંદ ફોજનું ભાવિ અનિશ્ચિત થયેલ હતું. આ દરમ્યાનમાં સુભાષબાબુ અને તેમના સાથીદાર આબિદ હસન બ્રિટિશ લશ્કરી વહાણોની ચોકીમાંથી બચવા જર્મન યુ-બોટનામાં એટલાન્ટિકા મહાસાગર તથા હિન્દ મહાસાગર સર કરીને સુમાત્રા પહોંચી, ત્યાંથી કુલ આશરે ચાર માસની મુસાફરી બાદ વિમાનમાં ૧૩ મી જૂન ૧૯૪૩ના રોજ ટોકિયો પહોંચ્યા. અહી જાપાનના પ્રધાનમંત્રી ટોમેને મળી જાપાની લશ્કરના પૂર્ણ સહયોગની ખાતરી લીધી. ૨ જુલાઈ, ૧૯૪૩ના રોજ સુભાષચંદ્ર બોઝ રાસબિહારી બોઝ સાથે સિંગાપુર પહોંચ્યા. રાસબિહારી બોઝે ૪ જુલાઈ, ૧૯૪૩ ના રોજ સર્વ સંમતિથી ઈન્ડિયન ઈન્ડેપેન્ડન્સ લીગના પ્રમુખ તથા આઝાદફિંદ ફોજના સર્વોચ્ચ વડા તરીકે વરણી કરી. નેતાજીએ લોકોને તથા સૈનિકોને ‘‘ચલો દિલ્હી’’નું સૂત્ર આપ્યું. સુભાષબાબુને લોકોએ ‘‘નેતાજી’’નું હુલામણું નામ આપ્યું.

### 11.5.1 આઝાદહિંદ ફોજનું સંગઠન અને અસ્થાયી સરકારની સ્થાપના

સુભાષચંદ્રે જુલાઈ, ૧૯૪૩ના રોજ આઝાદહિંદ ફોજનું પુનઃગઠન કર્યું. મહિલાઓનું એક નવું દળ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના નામે ઊભું કર્યું હતું. આ દળની દરેક મહિલા માટે સૈનિકી પ્રશિક્ષણની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. પૂર્વ એશિયાના અલગ-અલગ શહેરોમાં આઝાદહિંદ રેડિયો કેન્દ્રની સ્થાપના કરવામાં આવી. દૈનિક તેમજ સાપ્તાહિક સમાચારપત્ર શરૂ કર્યુ. ઓક્ટોબરમાં તેમના નેતૃત્વમાં ગાંધીજીનો જન્મ દિવસ મનાયો. જેમાં સુભાષચંદ્રે કહ્યું ‘‘જો ૧૯૨૦ની અસહાય લડતમાં ગાંધીજી સંગ્રામની નવી રીત લઈને ન આવ્યા હોત તો ભારતવર્ષ કદાચ ત્યાં ને ત્યાં પતિત દિશામાં હોત.’’

૨૧ મી ઓક્ટોબર, ૧૯૪૩ના રોજ સુભાષબાબુના વડાપ્રધાન પદ હેઠળ ભારતની કામચલાઉ કે અસ્થાયી સરકારની સ્થાપના કરવામાં આવી. આ સરકારને જાપાન, જર્મની, ઈટાલી, રાષ્ટ્રવાદી ચીન, સિયામ, બ્રહ્મદેશ, ફિલિપાઈન્સ, કોંઆશિયા અને મંચુરિયા એમ નવ દેશોએ માન્યતા આપી. અહી સુભાષબાબુએ શપથ લેતા કહે છે કે ''ભગવાનને સાક્ષી રાખી હું એ પ્રતિજ્ઞા કરું છું કે ભારતને આઝાદ કરવા માટે અંતિમ શ્વાસ સુધી લડતો રહીશ. સદા ભારતનો સેવક રહીશ. ભારતના હિત ખાતર મારું જીવન એક માત્ર લક્ષ્ય બની રહેશે. સ્વતંત્રતા મળી જવા ઉપરાંત પણ જ્યારે સ્વતંત્રતાના રક્ષણ માટે મારી જરૂર પડશે ત્યારે હું મારા લોહીના અંતિમ બુંદને પણ માતાના ચરણમાં ચડાવી દઈશ''. ત્યારબાદ આ સરકારના દરેક અધિકારીઓએ આગળ આવી પ્રતિજ્ઞા લીધી. અહી ઘોષણાપત્ર પર આઝાદહિંદની સ્થપાયેલી સરકારના સભ્યોના હસ્તાક્ષર થયા. સુભાષ બોઝ રાષ્ટ્રનાયક, પ્રધાનંમત્રી, વિદેશમંત્રી અને યુદ્ધમંત્રી : કેપ્ટન શ્રીમતી સહગલ મહિલા સંગઠન નેતા, એસ.એ. આયર પ્રચાર મંત્રી, લેફ્ટેનન્ટ કર્નલ ચેટરજી અર્થમંત્રી, લે.ક.એન.એસ. ભગત લે.ક.જે.કે. ભોંસલે, લે.ક. અહેસાન કાદરી, લે.ક. શાહનવાઝ વગેરે સેનાની પ્રતિનિધિ, એ.એમ. સહાય મંત્રી મર્યાદા વિશિષ્ટ વગેરે જેવા સભ્યો ઉપર નિમણૂંક કરવામાં આવી. કામચલાઉ સરકારની અધિકૃત ભાષા તરીકે હિન્દી, રાષ્ટ્રધ્વજ તરીકે કૉંગ્રેસના ત્રિરંગી ધ્વજ, રાષ્ટ્રગીત ગીત તરીકે 'જનગણમન' અને પરસ્પર અભિવાદન માટે 'જય હિન્દ'નો સ્વીકાર કરવામાં આવ્યો. આ બાદ આઝાદહિંદ ફોજ ઝિંદાબાદના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતું.

બૃહદ પૂર્વ એશિયાનું એક સંમેલન બોલાવવામાં આવ્યું. જેમાં પ્રધાનમંત્રી જનરલ ટોમે હાજર રહ્યા હતા. પ્રધાનમંત્રી ટોમેએ અહી જાપાની સેના દ્વારા જીતેલા આંદામાન નિકોબાર દ્વિપનો વહીવટ ભારતની અસ્થાયી સરકારને સોંપ્યો. આમ, આઝાદહિંદ ફોજને હિન્દનો પ્રથમ પ્રદેશ પ્રાપ્ત થયો. આઝાદહિંદ સેનાએ આ બંને દ્વિપને, શહીદ અને સ્વરાજ નામ આપ્યા હતા. લૉર્ડ કર્નલ એ.ડી. લોગાદાનને પ્રથમ ભારતીય પ્રશાસક તરીકે નિમણૂંક આપવામાં આવી. આંદામાન જતા પહેલા સુભાષચંદ્ર બોઝે એક મંત્રી મંડળીય સમિતિની રચના કરી. જેમનું કાર્ય પૂર્વ એશિયામાં રહેતા ભારતીય લોકોની ભાષા, વેશભૂષા, ભોજન, અભિવાદ ચિન્હ્ તેમજ રીતરિવાજોમાં એકતા લાવીને રાષ્ટ્રીય સ્તર ઉપર સંગઠિત કરવાનો પ્રયાસ કર્યો. ૩૧ ડિસેમ્બર, ૧૯૪૩ના રોજ આંદામાન ધરતી ઉપર પગ મૂક્યો.

**11.5. 2 રંગુનથી ભારત તરફ પ્રયાણ અને પીછેહઠ**

જાન્યુઆરી, ઈ.સ. ૧૯૪૪માં ભારતીય સ્વતંત્રતા લીગ અને આઝાદહિંદ ફોજનું કાર્યાલય રંગુન ખાતે સ્થાપિત કરવામાં આવ્યું. મલાયા, સિંગાપુર, આંદામાન, નિકોબાન, થાઈલેન્ડ વગેરે પ્રદેશોનું સંચાલન રંગુન કાર્યાલયમાંથી થતું હતું. આમ, સુભાષચંદ્ર બોઝ ભારતની સરહદ નજીક પહોંચ્યા હતા. સુભાષચંદ્ર બોઝે રંગુન પહોંચી બર્માવાસીઓને યુદ્ધ માટે આર્થિક સહાયતા આપવા માટે અપીલ કરી જેના પ્રતિસાદ રૂપે શ્રી હબીબ નામના એક નાગરિકે પોતાની બધી જ સંપત્તિ વહેંચીને એક કરોડ રૂપિયાનું દાન, શ્રીમતિ હેમરાજ બટાઈએ પોતાની તમામ સંપત્તિ નેતાજીને દાનમાં આપી દીધી.

સુભાષબાબુના માર્ગદર્શનથી હિન્દનો પ્રદેશ કબજે કરવા રવાના થયેલી સુભાષ બ્રિગેડની પ્રથમ બેટેલિયને મે, ૧૯૪૪માં હિન્દની સરહદમાંનું લશ્કરી મથક મોડોક (રુર્ડ્ઘા)માં પ્રવેશ કર્યો. સુભાષ બિગ્રેડની બીજી અને ત્રીજી બેટેલિયને મે, ૧૯૪૪ની આખરમાં નાગાલેન્ડની રાજધાની કોહીમાનો કબજો લીધો. મોડોકમાં તથા અન્ય જગ્યાઓ ઉપર ઝંડો ફરકાવવામાં આવ્યો અને શુભ-સુખ-ચૈન ગીત ગાવામાં આવ્યું. જીતાયેલ તમામ વિસ્તારોમાં નેતાજીએ નાગરિક સેવા (પોસ્ટ, વાયરલેસ, રોડ રસ્તા) નિર્માણનું કામ શરૂ કરાવ્યું. ૧૩ એપ્રિલ, ૧૯૪૪ના રોજ ઈમ્ફાલ શહેરને આઝાદહિંદ ફોજ દ્વારા ચારેબાજુથી ઘેરી લેવામાં આવ્યું. ઈમ્ફાલને બચાવવા માટે અંગ્રેજી સરકારે પૂરી તાકાત લગાવી. બ્રિટિશ દળો, શસ્ત્રો, વિમાનો વગેરેમાં ભારે વધારો અને આઝાદહિંદ દળોને આ સામગ્રીની ખોટ અને એમાંય જૂન મહિનામાં અતિશય વરસાદે સ્થિતિને વધુ ખરાબ કરી. આ બધી પરિસ્થિતિને લીધે આઝાદહિંદ ફોજના આશરે ૪૦૦૦ સૈનિકોની ખુવારી થઈ. આમ, ઈમ્ફાલ પરનો ઘેરો અને મોડોક, કોહીમા તથા ખલેલ ખાલી કરીને ફોજની ટુકડીને પીછેહઠ કરવી પડી. ૧૧મી ઓક્ટોબરે નેતાજી રંગુન પહોંચ્યા અને યુદ્ધની પરિસ્થિતિ સમજાવતા નેતાજી કહ્યું કે “થોડુંક મોડું થવાથી અમારી સફળતા ન થઈ. અરકાન, કલાદાન, ટિકિમ, પલેસ, કોહીમા અને હાકા પર અમે વિજયી રહ્યા. કેટલીક જગ્યાએ વરસાદને કારણે સફળતા ન મળી. જર્મનીનો પરાજય થતાં યુરોપીય યુદ્ધ બંધ થયું. (૭મી મે, ૧૯૪૫) અને અમેરિકા તથા બ્રિટિશના સંયુક્ત લશ્કરોએ રંગુન તથા બ્રહ્મદેશ ફરી કબજે કરી લીધા. જાપાન પણ ઘણી કપરી પરિસ્થિતિમાં મૂકાયું. તેણે શરણાગતિ સ્વીકારી લીધી. જૂન ૧૯૪૫માં આઝાદહિંદ ફોજનું વિસર્જન થયું.

### 11.5. 3 સુભાષચંદ્ર બોઝનું મૃત્યુ અને ફોજના સૈનિકો સામે ઐતિહાસિક મુકદમો

સુભાષબાબુ અને તેના સાથીદાર કર્નલ હબીબુર્રહેમાન સાથે ટોકિયો જવા રવાના થયા. વિમાન તૈહોકુ (તાયપાઈ) વિમાની મથકેથી ઊપડતાં તેમાં આગ લાગી. સુભાષબાબુ અને તેમાંના સાથીદાર સખત દાઝી ગયા. તેમને તૈહુકુ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને ત્યાં તે જ રાત્રે તેમનું અવસાન થયું હોવાનું (૧૮-૦૮-૧૯૪૫) જાપાન સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું. કર્નલ હબીબુર્રહેમાનના કથન મુજબ નેતાજીને ભારે ચોટ આવી. દવાખાનામાં ૯ કલાક બાદ તેમનું અવસાન થયું. નેતાજીને જયારે ચિતા પર મૂકવામાં આવ્યા તે સમયે હું હાજર હતો. આ વિધાન પર વિશ્વાસ કરવામાં આવે તો તેમનું અવસાન થયું તે ચોક્કસ છે,પરંતુ તેમના મૃત્યુ વિશે તેમ જ તે જીવે છે તેના વિશે અનેક મતમતાંતરો છે. શ્રી સુભાષચંદ્રની મૃત્યુ વિશેની આશંકાઓને લીધે સ્વતંત્ર ભારતમાં અનેક તપાસ કમિટિઓ બની. ૧૯૫૬ના તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ અને ૨૧ જુલાઈ, ૧૯૭૦માં શ્રી જી.ડી. ખોસલાની અધ્યક્ષતામાં બનેલી કમિટિએ સુભાષબાબુનું મૃત્યુ વિમાન દુર્ઘટનામાં થયું એવો રીપોર્ટ આપ્યો. જયારે ૧૯૯૯માં અટલબિહારી બાજપેયીની સરકાર સમયે બનેલ મુખરજી આયોજને ૭ વર્ષની શોધ બાદ ૬ મે, ૨૦૦૭માં આપેલ રીપોર્ટમાં નેતાજીનું મૃત્યુ વિમાન દુર્ઘટનામાં થયું ન હતું, એવું જાહેર કર્યું.

આમ, સુભાષબાબુના મૃત્યુ અંગે અનેક શંકા-કુશંકાઓ ઊભી થયેલ.

મિત્રરાષ્ટ્રોના વિજયથી કેપ્ટન સહગલ ૨૮મી એપ્રિલે, ૧૭મી મે કેપ્ટન શાહનવાઝ અને એક પછી એક આઝાદહિંદ ફોજના બધાય મુખ્ય અધિકારીઓને પકડી લીધા. તેમને દિલ્હી ખાતે લાલ કિલ્લામાં કેદ કરવામાં આવ્યા. દેશના રાષ્ટ્રવાદી નેતાઓએ અંગ્રેજ સરકારને આ બધા જ અધિકારી અને સૈનિકોને છોડી મૂકવા માટે વિનંતી કરી. ૧૯૪૫માં આઝાદહિંદ ફોજની પ્રમુખ ત્રણ વ્યક્તિઓ કેપ્ટન શાહનવાઝ, કેપ્ટન પી.કે. સહગલ અને લેફ્ટેનન્ટ ગુરુબક્ષસિંહ ધિલ્લોન ઉપર અંગ્રેજ તરફથી કોર્ટ માર્શલનો અભિયોગ ચાલ્યો. આજીવન દેશ નિકાલના હુકમથી સમગ્ર દેશમાં રોષ ભભૂકી ઊઠ્યો. જેણે અંગ્રેજ સરકારના પાયા હચમચાવી નાખ્યા. ઈન્ડિયન આર્મી અને નેવીના સૈનિકોએ વિદ્રોહો શરૂ કર્યા જેથી પાછળથી આ ત્રણેય ઉપરથી આજીવન દેશનિકાલનો દંડ હટાવી લેવામાં આવ્યો.

❖ **તમારી પ્રગતિ ચકાસો :**

**નોંધ :** (i) નીચે આપેલી ખાલી જગ્યામાં તમારો જવાબ લખો.
(ii) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(અ) વિસ્તૃત રીતે જવાબ આપો.**

(1) સુભાષચંદ્ર બોઝ અને આઝાદહિંદ ફોઝ તથા તેમની પ્રવૃત્તિઓ વર્ણવો.

______________________________________________________

______________________________________________________

______________________________________________________

______________________________________________________

**(બ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય વિકલ્પ વડે પૂરો.**

(૧) સુભાષચંદ્રના પિતાને __________ ની ઉપાધિ સરકાર તરફથી મળેલ હતી.

(૨)કૉંગ્રેસનાં ________ અધિવેશનમાં પૂર્ણ સ્વરાજ્યનો ઐતિહાસિક ઠરાવ પસાર થયો હતો.

(૩) ઈ.સ. ૧૯૩૮માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશન અને ૧૯૩૯ના ત્રિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં ___________ પ્રમુખ તરીકે ચૂંટાયાં.

(૪)કૉંગ્રેસના ______________ માં સુભાષબાબુ દ્વારા ફોરવર્ડ બ્લોકની સ્થાપના કરવામાં આવી.

(૫)૧૯૪૧ માં પોલીસને ચકમો આપી પઠાણ વેશ ધારણ કરી સુભાષબાબુ _____________મુકામે પહોંચ્યાં.

(૬) _____________રેડિયો પરથી તેમણે પોતાના દેશબાંધવોમાં બ્રિટન સામે જેહાદ જગાવવા અનુરોધ કર્યો.

(૭) આઝાદ હિંદ ફોજની સ્થાપના ___________ દ્વારા કરવામાં આવી.

(૮) સુભાષચંદ્રે જુલાઈ ૧૯૪૩ માં ____________ નું પુનઃગઠન કર્યું.

(૯) આઝાદહિંદ ફોજમાં મહિલા દળનું નામ __________ હતું.

## 11.6. સારાંશ

આમ, વિદેશમાં અનેક મુસીબતો વચ્ચે ભારતની સ્વાધિનતા માટે લડનાર મહાન રાષ્ટ્રીય નેતાના જીવનનો અંત આવ્યો. તે જીવ્યા દેશ માટે અને મર્યા પણ દેશ માટે, પરંતુ તેમનું બલિદાન એળે ન ગયું. ભારતને ટૂંક સમયમાં સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. આઝાદહિંદ ફોજની લડાઈએ દેશના રાજકારણમાં એક નવો પલટો લાવ્યો હતો. બંદી

બનાવવામાં આવેલ આઝાદહિંદ ફોજના સૈનિક અધિકારીઓના કેસના નિર્ણયની સામે હિન્દની પ્રજા દ્વારા થયેલ વિદ્રોહએ ભારતીય સ્વતંત્રતાનો રસ્તો જલ્દીથી ખુલ્લો કર્યો હતો. આમ, નેતાજી અને આઝાદહિંદ ફોજનું ભારતની સ્વતંત્રતાની લડતમાં અદમ્ય પ્રદાન છે,પરંતુ આજે પણ નેતાજીના મૃત્યુ અંગેનો પ્રશ્ન વણઉકેલાયેલ જ છે.

## 11.7. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**ખાલી જગ્યા પૂરો.**

૧. રાય બહાદુરી

૨. લાહોર

૩. સુભાષચંદ્ર બોઝ

૪. ૧૯૩૯

૫. કાબુલ

૬. બર્લિન

૭. રાસ બિહારી બોઝ

૮. આઝાદ હિંદ ફોજ

૯. ઝાંસી રાણી લક્ષ્મીબાઈ

## 11.8. સંદર્ભ અને વિશેષ વાંચન


- ધારૈયા રમણલાલ કે., આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ, (૧૯૨૦-૧૯૬૪) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- ઉપાધ્યાય અમી, ચૌધરી સોનલ (સંપા), ભારતનો ઈતિહાસ (ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૬૪ સુધી) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- આચાર્ય ગુણવંતરાય, નેતાજી સુભાષચંદ્ર બોઝ, શંભુલાલ જગશીભાઈ શાહ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ૧૯૫૬.
- ગુપ્ત વિશ્વ પ્રકાશ, ગુપ્ત મોહીની, ***सुभाषचन्द्र बोझ-व्यक्ति और विचार, राधा पब्लिकेशन्स, नई दिल्ली ।***
- પટેલ મંગુભાઈ આર. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ.

એકમ -12

# દેશીરીયાસતોમાં પ્રજામંડળનાં આંદોલનો

## :: રૂપરેખા ::


**12.0** ઉદ્દેશો

**12.1** પ્રસ્તાવના

**12.2** આઝાદી પૂર્વેના દેશીરાજયો તથા તેમાં સ્થપાયેલ પ્રજામંડળો

- **12.2.1** હૈદરાબાદ અને પ્રજામંડળ
- **12.2.2** જમ્મુ તથા કશ્મીરમાં લોકશાહીકરણ
- **12.2.3** પંજાબ અને ઔંધના દેશીરાજયો
- **12.2.4** રાજસ્થાનમાં પ્રજામંડળના આંદોલનો
- **12.2.5** ગુજરાતના પ્રજામંડળના સત્યાગ્રહો
  - **12.2.5.1** રાજકોટ સત્યાગ્રહ (૧૯૩૮)
  - **12.2.5.2** લીંબડી સત્યાગ્રહ
  - **12.2.5.3** ભાવનગર પ્રજામંડળ
  - **12.2.5.4** વડોદરા પ્રજામંડળ
  - **12.2.5.5** જૂનાગઢ પ્રજામંડળ
  - **12.2.5.6** ઈડર પ્રજામંડળ
  - **12.2.5.7** માણસા સત્યાગ્રહ
  - **12.2.5.8** રાધનપુર પ્રજામંડળ
  - **12.2.5.9** પાલનપુર અને પ્રજામંડળની પ્રવૃત્તિઓ

**12.3** સારાંશ

**12.4** ચાવીરૂપ શબ્દો

**12.5** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**12.6** બહુવિકલ્પીય પ્રશ્નો

**12.7** સ્વાધ્યાય

**12.8** સંદર્ભ અને વિશેષ વાંચન


## 12.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ પછી  તમે……

- ભારતમાં આઝાદી પૂર્વેના દેશીરીયાસનો વિશે જાણી શકાશે.
- દેશીરાજ્યોના રાજવીઓ તથા તેમના વહીવટ વિશે જાણી શકાશે.
- દેશીરાજ્યોમાં થયેલ પ્રજામંડળો, તેમની કામગીરી અને આઝાદીની લડતમાં તેમની ભૂમિકા દિલ્લી શકાશે.

## 12.1 પ્રસ્તાવના (Introduction)

આઝાદીપૂર્વે ભારતના ઘણા બધા પ્રદેશોમાં બ્રિટીશ શાસન પ્રવર્તતું હતું. જયારે



બાકીના પ્રદેશો પર રાજવી પરિવારોનું શાસન ચાલતું હતું. જેને અત્યુર સુધી આપણે ‘દેશીરાજયો’ તરીકે ઓળખાતા. આ દેશી રજવાડાઓમાં પણ બ્રિટીશરોએ એક થી પાંચ સુધીના વર્ગો પાડયા હતા. વહીવટનું આ વિભાજન જોતાં સ્વામતંત્ર્યની લડતનું સ્વવરૂપ પણ બંને પ્રદેશમાં અને તેમાં પણ રજવાડામાં અલગ પડી જતું હતું. ભારતનાં બ્રિટીશરો સામેની લડત ‘સ્વ રાજય’ માટેની લડત જયારે રજવાડાં સામેની લડત અન્યાય સામેની બની રહેતી હતી. અહીં અંગ્રેજોના શાસનની નીચેના ભૂ-ભાગમાં ચાલી રહેલ અસહયોગ આંદોલન તથા સત્યાગ્રહોની સફળતાએ દેશી રજવાડાઓમાં રહેલ પ્રજાને પણ જાગૃત બનાવી તથા અલગ-અલગ પ્રજામંડળો સ્થપાયા. આ પ્રજામંડળો એ દેશી રાજયોમાં પણ જવાબદાર સરકાર સ્થોપિત કરવા આંદોલનનો આરંભ કર્યો. કોગ્રેસે પણ ત્યાંણની પ્રજાને માર્ગદર્શન આપ્યુંલ. કારણ કે દેશીરાજયોમાં રહેલ પ્રજા તથા તે ભાગ પણ સંપૂર્ણ ભારતનો જ એક ભાગ હતો. જેથી આ પ્રજાને પણ સામાજીક રીતે, રાજકીય તથા આર્થિક ક્ષેત્રે આ અધિકારો મળી રહે તે જરૂરી હતું. જે ઉદ્દેશ્યથી ૧૭ મી ડિસેમ્બર, ૧૯૨૭ માં મુંબઈ ખાતે ‘અખિલ ભારતીય દેશીરાજયો પ્રજામંડળ’ ની સ્થાપના થઈ અને તે જ સમયે તેનું પ્રથમ અધિવેશન પણ મળ્યું. વિવિધ સત્યાવગ્રહોની સફળતાએ દેશી રજવાડાઓની પ્રજામાં પણ જાગૃતિનું મોજું ફરી વળ્યું. જેથી અલગ-અલગ જગ્યોએ જનસભાઓ થઈ. દેશી રાજયો તેનાથી ખૂબ જ ગુસ્સીં ભરાયા તથા પ્રજા ઉપર વિવિધ પ્રતિબંધો લગાવ્યા. અમુક દેશી રજવાડાઓના શાસનને બાદ કરતાં અન્ય રાજયોમાં ઈજારાશાહી અને આપખુદ સામ્રાજય પ્રવર્તતું હતું. જુલમી કાયદાઓ નીચે પ્રજા કચડાતી હતી અને સાર્વભૌમ


સત્તાના પીઠબળને કારણે પ્રજાનો અવાજ રૂધાંઈ ગયો. રાજવીઓ આપ મતલબી અને વૈભવ વિલાસમાં ડૂબેલા હતા અને અમલદારો કાયદાનો અમલ પ્રજાહિતને લક્ષમાં રાખીને નહી પણ રાજહિતને લક્ષમાં લઈને કરતા હતા. વર્તમાનપત્રો દ્વારા કયારેક રાજવીઓના અપકૃત્યોં બહાર આવતા તથા બહારના પ્રજામતને વસ થઈને કે પોલિટીકલ એજન્ટે અને વાઈસરોયને ખુશ કરવા ખાતર સુધારાનો દેખાવ કરતા હતા. રાષ્ટ્રધ્વજનું અપમાન, ભારે કરવેરા, પરદેશી કાપડ અને દારૂનું વેચાણ રચનાત્મક કાર્યો પરનો પ્રતિબંધ ઈજારાશાહી તથા વ્યકિત સ્વાતંત્ર્યનો અભાવ વગેરે વિરુધ્ધ લડત કરવાની પ્રજાને ફરજ પડી હતી. ૧૯૩૭ પછી રાજકીય સુધાર અને જવાબદાર રાજતંત્રની માગણીનો ઉમેરો થયો. અહી પ્રજામંડળોની સ્થાપના તથા બનેલ ઘટનાઓની વિગતો નીચે મુજબ છે.

## 12.2 આઝાદી પૂર્વના દેશીરાજયો તથા તેમાં સ્થપાયેલ પ્રજામંડળો

સર્વપ્રથમ હૈદરાબાદ, મૈસુર, વડોદરા, કાઠીયાવાડ, જમ્મુ કાશ્મીર, દક્ષિણના દેશીરાજયો, જામનગર, ઈન્દોર નવા નગર શહેરોમાં પ્રજામંડળો સ્થાપાયા હતા. જેની વિગતે ચર્ચા નીચે મુજબ છે.

### 12.2.1 હૈદરાબાદ અને પ્રજામંડળ

કોગ્રેસ ૧૯૩૮માં સ્વાહમી રામતીર્થના નેતૃત્વીમાં હૈદરાબાદમાં સત્યાગ્રહ કર્યો હતો.



આ દરમ્યાન સામ્યવાદી લોકોએ આધ્રંમહાસભામાં ભાષાના આધારે તથા ખેતીક્ષેત્રે સામંતવાદનો વિરોધ કરી આંદોલન ઊભુ કર્યું હતું. આ ઉપરાંત 'ઈતિહાદુલ મુસલમીન' અને 'હિંદુ મહાસભા' જેવા સંગઠનો એ "ધાર્મિક આધાર પર લોકોનું ધ્રુવિકરણ કરવાની કોશીશ કરી. અહી ૧૯૪૨માં સ્વાનમી રામતીર્થ ગાં"ીજીના નિર્દેશ મુજબ આંદોલન શરૂ કર્યું, જે સામાજિક આધાર પર શરૂ કરાયું, જેમાં 'સ્ટેમ પીપલ્સ કોન્ફરન્શ' ની મદદ લેવાઈ. વળી સામ્યવાદીઓએ આધ્રં મહાસભાને પોતાનો આધાર બનાવી નિઝામની તાનાશાહીને ઊખાડી ફેંકવા તથા સુધારાઓની માંગણી કરી. ૧૯૪૦ના દશકમાં નિઝામ દ્વારા પોતાના રાજયમાં કોઈપણ પ્રકારના પ્રજામંડળ તથા આંદોલન ઉપર પ્રતિબંધ લગાવવાની કોશીશ કરી હતી. આ આંદોલનને પણ હિંદુ - મુસ્લિામની ધાર્મિક રંગ લગાવીને મુસ્લિજમોની સહાનુભૂતિ પ્રાપ્ત કરી. પ્રજાની જાગૃતિને ધાર્મિક રંગ આપવાની કોશીશ કરી હતી.

અહી નિઝામની મનશા તો પાકિસ્તાન સાથે જોડાવવાની હતી. પરંતુ ભૌગોલિક કારણોસર તેમ શકય ન હતું.



આમ પ્રજાને સુધારાઓ તથા અધિકારો આપવામાં નિષ્ફળ રહેલા નિઝામ સામે સ્વામી રામતીર્થ તથા અન્યા કોગ્રેસી નેતાઓએ હૈદરાબાદના વિલય માટે ઓગષ્ટ ૧૯૪૭માં સત્યાગ્રહ શરૂ કર્યો. તેલંગાણા ક્ષેત્રમાં ૧૯૪૪ થી જ સામ્યવાદીઓ દ્વારા સંગઠીત જમીનદારી-વિરોધ તથા નિઝામશાહી વિરો઼ધી અભિયાન ચાલુ હતું. આંધ્ર મહાસભાના લોકપ્રિય નેતા રવિ નારાયણ રેડ્ડીએ પણ આ સંઘર્ષમાં મહત્વની ભૂમિકા ભજવી. નિઝામ દ્વારા આ પ્રજાકીય આંદોલનને કચડી નાખવાના ખૂબ પ્રયત્નો કર્યા, જેથી તેનું સ્વરૂપ ઉગ્ર બન્યું. ડિસેમ્બર ૧૯૪૬ માં નિઝામ સરકાર દ્વારા સામ્યવાદી સંગઠનો પર પ્રતિબંધ લાગવા છતાંય કોગ્રેસ અને સામ્યવાદીઓ વચ્ચે અનૌપચારિક અને અસ્થાયી સમજૂતી થઈ. સપ્ટેમ્બર ૧૯૪૮ માં 'ઓપરેશન પોલો' દ્વારા ભારતીય સેના દ્વારા હૈદરાબાદ ઉપર કબજો કરી લેવાયો. જેનું પ્રજા દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરાયું.

### 12.2.2 જમ્મુ તથા કશ્મીરમાં લોકશાહીકરણ

શેખ અબ્દુલ્લાના નેતૃત્વમાં શ્રીનગર ખાતે ઓકટોમ્બર ૧૯૩૨ માં એક મુસ્લિમ



કોન્ફરન્સની સ્થાપના કરાઈ. જેનો ઉદ્દેશ મુસ્લિંમોના લોકતાંત્રિક અધિકારો માટે તેમની સામજિક, આર્થિક અને સાંસ્કૃતિક પ્રગતિ થાય તથા કરવેરાના ઘટાડા તથા નોકરીઓમાં મુસ્લિમોના પર્યાપ્ત પ્રતિનિધિત્વની માંગણીઓ મુખ્ય હતી. અહી મહારાજા હરીસિંહ દ્વારા 'પ્રજાસભા' નામની સંસ્થા સ્થાપી, પરંતુ પૂરતા અધિકારોના અભાવે આ સભાની કોઈપણ જવાબદેહી ન હતી. વળી ૩% લોકો પાસે જ મતાધિકાર હતો. વળી સાંપ્રદાયિક આધાર પર નિર્વાચન મંડળ હતું. સદન એ જ વિષયો પર કાયદો બનાવી શકે જેની મંજૂરી મહારાજા પોતે આપતા. છતાં આ સંસ્થા બજેટ પર પોતાના પ્રસ્તાવ તથા વિચારો મૂકી શકતી. પરંતુ બજેટમાં પરિવર્તનનો અધિકાર ન હતો. શેખ અબ્દુલા દ્વારા કોગ્રેંસી નેતા પ્રેમનાથ બજાજની મદદથી તથા જવાહરલાલ નહેરુના સંપર્કમાં આવ્યાા બાદ જમ્મુ તથા કાશ્મીરમાં ધામિર્ક મુદ્દાઓના બદલે સામાજિક, આર્થિક તથા કૃષિસુધારા જેવા મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

### 12.2.3 પંજાબ અને ઔંધના દેશીરાજયો

ઇ.સ. ૧૯૨૮ માં પંજાબ રીયાસતી મંડળની સ્થાપના, નાગરીકોની સ્વતંત્રતા તથા રાજનીતિક અધિકારો માટે થઈ. જેનો મુખ્ય હેતુ લોકોના અધિકારોની સુરક્ષા તથા પ્રજાકીય સંસ્થાઓની સ્થાપના અને ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે કરાઈ હતી. તે સમય દેશી રાજયોમાં પટીયાલા, નાભા, જીંદ અને ફરી કોટમાં અકાલીદળના વિવિધ નેતાઓ દ્વારા ૨૭ ડિસેમ્બર ૧૯૨૯ માં પંજાબના વિવિધ દેશીરાજયોમાં ભૂ-રાજસ્વેની વૃદ્ધિ તથા રાજય દ્વારા બેગાર (મફત શ્રમ-વેઠ) ની પ્રથાનો ખૂબ જ વિરોધ કર્યો. પંજાબના પ્રજા મંડળના સભ્યો દ્વારા વાર્ષિક સંમેલનો કરી વિવિધ સુધારાઓ તથા માંગણીઓ સાથે આ આંદોલનો વેગવાન બન્યાં.

ઔંધના શાસક બાલાસાહેબ પંત પ્રતિનિધિ એકંદરે ઉદાર શાસક હતા. તેમણે પોતાના રાજયમાં એક પ્રતિનિધિ પરિષદ બનાવી તથા રાજયના ૫૦% લોકોને તેમાં પ્રતિનિધિત્વ આપ્યું. વળી ૧૯૨૬માં તો આ પરિષદને કાયદાઓ બનાવવા તથા વિવિધ પ્રસ્તાવો પાસ કરવાની છૂટ આપી. ઇ.સ. ૧૯૨૯માં તેમણે જાહેરાત કરી કે આવનાર ૫ વર્ષમાં અહીં પ્રજાને સ્વશાસનનો અધિકાર અપાશે તથા આધુનિક રાજનીતિક સિધ્ધાંતો મુજબ કાયદાઓ બનાવવા એક સમિતિ પણ સ્થપાશે. તેમના આ ઉદારવાદી નિર્ણયોની ભારતભરમાં ખૂબ જ પ્રશંસા થઈ હતી.

### 12.2.4 રાજસ્થાનમાં પ્રજામંડળના આંદોલનો

રાજસ્થાનનાં પ્રજામંડળોમાં મુખ્યત્વે ઈ.સ.૧૯૨૦ માં જોધપુર (મારવાડ) પ્રજામંડળ, ઈ.સ. ૧૯૩૧માં જયપુર પ્રજામંડળ, ઈ.સ.૧૯૩૪માં હાડૌતી પ્રજામંડળ, ઈ.સ. ૧૯૩૬માં બિકાનેર પ્રજામંડળ, ઈ.સ.૧૯૩૮માં ભરતપુર પ્રજા મંડળ, ઇ.સ.૧૯૩૯ માં કોટા પ્રજામંડળ, તથા ૧૯૪૪માં ડુંગરપુર પ્રજામંડળ વગેરે જેવા પ્રજામંડળો સ્થપાયા હતા.

આ બધા જ પ્રજામંડળો એ રાજસ્થાનના વિવિધ દેશી રજવાડાઓમાં જવાબદાર શાસનની સ્થાપના તથા ત્યાંની પ્રજાના મૂળભૂત અધિકારો, જન જાગૃતિ માટે તથા દેશી રાજયોમાં થતા અન્યાય સામે લડત આપવા, આ પ્રજામંડળોની સ્થાપના થઈ હતી. આ ઉપરાંત પ્રજાના સામાજીક ઉત્થાન, આર્થિક ઉત્થાન તથા ખેતી સુધાર માટે વિવિધ માંગણીઓ કરવામાં આવી.

## (ક) તમારી જાતે ચકાસો.

## (૧) નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. ઈ.સ.૧૯૩૮ માં કોગ્રેંસ................ ના નેતૃત્વમાં હૈદ્રાબાદ ખાતે સત્યાગ્રહ કર્યો.

૨. ઈ.સ.૧૯૩૨ માં ............ના નેતૃત્વમાં શ્રીનગર ખાતે મુસ્લીમ કોન્ફરન્સની સ્થાપના થઈ.

૩ બાલાસાહેબ પંત પ્રતિનિધી .............. ના શાસક હતા.

૪ ઈ.સ. ................ માં ડુંગરપુર(રાજસ્થાઈન) પ્રજામંડળ સ્થાપાયું.

**(૨)** પંજાબના વિવિધ દેશીરાજયોમાં થયેલા પ્રજામંડળના આંદોલનો વિશે માહિતી આપો.

..........................................................

..........................................................

..........................................................

.........................................................

### 12.2.5 ગુજરાતના પ્રજામંડળના સત્યાગ્રહો

ગુજરાતમાં સૌથી વધારે પ્રજામંડળ સત્યાગ્રહ સૌરાષ્ટ્રમાં થયા હતા. અહી વિવિધ સત્યાગ્રહોથી પ્રજામાં જાગૃતિ આવી અને પ્રજા દ્વારા સંગઠન બનાવીને અત્યાચાર વિરુદ્ધ આંદોલનની શરૂઆત થઈ. જેનો હેતુ લોકાભિમુખ શાસનની સ્થાપના કરવાનો હતો ગુજરાતના મુખ્ય પ્રજામંડળોમાં વડોદરા, જૂનાગઢ, માણસા, રાજકોટ, લીંબળી, ભાવનગર વગેરે સ્થળોએ પ્રજામંડળોની સ્થાપના થઈ હતી. સમગ્ર ભારતમાં સૌથી વધારે દેશીરાજયો ગુજરાતમાં જોવા મળે છે. આઝાદી પૂર્વના સમયગાળામાં ખાસ કરીને ગુજરાતના સંદર્ભમાં થયેલા પ્રજામંડળના આંદોલનોની માહિતી વિગતે નીચે મુજબ છે.

### 12.2.5.1 રાજકોટ સત્યાગ્રહ (૧૯૩૮)

રાજકોટમાં ઠાકોર ધર્મેન્દ્ર સિંહ અને તેમના દીવાન વીરાવાળાનું આપખુદ શાસન હતું.



અહી ઈ.સ. ૧૯૩૮ માં રાજકોટ પ્રજામંડળના અધિવેશનમાં જવાબદાર રાજતંત્રની માંગણી સાથે જુગારના અખાડાઓ બંધ કરવાનું તથા ઈજારાશાહી બંધ કરવાનું અને ૧૫% મહેસુલનો ઘટાડો કરવાની માંગણી કરાઈ પરંતુ રાજાએ આ માંગણીઓનો અસ્વીકાર કર્યો લોકોને રોષ વધતા આંદોલનો થયા. વીરાવાળાનું રાજીનામું તથા કેડલેને નવા દિવાન બનાવી ૩ અધિકારી તથા પ્રજાકીય સભ્યોની કાઉન્સિલ બનાવવાની માંગણી સ્વીકારાઈ. આ આંદોલનમાં ગાંધીજી, સરદાર પટેલ, કસ્તુરબા તથા મણિબેને મહત્વની ભૂમિકા ભજવી હતી. 'ચબુતરા સત્યાગ્રહ' માં ૧૦૦૦ જેટલા લોકોને કેદ કરાયા તથા સમગ્ર સત્યાગ્રહમાં સૌરાષ્ટ્રમાંથી સ્વાતંત્ર્ય સેવકોએ પણ ખૂબ જ મોટી સંખ્યામાં ભાગ લીધો આ સત્યાગ્રહ બાદ ગાંધીજીએ હરિજન બંધુમાં 'હું હાર્યો' ના શીર્ષકથી ૧૯૩૯માં લેખ લખ્યા.

### 12.2.5.2 લીંબડી સત્યાગ્રહ

લીંબડીમાં રાજવી તરીકે દોલતસિંહજી અને દિવાનપદે તેમના પુત્ર ફતેહસિંહ હતા. લીંબડી રાજયમાં આવકનો ૫૦% ભાગ રાજપરિવારના અંગત ખર્ચ રૂપે વપરાતો હતો. રસિકલાલ પરીખે રાજયમાં જવાબદાર રાજતંત્રની માંગણી કરી. ૨૪ ડિસેમ્બર, ૧૯૩૮ ના રોજ લીંબડી પ્રજામંડળની સ્થાપના કરી અને લડત શરૂ કરી, જેમાં રાજ્યે ખૂબ દમન કર્યું. પ્રજામંડળે ૧ જાન્યુઆરી, ૧૯૩૯ ના રોજ 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'ની કારોબારી સભા લીંબડીમાં દરબાર ગોપાળદાસના પ્રમુદપદે બોલાવી અહી પ્રજામંડળનું આંદોલન ભાયાતો અને સનાતન મંડળના સહકારથી તોડી પડાયું. નેતાઓ ઉપર લીંબડીમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો. પ્રજાજનોની માલમિલકતને નુકશાન કરી લૂંટ ચલાવાઈ. પ્રજામંડળના કાર્યકરો અને તેમના કુટુંબીજનોને માર મારવામાં આવતા લોકો જોરાવરનગર અને વઢવાણમાં જઈને વસ્યા. આખરે ઠાકોર અને તેમના પુત્રનું અવસાન થતાં પ્રજામંડળ સાથે સમાધાન કરવામાં આવ્યું.

**12.2.5.3 ભાવનગર પ્રજામંડળ**

ભાવનગરમાં દીવાન પ્રભાશંકર પટ્ટણીએ રાજકોટની લડત પરથી શીખ લઈને ૩૦



એપ્રિલ, ૧૯૩૯ના રોજ રાજયમાં ધારાસભા સ્થાપવાની જાહેરાત કરી પણ આ અધકચરી દરખાસ્તથી લોકોને સંતોષ ન થયો અને ૧૪-૫-૧૯૩૯ના રોજ રાજયમાં ધારાસભા સ્થાપવાની જાહેરાત કરી પણ આ અધકચરી દરખાસ્તજથી લોકોને સંતોષ ન થયો અને ૧૪-૫-૧૯૩૯ના રોજ સરદાર વલ્લભભાઈના પ્રમુખપણા નીચે પ્રજાપરિષદનું સંમેલન યોજાયું. આ પરિષદમાં હાજરી આપવા જતાં સરદાર વલ્લભભાઈ પટેલ ઉપર ખાસ દરવાજે નગીના મસ્જિદમાંથી મુસલમાનોએ હુમલો કર્યો. આ હુમલામાં બચુભાઈ અને વીરજીભાઈ અવસાન પામ્યા. આ હુમલામાં મુસ્લિમ લીગના નેતા ચૂંદરીગરનો હાથ હતો. ત્યારબાદ ઈ.સ. ૧૯૪૧ માં મહારાજ કૃષ્ણકુમારસિંહજીએ ૫૨ સભ્યોની ધારાસભા રચી, પરંતુ પ્રજાએ તેને 'રાધાસભા' નામ આપ્યું. ભાવનગર રાજયએ શાહુકારોનું દેવું ચૂકવી ખેડૂતોને રાહત આપતી ભારતની પ્રથમ 'કરજ કમીટી' ની રચના કરી.

**12.2.5.4 વડોદરા પ્રજામંડળ**

ઈ.સ. ૧૯૦૫ માં વડોદરામાં ધારાસભાની સ્થાપના થઈ. પરંતુ તેમાં યોગ્ય કાર્યવાહી ન થતાં ઈ.સ. ૧૯૧૬ માં વડોદરામાં પ્રજામંડળની સ્થાપના થઈ. પ્રજામંડળના નેતાઓની મહેસુલના ઊંચા દર બાબતે તપાસની માંગણી અને ડબકાના શિકારખાનાનાં ત્રાસ બાબતની ફરીયાદને કારણે નોકરીશાહી વિફરી હતી. અસહય કરવેરા અને શાહુકારોના કારણે ખેડૂતોનું શોષણ થતું હતું. વડોદરા રાજયમાં દારૂબંધી દાખલ કરવાની મુંબઈ રાજય અને પ્રજામંડળે માંગણી કરી હતી. પરંતુ રાજયે તેના તરફ ધ્યાન આપ્યું નહી. પરિણામે પ્રજાએ ૨૪ ઓકટોમ્બર, ૧૯૩૮ ના રોજ સરદાર પટેલની આગેવાની હેઠળ પ્રજામંડળનું સંમેલન ભરાયું. તેમાં મહેસુલ ઘટાડવાની માંગણી કરવામાં આવી. રાજયે ૨૦ લાખની મહેસુલની રકમ ઘટાડી અને ધારાસભ્યોની સંખ્યા અને ચૂંટાયેલા સભ્યોની સંખ્યા વધારી. ૨૦ માર્ચ, ૧૯૩૯ ના રોજ વડોદરા શહેર અને જિલ્લા તરફથી સરદારને માનપત્ર આપવાનો કાર્યક્રમ રખાયો. આ નિમિત્તે નીકળેલા સરદાર પટેલના સરઘસ ઉપર પથ્થમારો કરાયો અને સરદારનું અપમાન કરવામાં આવ્યું. આમ છતાં ઈ.સ. ૧૯૪૦માં યોજાયેલી ચૂંટણીમાં પ્રજામંડળનો વિજય થયો.

### 12.2.5.5 જૂનાગઢ પ્રજામંડળ

જૂનાગઢ રાજયમાં 'કાઠિયાવાડ રાજકીય પરીષદ' ની સભા રાજય બહાર રેલ્વે સ્ટેશનમાં ભરવી પડી હતી. જૂનાગઢ પ્રજામંડળના પ્રમુખ નરહરિપ્રસાદ કે. નાણાવટી હતા. નેતાઓની રાજકીય સુધારણાની માંગણી હતી. જયારે વેપારીઓ વેપારમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માંગણી કરતા હતી. જયારે વેપારીઓ વેપારમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માંગણી કરતા હતા. ખેડૂતો કેટલીક છૂટછાટ અને મહેસુલના ધારાધોરણમાં સુધારાઓ ઈચ્છતા હતા. ૧૧ ડિસેમ્બર, ૧૯૩૮ ના રોજ જૂનાગઢના નવાબે કેટલીક માંગણીઓ સ્વીકારી અને જવાબદાર રાજતંત્ર માટે વહીવટી કારોબાર સુ"ારવા સમિતિની નિમણૂંક કરી. પરંતુ આ સમિતિની રચના કોમવાદના આધારે થઈ હોવાથી પ્રજામંડળે તેમને બહિષ્કાર કર્યો અને હડતાલ પાડી જૂનાગઢ પ્રજામંડળે ૧૦ જાન્યુઆરી, ૧૯૩૯ ની "માંગણી દિવસ" તરીકે ઉજવણી કરી મુસ્લિમોએ પ્રજામંડળથી અલગ થઈ "જૂમિયતુલ મુસલમી" નામની સંસ્થા સ્થાપી. પ્રજામંડળના આગેવાનોની ઘરપકડ કરાઈ તથા તેમાં ભાગ લેનારની જમીન જપ્ત કરાઈ. રાજકોટની ચળવળમાંથી ગાંધીજી ખસી ગયાં.તેથી જૂનાગઢ પ્રજામંડળમાં પણ ઉત્સાહ ઘટ્યો. કોમી રમખાણો ફાટી નીકળ્યા. સપ્ટેમ્બર, ૧૯૩૯ ના બીજા વિશ્વયુધ્ધની જાહેરાતથી દેશીરાજયો જવાબદાર રાજયતંત્ર માટેની ચળવળોમાં ઓટ આવી.

### 12.2.5.6 ઈડર પ્રજામંડળ

ઈડર રાજયમાં મોતીલાલ તેજાવતના નેતૃત્વ નીચે ભીલોએ 'એકી' ચળવળની શરૂઆત કરી. જેનો ઉદેશ્ય દારૂના પીઠાવાળા તથા શાહુકારો તથા અધિકારીઓના ત્રાસ સામે બળવો કરવાનો હતો. ઈડર રાજયે તેને દબાવવાના પ્રયત્ન કર્યો. પરંતુ આખરે તેમને સમાધાન કરવાની ફરજ પડી. ઈડર રાજયના જુલમી શાસનને કારણે ઇ.સ. ૧૯૩૫ ના ફેબ્રુઆરીમાં 'ઈડર પ્રજામંડળ' ની રચના થઈ હતી. ઈડરના જુલમના સમાચાર "સૌરાષ્ટ્ર", "હિન્દુજસ્તાન પ્રજામંડળ" અને "બોમ્બે કોર્નીકલ" માં છપાતાં ઈડર રાજયનો દંભ ખુલ્લો પડયો. મહીકાંઠાના પોલિટિકલ એજન્ટી અને બૃહદ મુંબઈ ગવર્નરે ઈડર રાજયના દીવાન અને ચાંદરણીના ઠાકોરને પદ પરથી દૂર કર્યો. પ્રજામંડળનું બીજ અધિવેશન ઈડરમાં ૧૯૨૬માં ભરાયુ. ગંગારામ શુકલની જમીન જપ્ત કરી. તેમને જેલની સજા કરી. મોડાસાના મથુરદાસ ગાંધીએ સક્રિય નેતૃત્વ કર્યું.સરઘસો કાઢયા પિકેટિંગ કરી પરદેશી કાપડની હોળી કરી, અંતે પ્રજા મંડળનો વિજય થયો.

### 12.2.5.7 માણસા સત્યાગ્રહ

મહેસાણા જિલ્લાના માણસા રાજયમાં દર ૧૦ વર્ષ પછી મહેસુલની આકરણી કરવામાં આવતી. પરંતુ ૧૯૩૭માં મહેસુલમાં બે થી અઢી ગણો વધારો કરવામાં આવ્યો. વળી

રાજા લોકોને વેઠ પણ કરાવતા હતા. તેથી લોકોએ મહેસુલ ભરવાની ના પાડી અને અસહકારની લડતમાં જોડાયા બળજબરીથી મહેસુલ વસુલાતી. તેથી લોકો હેરાન થઈને વડોદરા રાજયના મકાખાડ સ્ટેશનમાં સ્થળાંતર કર્યું. માણસા સત્યાગ્રહના આગેવાન પૂ. રવિશંકર મહારાજના દ્વારા તપાસ થઈ અને તેથી 'ભાગબટાઈ પધ્ધતિ' દાખલ કરવા અને મહેસુલ ઘટાડવા રાજયને વિનંતી કરી. પરંતુ માણસા રાજયના દિવાન ગિરધરલાલ તેનો સાફ ઇન્કાર કર્યો, એટલું જ નહિ પણ જપ્તિ દંડ અને મારઝુડ પણ કરી.જાન્યુઆરી, ૧૯૩૮ થી લોકોએ અસહકારની લડત શરૂ કરી. સાદરા પોલિટિકલ એજન્ટે વચ્ચે પડીને સમાધાન કરાવ્યું અને મહેસુલમાં ઘટાડો કરવામાં આવ્યો.

### 12.2.5.8 રાધનપુર પ્રજામંડળ

૧૯૩૭ માં ઈન્દુલાલ યાજ્ઞિક અને તેમના કાર્યકરોમાં પંચમહાલ જિલ્લાના કમળાશંકર પંડયા, રમણલાલ શેઠ, ડી.જી પાંગરકર, ડૉ. સુમંત મહેતા વગેરેની પ્રેરણાથી રાજયના ખેડુતોએ મહેસુલ દર બાબતે રાજયમાં બ્રિટિશ સરકાર અને મુર્તુઝાખાન સામે  લડત શરૂ કરી અને આ માટે ખેડૂતોએ મુંબઈ સ્થિત રાજયના અગ્રણીઓ તથા નાગરિકો વગેરેએ સંયુકતપણે પ્રજામંડળની રચના કરી. ઈ.સ.૧૯૪૦ થી ૪૨ દરમ્યાન આ મંડળે ખેડૂતોની લડતને ખૂબ વેગ આપી મહેસુલ દરમાં રાહત આપવા માંગણી કરી. મુર્તુઝાખાને બ્રિટિશ સરકારની સલાહથી અલગ માર્ગ અપનાવી, મુસ્લિમોને વેરામાંથી બાકાત રાખ્યા અને હિંદુઓ પાસેથી વેરા ઉઘરાવવાનો હુકમ કરતાં મંડળ રોષે ભરાયું અને ગાંધીજીની સલાહની સત્યાગ્રહની લડત શરૂ કરી કે જેના પરિણામે મંડળના અગ્રણીઓ ધરપકડ થઈ. આ અગ્રણીઓમાં જીવંતલાલ પ્રતાપશી, મુકિતલાલ વીરવાડિયા, પ્રહલાદ ખમાર, ત્રિભોવનદાસ કંસારા, વખારિયા માણેકલાલ  નાથાલાલ વગેરેનો સમાવેશ થતો હતો. આ લડતની જાણ ગુજરાત કોંગ્રેસ સમિતિના તત્કાલિન પ્રમુખ પંડિત નટવરલાલને થવાથી તેઓએ પણ ખેડૂતોની લડતને સમર્થન આપ્યું અને સંતોષકારક ઉકેલ માટે પ્રયાસો કરતાં મુર્તુઝાખાને રૂા. ૫ લાખની મહેસુલી કરની રાહતોની જાહેરાત કરી.

### 12.2.5.9 પાલનપુર અને પ્રજામંડળની પ્રવૃત્તિઓ

અહી મોતીલાલ તેજાવતના નેતૃત્વએમાં ઈ.સ. ૧૯૨૦-૨૩ માં ભીલ ચળવળ થઈ. ઈ.સ. ૧૯૩૫ માં જવાહરલાલ નહેરુના વિચારો મુજબ જવાહરમંડળ ની સ્થાપના થઈ, જેનું કાર્ય વિદેશી માલનો બહિષ્કાર કરવાનું હતું. પાલનપુર રાજયનું કુંભાષણ ગામ નવાબની બેગમનું જાગીરનું ગામ હતું. મહેસુલ દર વધારામાં તથા વેઠપ્રથાને કારણે લોકોએ સત્યાગ્રહ કરતાં જમીન મહેસુલનો વધારો તથા વેઠ બંધ થયા હતા. મહેસુલ વધારા તથા જમીન જપ્તિ કરાતાં વિઠ્ઠલગઢ અને રસનાળમાં આંદોલન થયા હતા. પરિણામે ગેરવાજબી મહેસુલ વધારા દૂર કરાયા હતા. આ

ઉપરાંત જાગીરદાર પ્રજામંડળ, હાળીપ્રથા, વેઠ અને અધિકારીઓના ત્રાસ સામે ચળવળ દ્વારા લોક જાગૃતિના કાર્યો થ યા હતા.

**(ખ) તમારી જાતે ચકાસો.**

**(૧) નીચેના વિધાનો વાંચી તે સાચાં (√) છે કે ખોટા (×) તેની નિશાની કરો.**

૧. રાજકોટના શાસક ધર્મેન્દ્ર સિંહજીના દિવાનનું નામ વીરાવાળા હતું.

૨. ભાવનગરના દિવાનનું નામ પ્રભાશંકર પટ્ટણી હતું.

૩. ઈ.સ.૧૯૧૬ માં વડોદરામાં પ્રજામંડળની સ્થાપના થઈ હતી.

૪. ઈડર પ્રજામંડળ દ્વારા ભીલોએ ‘એકી’ ચળવળ શરૂ કરી.

**(૨) રાધનપુર પ્રજામંડળના કાર્યો વિશે માહિતી આપો.**

..........................................................

..........................................................

..........................................................

..........................................................

**(ગ) તમારી જાતે ચકાસો.**

**(૧) નીચેનાં જોડકાં જોડો.**

| | વિભાગ-અ | | વિભાગ-બ |
|---|---|---|---|
| ૧. | જવાહર મંડળ | A. | ફતેસિંહજી |
| ૨. | માણસા રાજય | B. | બે થી અઢી ગણો મહેસૂલ વધારો |
| ૩. | લીંબડીના દિવાન | C. | ગાંધીજી |
| ૪. | ‘હું હાર્યો’ નો લેખ | D. | પાલનપુર |

(૨) **જુનાગઢ પ્રજામંડળની પ્રવૃતિઓ વિશે માહિતી આપો.**

.........................................................

.........................................................

.........................................................

.........................................................

## 12.3 સારાંશ

"આઝાદી પૂર્વે દેશીરાજયો એટલે ભારતમાં બ્રિટીશ હકુમત દરમ્યાન બ્રિટીશ શાસન સિવાયના પ્રદેશોમાં આવેલા રાજયો." ભારતમાં દેશીરાજયોની સંખ્યા, ૫૬૨ જેટલી હતી. જે ભારતના કુલ વિસ્તારના ૪૦% જેટલો ભાગ હતો. આ રાજયો વિસ્તાર, વસ્તી, આવક તથા અધિકારોની બાબતમાં એકીબીજાથી ઘણાં ભિન્ન હતા. પરંતુ તેમનામાં એક સમાન બાબત એ હતી કે તેમના પ્રદેશો અંગ્રેજોના નહોતા અને ત્યાંના લોકો બ્રિટિશ તાજની પ્રજા ગણાતા નહોતા. પંજાબ, મહારાષ્ટ્ર, કાશ્મીર, ગુજરાત, મધ્યપ્રદેશ, દક્ષિણ પ્રાંત જેવા હાલના અનેક રાજયોમાં આ દેશીરાજયો પ્રવર્તતા હતા. આઝાદીની વિવિ" પ્રજામંડળો એ સરાહનીય કામગીરી બજાવી હતી.

## 12.4. ચાવીરૂપ શબ્દો

(૧)પ્રજામંડળ - દેશીરીયાસતોમાં રહેલ પ્રજાએ સામાજિક રીતે, રાજકીય તથા આર્થિક ક્ષેત્રે અધિકારો માટે રચેલ સંગઠનો.

(૨) આંધ્રપ્રદેશ - મહારાષ્ટ્રે-બોમ્બ પ્રેસીડેન્સીનો ભાગ

(૩) આપખુદ શાસન - એક હથ્થુ સતાવાદ

## 12.5. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

| | | | | |
|---|---|---|---|---|
| (ક) | (૧) | સ્વાનમી રામતીર્થ | (૨) | શેખ અબ્દુલ્લા |
| | (૩) | ઔંધ | (૪) | ૧૯૪૪ |

(ખ) (૧) √ (૨) √ (૩) √ (૪) √

## 12.6. બહુવિકલ્પીય પ્રશ્નો

(૧) અખિલ ભારતીય દેશી રાજ્ય પ્રજામંડળની સ્થાપના કયાં થઈ હતી.

(A)દિલ્હી (B)પંજાબ (C)મુંબઈ (D)ગુજરાત

(૨) જમ્મુ કશ્મીરમાં શાસક તરીકે કોણ હતા?

(A) હરીસિંહ (B) ધર્મેન્દ્રસિંહ (C)સયાજીરાજ (D)ફતેસિંહજી

(૩) બીજા વિશ્વયુધ્ધની શરૂઆત કયારે થઈ હતી?

(A) ૧૯૩૮ (B) ૧૯૩૯ (C) ૧૯૪૦ (D)૧૯૪૧

(૪) ચબૂતરા સત્યાગ્રહ કયા દેશી રાજયની ઘટના છે?

(A) જૂનાગઢ (B) રાજકોટ (C) લીંબડી (D) પાલનપુર

જવાબો :૧-(C), ૨-(A), ૩-(B), ૪-(B)

## 12.7. સ્વાધ્યાય

(૧) આઝાદી પૂર્વના દેશીરાજયો તથા શાસકો વિશેની માહિતી આપો.

(૨) ગુજરાતમાં આઝાદી સમયેના દેશીરાજયોની વિસ્તૃત માહિતી આપો.

(૩) અંગ્રેજી શાસન તથા દેશીરાજયોમાં રહેતી પ્રજાના અધિકારોની ચર્ચા કરો.

## 12.8. સંદર્ભ અને વિશેષ વાચન


(૧) ડૉ.આર.કે. ધારૈયા, આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ભાગ-૨, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃતિ-૧૯૭૪.

(૩) રતુભાઈ કોઠારી, જૂનાગઢની આરઝી હકૂમત, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, બીજી આવૃતિ -૨૦૨૨

(૪) બાપાલાલ દોશી, લીંબડીની લડત, ગુ.સા.અ.ગાંધીનગર, બીજી આવૃતિ-૨૦૨૨

(૫) રામનારાયણ નાગરદાસ પાઠક, રાજકોટ સત્યાગ્રહ, ગુ.સા.અ.ગાંધીનગર, બીજી આવૃતિ -૨૦૨૨

# એકમ -13

# હિંદછોડો ચળવળ તેના પરિબળો અને તેની અસરો

## :: રૂપરેખા ::

**13.0** ઉદ્દેશો

**13.1** પ્રસ્તાવના

**13.2** 'હિંદછોડો' ચળવળ તેના પરીબળો

**13.2.1** ભારતની સ્વતંત્રતા માટે સક્રિય સામાજીક અને રાજકીય સંગઠનો

**13.2.2** ગોળમેળજી પરીષદો 'કોમી ચુકાદો' અને 'પુના કરાર'

**13.2.3** ૧૯૩૫ નો હિંદધારો

**13.2.4** દ્વિતિય વિશ્વયુદ્ધ અને કોગ્રેસી પ્રધાનમંડળના રાજીનામા

**13.2.5** ઓગસ્ટ ઓફર (૧૯૫૦)

**13.2.6** વ્યકિતગત સત્યાગ્રહ (૧૯૪૦-૪૧)

**13.2.7** પાકિસ્તાનની માંગણી

**13.2.8** ક્રિપ્સ દરખાસ્તો (માર્ચ-એપ્રિલ-૧૯૪૨)

**13.3.**તાત્કાલિક કારણો

**13.3.1** ગાંધીજી અને કોંગ્રેસ વિરુદ્ધ સરકારનો પ્રચાર

**13.3.2** ગાંધીજીમાં થયેલું વિચાર પરીવર્તન

**13.3.3** અગ્રણી કોંગ્રેસી નેતાઓમાં મતભેદ

**13.3.4** પૂર્વભારત પર જાપાની આક્રમણ તથા આખરી લડતનો નિર્ણય

**13.3.5** કોંગ્રેસી મહાસમિતિના ઠરાવને બહાલી અને લડતનો આરંભ

**13.4** હિંદ છોડો લડતનાં પરીણામો અને તેની અસરો.

**13.4.1** ગાંધીજી અને અન્યા નેતાઓની ધરપકડ

**13.4.2** હિંદછોડો લડતની વ્યાપકતા અને સરકારની ઉગ્ર દમનનીતિ.

**13.4.3 ભાંગફોડની પ્રવૃતિઓ અને સરકારનાં કડક પગલાં.**

**13.4.4 હિંદછોડો લડતને તાત્કાલિક દાબી દેવામાં સરકારની નિષ્ફળતા.**

**13.4.5 હિંસા માટે ગાંધીજીને જવાબદાર ઠેરવવા બ્રિટીશ સરકારનો ખોટો પ્રચાર.**

**13.4.6 ગાંધીજીની મુક્તિ તથા હિંદને પરા ધીન રાખવાની બ્રિટનની અશક્તિ.**

**13.4.7 વિદ્યાર્થીઓ, યુવાનો અને ખેડૂતોમાં જાગૃતિ.**

**13.5 મૂલ્યાંકન**

**13.6 ચાવીરૂપ શબ્દો**

**13.7 બહુવિકલ્પીક પ્રશ્નો**

**13.8 તમારી જાતે ચકાસોનાં જવાબો**

**13.9 સ્વાધ્યાય**

**13.10 સંદર્ભ અને વિશેષ વાચન**

## 13.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ પછી તમે...

- ૧૯૪૨ ના 'હિંદ છોડો ચળવળ' અંગેનો ઉદ્દેશ વિશે જાણી શકાશે.
- ગાંધીજીના 'કરેગે યા મરેગે' ના સૂત્ર અંગેના ઉદ્દેશ વિશે જાણી શકાશે.
- બીજા વિશ્વયુદ્ધ તથા કોગ્રેસી નેતાઓના વિચારો અંગે જાણી શકાશે.

## 13.1 પ્રસ્તાવના (Introduction)

ક્રિપ્સ દરખાસ્તોની નિષ્ફળતા માટે બ્રિટિશ સરકારે સરકાર, કોંગ્રેસ અને ગાંધીજીને જવાબદાર ગણાવ્યા. સંરક્ષણ ખાતું અને રાષ્ટ્રીય સરકાર રચવાના કરેલા આગ્રહથી વાટાઘાટો નિષ્ફળ ગઈ હતી. બ્રિટિશ સરકારના મતે કોંગ્રેસનો આગ્રહ લઘુમતીઓ પર શાસન કરવાનો હતો, પરંતુ વાસ્તવમાં બ્રિટિશ સરકારનો ઈરાદો હિન્દને સ્વરાજ આપવાનો ન હતો. હિન્દને સ્વરાજ આપવાનો માત્ર દેખાવ ચર્ચિલ સરકાર કરતી

હતી. આખા હિંદભરમાં નિરાશા અને આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. હિંદ પર જાપાનના આક્રમણનો ભય હતો છતાં પણ બ્રિટિશ સરકાર હિંદની સ્વરાજ આપવા માંગતી ન હતી. કોંગ્રેસ પાસે સામૂહિક લડત આપ્યા સિવાય છૂટકો ન હતો. આથી કોંગ્રેસ કારોબારીએ ઠરાવ કર્યો કે ભારતમાંથી બ્રિટિશ શાસનને તાત્કાલિક ખસી જવું જોઈએ. ગાંધીજીએ પણ જાહેર કર્યું કે હવે વાટાઘાટોનો કોઈ અર્થ નથી, તેઓ હિન્દની સ્વતંત્રતાનો સ્વીકાર કરે અથવા ન કરે.

## 13.2 હિંદ છોડોની લડતના પરીબળો

### 13.2.1. ભારતની સ્વતંત્રતા માટે સક્રિય સામાજિક અને રાજકીય સંગઠનો.

સવિનય કાનૂનભંગ આંદોલન ભાગી પડવાથી રાજનૈતિક પ્રવૃત્તિઓને અલ્પવિરામ મળ્યો. તેમ છતાં સ્વતંત્રતાની લડતને પ્રેરણા રૂપ એવી નોંધપાત્ર ઘટનાઓ બની. સવિનય કાનૂન ભંગ ની લડત ૧૯૩૦ થી ૩૧ અને ૧૯૩૧ થી ૩૨ ના કારણે લડતના અંતે સામાન્ય લોકોની સાથે વિદ્યાર્થીઓ, યુવાનો, મજૂરો તથા ખેડૂતોમાં પણ અભુતપૂર્વ જાગૃતિ આવી. સામાન્ય લોકો પણ આની સાથે જોડાયા. જેમાં દેશવ્યાપી સંગઠનો રચાયા. આ સંગઠનો એ દેશની આઝાદીમાં ખૂબ અગત્યની ભૂમિકા ભજવી. અહીં અખિલ હિન્દ મહિલા પરિષદ, અખિલ હિન્દ વિદ્યાર્થી સંઘ,અખીલ હિન્દ યુવક સંગઠન, અખિલ હિંદ મજૂર સભા, અખિલ હિન્દ યુવક સંગઠન, અખિલ હિંદ મજૂર સભા, અખિલ હિન્દ કિસાન પરિષદની સ્થાપના થઈ. જેમણે સામુહિક રીતે આઝાદીના સંગ્રામમાં મહત્વનો ભાગ ભજવ્યો. વળી શહેરો તથા ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીજીની વિચારસરણી તથા પદ્ધતિ પ્રમાણેના રચનાત્મક કાર્યક્રમો જેવા કે, દારૂબંધી, હિન્દુ-મુસ્લિમ એકતા, ખાદી પ્રચાર, અસ્પૃશ્યતા નિવારણ, સ્વદેશી, પ્રાથમિક તથા રાષ્ટ્રીય શિક્ષણના પ્રસારણ માટેની વિવિધ સંસ્થાઓ સ્થપાઈ. તેઓએ જનજાગૃતિ તેમજ પછીના સ્વાતંત્ર સંગ્રામોમાં સક્રિય ભાગ લીધો. તે સમયમાં કોંગ્રેસમાં સમાજવાદી પાર્ટીઓ, સુભાષચંદ્ર બોઝના નેતૃત્વમાં કોંગ્રેસમાં ઉગ્રવાદી વિચારધારાનો વિકાસ થયો હતો. આ સિવાય દેશી રજવાડાઓમાં લોકપ્રિય આંદોલનોનો ઉદ્ભવ થયો હતો.

### 13.2.2. ગોળમેજી પરિષદો, કોમી ચુકાદો અને પુના કરાર.



નવેમ્બર,૧૯૩૦ માં લંડનમાં પ્રથમ ગોળમેજી પરિષદ બોલાવાઈ. કોગ્રેસે આ સંમેલનનો બહિષ્કાર કર્યો. પરંતુ બીજી પાર્ટીઓ મુસ્લીમ લીગ, હિંદુ

મહાસભાએ એમા ભાગ લીԵ. પરંતુ કોંગ્રેસની ગેરહાજરીથી આ સંમેલન નિષ્ફાળ જ રહયું. ઉદારમતવાદી નેતાઓએ સંમેલનમાં જવા ગાંધીજીને આગ્રહ કર્યો કે તેઓ વાઈસરોયને મળે. અહીં ૫ માર્ચ, ૧૯૩૧ ના રોજ ગાંધીજી તથા ઈર્વિનની વચ્ચે લાંબી વાતચીત પછી એક સમજૂતી પર હસ્તાક્ષર કર્યા. તે બાદ કોંગ્રેસે બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજીને કોંગ્રેસના પ્રતિનિધિત્વ કરવા માટે તૈયાર કર્યો. ૧૯૩૧ માં લંડનમાં બીજી ગોળમેજી પરિષદ બોલાવવામાં આવી. આ વખતે હિંદના વાઈસરોય તરીકે લિવિંગ્ડન આવ્યા, તે રૂઢિચુસ્ત હતા. તેને ગાંધીજી-ઈર્વિન કરાર અંગ્રેજ સરકારની માનહાનિ સમાન લાગ્યો. તેમણે કેટલીક અણગમતી કલમોનો ઉપયોગ કરવા માંડયો. સરકારે કોંગ્રેસને એક ગેરકાનુની સંસ્થાદ ઘોષિત કરી તથા પ્રમુખ કોગ્રેસી નેતાઓને ગિરફતાર કરી લીધા. આજ સમયે ૧૬ ઓગસ્ટ ૧૯૩૨ માં બ્રિટિશ પ્રધાનમંત્રી મેકડોનાલ્ડેની કુખ્યાત સાંપ્રદાયિક ઘોષણાથી આ આંદોનની અચાનક દિશા પરિવર્તન થઈ ગયું. જેને ૧૯૩૨ ના કોમી ચુકાદા તરીકે ઓળખાય છે. તેના અનુસંધાનમાં વિરોધ રૂપે ગાંધીજીએ આમરણાંત ઉપવાસ કર્યો. જેથી કોંગ્રેસના નેતાઓ અને ડૉ. આંબેડકર વચ્ચેઆ પૂના કરાર થયા. જેના પરિણામે અસ્પૃશ્યોનું અલગ મતદારમંડળ રદ કરવામાં આવ્યું. પરંતુ બદલામાં ધારાસભાઓમાં ઘણી વધારે બેઠકો ફાળવવામાં આવી. ૧૯૩૨ માં ગાંધીજીએ હિંદ દલિત સંઘની સ્થાપના કરી તથા પછીથી ડૉ. આંબેડકર મારફત અખિલ હિંદ દલિત સંઘની સ્થાપના થઈ. બંને સંસ્થાઓએ દલિતોનો ઉત્કર્ષ કરવાનું તેમજ તેમનામાં રાજકીય સમાજિક જાગૃતિ લાવવાનું મહત્વનું કાર્ય કર્યું. જેને લીધે દલિતોએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો. નવેમ્બર, ૧૯૩૨ના ત્રીજી અધિવેશનમાં ૪૬ સભ્યો હાજર રહયા અને કોંગ્રેસને તેનો બહિષ્કાર કર્યો.

**13.2.3. ૧૯૩૫નો હિંદધારો.**

બ્રિટિશ સરકારે ૧૯૩૫ માં હિંદ ધારો પસાર કરી ભારતને પ્રાંતિય સ્વકરાજય આપવા પ્રયત્ન  કર્યો. જેને આધારે ૧૯૩૬-૩૭ માં સામાન્યક ચૂંટણીઓમાં કોંગ્રેસને ૧૧ પ્રાંતોમાંથી ૬ પ્રાંતોમાં ચોખ્ખી બહુમત મળી તથા બીજા ૨ પ્રાંતોમાં અન્ય પક્ષોની મદદથી તે બહુમતી પ્રાપ્ત કરી શકી. આમ ૧૧ માંથી ૮ પ્રાંતોમાં તે પોતાના પ્રધાન મંડળો રચી શકી. આ તમામે સુંદર કામગીરી કરી બતાવીને હિંદીઓ કેવળ ચળવળો ચલાવવામાં નિપુણ છે અને રચનાત્મક કામ કરી શકતો નથી. તેવી અંગ્રેજોની દલીલનો પ્રત્યુતર આપ્યો. આ પ્રયોગ લગભગ સવા બે વર્ષ સુધી ચાલ્યો. આનાથી લોકોમાં કોંગ્રેસ પ્રત્યે શ્રધ્ધા  વધી અને તમામ વર્ગના લોકોએ કોંગ્રેસને દેશની આઝાદી માટે પૂરતો સાથ આપ્યો.

### 13.2.4. દ્વિતિય વિશ્વયુદ્ધ અને કોંગ્રેસી પ્રધાનમંડળમાં રાજીનામાં.

૧૯૩૯ માં ફાટી નીકળેલા દ્રિતીય વિશ્વયુદ્ધ વખતે બ્રિટીશ સરકારે ભારતીય નેતાઓને વિશ્વાસમાં લીધા વિના જ ભારતને યુદ્ધમાં જોડી દેવાની ભૂલ કરી, કોગ્રેસે તેનો સખત વિરોધ કરીને યુદ્ધમાં સાથ આપવાની સ્પષ્ટ ના પાડી દીધી અને ઓકટોબર-નવેમ્બર, ૧૯૩૯માં કોગ્રેસી પ્રધાન મંડળોએ રાજીનામું આપ્યો. ધારાસભાઓ વિખેરી નાંખીને પ્રાંતીય સ્વામયતાના નાટકનો અંત આપ્યો.

### 13.2.5. ઓગસ્ટ ઓફર (૧૯૪૦)

૮ ઓગસ્ટ, ૧૯૪૦ માં કોગ્રેસી પ્રધાન મંડળોએ રાજીનામાં આપ્યા બાદ અને રામગઢ કોંગ્રેસ અધિવેશનમાં કેન્દ્રમાં રાષ્ટ્રીઓ સરકાર જો બ્રિટીશ સરકારની રચવા દે તો જ સરકારને સહકાર આપવો. બ્રિટિશ સરકારની સ્થિતિ નાજુક હતી. આવા સમયે ભારતમાં પરિસ્થિતિ અનિયંત્રિત બને તેમ, તેઓ કયારેય ઈચ્છતા ન હોવાથી ભારતીયોને મનાવી લેવા માટે ૮ મી ઓગસ્ટ, ૧૯૪૦ ના રોજ સરકારે પ્રખ્યાત ઓગસ્ટ ઓફરની જાહેરાત કરી અને યુદ્ધનો ભય દૂર થાય,પછી હિંદુઓની માંગણીઓ પર વિચાર કરવામાં આવશે એવી હૈયાધારણા આપી. આમ ‘ઓગસ્ટે ઓફર’ હિંદને સર્વપ્રથમ વખત સ્વાયુા સંસ્થાઓ દરજજો આપી શકવર્તી જાહેરાત કરી. જેમાં યોજનાના મહત્વના મુદ્દા નીચે મુજબ હતા.

૧. યુદ્ધ પછી એક બંધારણ નિર્માણ સંસ્થાની સ્થાપના કરવી.

૨. વર્તમાનમાં વાઈસરોયની કાર્યકારી પરીષદમાં ભારતીયોની સંખ્યા વધારી દેવાશે.

૩. એક યુદ્ધ સલાહકાર પરિષદ રચાશે.

પરંતુ આ ઓફરમાં તાત્કાલિક હિન્દીઓને જવાબદાર રાજયતંત્ર આપવાની તથા યુદ્ધ પુરું થયા બાદ હિંદને સ્વિરાજય આપવાનો કોઈ નિર્દેશ ન હતો તથા લઘુમતીઓના હકો તથા રાજયો પ્રત્યેની જવાબદારીઓના નામે હિન્દીઓને પરસ્પર લડાવીને હિન્દ માં વિખવાદ વધારવાની, પરોક્ષ રજૂઆત હતી. આથી કોંગ્રેસ તેમાં અન્ય પક્ષોએ તેનો અસ્વીમકાર કર્યો. ઓગસ્ટે ઓફર તથા બ્રિટિશ રાજનીતિના વિરોધ રૂપે ગાંધીજીએ વ્યકિતગત સત્યાગ્રહ (૧૯૪૦) શરૂ કર્યો.

### 13.2.6.વ્યકિતગત સત્યાગ્રહ (૧૯૪૦-૪૧)



ઓગસ્ટ પ્રસ્તાવમાં મોહભંગ થવાથી કોંગ્રેસે વ્યકિતગત સત્યાગ્રહનો આરંભ કરવાનો નિર્ણય કર્યો. જેનો ઉદેશ યુદ્ધનાં વિરુદ્ધ ખુલ્લો પ્રચાર કરવાનો હતો. આની શરૂઆત કરવા માટે ગાંધીજીએ વિનોબા ભાવેની પસંદગી કરી. ૧૭ ઓકટોબર, ૧૯૪૦ માં વ્યકિતગત સત્યાગ્રહનો શુભારંભ થયો. ૧૯૪૦ના અંત સુધીમાં તો બધા આગેવાન કોગ્રેસી નેતાઓને જેલમાં ધકેલી દેવાયા. વિનોભા ભાવે સૌ પ્રથમ વ્યકિતગત સત્યાગ્રહી હતા. વ્યકિતગત સત્યાગ્રહનું આંદોલન પુરા ૧૪ માસ ચાલ્યું. તેમાં લગભગ ૨૩, ૨૨૩ સત્યાગ્રહીઓ પકડાયા. પરંતુ આ શાંત અને પૂર્ણ અહિંસાત્મક આંદોલન સંયુકત સરકારને વિચલિત કરી શકયું નહી. ૩૦ મી ડિસેમ્બર ૧૯૪૧ ના રોજ કોંગ્રેસે ઠરાવ મુજબ વ્યકિતગત સત્યાગ્રહ મૌકુફ રાખવામાં આવ્યો.

### 13.2.7. પાકિસ્તાનની માંગણી

એક બાજુ વ્યકિતગત સત્યાગ્રહની લડત ચાલતી હતી. ત્યારે બીજી બાજુ મુસ્લિમ લીગનું વલણ વધારે પ્રત્યાઘાતી બન્યું. મહંમદ અલી ઝીણાએ મુસ્લિમો માટે અલગ દેશની માંગણી કરતો ઠરાવ પસાર થયો. ૧૯૪૦ પહેલાં ૧૯૩૭ માં અમદાવાદ ખાતે હિંદુ મહાસભાના અધિવેશનના અધ્યક્ષપદે વી.ડી. સાવરકર હતાં. ત્યારે દ્વિરાષ્ટ્રનો ઠરાવ પસાર થયો હતો. ૧૯૪૦ માં મુસ્લિમ લીગના લાહોર અધિવેશનમાં પાકિસ્તાનની માંગણી કરતો ઠરાવ પસાર થયો.જેમાં ઝીણાએ કહ્યું કે હિંદમાં હિંદુઓ તથા મુસ્લિમો બે અલગ પ્રજાઓ છે. તેમને એક જ રાષ્ટ્રમાં સાંકળી લેવાનો પ્રયોગ ખતરનાક પુરવાર થશે. મુસ્લિમોના કલ્યાણ માટેનો શ્રેષ્ઠ ઉપાય તેમાં અલગ અલગ રાષ્ટ્ર  પાકિસ્તાન મળે તે છે.

### 13.2.8. ક્રિપ્સૌ દરખાસ્તો  - માર્ચ - એપ્રિલ (૧૯૪૨)



જર્મનીએ સોવિયત રૂસ ઉપર હુમલો કરી દીધો. જાપાન દ્વારા સંયુકત રાજય અમેરીકાના પર્લ હાર્બર સ્થિત નૌકા સૈનિક અડ્ડા પર હુમલો કર્યો.આમ, ૭ ડિસેમ્બર,૧૯૪૭ પછી અમેરિકા

વિશ્વયુદ્ધમાં મિત્ર શકિતઓની સાથે થઈ ગયું. રંગૂન પર જાપાની દળોનો અધિકાર થઈ જવાથી અમેરીકાના દખાણમાં બ્રિટિશ સરકારે બ્રિટિશ મંત્રી મંડળનો એક સભ્ય સર સ્ટેફર્ડ ક્રિપ્સનને ભારત મોકલવાનો નિર્ણય લીધો. જેથી ભારતીય નેતાઓની સાથે વાતચીત કરીને કોઈ સમાધાન શોધી શકે.

બ્રિટીશના વડાપ્રધાન ચર્ચિલે સર સ્ટેફર્ડ ક્રિપ્સને નવી સુધારક દરખાસ્તો સાથે ભારત રવાના કર્યો. આ દરખાસ્તો તરીકે હિંદના ઈતિહાસમાં ઓળખવામાં આવે છે. જેના મુખ્યા મુદ્દા નીચે મુજબ હતા.

૧.બ્રિટીશ સરકારનો ઉદ્દેશ એક નવા ભારતીય સંઘનું નિર્માણ કરવાનો છે, જે ડોમીનીયન સ્ટૈટસ હશે.

૨.યુદ્ધ પછી બંધારણ નિર્માણ સભાનું નિર્માણ કરવામાં આવશે. જેમાં બ્રિટીશ પ્રાંતો, દેશી રજવાડાના પ્રતિનિધિઓનો સમાવેશ થશે.

૩.જે પ્રાંતોને કેન્દ્ર સરકારથી અલગ રહેવું હોય તે રહી શકશે. આમ દેશી રજવાડા કે પ્રાંત આ યોજનામાં ન જોડાય તો તે પોતનું અલગ બંધારણ બનાવી શકશે.

૪.યુદ્ધ પછી એક કારોબારી પરિષદની પુર્નરચના કરવામાં આવશે અને યુદ્ધ દરમ્યાાન સલાહ સૂચન આપવા હિન્દીંઓની બનેલી યુદ્ધ સલાહકાર સમિતિ રચના થશે. હિન્દના જુદા જુદા પંથો અને વર્ગોંનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે રીતે કારોબારી રચાશે. તેમાં સંરક્ષણ પ્રધાન સિવાયના પ્રધાનો હિન્દી રહેશે. ગવર્નર જનરલનો વિટ્ટો પાવર અસાધારણ સંજોગોમાં અપવાદ રૂપ ચાલુ રહેશે.

## 13.3 તાત્કાલિક કારણો

### 13.3.1 ગાંધીજી અને કોંગ્રેસ વિરુદ્ધ સરકારનો પ્રચાર

ક્રિપ્સે ૩ પોતાની દરખાસ્તોની નિષ્ફળતા માટે કોંગ્રેસને જવાબદાર ઠેરવી. તેમના મતે કોંગ્રેસનો આશય લઘુમતીઓ પર બહુમતીનું સાશન સ્થાપિત કરવાનો હતો. તેની સામે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ ક્રિપ્સપ અને બ્રિટિશ સરકાર સમક્ષ મુસ્લિમ લીગને બધી સ્ત્તાા સોંપીને રાષ્ટ્રીય સરકાર રચવાની દરખાસ્તો મૂકી અને કોંગ્રેસ તેમાં જોડાઈને તેને પૂરો સાથ આપશે તેવી ખાતરી આપી. પરંતુ બ્રિટિશ સરકાર તથા ક્રિપ્સેનો આશય આવા પ્રચારથી પોતાની નિષ્ફળતાનો ટોપલો કોંગ્રેસના શિરે ઢોળી દેવાનો હતો. બ્રિટિશ સરકારે દેશ-વિદેશના અખબારોમાં પણ ગાંધીજી તથા કોંગ્રેસ

સામે આ રીતે પ્રહાર કર્યો. કોંગ્રેસના પ્રચારતંત્રે સાચી હકીકતનો ખ્યાલ આપતાં હિન્દને સ્વરાજ આપવાની બ્રિટિશ સરકારની અનિચ્છાની અમેરિકા તથા વિશ્વના લોકોને જાણ થઈ.

### 13.3.2 ગાંધીજીમાં થયેલુ વિચાર પરિવર્તન

ક્રિપ્સા મિશનની નિષ્ફળતાએ ગાંધીજીને ચોક્કસ ખાતરી થઈ ગઈ કે બ્રિટિશ સરકાર હિન્દને સ્વરાજ્ય આપવા ઈચ્છતી ન હતી. અમેરિકાના દબાણમાં બ્રિટિશ સરકારે ક્રિપ્સ મિશન ભારત મોકલ્યું હતું. ગાંધીજીને લાગ્યુ કે આવી કટોકટીભરી સ્થિતિમાં બ્રિટીશ સરકાર હિન્દીને સ્વરાજય આપવાની આનાકાની કરે તો યુદ્ધમાં જીતી ગયા પછી તેની પાસે સ્વરાજયની આશા કઈ રીતે રાખી શકાય. તેમના વિચારોમાં પરીવર્તન થયું.આવી પરિસ્થિતિમાં કોંગ્રેસ આંદોલન ચલાવવા માટે પોતાની શકિત એકત્રીત કરવા લાગી.

### 13.3.3 અગ્રણી કોંગ્રેસે નેતાઓમાં મતભેદ


અંગ્રેજ સરકાર સામે તાત્કાલિક લડત શરૂ કરવાના સંબધમાં અગ્રણી નેતાઓ વચ્ચે અલગ - અલગ મંતવ્ય હતા. તેઓ માનતા હતા કે જાપાન જયારે ભારત પર આક્રમણ કરવાની તૈયારી કરતું હતું, ત્યારે કોંગ્રેસ જો સામૂહિક લડત શરૂ કરે તો તે જાપાનમાં ભારત પરના આક્રમણને પરોક્ષ રીતે ઉત્તેજન આપવા બરાબર ગણાય. આ પરિસ્થિતિમાં બ્રિટિશ સરકાર કોઈપણ લડત સહન કરશે નહિ અને તે ક્રૂરતાથી કચડી નાંખશે. જયારે ગાંધીજી માનતા હતા કે જો બ્રિટિશ સરકાર તાત્કાલિક ભારતમાંથી વિદાય થઈ જાય તો જાપાનને ભારત પર આક્રમણ સમયે મિત્ર રાષ્ટ્રોના દળો ભારતમાં કામચલાઉ રાખી શકાય તથા હિન્દ કામચલાઉ પૂરતો સાથ આપે. પરંતુ બ્રિટીશ સરકાર ભારતમાંથી તાત્કાલિક ખસી જાય તેવા કોઈ ચિન્હો ગાંધીજીને દેખાયા નહીં. એટલે તેમણે સ્વ્રાજય પ્રાપ્તિ માટે સામૂહિક લડત લડવાનો માર્ગ લેવો પડયો.

### 13.3.4 પૂર્વ ભારત પર જાપાની આક્રમણ તથા આખરી લડતનો નિર્ણય

બ્રહ્મદેશ, આંદમાન અને નિકોબાર માર્ચ,૧૯૪૨ ના અંત સુધીમાં જાપાને કબજે કર્યું તથા એપ્રિલ ૧૯૪૨ થી જાપાને કલકતા તથા ભારતના પૂર્વના પ્રદેશો પર બોમ્બ મારો ચલાવ્યો. અનેક બ્રિટિશ શાસિત પ્રદેશોના શરણાર્થીઓ ભારતમાં આવ્યાં. બ્રિટિશ સરકારે શરણાર્થીઓની વસવાટની પૂરતી સગવડો કરી પરંતુ ભારતીય શરણાર્થીઓને આવી કોઈ સગવડો પૂરી પાડી નહી તથા ભારતીય હિજરતીઓના રક્ષણ પ્રત્યે તદ્દન ઉપેક્ષા દાખવી. આથી ભારતીઓમાં અંગ્રેજ સરકાર પ્રત્યે નફરતમાં વધારો થયો. ગાંધીજી અને કોંગ્રેસના નેતાઓને ભારે આઘાત લાગ્યો અને તેમણે હિન્દને ઈશ્વરને

ભરોસે છોડી તાત્કાલિક હિન્દ છોડી જવાની અંગ્રેજ સરકારને અપીલ કરી તથા આ માટે આખરી લડત લડવાનો નિર્ણય લીધો.

**13.3.5.કોંગ્રેસ મહાસમિતિના ઠરાવને બહાલી અને લડતનો આરંભ**



હિંદછોડો આંદોલનના ઠરાવને ઓગષ્ટ,૧૯૪૨ ના રોજ મળેલી કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં બહાલી આપવામાં આવશે અને જણાવવામાં આવ્યું કે હિંદને પૂર્ણ સ્વરાજય પ્રાપ્તર થશે ત્યારે બધા વર્ગોના પ્રતિનિધિઓની કામચલાઉ સરકારથી દેશનું રક્ષણ કરવા પ્રયત્ન કરાશે. કોંગ્રેસે ગાંધીજીને ‘હિંદછોડો’ લડતના ભાગ રૂપે બહિષ્કાર, ના કરની લડત, સરઘસો વગેરેનો કાર્યક્રમ આપ્યોં. ગાંધીજીએ પણ કહ્યું કે ‘હું સ્વતંત્રતા માટે હવે પ્રતિક્ષા નથી કરી શકતો.આ મારા જીવનનો અંતિમ સંઘર્ષ છે.’

**(ક) તમારી જાતે ચકાસો.**

**(૧) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

૧. ઈ.સ.............. માં ‘હિંદ છોડો’ ચળવળ શરૂ થઈ.

૨. પ્રથમ ગોળમેજી પરીષદ .............. માં મળી હતી.

૩. ગાંધીજીએ કોંગ્રેસના એકમાત્ર સભ્ય. તરીકે ................ મી ગોળમેજી પરિષદમાં ભાગ લીધો હતો.

૪. ‘કરેગે યા મરેગે’ નું સૂત્ર ................ એ આપ્યું હતું.

૫. પ્રથમ વ્યકિતગત સત્યાગ્રહી ................ હતા.

**(૨) ઓગસ્ટ ઓફર વિશે દસ લીટીમાં માહિતી આપો.**

.........................................................

.........................................................

.........................................................

.........................................................

(ખ) **તમારી જાતે ચકાસો.**

(૧) **નીચેના જોડકા જોડો.**

| | | |
|---|---|---|
| ૧. વ્યકિતગત સત્યાગ્રહ | a. | ઈ.સ. ૧૯૩૫ |
| ૨. હિંદધારો | b. | વિનુબા ભાવે |
| ૩. દ્વિતીય વિશ્વયુદ્ધ | c. | ઈ.સ. ૧૯૪૨ |
| ૪. ક્રિપ્સ મિશન | d. | ઈ.સ. ૧૯૩૯ |

(૨) **હિંદછોડો ચળવળ દરમ્યાન બ્રિટીશ સરકારનું દમનચક્ર**

.....................................................................


.....................................................................

.....................................................................

.....................................................................

## 13.4 હિન્દે છોડો લડતનાં પરિણામો અને તેની અસરો

### 13.4.1. ગાંધીજી અને અન્ય નેતાઓની ધરપકડ



૮ ઓગષ્ટના રોજ 'હિંદછોડો' લડતનો અંગ્રેજ સરકાર વિરુદ્ધ કોંગ્રેસનો ઠરાવ પસાર પછી બીજે જ દિવસે સવારે ગાંધીજી તથા અન્યે નેતાઓની સરકારે ધરપકડ કરી. ડૉ. રાજેન્દ્રે પ્રસાદને પટણાની જેલમાં પૂરવામાં આવ્યા. અહી સરોજની નાયડુ, કસ્તુરબા સહિતના અન્ય નેતાઓને પુરાણા કિલ્લામાં રાખ્યા. અંગ્રેજ સરકારે વધુ આકરા પગલા લેતાં કોંગ્રેસની વિવિધ સમિતિઓ તથા કચેરીઓને ગેરકાયદેસર જાહેર કરી. આના પાછળની સરકારની ધારણા નેતા વિહિન લડતને તાત્કાલિક કચડી નાખવાની હતી. પરંતુ લડતનો વ્યાપ એટલો એટલો બધો વધ્યો હતો કે લડત ખૂબજ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું તથા ભાંગફોડ પ્રવૃતિ તેમજ ભૂગર્ભ ગેરિલા પ્રવૃતિઓ દ્વારા ભારતીય પ્રજાએ સરકારને હેરાન-પરેશાન કરી નાખી.

### 13.4.2. હિંદછોડો લડતની વ્યાપકતા અને સરકારની ઉગ્ર દમનનીતિ

એક તરફ વિફરેલી જનતાએ દેશભરમાં હાહાકાર મચાવી દીધો તો બીજી તરફ સરકાર પણ દમનચક્ર અપનાવવામાં પાછી પાની કરી નહી. સરકારે લાઠીચાર્જ અને ગોળીબાર કરીને અમાનવીય ત્રાસ ગુજાર્યો. પોલીસ અત્યાચાર અને દમનથી અસંખ્ય લોકો ભોગ બન્યા. અસંખ્ય લોકોને જેલમાં પૂરવામાં આવ્યા નિથશસ્ત્ર સભા-સરઘસો પર પણ ગોળીબાર કરવામાં આવ્યો. વિમાન દ્વારા મશીનગનથી પણ લોકો પર ગોળીબાર કરાયાની ઘટનાઓ બની. આ બધાના લીધે ઘણાબધા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા ગામોના ગામોને ફટકા મારવાની સજાથી માંડીને મૃત્યુ દંડ સુધીની સજાઓ કરવામાં આવી. કેટલાક ગામો પર સામૂહિક શિક્ષાત્મક દંડ નાખવામાં આવ્યો. શરૂઆતમાં પ્રજા દ્વારા અહિંસક આંદલન કરતી પ્રજા પર ઉગ્ર દમનનીતિ ગુજારી ત્યાર પછી હિંદછોડોનું આંદોલન હિંસક બન્યું. બ્રિટીશ સરકારની ક્રુર દમનનીતિથી આંદોલન તુટી પડવાના બદલે વધારે ઉગ્ર બન્યું.

### 13.4.3.ભાંગફોડની પ્રવૃતિઓ અને સરકારનાં કડક પગલાં

બ્રિટિશ સરકાર દ્વારા કોંગ્રેસના નેતાઓની ધરપકડ કરવામાં આવી. કોંગ્રેસને ગેરકાયદેસર સંસ્થા જાહેર કરવામાં આવી. નેતાગીરીના અભાવે જનતા ઉશ્કેરાઈને હિંસાનો માર્ગ વળી સરકારી અનુમાન પ્રમાણે આ આંદોલનમાં ૨૫૦ રેલ્વે-સ્ટેશન, ૨૦૦ પોલીસ થાણાઓ તથા ૫૩૮ પોસ્ટે ઓફિસો નાશ પામ્યા. જુદા - જુદા ૫૩૪ પ્રસંગોએ પોલીસ અને લશ્કરે ગોળીબાર કર્યો. ગોળીબારથી ૩૨૦૦ લોકો ઘાયલ થયા હતા અને ૧૦૨૮ લોકો મૃત્યુ પામ્યા હતા. દેશભરમાં વિદ્રોહ ફાટી નીકળ્યો. હિંસાની સાથે સાથે કેટલાક સ્થળે હડતાલો, પિકેટિંગ,સત્યાગ્રહ વગેરે પ્રવૃતિઓ ચાલી હતી. ઘણા શહેરો અને જિલ્લાઓમાં સમાંતર સરકારો રચવામાં આવી હતી. આ લડતનો જુસ્સો ટકાવી રાખવામાં વિદ્યાર્થીઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

### 13.4.4. 'હિંદછોડો' લડતને તાત્કાલિક દાબી દેવામાં સરકારની નિષ્ફળતા

સરકારે કોંગ્રેસના અગ્રણી નેતાઓની ઓચિંતી અને એક સમયે ઘરપકડ કરી. નેતા વિહિન લડતને તાત્કાલિક કચડી નાખવાની હતી, પરંતુ લડતનો વ્યાપ એટલો બધો વધ્યો અને તે એટલી બધી ઉગ્ર બની કે સરકારની ધારણા નિષ્ફળ ગઈ સરકાર છેક કેન્દ્રોથી ગ્રામકક્ષા સુધી અહિંસક લડતને દાબી દેવાની બધી તૈયારી કરી હતી. પરંતુ લડત આટલા બધા પ્રમાણમાં હિંસક બનશે તથા સમાંતર સરકારો રચીને તે બ્રિટીશ તંત્રને જિલ્લા તાલુકા અને ગ્રામ કક્ષાએ ખોરવી નાંખશે તે સરકારની કલ્પના બહાર હતું. આથી સરકાર લડતને દબાવી દેવામાં નિષ્ફળ ગઈ. ઉપરાંત બ્રિટીશ સરકારના સામ્રાજયવાદી સ્વરૂપ તથા અમાનવીય દમનથી વિદેશોમાં પણ ભારતના સ્વરાજય પ્રાપ્ત કરવાના દાવાને અમેરિકા તથા લોકશાહી દેશોનો ટેકો મળ્યો.

### 13.4.5. હિંસા માટે ગાંધીજીને જવાબદાર ઠેરવવા માટે બ્રિટીશ સરકારનો ખોટા પ્રચાર

અંગ્રેજ સરકારે 'હિંદછોડો' લડતના દાબી દેવા માટે અપનાવેલ અમાનવીય નીતિનો અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોના પત્રકારો સાક્ષી બન્યો. તેઓએ બ્રિટિશ સરકારની આ દમન નીતિને વિશ્વના દેશો સામે ખુલ્લી પાડી. જેથી  બ્રિટીશ સરકાર મુંજાઈ હતી. આની સામે સરકારે પ્રતિપ્રચાર શરૂ કર્યો. જેથી બ્રિટિશ વજીર એમીરીએ આમ સભામાં હિન્દીના વિષે જવાબ આપતા કહ્યું કે, ગાંધીજીએ 'કરો યા મરો' નાં આ દેશથી જ આંદોલનમાં લોકોને હિંસા કરવાની પ્રેરણા મળી અને લોકોએ વ્યાનપ ભાંગફોડ કરી. બ્રિટીશ તંત્રને ભારતમાં ખોરવી નાખવાના પ્રયાસો કર્યા. આથી સરકારને કાયદો અને વ્યવસ્થાની જાળવવા કડક પગલાં લેવાની ફરજ પાડી હતી.


### 13.4.6.ગાંધીજીની મુક્તિ તથા હિન્દને પરાધીન રાખવાની બ્રિટનની અશક્તિ

અંગ્રેજ સરકારે લડત દરમ્યાન કોમી તત્વોને ભારે ઉુજન આપ્યું. આના વિરોધમાં ગાંધીજીએ ઉપવાસ જાહેર કર્યો. ઉપવાસનો આશય બ્રિટિશ સરકારનો પોતાની તથા કોંગ્રેસ સામેનો વિરોધ પ્રચાર બંધ કરવા તથા લડતની સત્યતા વિશ્વ સમક્ષ મૂકવાનો હતો. અમેરિકાના પ્રમુખ રુઝવેલ્ટના અંગત પ્રતિનિધી ફિલિપ્સ ગાંધીજીની મુક્તિ માટે હિન્દે સરકાર સાથે વાટાઘાટો કરી. ગાંધીજીની નાજુક તબિયતના બહાના તળે હિન્દ્ સરકારે તેમને મુકત કર્યો. અહીં નોંધપાત્ર છે કે, બ્રિટીશ સરકારે પોતાની પ્રચંડ શકિતથી કામચલાઉ રીતે ૧૯૪૨ની હિંદ છોડો લડતને દબાવી દીધી, તો પણ આ લડતમાં ભારતીય આઝાદી માટે મક્કમ પગલાનું મંડાણ થયું.

### 13.4.7. વિદ્યાર્થીઓ, યુવાનો અને ખેડૂતોમાં જાગૃતિ

હિન્દછોડોની લડત ભલે નિષ્ફળ ગઈ, સરકારે તેના દમનચક્રથી આ લડતને દબાવી દીધી. છતાં પણ આ લડતથી દેશભરમાં સ્વતંતા માટેની લહેર મજબુત બની. વિદ્યાર્થીઓ, યુવાનો અને ખેડુતોની જાગૃતિ દિવસેને દિવસે વધી. આ જાગૃતિને બ્રિટીશ સરકાર દબાવી  શકી નહી. બ્રિટીશ સરકારની નીતિ-રીતિઓથી આ તમામ વર્ગો જાગૃત બન્યા તથા આઝાદી મેળવવા માટે તેમણે પોતાની પ્રવૃતિઓનો વ્યાપ ખૂબ જ વધારી દીધો અને દેશના ખૂણે - ખૂણે આઝાદી માટેની લડતના મંડાણ થયા.

## 13.5 મૂલ્યાંકન



ગાંધીજીએ સ્વરાજ મેળવવા બ્રિટીશ સરકાર સામે તાત્કાલિક સામૂહિક લડત શરૂ કરવાનો નિર્ણય કર્યો, ૮ ઓગષ્ટ ૧૯૪૨ ના રોજ મળેલી બેઠકમાં 'હિંદછોડો' આંદોલનનો ઠરાવ પસાર કર્યો. આ ઠરાવ પસાર થવાના બીજા જ દિવસે ગાંધીજી સહિત અગ્રણી નેતાઓની ધરપકડ કરવામાં આવી. પરંતુ સ્વયંભૂ રીતે સમગ્ર દેશમાં ફેલાયેલી લડતે લોકજાગૃતિ તથા આઝાદી માટેની ભારતીય પ્રજાની ઈચ્છાશકિત ખૂબ જ તીવ્ર અને વેગવંતી બની. ૧૯૪૨ની લડતએ ગાંધીયુગની ભારતની સ્વાતંત્ર્ય પ્રાપ્તિની આખરી લડત હતી. આથી જયપ્રકાશ નારાયણે નોંધ્યું છે કે, ફ્રાંસના ઈતિહાસમાં જે મહત્વ ફ્રેન્ચ રાજયક્રાંતિનું છે તથા રશિયાના ઈતિહાસમાં જે મૂલ્ય રશિયન ક્રાંતિનું છે તે જ મહત્વ ભારતના ઈતિહાસમાં 'હિન્દ છોડો' ૧૯૪૨ ની લડતનું છે.

## 13.6. ચાવીરૂપ શબ્દો

- સીધા પગલાં દીન - ૧૬ ઓગસ્ટરના રોજ પાકિસ્તાનની માંગણી સાથે 'મુસ્લીમ લીગે' કરેલા આહ્વાન.
- કરેગે યા મરેગે- આઝાદી મેળવીશું અથવા પ્રાણની આહુતી આપીશું.
- ઓગસ્ટ ઓફર- બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ભારતીયોને મનાવી લેવા ૮મી ઓગસ્ટના રોજ ઓફર રજૂ કરી.

## 13.7. બહુવિકલ્પીય પ્રશ્નો

**૧. ઓગસ્ટ ઓફર કયા વર્ષ રજૂ કરાઈ.?**

(૧) ૧૯૩૯ (૨) ૧૯૪૦

(૩) ૧૯૪૧ (૪) ૧૯૪૨

**૨. પુના કરાર કોની કોની વચ્ચે થયો.?**

(૧) આંબેડકર-અંગ્રેજો (૨) આંબેડકર-ગાંધીજી

(૩) સુભાષચંદ્ર બોઝ-ગાંધીજી (૪) જવાહરલાલ નહેરુ-ગાંધીજી

૩. **‘હું સ્વતંત્રતા માટે હવે પ્રતિક્ષા નથી કરી શકતો’ આ મારા જીવનનો અંતિમ સંઘર્ષ છે.’ આ વાકય કોનું છે?**

(૧) સરદાર પટેલ (૨) ગાંધીજી

(૩) જવાહરલાલ નહેરુ (૪) વિનુબા ભાવે

## 13.8. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(ક) ૧. ઈ.સ. ૧૯૪૨ ૨. લંડન ખાતે

૩. બીજી ૪. ગાંધીજી

૫. વિનોબા ભાવે

(ખ) ૧. - b, ૨. – a, ૩. – d, ૪. – c

(૧.૭) ૧. – ૨, ૨. – ૨, ૩. - ૨

## 13.9. સ્વાધ્યાય

૧. હિંદછોડો ચળવળ અંગે જાણકારી આપો.

૨. ગોળમેળજી પરીષદોનો ઘટનાક્રમ જણાવો.

૩. પાકિસ્તાનની માંગણી તથા મુસ્લીમ લીગ અંગેની માહિતી આપો.

## 13.10. સંદર્ભ અને વિશેષ વાચન


- પરીખ રસિકલાલ શાસ્ત્રી, હરીપ્રસાદ, ગુજરાતો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-૮, આઝાદી પહેલા અને પછી (ઈ.સ.૧૯૧૫ થી ૧૯૬૦), ભો.જે. વિધાભવન, અમદાવાદ, પ્રથમ આવૃતિ, ૧૯૮૬
- આચાર્ય જાવડેકર (મૂળ લેખક), અનુવાદક, ‘દેશપાંડે પાંડુરંગ ગણેશ’, આધુનિક ભારત, અમદાવાદ, ૧૯૪૬
- Nehru Jawaharlal & The Discovery of India, New Delhi.
- ફોટો ક્રેડિટ થ વિકિપીડિયા

  https&//en.wikipedia.org/wiki/Stafford_Cripps

એકમ -14

# કેબિનેટ મિશન, માઉન્ટ બેટન યોજના અને ભારતના ભાગલા સમયની સમસ્યાઓ

:: રૂપરેખા ::


**14.0** ઉદ્દેશો

**14.1** પ્રસ્તાવના

**14.2** કેબિનેટ મિશન પ્લાનની પૂર્વ સંધ્યા

- **14.2.1** કેબિનેટ મિશનનું આગમન
- **14.2.2** કેબિનેટ મિશનનો ઉદ્દેશ

**14.3** માઉન્ટ બેટન યોજના

- **14.3.1** માઉન્ટ બેટન યોજના પૃષ્ઠભૂમિ
- **14.3.2** યોજનાના પ્રત્યાઘાતો

**14.4** ભારતનાં ભાગલા

- **14.4.1** ભારત-પાકિસ્તાન સીમાનું નિર્ધારણ
- **14.4.2** સૈનિક સામગ્રી તથા સૈનિકોના ભાગલા
- **14.4.3** રજવાડાઓના એકીકરણની સમસ્યા

**14.5** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**14.6** બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબો

**14.7** સ્વાધ્યાય

**14.8** સંદર્ભ અને વિશેષ વાચન


## 14.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અન્યાય પછી તમે કેબિનેટ મિશન ૧૯૪૭ માં ભારતના ભાગલા સમયની સમસ્યા વિશે જાણી શકશો.

## 14.1 પ્રસ્તાવના (Introduction)

બીજા વિશ્વયુદ્ધના અંત પછી, બ્રિટનમાં ક્લેમેન્ટ એટલીના નેતૃત્વમાં નવી સરકારની રચના કરવામાં આવી. આ લેબર પાર્ટીની સરકારે ભારતીય સમસ્યાના કાયમી ઉકેલ માટે ત્રણ સભ્યોની ઉચ્ચ-સ્તરીય સંસદીય સમિતિની રચના કરી અને ભારતમાં મોકલી. આ સમિતિના ત્રણ સભ્યોમાં બોર્ડ ઓફ ટ્રેડના અધ્યક્ષ સર સ્ટેફોર્ડ ક્રિપ્સ, લશ્કરી સભ્ય એ.વી. એ  એલેક્ઝાન્ડર અને ભારતના સચિવ લોર્ડ પેથિક લોરેન્સ સામેલ હતા.પેથિક લોરેન્સને આ સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ભારત આવનાર ત્રણ સભ્યોની આ સમિતિ ઈતિહાસમાં 'કેબિનેટ મિશન' તરીકે ઓળખાય છે. આ મિશન માર્ચ ૧૯૪૬માં દિલ્હી પહોંચ્યું હતું.

## 14.2 કેબિનેટ મિશન પ્લાનની પૂર્વ સંધ્યા

કેબિનેટ મિશન પ્લાનની પૂર્વસંધ્યાએ, કોંગ્રેસે માંગ કરી હતી કે તે એકીકૃત કેન્દ્રમાં સત્તા સ્થાનાંતરણની પ્રક્રિયાને સ્વીકારે. લઘુમતીઓની માંગ અંગે તેની નીતિ એવી હતી કે મુસ્લિમ બહુમતી પ્રાંતોને સ્વ-નિર્ધારણ દ્વારા કેન્દ્રમાં ભળી જવાનો અધિકાર છે. પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું કે અંગ્રેજો ભારત છોડ્યા પછી જ આ પ્રક્રિયા પૂર્ણ થશે.

બ્રિટનનો હેતુ એક સંયુક્ત અને મૈત્રીપૂર્ણ ભારતમાં સત્તા સ્થાનાંતરિત કરવાનો અને કોમનવેલ્થની સુરક્ષા માટે ભારતને સક્રિય ભાગીદાર બનાવવાનો પણ હતો કારણ કે બ્રિટનનું માનવું હતું કે વિભાજિત ભારત કોમનવેલ્થની શક્તિને નબળી પાડશે અને તેની બ્રિટિશ સર્વોપરિતાની નીતિને અસર થશે.

૧૯૪૬માં, બ્રિટન પાસે અખંડ ભારત અંગે સ્પષ્ટ નીતિ હતી, જે તેની અગાઉની નીતિઓથી સંપૂર્ણપણે અલગ હતી. ૧૫ માર્ચ, ૧૯૪૬ના રોજ, બ્રિટિશ વડા પ્રધાન ક્લેમેન્ટ એટલીએ કહ્યું હતું કે "...લઘુમતીઓની માંગણીઓ ધ્યાનમાં લેવા યોગ્ય છે... પરંતુ બહુમતીના હિતોની અવગણના કરીને તેમને પૂરી કરી શકાતી નથી." આ ઘોષણા શિમલા પરિષદમાં સરકાર દ્વારા અપનાવવામાં આવેલી ઘોષણાથી સંપૂર્ણપણે અલગ હતી, જેમાં વાઈસરોય વેવેલે જિન્નાહને સંતુષ્ટ કરવાના તમામ પ્રયાસો કર્યા હતા.

### 14.2.1.ભારતમાં કેબિનેટ મિશનનું આગમન

કેબિનેટ મિશન ૨૪ માર્ચ ૧૯૪૬ના રોજ દિલ્હી પહોંચ્યું. મિશન દ્વારા નીચેના મુદ્દાઓ પર વિવિધ પક્ષો અને જૂથોના નેતાઓ સાથે વાટાઘાટોના ઘણા રાઉન્ડ યોજાયા :

(i) વચગાળાની સરકાર

(ii) ભારતને આઝાદી અપાવવા અને નવું બધારણ બનાવવા માટે જરૂરી સિદ્ધાંતો અને પગલાં.

જ્યારે કોંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે એકતા અથવા વિભાજનના મૂળભૂત મુદ્દા પર કોઈ સમજૂતી ન હતી, ત્યારે મિશન, તેના ભાગરૂપે, બંધારણીય સમસ્યાના ઉકેલ માટે મે ૧૯૪૬માં એક યોજનાની જાહેરાત કરી.

**કેબિનેટ મિશનના સભ્યો**

૨૪ માર્ચ ૧૯૪૬ના રોજ એક કેબિનેટ મિશન ભારતની એકતા જાળવવા અને તેની સ્વતંત્રતા અપાવવાના ઉદ્દેશ્ય સાથે બ્રિટિશ સરકાર પાસેથી ભારતીય રાજકીય નેતૃત્વને સત્તાના હસ્તાંતરણ અંગે ચર્ચા કરવા ભારત આવ્યુ હતું. બ્રિટિશ વડાપ્રધાન ક્લેમેન્ટ એટલીની પહેલ પર રચાયેલ, મિશન તેના સભ્યો તરીકે સમાવિષ્ટ છે, લોર્ડ પેથિક-લોરેન્સ (ભારતના રાજ્ય સચિવ), સર સ્ટેફોર્ડ ક્રિપ્સ (બોર્ડ ઓફ ટ્રેડના પ્રમુખ) અને એ.વી. એલેક્ઝાન્ડર) ભારતના વાઈસરોય લોર્ડ વેવેલે કેટલીક ચર્ચાઓમાં ભાગ લીધો હતો.



**14.2.2. કેબિનેટ મિશનનો ઉદ્દેશ**

કેબિનેટ મિશનનો પ્રતિનિધિ મંડળને વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યા હતા. તેમનું કાર્ય ભારતને શાંતિપૂર્ણ રીતે સત્તા હસ્તાંતરણ માટે વિવિધ માર્ગો અને સંભાવનાઓ ચકાસવાનું તથા બંધારણીય સમસ્યાઓ ઉકેલવાનું હતું. આ પ્રતિનિધિ મંડળે તત્કાલીન વાઈસરોય વેવેલ તથા ભારતીય નેતાઓ સાથે મળીને એક યોજના તૈયાર કરી. આ યોજનાને 'કેબિનેટ મિશન' તરીકે ઓળખવામાં આવે છે. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ ભારતને સંપૂર્ણ સ્વરાજ્ય અપાવવાનો તથા ભારત માટે બંધારણ સભા અને અસ્થાયી સરકારની રચનાની સ્થાપના કરવાનો હતો.

હિન્દના બે મુખ્ય રાજકીય પક્ષો- કોંગ્રેસ અને લીગ – હિન્દને આપવાનાં સ્વરાજયનાં માળખા સંબંધી સમાધાન સાધવામાં નિષ્ફળ ગયા ત્યારે કેબિનેટ મિશન પાસે હિન્દનાં સ્વાતંત્ર્યને લગતી પોતાની યોજના રજૂ કરવા સિવાય અન્ય વિકલ્પ રહ્યો નહિ. મિશને ૧૬મી એપ્રિલ ૧૯૪૬ના રોજ જિન્હા પાસે બે વિકલ્પ રજૂ કર્યા અને તેમાંથી એકનો સ્વીકાર કરવા તેઓએ તેમને જણાવ્યું.

(૧) જે પ્રદેશોમાં બિન-મુસ્લિમોની બહુમતી છે તેવા પ્રદેશો બાકાત રાખીને અલગ સાર્વભૌમ પાકિસ્તાનની રચના અથવા (૨) જિન્હાએ માગેલા બધા જ પ્રદેશોના સમાવેશ સાથેના પાકિસ્તાનની સ્થાપના, જે હિન્દી સંઘના એક સ્વાયત્ત પેટા સમવાયતંત્ર તરીકે અસ્તિત્વમાં આવે અને જે માત્ર સંરક્ષણ અને પરરાજય બાબતો પૂરતું જ હિન્દી સંઘને જવાબદાર રહે.

જિન્હાએ પાકિસ્તાનના આખરી સ્વરૂપ વિશે પોતાના નિર્ણય અનામત રાખીને પ્રથમ વિકલ્પ સ્વીકારવાની તૈયારી બતાવી, કારણ કે તેમનાં કથન પ્રમાણે બહુમતી અને લઘુમતીનાં સંયુક્ત શાસનમાં લઘુમતીને લખાણમાં ગમે તેટલા સમાન હક આપવામાં આવ્યા હોય તો પણ વ્યવહારમાં લઘુમતી પર બહુમતીનાં વર્ચસ્વને અટકાવી શકાય નહિ. થોડા ફેરફાર સાથે બીજો વિકલ્પ સ્વીકારવામાં કોંગસને વાંધો ન હતો.

આમ બન્ને મુખ્ય રાજકીય પક્ષો વચ્ચે સમજૂતી શક્ય બની નહિ હોઈને કેબિનેટ મિશને હિન્દને સ્વરાજ્ય આપવા માટેની પોતાની યોજના ૧૬મી મે, ૧૯૪૬ના રોજ રજૂ કરી. યોજનાની પ્રસ્તાવનામાં મિશને જણાવ્યુ કે પોતાની સરકારની પૂર્ણ સંમતિથી મિશને આ યોજના રજૂ કરી હતી. તેના મુખ્ય બે વિભાગ હતા - (૧) ભારતનાં બંધારણનાં ઘડતર માટે બંધારણસભાની રચનાનું માળખું એટલે કે લાંબા ગાળાની યોજના અને (૨) વચગાળાની સરકારની સ્થા પના એટલે કે તાત્કાલિક અમલમાં લાવવાની યોજના.

**કેબિનેટ મિશન કેમ નિષ્ફળ ગયું ?**

કોંગ્રેસ પાર્ટી પ્રાંતો માટે ન્યૂનતમ સત્તાઓ સાથે મજબૂત કેન્દ્ર ઇચ્છતી હતી.મુસ્લિમ લીગ મુસ્લિમો માટે વિધાનસભાઓમાં સમાનતા જેવા મજબૂત રાજકીય રક્ષણ ઇચ્છતી હતી.બંને પક્ષો ઘણા વૈચારિક મતભેદો ધરાવતા હોવાથી અને સામાન્ય આધાર શોધી શક્યા ન હોવાથી, મિશન મે ૧૯૪૬ માં તેની પોતાની દરખાસ્તોના સમૂહ સાથે આવ્યું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની માંગણી એવી હતી કે પ્રાંતો પાસે એક એવો વિકલ્પ હોવો જોઈએ કે શરૂઆતમાં તેઓ ઈચ્છે તો વિશેષ વર્ગોમાં ન જોડાય અને સામાન્ય ચૂંટણી બાદ જોડાણ વિશે નિર્ણય લઈ શકે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસેની સરકાર ધરાવતાં પ્રદેશો ઉત્તર પશ્ચિમ સરહદી પ્રાંત (NWFP) તથા અસમ પ્રાંતને વર્ગ અને વર્ગ ભમાંસમાવેશ કરવામાં આવ્યો. જેનો કોંગ્રેસે વિરોધ કર્યો હતો.

જ્યારે મુસ્લિમ લીગે એવી માંગણી કરી હતી કે કેન્દ્રીય બંધારણમાં ૧૦ વર્ષ સુધી રાહ જોયા વિના તરત જપરિવર્તન કરવાનો અધિકાર આપવામાં આવે.

આમ, જુલાઈ ૧૯૪૬ સુધીમાં જૂથોની વહેંચણીના લીધે કેબિનેટ મિશન દ્વારા ઈરાદાપૂર્વક સ્પષ્ટીકરણ ન કરતાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે કેબિનેટ મિશનની

જોગવાઈઓનો સ્વીકાર કર્યો. જુલાઈ ૧૯૪૬માં બંધારણસભાના નિર્માણ હેતુ કેબિનેટ મિશનની જોગવાઈઓના આધારે પ્રાંતીય ધારાસભાઓની ચૂંટણી કરવામાં આવી. આ ચૂંટણીમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી ૨૧૪ બેઠકોમાંથી ૨૦૫ બેઠકો મળી તથા મુસ્લિમ લીગને ૭૮ બેઠકોમાંથી ૭૩ બેઠકો મળી. આમ, મુસ્લિમ લીગને પ્રમાણમાં ખૂબ ઓછી બેઠકો મળતા તેમણે કેબિનેટ મિશનની જોગવાઈઓનો અસ્વીકાર કર્યો.

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

**(૧) નીચેની ખાલી જગ્યાપૂરો.**

૧.૧૯૪૬ માં બ્રિટેનના વડાપ્રધાન .......................... હતા.

૨.જુલાઈ ૧૯૪૬ ની પ્રાંતીય ધારાસભાઓની ચૂંટણીમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટીએ ....... બેઠકો મેળવી.

૩.જુલાઈ ૧૯૪૬ ની પ્રાંતીય ધારાસભાઓની ચૂંટણીમાં મુસ્લિમ લીગને ............... બેઠકો મળી.

(૨) કેબિનેટ મિશનના ઉદ્દેશ્યો જણાવો.

..........................................................

..........................................................

..........................................................

.........................................................

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

**(૧) નીચેના વિધાનો વાંચીને સાચા (√) છે કે ખોટો (×)તેની નિશાની કરો.**

૧.લોર્ડ વેવેલના બાદ લોર્ડ માઉન્ટ બેટન ભારતના વાઈસરોય બન્યા.

૨.૧૫ ઓગસ્ટ ૧૯૪૬ ના રોજ ભારત અને પાકિસ્તાન એવા બે બે સ્વતંત્ર રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યાં.

૩.બ્રિટિશ ન્યાયવિદ સાર સિરિલ રેડકિલફે ભારત-પાકિસ્તાન સીમનું નિર્ધારણ કર્યું.

૪.ભારત અને પાકિસ્તાનની સીમાના નિર્ધારણની પ્રક્રિયા જણાવો.

## 14.3 માઉન્ટબેટન યોજના

**માઉન્ટ બેટન યોજના**

લોર્ડ વેવેલના સ્થાને લોર્ડ માઉન્ટબેટન વાઈસરોય બન્યા તે પહેલા જ ભારતમાં 'વિભાજન સાથેની સ્વતંત્રતા'ની ફોર્મ્યુલા ભારતીય નેતાઓએ લગભગ સ્વીકારી લીધી હતી. ૩ જૂન, ૧૯૪૭ના રોજ, માઉન્ટ બેટને ભારતના ભાગલા સાથે સત્તાના હસ્તાંતરણ માટેની યોજના રજૂ કરી. તેને 'માઉન્ટબેટન પ્લાન' તેમજ '૩ જૂન યોજના' તરીકે પણ ઓળખાય છે.




**14.3.1 માઉન્ટ બેટન યોજના પૃષ્ઠભૂમિ**

- લોર્ડ માઉન્ટબેટન છેલ્લા વાઈસરોય તરીકે ભારત આવ્યા હતા અને તત્કાલીન બ્રિટિશ વડા પ્રધાન ક્લેમેન્ટ એટલી દ્વારા તેમને સત્તાના ઝડપી સ્થાનાંતરણનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.
- મે ૧૯૪૭ માં, માઉન્ટબેટન એક યોજના સાથે આવ્યા.જે હેઠળ તેમણે પ્રસ્તાવ મૂક્યો કે પ્રાંતોને સ્વતંત્ર અનુગામી રાજ્યો જાહેર કરવામાં આવે અને પછી બંધારણ સભામાં જોડાવું કે નહીં તે પસંદ કરવાની મંજૂરી આપવામાં આવે. આ યોજનાને 'ડિકી બર્ડ પ્લાન' કહેવામાં આવતું હતું.
- જવાહરલાલ નેહરુનેજ્યારે આ યોજનાની જાણ કરવામાં આવી, ત્યારે તેણે તેનો ઉગ્ર વિરોધ કર્યો અને કહ્યું કે તે દેશના બાલ્કનીકરણ તરફ દોરી જશે. આથી આ યોજનાને પ્લાન બાલ્કન પણ કહેવામાં આવતું હતું.
- પછી, વાઈસરોય ૩ જૂન પ્લાન નામની બીજી યોજના સાથે આવ્યા. આ યોજના ભારતની આઝાદીની છેલ્લી યોજના હતી. તેને માઉન્ટબેટન પ્લાન પણ કહેવામાં આવે છે.
- ૩ જૂનની યોજનામાં વિભાજન, સ્વાયત્તતા, બંને રાષ્ટ્રોને સાર્વભૌમત્વ, પોતપોતાનું બંધારણ બનાવવાના અધિકારનો સમાવેશ થાય છે.
- સૌથી ઉપર, જમ્મુ અને કાશ્મીર જેવા રજવાડાઓને ભારત અથવા પાકિસ્તાન સાથે જોડાવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. આ પસંદગીઓના પરિણામો આવનારા  દાયકાઓ સુધી નવા રાષ્ટ્રોને અસર કરશે.
- આ યોજનાને કોંગ્રેસ અને મુસ્લિમ લીગ બંનેએ સ્વીકારી હતી. ત્યાં સુધીમાં કોંગ્રેસે પણ વિભાજનની અનિવાર્યતા સ્વીકારી લી઼ી હતી.

- આ યોજના ભારતીય સ્વતંત્રતા અધિનિયમ ૧૯૪૭ દ્વારા અમલમાં મૂકવામાં આવી હતી જે બ્રિટિશ સંસદમાં પસાર કરવામાં આવી હતી અને ૧૮ જુલાઈ ૧૯૪૭ના રોજ શાહી સંમતિ પ્રાપ્ત થઈ હતી.

**૨.માઉન્ટબેટન યોજનાના મુખ્ય મુદ્દા નીચે મુજબ હતા**

- પંજાબ અને બંગાળમાં હિંદુ અને મુસ્લિમ બહુમતી ધરાવતા જિલ્લાઓના પ્રાંતીય એસેમ્બલીના સભ્યોની અલગ-અલગ બેઠકો બોલાવવી જોઈએ અને જો કોઈ પક્ષ પ્રાંતનું વિભાજન કરવામાં આવશે.
- વિભાજનના કિસ્સામાં, બે પ્રભુત્વ અને બે બંધારણ સભાઓ બનાવવામાં આવશે.
- સિંધ આ અંગે પોતાનો નિર્ણય જાતે લઇ શકશે.
- તેઓ ભારતના કયા ભાગમાં રહેવા માંગે છે તે જાણવા માટે ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત અને આસામના સિલહટ જિલ્લામાં લોકમત યોજવામાં આવશે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય કોંગ્રેસની ભારતની એકતા માટેની માંગને શક્ય તેટલી પૂરી કરવાનો પ્રયાસ કરાયો હતો. જેમ કે...

(i) ભારતીય રજવાડાઓને સ્વતંત્ર રહેવાનો વિકલ્પ આપી શકાય નહીં. તેમને ભારત અથવા પાકિસ્તાનમાં જોડાવું પડશે.

(ii) બંગાળને સ્વતંત્રતા આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો.

(iii) હૈદરાબાદની પાકિસ્તાનમાં જોડાવાની માંગ નકારી કાઢવામાં આવી હતી. (માઉન્ટબેટને આ માંગ અંગે કોંગ્રેસને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું).

- ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ, ભારત અને પાકિસ્તાનને ડોમિનિયન સ્ટેટ્સના આધારે સત્તા સ્થાનાંતરિત કરવામાં આવશે.
- જો પાર્ટીશનમાં મડાગાંઠ હોય તો બાઉન્ડ્રી કમિશનની રચના કરવામાં આવે છે.
- માઉન્ટબેટન યોજના કોંગ્રેસ અને મુસ્લિમ લીગ બંને દ્વારા સ્વીકારવામાં આવી હતી તથા ભારત બે પ્રભુત્વમાં વહેંચાયેલું હતું, ભારત અને પાકિસ્તાન. જ્યાં આ યોજનાએ પાકિસ્તાનના નિર્માણ માટે મુસ્લિમ લીગની લાંબા સમયથી રાહ જોવાતી માંગને પૂર્ણ કરી, આ યોજનામાં કોંગ્રેસની માંગનો પણ સંપૂર્ણ હિસાબ લેવામાં આવ્યો કે પાકિસ્તાનનો ભૌગોલિક વિસ્તાર શક્ય તેટલો નાનો હોવો જોઈએ.

### 14.3.2.યોજનાના પ્રત્યાઘાતો

અલબ્બા માઉન્ટબેટન યોજનાએ હિન્દને લાંબા ગાળાની ગુલામીથી મુક્ત કરીને તેને સ્વરાજ્ય આપ્યું પરંતુ તે ખંડિત સ્વરાજ્ય હતું. દેશના બે ભાગ પડયા હતા. રાષ્ટ્રીય, બિનસાંપ્રદાયિક અને એકતાનાં પરિબળોનો કોમવાદી, સાંપ્રદાયિક અને વિચ્છેદનનાં પરિબળો સામે પરાજય થયો હતો. જોકે ગાંધીજીને દુથખ સાથે દેશનાં વિભાજનનો સ્વરાજયના એક માત્ર વિકલ્પ તરીકે સ્વીકાર કરવો પડયો હતો. છતાં પણ તેમના મનમાં આની ભારે વેદના હતી અને તે અવારનવાર બોલી ઊઠતા કે દેશને માટે વિભાજન કરતાં અંધાધૂંધી અને આંતરવિગ્રહ વધારે ખરાબ ન નીવડત. અલબ્બા યોજનાની પ્રસિદ્ધિનાં પરિણામે દેશમાં પંજાબ અને બંગાળ સિવાય એકંદરે કામચલાઉ શાંતિ સ્થપાઈ હતી, પરંતુ ગાંધીજીને ભય હતો કે આ શાંતિ ઠગારી હતી અને એક જ દેશમાં એકબીજાથી વિરુદ્ધ હિત ધરાવનારી બે પરસ્પર વિરોધી સ્વતંત્ર સરકારો અસ્તિત્વમાં આવશે ત્યારે તેઓ આંતરરાષ્ટ્રીય કાવાદાવાથી પીડાશે. ગાંધીજીની આ ભવિષ્યવાણી ટૂંક સમયમાં જ સાચી નીવડી.

### 14.3.3.માઉન્ટબેટન યોજના શું હતી?

માઉન્ટબેટનની યોજનાને કારણે ભારતીય સ્વતંત્રતા અધિનિયમ ૧૯૪૭ની મંજૂરી માટે શાહી સંમતિ મળી હતી. ભારતના છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટન એક યોજના સાથે આવ્યા હતા જેના હેઠળ તેમણે પ્રાંતોને સ્વતંત્ર અનુગામી રાજ્યો જાહેર કરવાની દરખાસ્ત કરી હતી. આ યોજના ભારતીય સ્વતંત્રતા માટેની છેલ્લી યોજના હતી અને તેમાં ભાગલા, સ્વાયુાતા, સાર્વભૌમત્વ અને ભારતીય બંધરણ બનાવવાના અધિકારના સિદ્ધાંતોનો સમાવેશ થતો હતો.

## 14.4 ભારતનાં ભાગલા

કોંગ્રેસ અને મુસ્લિમ લીગના નેતાઓ સાથે આખરી વાટાઘાટો કરીને માઉન્ટબેટને હિન્દના ભાગલા પાડવા માટેની યોજના તૈયાર કરી. તેમાં મુસ્લિમોના જેવો જ આત્મનિર્ણયનો અધિકાર બિન-મુસ્લિમો આપવાની રજૂઆત કોંગ્રેસ તરફથી થતાં છેવટે પંજાબ તથા બંગાળના ભાગલા પાડવાનું નક્કી થયું. આસામના સિલ્હટ જિલ્લાના તથા સરહદ પ્રાંતના લોકોની હિન્દ કે પાકિસ્તાન સાથે જોડાવાની ઈચ્છા જાણવા માટે, તે વિસ્તારોમાં મતદાન લેવાનું ઠરાવવામાં આવ્યું. બાકી સિંધ પશ્ચિમ પંજાબ, બલુચિસ્તાન અને પૂર્વ બંગાળના પ્રદેશોના બનેલા અલગ પાકિસ્તાનની રચના કરવામાં આવી, ત્યારબાદ સરહદ પ્રાંતમાં ખાન અબ્દુલ ગફારખાન અને તેના ખુદાઈ ખિદમતગારોએ ચૂંટણીમાં ભાગ નહિ લેતાં, ત્યાંના લોકોએ તથા આસામના સિલ્હટ જિલ્લાના લોકોએ પાકિસ્તાનમાં જોડાવાનો મત આપતાં તેમને પાકિસ્તાનમા

સામેલ કરવામાં આવ્યા. આમ ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના રોજ સ્વતંત્ર ભારતનાં બે અલગ અને સ્વતંત્ર રાજયો – (૧) હિન્દ અને (૨) પાકિસ્તાન-અસ્તિત્વમાં આવ્યાં.

ઈ.સ. ૧૯૪૭માં જ્યારે બ્રિટિશ ભારતને સ્વતંત્રતા મળી તો સાથે સાથે ભારતના ભાગલા કરીને ૧૪ ઓગસ્ટે પાકિસ્તાની ડોમિનિયન (બાદમાં ઇસ્લામી જમ્હૂરિયા એપાકિસ્તાન) અને ૧૫ ઓગસ્ટે ભારતીય  યૂનિયન (બાદમાં ભારત ગણરાજ્ય)ની સ્થાપના કરવામાં આવી. આ ઘટનામાં મુખ્યત્વે બ્રિટિશ ભારતના બંગાળ પ્રાંતને પૂર્વ પાકિસ્તાન અને ભારતના પશ્ચિમ બંગાળ રાજ્યમાં વહેંચવામાં આવ્યું અને આ જ રીતે બ્રિટિશ ભારતના પંજાબ પ્રાંતને પશ્ચિમ પાકિસ્તાન અને ભારતના પંજાબ રાજ્યમાં વહેંચવામાં આવ્યું. આ જ વખતે બ્રિટિશ ભારતમાંથી સીલોન (હવે શ્રીલંકા) અને બર્મા (હવે મ્યાનમાર)ને પણ અલગ કરવામાં આવ્યું. પરંતુ તેમને ભારતના ભાગલા ભાગલામાં ગણવામાં આવતું નથી. નેપાલ અને ભૂતાન આ વખતે પણ સ્વતંત્ર રાજ્ય હતા અને ભાગલાની અસર તેમને કોઈ પડી નહોતી.૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ ની અડધી રાતે ભારત અને પાકિસ્તાન કાનૂની રસમથી બે સ્વતંત્ર રાષ્ટ્ર બન્યા. પાકિસ્તાનની સત્તા પરિવર્તનની રસમ ૧૪ ઓગસ્ટે કરાંચી શહેરમાં કરવામાં આવી, જેથી છેલ્લા બ્રિટિશ વાઇસરોય લુઇસ માઉંટબૅટન કરાંચી અને નવી દિલ્લી બન્ને જગ્યાની વિધીમાં ભાગ લઇ શકે. આથી પાકિસ્તાનનો સ્વતંત્રતા દિવસ ૧૪ ઓગસ્ટ અને ભારતનો ૧૫ ઓગસ્ટે મનાવવામાં આવે છે.

### 14.4.1.ભારત-પાકિસ્તાન સીમાનું નિર્ધારણ

વિભાજનની યોજના અનુસાર પંજાબ અને બંગાળ પ્રાંતની વિધાનસભા દ્વારા પૂર્વી પંજાબ તથા પશ્ચિમ બંગાળનો ભારતમાં અને પશ્ચિમ પંજાબ તથા પૂર્વ બંગાળનો પાકિસ્તાનમાં સમાવેશ કરવા મંજૂરી આપવામાં આવી.

આમ, પંજાબ અને બંગાળના વિભાજનની સીમાઓ નક્કી કરવા માટે બ્રિટિશ ન્યાયવિદ સર સિરિલ રેડક્લિફની અધ્યક્ષતામાં એક સીમારેખા આયોગની નિમણૂંક કરવામાં આવી. જેમાં બે મુસ્લિમ અને એક બિન-મુસ્લિમ ન્યાયાધીશનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ આયોગનો મુખ્ય ઉદ્દેશ્ય ટૂંક સમયમા પંજાબ અને બંગાળ પ્રાંતની સીમારેખાનું નિર્ધારણ કરવાનો હતો. સીમા નિર્ધારણ માટે માત્ર જનસંખ્યાને ધ્યાનમાં ન રાખતા અન્ય તત્વો જેવાં કે, સંચારના સાધનો, નદીઓના પાણીની વહેંચણી તથા પહાડોની વહેંચણી ધ્યાનમાં રાખવાની હતી. આયોગ સમક્ષ મુખ્યત્વે નીચે મુજબના પડકાર હતા,

- માત્ર ૬ અઠવાડિયામાં (૧૫ ઓગસ્ટ પહેલાં) સીમારેખાનું નિર્ધારણ કરવું.
- પ્રાંતીય સરકાર દ્વારા અપાયેલા આંકડા અને નકશાઓના આધારે નિર્ણય કરવો.
- સર રેડકિલફની ભારત વિશેની સમજ ણનો અભાવ.

ભારતના વિભાજનથી કરોડો લોકોના જીવન પર અસર થઈ. વિભાજન દરમિયાન થયેલી હિંસાની હોળીમાં આશરે ૫ લાખ લોકો માર્યા ગયા, અને આશરે ૧.૪૫ કરોડ શરણાર્થિઓએ પોતાના ઘર-બાર છોડીને પોતાના સંપ્રદાયની બહુમતિવાળા દેશમાં શરણ લીધીત જેમ કે, ઘણા મુસ્લિમો પાકિસ્તાન ગયા જ્યારે ઘણા હિન્દુ અને શીખ લોકો પાકિસ્તાન છોડી ભારત આવ્યા.

### 14.4.2.સૈનિક સામગ્રી તથા સૈનિકોના ભાગલા

શસ્ત્રો, દારૂ-ગોળા તથા સૈનિકોના ભાગલાના પ્રશ્નો જટિલ હતાં. એના સમાધાન માટે એક સંયુક્ત રક્ષા પરિષદ (Joint Defense Council)ની રચના કરવામાં આવી. એના સર્વોચ્ચ કમાંડર જનરલ આચિન લેક નિયુક્ત કરવામાં આવ્યા. એ નક્કી કરવામાં આવ્યું કે સેનાનીએ ટુકડીઓ જેમાં મુસ્લિમોની સંખ્યા વધુ છે, પાકિસ્તાનને આપી દેવામાં આવે તથા બિન-મુસ્લિમ બહુસંખ્યક ટુકડીઓ ભારતને આપવામાં આવે. ૧૭ ઓગસ્ટના રોજ અંગ્રેજ સેનાએ ભારતમાંથી હટી જવાનું શરૂ કર્યું અને એમની આ પ્રક્રિયા ૨૮ ફેબ્રુઆરી, ૧૯૪૮ સુધીમાં પૂરી થઈ.

### 14.4.3. રજવાડાઓના એકીકરણની સમસ્યા

બ્રિટિશ ભારતનો ૪૦% ભૂ-ભાગ નાના મોટા ૫૬૨ રજવાડાઓ પાસે હતો. ભારતીય સ્વતંત્રતા અધિનિયમ - ૧૯૪૭ માં જોગવાઈ કરવામાં આવી હતી કે, બ્રિટિશ સરકાર અને ભારતીય રજવાડાઓના રાજાઓ વચ્ચે કરવામાં આવેલી સંધિઓ અને કરારો નાબૂદ થઈ જશે'. બ્રિટિશ સરકારે દેશી રજવાડાઓને જણાવ્યું કે આઝાદી બાદ ભારત કે પાકિસ્તાન બેમાંથી જે દેશમાં જોડાવું હોય તેમાં જોડાઈ શકે છે તથા પોતે સ્વતંત્ર પણ રહી શકે છે. આમ, ૫૬૨ દેશી રજવાડાઓ માટે કોની સાથે જોડાવું કે સ્વતંત્ર રહેવું એવો ગંભીર પ્રશ્નો ઉદ્ભવ્યો.

બ્રિટિશ સરકાર અને દેશી રજવાડાઓ વચ્ચે જે બાબતનો માટે સમજૂતી કે કરાર થયા હોય તે સમજૂતી કે કરાર ભારત સરકાર દ્વારા ચાલુ રાખવામાં આવશે.સરદાર વલ્લભભાઈ પટેલે રજવાડાઓને ભારતમાં જોડવા માટે સમજાવટ, કૂટનીતિ, કડક કાર્યવાહી જેવી નીતિનો ઉપયોગ કર્યો હતો. સૌપ્રથમ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ભારતીય સંઘમાં જોડાયા હતા. સરદાર વલ્લભભાઈ પટેલને દેશી રાજ્યોના વિલીનીકરણના કાર્ય માટે પટિયાલાના મહારાજા યદવિન્દ્ર સિંહે ઘણી મદદ કરી હતી. આમ છતા જો"પુર, ભોપાલ અને ત્રાવણકોર જેવા રજવાડાઓનો ભારતમાં વિલય કરવા માટે મહેનત કરવી પડી હતી.

આઝાદી સુધીમાં મોટા ભાગનાં રજવાડાઓ ભારતમાં જોડાઈ ગયા હતાં પરંતુ આઝાદી સુધીમાં હૈદરાબાદ, જૂનાગઢ અને કાશ્મીરે ભારતસંઘમાં જોડાવાની ના પાડી દીધી હતી. આ ત્રણ રજવાડાઓને કડક કાર્યવાહી દ્વારા ભારતસંઘમાં જોડવામાં

આવ્યાં. આમ, સરદાર વલ્લભભાઈ પટેલે દેશી રાજ્યોના વિલીનીકરણની અત્યંત કઠિન, મુશ્કેલ અને થકવી દેનારી જવાબદારી સુપેરે નિભાવી એક અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. આ કારણસર તેઓ 'ભારતનાં બિસ્માર્ક' તરીકે ઓળખાય છે.

(ગ) **તમારી પ્રગતિ ચકાસો.**

(૧) **નીચેના જોડકા જોડો.**

| | **વિભાગ (અ)** | | **વિભાગ (બ)** |
|---|---|---|---|
| ૧. | ભાવનગરના મહારાજા | A. | સરદાર વલ્લભ |
| ૨. | ભારતના લોખંડી પુરુષ | B. | કૃષ્ણકુમારસિંહજી |
| ૩. | બ્રિટિશ વડાપ્રધાન | C. | ક્લેમેન્ટ એટલી |
| ૪. | પેથિક લોરેન્સ | D. | ભારતના રાજ્યસચિવ |

(૨) **માઉન્ટ બેટન યોજના વિશે જણાવો.**

.....................................................

.....................................................

.....................................................

.....................................................

## 14.5. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

૨. (ક)૧.ક્લેમેન્ટ એટલી ૨. ૨૦૫ ૩. ૭૩

૩. (ખ) ૧.(√) ૨. (×) ૩. (√) ૪. (√)

૪. (ગ) ૧. B ૨.A ૩.C ૪.D

## **14.6. બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબો આપો.**

**૧. આઝાદ ભારતનાં પ્રથમ ગ્રહમંત્રી કોણ હતા ?**

A) સરદાર પટેલ B) વી. પી. મેનન

C) બી. આર. આંબેડકર D) રાજેન્દ્રસિંહજી

**૨. વચગાળાની સરકારે દેશી રાજ્યોનું મંત્રાલય ક્યારે શરૂ કર્યું હતું ?**

A) ૧૯૪૫ B)૧૯૪૬ C)૧૯૪૭ D)૧૯૪૯

**૩. ડિસે. ૧૯૪૭ માં કોણે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાન વિરુદ્ધ ફરિયાદ કરી ?**

A) ગાંધીજી B) જવાહરલાલ નેહરુ

C) સરદાર પટેલ D) વિનોબા ભાવે

**૪. આરજી હકૂમતની સ્થાપના ક્યાં દેશી રાજ્ય સામેલડત માટે થઈ હતી ?**

A) જુનાગઢ B) હૈદરાબાદ

C) કા શ્મીર D) પંજાબ

જવાબો : ૧ – A, ૨-C, ૩- B ૪-A

## **14.7. સ્વાધ્યાય**

૧. કાશ્મીરની સમસ્યા વિષે નોંધ લખો.

૨. ભારતનાં ભાગલા વખતની રાજકીય સ્થિતિ ટૂંકમાં લખો.

૩. ભારતમાં વિલીનીકરણની પ્રક્રિયામાં મુખ્ય ક્યાં રાજ્યોમાં અવરોધ હતો, જણાવો.

## 14.8. સંદર્ભ અને વિશેષ વાંચન


- (ડૉ.) ધારૈયા રમણલાલ ક. "આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્યસંગ્રામો (ભાગ-૨)" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૮
- પાઘાડાળ સંજય અને પટેલ અજય, "આધુનિક ભારતનો ઈતિહાસ" યુવા ઉપનિષદ, સુરત,૨૦૨૦
- અહિર રાજીવ, "આધુનિક ભારતકા ઈતિહાસ", યુનિક પબ્લિકેશન, દિલ્હી,૨૦૨૦
- https&//www.google.com/search_Stafford_Cripps
- https&//www.google.com/search_mountbatten

# એકમ -15

# દેશીરાજ્યોનાં વિલીનીકરણની સમસ્યા અને તેનું નિરાકરણ

## :: રૂપરેખા ::

**15.0** ઉદ્દેશો

**15.1** પ્રસ્તાવના

**15.2** વિલીનીકરણની પ્રક્રિયા

- **15.2.1** વિલીનીકરણનું પ્રથમ સ્વરૂપ
- **15.2.2** વિલીનીકરણનું બીજું સ્વરૂપ
- **15.2.3** વિલીનીકરણનું ત્રીજું સ્વરૂપ

**15.3** કાશ્મીરનો પ્રશ્ન

- **15.3.1** કાશ્મીર પર પાકિસ્તાનનું આક્રમણ
- **15.3.2** કાશ્મીરનું ભારત સાથે વિધિસર જોડાણ

**15.4** હૈદરાબાદનો પ્રશ્ન

- **15.4.1** ભારત સરકારનું પોલીસ પગલું અને હૈદરાબાદનો કબજો

**15.5** જૂનાગઢનો પ્રશ્ન

- **15.5.1** જૂનાગઢનાં નવાબની પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત
- **15.5.2** બાબરિયાવાડનો ભારતીય સંઘ સાથે જોડાણ
- **15.5.3** આરઝી હકૂમતની (કામચલાઉ સરકાર)ની સ્થાપના અને કામગીરી
- **15.5.4** જૂનાગઢનો કબજો અને પ્રજાનો લોકમત

**15.6** સારાંશ

**15.7** ચાવીરૂપ શબ્દો

**15.8** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**15.9** સ્વાધ્યાય

**15.10** સંદર્ભ અને વિશેષ વાંચન


## 15.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ પછી...

- ભારતમાં દેશીરાજ્યો વિષેની માહિતી જાણી શકાશે.
- દેશીરાજયોના વિલીનીકરણની સમસ્યાઓ વિષે જાણી શકાશે.
- દેશીરાજ્યોના વિલીનીકરણમાં સરદાર પટેલના ફાળા વિશે જાણી શકાશે.

## 15.1 પ્રસ્તાવના (Introduction)

ભારતના ૫૬૨ દેશી રજવાડાને જોડીને સરદાર એ આઝાદ ભારતથી અખંડ ભારતનું નિર્માણ કર્યું...



સ્વાતંત્ર્યધારામાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭થી દેશી રાજ્યો પરનું બ્રિટિશ સાર્વભૌમત્વ દૂર થશે અને તેમની વચ્ચેના સંધિ -કરારોનો અંત આવશેત તેથી વચગાળાની સરકારે જૂન, ૧૯૪૭માં દેશી રાજ્યોનું મંત્રાલય શરૂ કરવાનો નિર્ણય કર્યો. સરદાર વલ્લભભાઈ પટેલને આ નવા મંત્રાલયનો હવાલો સોંપવામાં આવ્યો. તેમણે તેના સચિવ તરીકે વી. પી. મેનનની નિમણૂક કરી. અંગ્રેજો જતાં રાજ્યો ઉપરના સાર્વભૌમત્વને તેઓ રદ કરતા હોવાથી ગંભીર પરિસ્થિતિ પેદા થવાની સંભાવના હતી. તેથી સંરક્ષણ, વાહન તથા સંદેશાવ્યવહાર અને વિદેશની બાબતોમાં ભારતના સંઘ સાથે જોડાવાનું દેશી રાજ્યોને કહેવાનું વિચારવામાં આવ્યું. આ કાર્ય ૧૫ ઑગસ્ટ પહેલાં એટલે થોડાં સપ્તાહોમાં સિદ્ધ કરવાનું હતું. આ મહાન કાર્યમાં લૉર્ડ માઉન્ટબૅટનનો હોદ્દો, પ્રતિષ્ઠા તથા કુશળતાનો લાભ લેવાનું વિચારવામાં આવ્યું.

સરદાર પટેલની સંમતિથી મેનને દેશી રાજ્યો પ્રત્યેની ભારતની નીતિ અને વલણ દર્શાવતું નિવેદન તૈયાર કર્યું. તેમાં રાજાઓને ત્રણ ખાતાં ભારત સરકારને સોંપી દેવાની તથા દેશભક્તિ દર્શાવવાની અપીલ કરવામાં આવી. તેમાં જણાવ્યું '..... પરદેશીઓની માફક કૉલકરાર કરવા કરતાં મિત્રોની માફક સાથે બેસીને આપણે કાયદા ઘડવા એ વધારે સારું છે. રાજાઓ પ્રત્યે કૉંગ્રેસને કોઈ પ્રકારનો પૂર્વગ્રહ કે દુશ્મનાવટ નથી. પરંતુ તેને બદલે તેમને અને તેમના રક્ષણ હેઠળની પ્રજાને સર્વ પ્રકારની સમૃદ્ધિ, સંતોષ અને સુખ ઇચ્છે છે. ભારતના ઇતિહાસના ઘણા મહત્ત્વના તબક્કામાં આપણે એક થઈને પુરુષાર્થ કરીશું તો દેશનું ગૌરવ વધારી શકીશું, જ્યારે એક નહિ થઈએ તો આપણે આપણા ઉપર નવી ખતરનાક આફતો નોતરીશું.' આ નિવેદનને શાણપણ અને શુભેચ્છાભરી મુત્સદ્દીગીરીના નમૂના તરીકે સર્વે રાજનીતિજ્ઞો તથા દેશ-વિદેશના પત્રકારોએ વધાવી લીધું. રાજાઓ ઉપર આ નિવેદનની સારી છાપ પડી. ઘણાના મનનો ભય દૂર થયો અને માતૃભૂમિ પ્રત્યેની ફરજ બજાવવા ઘણા રાજાઓ તત્પર થયા.


Nizam of Hyderabad with Sardar Patel

દિલ્હીમાં સરદાર પટેલના નિવાસસ્થાને ૧૦ જુલાઈ, ૧૯૪૭ના રોજ ભેગા થયેલા રાજાઓ અને દીવાનોને ત્રણ વિષયોમાં ભારત સાથે જોડાઈ જવા વિનંતી કરાઈ. તેમાં રાજાઓ અને તેમના સલાહકારો સાથે વારંવાર અવિધિસરની ચર્ચાઓ કરવામાં આવી તેથી રાજાઓની શંકાઓ દૂર થઈ. ભોપાળના નવાબ નરેન્દ્રમંડળના ચાન્સેલર હતા ત્યાં સુધી રાજાઓને સ્પષ્ટ અને વિશ્વાસયુક્ત માર્ગદર્શન મળતું નહિ. તેમણે તે હોદ્દેથી રાજીનામું આપ્યા બાદ પતિયાળાના મહારાજા ચાન્સેલર બન્યાત તેથી રાજાઓને સ્પષ્ટ માર્ગદર્શન મળવા લાગ્યું. તેથી ઘણા રાજાઓ કેન્દ્ર- સરકારના સંપર્કમાં આવ્યા. આ દરમિયાન જોડાણખત અને 'સ્ટૅન્ડ સ્ટિલ ઍગ્રીમેન્ટ'નો સુધારેલો મુસદ્દો તૈયાર કરી, તેની નકલો ૨૫ જુલાઈની રાજાઓની ખાસ બેઠકમાં વહેંચવામાં આવી. તે સભામાં તાજના પ્રતિનિધિ તરીકે લૉર્ડ માઉન્ટબૅટને રાજાઓને સંબોધન કર્યું.

તેમણે સહાનુભૂતિપૂર્વક સંરક્ષણ, વિદેશની બાબતો તથા સંદેશા અને વાહનવ્યવહાર – એ ત્રણ વિષયોમાં ભારતની સરકાર સાથે જોડાણ કરવાની રાજાઓને સલાહ આપી. તેમણે સ્પષ્ટતા કરી કે આ ત્રણ બાબતોમાં ભારતીય સંઘ સાથે જોડાણ કરવાથી રાજાઓ બધી સ્વતંત્રતા ભોગવી શકશે અને પોતે વહીવટ ન કરી શકે એવા વિષયોની ચિંતામાંથી મુક્ત થશે. ભૌગોલિક બાબતો ધ્યાનમાં રાખીને પડોશી સંઘ સરકાર સાથે

૧૫ ઑગસ્ટ પહેલાં જોડાવા તેમણે અપીલ કરી. રાજાઓ તથા દીવાનોના સંખ્યાબંધ પ્રશ્નોના જવાબ આપી માઉન્ટબૅટને રાજાઓનો ભય દૂર કર્યો. તે રાજ્યો ૩૧ જુલાઈના રોજ જોડાણખત દ્વારા સંરક્ષણ, વિદેશની બાબતો તથા સંદેશા અને વાહનવ્યવહાર – એ ત્રણે વિષયોમાં ભારતના સંઘ સાથે જોડાયાં. સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં ૩૦૦ નાનાં રાજ્યોની પૂર્વસ્થિતિ અને આવશ્યકતાઓ મુજબ જોડાણખતનો બીજો મુસદ્દો તૈયાર કરી તેમાં બધી શેષ સત્તાઓ અને અધિકારક્ષેત્ર કેન્દ્રસરકારને સોંપવામાં આવ્યાં.

ત્રાવણકોરના દીવાને જાહેર કર્યું હતું કે, તેમનું રાજ્ય સ્વતંત્ર થશે. આ જાહેરાતથી દીવાનની વિરુદ્ધમાં ઉશ્કેરાયેલા લોકોએ હુમલો કરી તેમને ઘાયલ કર્યા. તેથી મહારાજા પરિસ્થિતિ સમજી ગયા અને જોડાણખત તથા 'સ્ટૅન્ડ સ્ટિલ' કરાર સ્વીકારી લીધા. જોધપુર અને જેસલમેરનાં સરહદ પરનાં મોટાં રાજ્યોના બંને હિંદુ રાજાઓને મહંમદઅલી ઝીણાએ કરાંચી બોલાવી, પાકિસ્તાન સાથે જોડાય તો તેમની બધી શરતો સ્વીકારવા તૈયારી બતાવી. જોધપુરનરેશ લલચાયા. પરંતુ પ્રજાએ વિરોધ કરવાથી જોધપુર અને જેસલમેર ભારત સાથે જોડાયાં. એવી રીતે ભોપાળ, ઇંદોર, ધોલપુર, ભરતપુર, વિલાસપુર અને નાનાં રાજ્યો પણ ભારતના સંઘમાં જોડાયાં. આમ ત્રણ સપ્તાહથી ઓછા સમયમાં લગભગ બધાં રાજ્યોએ – જૂનાગઢ, હદરાબાદ અને કાશ્મીર સિવાય – જોડાણખતનો સ્વીકાર કર્યો.

## 15.2 વિલીનીકરણની પ્રક્રિયા

રાજ્યોનું જોડાણ એ માત્ર અડધો ઉકેલ હતો. રાજ્યોના લોકો વહીવટી તંત્રમાં હિસ્સો લેવા માગતા હતા. ભારતની સરકાર પણ તેમની આકાંક્ષાઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતી હતી. દેશી રાજ્યોના વહીવટી તંત્રને આધુનિક કરવાની જરૂર હતી. તેથી વિલીનીકરણ અને આધુનિકીકરણનું કાર્ય ત્રણ રીતે કરવામાં આવ્યું.

### 15.2.1. વિલીનીકરણ નુ પ્રથમ સ્વરૂપ

ઓરિસા અને મધ્યપ્રદેશનાં છત્તીસગઢ રાજ્યોમાં મુશ્કેલીઓ ઊભી થવાથી પ્રાંતોની સરકારોએ કેન્દ્ર-સરકારને દરમિયાનગીરી કરવા વિનંતી કરી. ઓરિસાના ઈસ્ટર્ન સ્ટેટ્સ યુનિયનના લોકો જવાબદાર રાજ્યતંત્રની માગણી કરતા હતા. તેથી રાજ્યો અને પ્રજા વચ્ચે ઘર્ષણ થયું. હિરાકુડ બંધની યોજનાથી ખેડૂતોની જમીનો ડૂબતી હોવાથી ખેડૂતોને નુકસાન થાય છે એવો પ્રચાર કરી આદિવાસીઓને ઉશ્કેરવામાં આવ્યા. તેથી પરિવર્તિત પરિસ્થિતિમાં પોતાના અધિકારો પ્રત્યે જાગ્રત થયેલી પ્રજાના રોષમાંથી તેમના રાજાઓને વિલીનીકરણ માટે સમજાવી શકાય તો તેમને વાર્ષિક ખર્ચની રકમ આપવી જોઈએ તથા તે તેમના વારસોને પણ મળવી જોઈએ. તે નક્કી કરવા રાજ્યની ૧૯૪૫–૪૬ના વર્ષની આવક ધ્યાનમાં લઈને એક ફૉર્મ્યુલા ઘડવામાં

આવી. તે રકમ ઉપર કર લેવો નહિ એમ નક્કી કરવામાં આવ્યું. તેમના મહેલો સહિત ખાનગી મિલકત અને વિશેષાધિકારો માન્ય રાખવામાં આવ્યા. વિલીનીકરણના કરારનો મુસદ્દો કાયદા-મંત્રાલયે તૈયાર કર્યો, તે બીજાં રાજ્યોના વિલીન કરણ માટે નમૂનારૂપ બન્યો. કટકમાં ૧૪ ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ સરદાર પટેલે ‘કુટુંબના એક સભ્ય તથા મિત્ર તરીકે’ રાજાઓને વિલીનીકરણ સ્વીકારવા સલાહ આપી. એમના ત્યાગના બદલામાં તેમના વિશેષાધિકારો, માન તથા પ્રતિષ્ઠા જાળવવાની તેમણે ખાતરી આપી. રાજાઓ સમજી ગયા કે તેમનું અસ્તિત્વ લોકોની શુભેચ્છા અને ભારતની સરકારના ટેકા પર નિર્ભર હતું. આ બંને તેમણે ગુમાવ્યાં હતાં. લોકોના આંદોલનના પરિણામે તેમનાં રાજ્યોનો વહીવટ ભારતની સર કાર દ્વારા લઈ લેવામાં આવે તો તેમને સાલિયાણું પણ ન મળે. તેથી રાજાઓ વિલીનીકરણ માટે કબૂલ થયા અને કરાર પર સહી કરી. આમ આશરે ૮૦ લાખની વસ્તી ધરાવતા ૧,૪૫,૦૪૦.૦૦ ચો.કિમી.નો વિસ્તાર અને વાર્ષિક રૂપિયા બે કરોડની આવક ધરાવતા પ્રદેશનું ભારતના સંઘમાં, ડિસેમ્બર, ૧૯૪૭માં સૌપ્રથમ વિલીનીકરણ થયું. આમ સ્વેચ્છાએ ભારત સરકારને પોતાની સત્તાઓ સોંપી દેનાર રાજાઓની દેશભક્તિની સરદાર પટેલે પ્રશંસા કરી.

દખ્ખણનાં ૧૭ રાજ્યોનું માર્ચ, ૧૯૪૮માં અને તે પછી કોલ્હાપુરનું મુંબઈ ઈલાકા સાથે વિલીનીકરણ કરવામાં આવ્યું. આ રીતે ૨૮,૧૨૭.૪૦ ચો.કિમી.નો વિસ્તાર અને ૨૭ લાખની વસ્તી ધરાવતાં રાજ્યો મુંબઈ ઇલાકામાં વિલીન થયાં. ગુજરાતનાં ૨૮૯ રાજ્યોઃ ૪૫,૭૯૧.૨૦ ચોકિમી.નો પ્રદેશ તથા ૨૭ લાખની વસ્તી સહિત જૂન, ૧૯૪૮માં મુંબઈ ઇલાકામાં જોડાયાં. મે, ૧૯૪૯માં ૨૧,૩૩૧.૨૪ ચોકિમી.નો પ્રદેશ તથા ૩૦ લાખની વસ્તી ધરાવતું વડોદરા રાજ્ય મુંબઈ ઇલાકામાં વિલીન થયું. પંજાબમાં કેટલાંક નાનાં રાજ્યોત પશ્ચિમ બંગાળમાં કૂચબિહારત મદ્રાસ(ચેન્નાઈ) ઇલાકામાં બંગનપલ્લી, પુડુકોટ્ટાઈ અને સંદુરત આસામમાં ખાસી હિલ સ્ટેટ્સ અને ઉત્તરપ્રદેશમાં વારાણસી, તેહરી ગઢવાલ અને રામપુર ૧૯૪૮ તથા ૧૯૪૯ માં વિલીન થયાં. આ બધાં રાજ્યોના વિલીનીકરણના કરારોમાં શરતો એકસરખી હતી. વિલીન થયેલાં રાજ્યો તે પ્રાન્તના પ્રદેશો બની ગયાં અને ત્યાંના લોકોને પ્રાંતની વિધાનસભામાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું.

### 15.2.2. વિલીનીકરણનું બીજું સ્વરૂપ

કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્યોનું જોડાણ કરવાનું હતું. આ રીતે હિમાચલપ્રદેશ, વિંધ્યપ્રદેશ, કચ્છ, બિલાસપુર, ભોપાલ, ત્રિપુરા અને મણિપુર રાજ્યોનું કેન્દ્રશાસિત પ્રદેશો માં રૂપાંતર કરવામાં આવ્યું. પૂર્વ પંજાબમાં ૨૭,૪૫૪.૦૦ ચોકિમી.ના પ્રદેશમાં આશરે ૧૦ લાખની વસ્તી ધરાવતાં ૨૧ રાજ્યોનો હિમાચલપ્રદેશનો સંઘ ૧૫ એપ્રિલ, ૧૯૪૮ના રોજ રચવામાં આવ્યો. બુંદેલખંડ અને બાગલ ખંડના

૬૩,૭૧૪.૦૦ ચોકિમી.ના વિસ્તારમાં ૩૬ લાખની વસ્તી ધરાવતાં ૩૫ રાજ્યો ભેગાં કરીને એપ્રિલ, ૧૯૪૮માં વિંધ્યપ્રદેશનાં રાજ્યોનો સંઘ રચવામાં આવ્યો. પરંતુ પાછળથી ૧ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ભારતની સરકારે તેનો વહીવટ સંભાળી લીધો. કચ્છના ૪૪,૬૭૪.૦૦ ચોકિમી.નો વિસ્તાર અને ૫ લાખની વસ્તી ધરાવતા પ્રદેશને મે, ૧૯૪૮માં ચીફ કમિશનરનો પ્રાન્ત બનાવવામાં આવ્યો. બિલાસપુર (પંજાબ), ભોપાળ તથા ત્રિપુરાનો વહીવટ પણ ભારતની સરકારે સંભાળી લીધો.

### 15.2.3. વિલીનીકરણનું ત્રીજું સ્વરૂપ

રાજ્યસંઘોની રચના કરવાનું હતું. ભૌગોલિક પરિસ્થિતિ, રાજ્યોમાં વસતા લોકોની ભાષા તથા સામાજિક અને સાંસ્કૃતિક સંબંધોને ધ્યાનમાં રાખીને રાજ્યસંઘો રચવામાં આવ્યા. તેના વડા રાજપ્રમુખ કહેવાતા હતા. સૌરાષ્ટ્રનાં ૫૫,૫૫૮.૦૯ ચો.કિમી.ના વિસ્તારમાં આવેલાં **૨૨૨** રાજ્યો, જાગીરો તથા તાલુકાની આશરે ૪૦ લાખની વસ્તી ધરાવતા સૌરાષ્ટ્રનાં સંયુક્ત રાજ્યોનો સંઘ ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ રચવામાં આવ્યો. તેનાં મહત્ત્વનાં રાજ્યોમાં નવાનગર, ભાવનગર, રાજકોટ, પોરબંદર, ધ્રાંગધ્રા વગેરેનો સમાવેશ થતો હતો. કરારની શરતો મુજબ સમાન કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર સહિતના એક રાજ્યસંઘમાં પોતાના પ્રદેશ વિલન કરવા રાજાઓ કબૂલ થયા. પાંચ સભ્યોની સ્થાયી સમિતિ (presidium) સહિત રાજાઓની એક સમિતિ રચવામાં આવી. સ્થાયી સમિતિ(presidium)ના પ્રમુખ સંઘના રાજપ્રમુખ બનતા. રાજપ્રમુખને બધી કારોબારી વિષયક સત્તા હતી. મંત્રી મંડળ તેને બધાં કાર્યોમાં મદદ કરતું અને સલાહ આપતું. તેણે બંધારણીય વડા તરીકે કામ કરવાનું હતું. કરારમાં રાજાઓનું સાલિયાણું નક્કી કરવામાં આવ્યું અને તેમની ખાનગી મિલકત, વિશેષાધિકારો તથા વારસાના અધિકારોની ખાતરી આપવામાં આવી.

અલવર, ભરતપુર, ધોલપુર અને કરોલીનાં રાજ્યો ભેગાં કરીને ૧૮ માર્ચ, ૧૯૪૮ના રોજ મત્સ્યસંઘ રચવામાં આવ્યો. વિંધ્યપ્રદેશના સંઘની રચના ૫ એપ્રિલ, ૧૯૪૮ના રોજ કરવામાં આવી. ગ્વાલિયર, ઈન્દોર, માળવા, રતલામ, અલિરાજપુર વગેરે રાજ્યોના મધ્ય ભારત સંઘની રચના ૨૮ મે, ૧૯૪૮ના રોજ કરવામાં આવી. તેનો વિસ્તાર ૧,૧૯,૫૮૦.૩૦ ચોકિમી. અને વસ્તી ૮૦ લાખની હતી. પતિયાળા, નાભા, કપુરથલા, જિંદ વગેરે સાત મોટાં રાજ્યો નો 'પતિયાળા અને પૂર્વ પંજાબનાં રાજ્યો'ના સંઘની ૨૦ ઑગસ્ટ, ૧૯૪૮ના રોજ રચના કરવામાં આવી. તેનો વિસ્તાર ૨૬,૧૫૬.૪૧ ચોકિમી. અને વસ્તી ૩૫ લાખ હતી. રાજસ્થાનનાં રાજ્યોના સંઘની રચના ત્રણ તબક્કે કરવામાં આવી. તેમાં જયપુર, જોધપુર, જેસલમેર, ઉદયપુર તથા મત્સ્યસંઘનો સમાવેશ કરવામાં આવ્યો. રાજસ્થાનનાં રાજ્યોનો સંઘ સૌથી મોટો હતો. તેનો વિસ્તાર ૩,૩૨,૬૧૮.૧૬ ચોકિમી., વસ્તી ૧૫૩ લાખ તથા

વાર્ષિક આવક રૂપિયા ૧૮ કરોડથી વધારે હતી. ત્રાવણકોર-કોચીન રાજ્યોના સંઘની રચના ૧ જુલાઈ, ૧૯૪૯ના રોજ થઈ. તેનો વિસ્તાર ૨૩,૭૧૧.૪૫ ચોકિમી. અને વસ્તી ૯૩ લાખ હતી. આ રીતે જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર સિવાય બધાં રાજ્યો ભારતના સંઘ સાથે જોડાઈ ગયાં.

**(ક) તમારી જાતે ચકાશો :**

**(૧) નીચેની ખાલી જગ્યાઓ પૂરો.**

૧. અખંડ ભારતના શિલ્પી તરીકે ––––– ઓળખાય છે.

૨. સરદાર પટેલના અંગત સચિવ –––– હતા.

૩. સૌરાષ્ટ્રમાં –––– જેટલા દેશી રજવાડા હતા.

૪. રાજાઓનો બનેલો સંઘ –––– નામે ઓળખતો હતો.

**(૨) દેશીરાજ્યોના વિલીનીકરણનાં પ્રથમ તબક્કા વિશે નોંધ લખો.**

.........................................................

.........................................................

.........................................................

......................................................


## 15.3 કાશ્મીરનો પ્રશ્ન

ભારત ઓગસ્ટ, ૧૯૪૭માં આઝાદ થતાં, કાશ્મીર ભૌગોલિક દૃષ્ટિએ ભારત અથવા પાકિસ્તાન એમ બેમાંથી કોઈ પણ એક સાથે જોડાઈ શકે તેમ હતું. પરંતુ કાશ્મીરના મહારાજા હરિસિંહે સ્વતંત્ર રહેવાનું પસંદ કરીને ઓગસ્ટ, ૧૯૪૭માં પાકિસ્તાન સાથે 'સ્ટેન્ડ સ્ટીલ'ના કરાર કર્યા. કાશ્મીર પોતાની સાથે કાયદેસર રીતે જોડાઈ



જાવ તે માટે પાકિસ્તાને કાશ્મીરની અનેકવિધ પજવણી શરૂ કરી.

### 15.3.1. કાશ્મીર પર પાકિસ્તાનનું આક્રમણ :



કાશ્મીરે મચક ન આપતા પાકિસ્તાનનાં લશ્કર સાથે આશરે ૫૦૦૦ જેટલા આફ્રિકી, વઝારા, મહસુદી વગેરેએ ૨૨મી ઓકટોબર, ૧૯૪૭ના રોજ કાશ્મીર પર સીધું આક્રમણ કર્યું. કાશ્મીર રાજ્યના ઘણાખરા મુસ્લિમ સૈનિકો આક્રમણખોરી સાથે જોડાઈ જતાં પરિસ્થિતિ વિકટ બની. તોપણ રાજ્યના લશ્કરી વડા રાજેન્દ્રસિંહે ૧૫૦ સૈનિકો સાથે આગળ ધપી જઈને હુમલાખોરીનો શ્રીનગર તરફનો ઘસારો રોકવાનો સફળ પ્રયાસ કર્યો. તેમણે શ્રીનગર તરફ આવવાનો ઉરીનો પૂલ ઉડાવી દીધો. જોકે આમ કરવામાં રાજેન્દ્રસિંહ તથા તેના બંધા જ સૈનિકો પાકિસ્તાનીઓને હાથે માર્યા ગયા. આમ આક્રમણખોરોનો આગળ વધવાનો માર્ગ બંધ થતાં ૨૬મી ઑક્ટોબરે શ્રીનગરમાં ઈદ ઉજવવાની તેમની યોજના નિષ્ફળ ગઈ.

### 15.3.2.કાશ્મીરનું ભારત સાથે વિધિસર જોડાણ :

કાશ્મીરના મહારાજાએ પરિસ્થિતિની ગંભીરતા પારખીને ૨૬મી ઓકટોબર, ૧૯૪૭ના રોજ કાશ્મીરનું ભારત સાથે વિધિસર જોડાણ કર્યું. આથી ભારતીય લશ્કરની પહેલી ટુકડીએ વિમાન મારફતે ૨૭મી ઓકટોબરની વહેલી સવારે શ્રીનગર પહોંચીને શહેર તથા વિમાનઘરનો કબજો લીધો. ભારતીય ટુકડીના 'નેતા કર્નલ રણજિતરાય હુમલાખોરોને આગળ વધતા અટકાવવા સૈનિકો સાથે બારામુલા પહોંચ્યાં, પરંતુ ત્યાં પાકિસ્તાનીઓની ભારે શસ્ત્રસજાવટ જોતાં તેમણે પોતાના સૈનિકોને વ્યવસ્થિત રીતે પાછા હઠવા આદેશ આપ્યો. આમ કરવામાં તેઓ પોતે હુમલાખોરોની ગોળીથી શહીદ થયા. તેમની શહીદીને પણ મરણોત્તર મહાવીર ચક્રના ઈલકાબથી બિરદાવવામાં આવી. દરમિયાનમાં ૨૭મી ઑકટોબરની સાંજ સુધીમાં ગૃહમંત્રી સરદાર પટેલના આદેશ મુજબ ભારતીય વિમાનો મારફત હજારો સૈનિકોને શ્રીનગર ઉતારવામાં આવ્યા. વિમાનો મારફતે આટલા ટૂંકા ગાળામાં લશ્કરની આટલા મોટા પાયા પરની હેરફેર ઈતિહાસમાં અજોડ કહી શકાય. ભારતીય સૈનિકોએ ચાર જ દિવસમાં આક્રમણખોરોને કાશ્મીરમાંથી સાફ કરી  નાંખ્યા અને મહારાજા હરિસિંહના બંધારણીય વડા તરીકેનાં સ્થાન સાથે શેખ અબ્દુલ્લાના મુખ્ય પ્રધાનપદ હેઠળ કાશ્મીરમાં લોકશાહી સરકારની રચના કરી. વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ ડિસેમ્બર, ૧૯૪૭માં સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાન વિદ્ધ ફરિયાદ કરી, જેનો નિકાલ હજુ સુધી નથી આવ્યો, પરંતુ કાશ્મીર કાયદેસર રીતે ભારતનો ભાગ છે, તે હકીકત નિર્વિવાદ છે.

## 15.4 હૈદરાબાદનો પ્રશ્ન

દક્ષિણ ભારતમાં આવેલ હદરાબાદ રાજ્યના નિઝામે પોતાના રાજ્યને ૧૫મી ઓગસ્ટના રોજ સ્વતંત્ર જાહેર કર્યું. તેની ભૌગોલિક સ્થિતિને લક્ષ્યમાં લેતાં તેણે ભારત સાથે જ જોડાવું જોઈએ, પરંતુ નિઝામે ભારત સરકારની સલાહની અવગણના કરીને રઝાકારોના નેતા કાસિમ રઝવી તથા તેની કોમી સંસ્થા ['ઇત્તેહાદ-અલ-મુસ્લિમના પ્રભાવ તળે હિન્દુ પ્રજાજનોની પજવણી કરી તેમજ પાકિસ્તાન સાથે જોડાવાની પણ હિલચાલ, શરૂ કરી. તેણે ભારત સરકાર સાથેના ''સ્ટેન્ડ સ્ટીલ' કરારનો ભંગ કરીને લોકોને ભારે રંજાડ કરી અને ભારત વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ફરિયાદ દાખલ કરી તથા લશ્કરી તૈયારીઓમાં વધારો કર્યો. રઝકારોની ટુકડીઓએ પણ ભારત સામે જેહાદ જગાવી.

### 15.4.1. ભારતની સરકારનું પોલીસ પગલું અને હૈદરાબાદનો કબજો :-

આ પરિસ્થિતિથી તંગ આવીને ભારત સરકારે ૧૩-૯-૧૯૪૮ના રોજ હૈદરાબાદ સામે પોલીસ પગલું ભર્યું. સરદારની સૂચના અનુસાર મેજર જનરલ ચૌધરીની આગેવાની નીચે ભારતીય દળોએ હૈદરાબાદ ભણી કૂચ કરી અને ચાર જ દિવસોમાં હૈદરાબાદની લશ્કરની ભારે ખુવારી કરી ૧૭૯- ૧૯૪૮ના રોજ હૈદરાબાદનો કબજો લીધો. કાસિમ રઝવીને જેલમાં પુરવામાં આવ્યો. અને રઝાકારોને વિખેરી નાખવામાં આવ્યા. નિઝામે શરણાગત સ્વીકારતાં તેને હદરાબાદ રાજ્યના બંધારણીય વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. હૈદરાબાદે સંયુક્ત રાષ્ટ્રમાંથી પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધી. ચૌધરી, કનૈયા લાલ મુનશી તથા બપ્લે સમિતિ હસ્તક તાત્કાલિક રાજ્યનો વહીવટ મૂકવામાં આવ્યો. રાજ્યોની ૧૯૫૬માં પુનર્રચના થતાં, હૈદરાબાદ રાજ્યને આંધ્ર રાજ્યમાં સમાવી લેવામાં આવ્યું.

## 15.5 જૂનાગઢનો પ્રશ્ન

### 15.5.1.જૂનાગઢના નવાબની પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાતઃ-

સૌરાષ્ટ્રમાં આવેલ જૂનાગઢ રાજ્ય ચારે બાજુઓથી ભારતીય પ્રદેશોથી વિટળાયેલ હોવા છતાંએ અને પાકિસ્તાનથી તે ૭૦૦ કિ. મી. જેટલું દૂર હોવા છતાંએ તેના નવાબે પોતાના રાજ્યને પાકિસ્તાન સાથે જોડવાની જાહેરાત કરી. જૂનાગઢનાં આશ્રિત અન્ય બે મુસ્લિમ રાજ્યો માણાવદર અને માંગરોળ પણ આવી જ જાહેરાત કરી. સૌરાષ્ટ્રના લગભગ તમામ રાજાઓએ અને લોકોએ આવાં જોડાણનો સખત વિરોધ કર્યો. ભારત સરકારે પણ નવાબ મહોબતખાન તથા દીવાન શાહનવાઝ ભૂટોને આવા અયોગ્ય નિર્ણય સામે ગંભીર પરિણામની ચેતવણી આપી, પરંતુ તેની અવગણના કરવામાં આવ્યો અને તેની સામે વિશાળ ફલક પર લોકલડતની તૈયારી

કરવામાં આવી. દરમિયાનમાં નવાબનાં પોલીસતંત્ર તથા ત્યાંની 'મુસ્લિમ જમાતે' જૂનાગઢ રાજ્યની ૮૨ ટકા હિન્દુ વસ્તીને ત્રાસ આપવા માંડ્યો. આથી હિન્દુ વસ્તીએ મોટા પાયા પર જૂનાગઢ રાજ્યમાંથી હિજરત કરી.


**15.5.2. બાબરિયાવાડનો ભારતીય સંઘ સાથે જોડાણઃ-**

ભારતીય સરકાર આવી પરિસ્થિતિ લાંબો વખત ચલાવી શકે નહિ. આ દરમિયાન જૂનાગઢનું આશ્રિત હિન્દુ રાજ્ય બાબરિયાવાડ ભારતીય સંઘ સાથે જોડાયું અને ભારત સરકારે તેનાં જોડાણને માન્યતા આપીને બાબરિયાવાડના રક્ષણ માટે ત્યાં લશ્કર મૂક્યું, આથી લોકોમાં અનેરો જુસ્સો આવ્યો અને જૂનાગઢ સામે લોકલડતના મંડાણ થયાં.

**15.5.3. આરઝી હકૂમતની (કામચલાઉ સરકાર)ની સ્થાપના અને કામગીરીઃ-**



જૂનાગઢ તેમજ સૌરાષ્ટ્રના મૂળ વતનીઓ એવા મુંબઈવાસીઓએ મુંબઈમાં એક વિશાળ સભાનું આયોજન કર્યું અને તેમાં ૨૫-૪- ૧૯૪૭ના રોજ જૂનાગઢની આરઝી હકૂમતના (કામચલાઉ સરકાર)ની સ્થાપના કરી, જેમાં જૂનાગઢના મૂળ વતનીઓ વંદેમાતરમ્‌ના તંત્રી શામળદાસ ગાંધી, જાણીતા વેપારી દુર્લભજી ખેતાણી, કાર્યકર ભવાનીશંકર ઓઝા, બાબરિયાવાડના તાલુકદાર સુરગભાઈ વરુ આઝાદ હિન્દ ફોજના માજી અધિકારી મણિભાઈ દોશી. તથા વિખ્યાત વકીલ નરેન્દ્રભાઈ નથવાણીને પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. કાઠિયાવાડ રાજકીય પરિષદના પીઢ નેતાઓ અને સૌરાષ્ટ્રના મુખ્ય આગેવાનો શ્રી ઢેબરભાઈ, શ્રી રસિકભાઈ પરીખ, શ્રી રતુભાઈ અદાણી, શ્રી જેઠાલાલ જોશી, શ્રી વજુભાઈ શુકલ વગેરેનો આરઝી હકૂમતને પૂરો સાથ મળ્યો. કાઠિવાડના કાઠી, કોળી, રાજપૂત, કોરડિયા, મહેર વગેરે. લડાયક જાતિના લોકો આરઝી હકૂમતના સૈનિકો તરીકે મોટી સંખ્યામાં જોડાયા.



કાઠિયાવાડના મોટા ભાગના રાજાઓ તેમજ તાલુકદારોએ પણ આરઝી હકૂમત પ્રત્યે પૂરી સહાનુભૂતિ દર્શાવી. ભારતીય સરકારે પૂરી પ્રેરણા અને સહાય આપી.

### 15.5.4. જૂનાગઢનો કબજો અને પ્રજાનો લોકમતઃ-

આ બધાને પરિણામે આરઝી હકૂમતની લશ્કરી ટુકડીઓએ ખાસ રક્તપાત વિના જૂનાગઢ રાજ્યનાં ઘણાખરાં ગામડાં અને શહેરોની ઓકટોબર ૧૯૪૭ સુધીમાં કબજો લઈ લીધો અને જૂનાગઢ કબજે કરવા કૂચ કરી. આ સંજોગોમાં નવાબ મહોબતખાન તથા દીવાન શાહનવાઝ ભૂટો પાકિસ્તાન નાસી ગયા. જૂનાગઢના વહીવટકર્તા મેજર બર્વેએ ૯-૧૧-૧૯૪૭ના રોજ હિન્દ સરકારની બિનશરતી શરણાગતિ સ્વીકારતાં હિન્દ સરકારનાં લશ્કરી દળોએ તે જ દિવસે જૂનાગઢનો કબજો લઈ લીધો. આરઝી હકૂમતની ધ્યેયસિદ્ધિ થતા તેને વિખેરી નાખવામાં આવી. જૂનાગઢ માં ૧૯૪૮ની ફેબ્રુઆરીની શરૂઆતમાં લોકમત લેવાતાં હિન્દ સાથેના જોડાણની તરફેણમાં લગભગ ૯૯% વોટ પડ્યાં, જ્યારે પાકિસ્તાન સાથેનાં જોડાણની તરફેણમાં ફક્ત ૧% ટકા મત પડયા, જેથી જૂનાગઢને કાયદેસર હિન્દ સાથે જોડી દેવામાં આવ્યું, જેના પરિણામે સૌરાષ્ટ્રમાં લોકજાગૃતિ પરાકાષ્ઠાએ પહોંચી, સરદાર વલ્લભભાઈએ સૌરાષ્ટ્રના રાજવીઓને ઘણી ઉદાર શરતો આપતાં તેઓ પોતાનાં રાજ્યોનું વિલિનકરણ કરીને સૌરાષ્ટ્રનાં રાજ્યોનું એક એકમ રચવા સંમત થયા, જેથી ૧૧-૨-૪૮ના રોજ સૌરાષ્ટ્રનાં નાનાંમોટાં ૨૨૨ દેશી રાજ્યો અર્દશ્ય થયાં અને એમનું એક અલગ એકમ રાજ્ય રચાયું, જેણે સૌરાષ્ટ્રની પ્રગતિમાં નોંધપાત્ર ફાળો આપ્યો. ૧૯૫૬માં રાજ્યોની પુનર્રરચના થતા સૌરાષ્ટ્રનું અલગ એકમ રદ થયું.

**(ખ) તમારી જાતે ચકાસો.**

**૧. નીચેના વિધાનો વાંચી તે સાચા (√) છે કે ખોટા (×) તેની નિશાની કરો.**

૧. ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭નાં રોજ દેશ આઝાદ થયો હતો.

૨. જૂનાગઢમાં બાબી વંશનાં નવાબનું શાસન હતું.

૩. ગાંધીજીને લોખંડી પુરુષ તરીકેનું બિરુદ મળ્યું હતું.

૪. હૈદરાબાદમાં નિઝામનું શાસન હતું.

**૨. દેશીરાજ્યોના વિલીનીકરણમાં સરદાર પટેલનો ફાળો સવિસ્તર જણાવો.**

..........................................................

..........................................................

.......................................................

.......................................................

**૩. નીચેના જોડકાં જોડો**

| | વિભાગ- A | | વિભાગ-B |
|---|---|---|---|
| ૧. | ૧૯૪૭માં કાશ્મીરના રાજા | a. | હદરાબાદ |
| ૨. | પોલીસ પગલું | b. | શાહનવાઝ ભુટ્ટો |
| ૩. | જૂનાગઢનાં દીવાન | c. | રાજેન્દ્રસિંહજી |
| ૪. | કાશ્મીર લશ્કરના વડા | d. | મહારાજા હરિસિંહ |

**૪. હૈદરાબાદનું ભારતમાં વિલીનીકરણની પ્રક્રિયા જણાવો.**

.......................................................

.......................................................

.......................................................

.......................................................

## 15.6. સારાંશ

આમ, સરદાર વલ્લભભાઈ પટેલ તથા તેના ખાસ સચિવ વી. પી. મેનનની કુનેહથી ૧૯૪૮ના અંત પહેલા ભારતનાં તમામ દેશી રાજ્યોને ભારતીય સંઘ સાથે જોડી દેવામાં આવતાં ભારતમાં રાજકીય એકતા સિદ્ધ થઈ તથા ઇતિહાસમાં અજોડ એવી અહિંસક "ક્રાન્તિ સર્જાઈ. વી. પી. મેનનના મત મુજબ, જોડાણનીતિમાં મળેલી ફતેહમાં સૌથી મોટું કારણ' એ હતુ કે વલ્લભભાઈએ રાજાઓની સાથે બહુ જ સુંદર રીતે કામ પાર પાડયું. ૭૨ વર્ષની ઉંમર અને નાદુરસ્ત તબિયત હોવા છતાં વલ્લભભાઈ પટેલ રાજાઓને અડીખમ તાકાત જેવા લાગતા હતા. સન્માનપૂર્વક વાજબી સોદો કરનાર આ 'લોખંડી પુરુષ' તેમની જોડે હંમેશા અતિશય સન્માનપૂર્વક વાજબી સોદો કરનાર આ 'લોખંડી પુરુષ' તેમની જોડે હંમેશા અતિશય સન્માનપૂર્વક વર્તન કરતા.

## 15.7. ચાવીરૂપ શબ્દો

**૧.વિલીનીકરણ –** આઝાદી બાદ તમામ દેશી રજવાડાઓને ભારતીય સંઘ પ્રદેશ સાથે જોડવાની પ્રક્રિયા.

**૨.સાર્વભૌમત્વ –** એવું રાષ્ટ્ર કે, જે પોતાના આંતરિક તથા બાહ્ય વ્યવહારોમા સ્વતંત્ર નિર્ણયો કરવાની કે અમલ કરવવાની સત્તા.

## 15.8. તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

(ક) ૧. સરદાર વલ્લભભાઇ પટેલ ૨. વી. પી. મેનન

૩. ૨૨૨ ૪. નરેન્દ્ર મંડળ

(ખ) (૧) ૧.√ ૨. √ ૩. × ૪. √

(૩) ૧.- d, ૨.-a, ૩.-b, ૪.- c

## 15.9. સ્વાધ્યાય

૧. કાશ્મીરની સમસ્યા વિષે નોંધ લખો.

૨. ભારતના ભાગલા વખતની રાજકીય સ્થિતિ ટૂંકમાં લખો.

૩. ભારતમાં વિલીનીકરણની પ્રક્રિયામાં મુખી ક્યાં રાજ્યોમાં અવરોધ હતો, તે જણાવો.

## 15.10. સંદર્ભ અને વિશેષ વાચન

૧. પટેલ રાવજીભાઇ એમ., હિંદમાં સરદાર, અમદાવાદ, ૧૯૭૪

૨. પાઠક રામનારાયણ એન., સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલ, અમદાવાદ, ૧૯૭૫

૩. ડૉ. જયકુમાર આર. શુક્લ, દેશી રાજયોનું વિલીનીકરણ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃતિ, ૧૯૮૯

૪.ડૉ. રમણલાલ કે. ધારૈયા, આધુનિક ભારતનો ઇતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો, ભાગ-૨ (૧૯૨૦-૧૯૬૪), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃતિ, ૧૯૭૩

૫.ફોટો ક્રેડિટ થ વિકિપીડિયા https&//en.wikipedia.org/wiki

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-510-1